# સાંઈ!

# તમારું સુરાજ્ય આવે!




શ્રી સત્ય સાંઈબાબાનાં 'પુન:આગમન'ની શક્યતા પર વિચારણા

અંગ્રેજી : શ્રીજીત નારાયણ

ગુજરાતી અનુવાદક : મનોરમા વ્યાસ

આ પુસ્તક મારા દિવ્ય પ્રભુ શ્રી સત્યસાંઈબાબાના દિવ્ય ચરણારવિંદમાં એક વિનમ્ર અર્પણ છે. જેમણે વિચારબીજ વાવ્યું અને તેને ફળીભૂત પણ કર્યું છે. અને હું તેનું ફળ પણ તેમને જ અર્પણ કરું છું.



# સાંઈ !

# તમારું સુરાજ્ય આવે !

# શ્રી  સત્ય સાંઈબાબાનાં ‘પુન:આગમન’ની શક્યતા પર વિચારણા

“સાચ્ચે જ પૃથ્વી પર સ્વર્ગનો અનુભવ કરનારાં, જે બધાં દિવ્ય આશિર્વાદ મેળવનાર ને અનુભવ કરનારાં ધન્ય હશે !”

- શ્રી સત્ય સાંઈબાબા


લેખક (અંગ્રેજી)

શ્રીજીત નારાયણ

(ગુજરાતી અનુવાદ )

મનોરમા વ્યાસ



સર્વાધિકાર     શ્રીજીત નારાયણ

તેમના અબાધિત સર્વ હક્ક છે. કોઈપણ આ પુસ્તકનોકોઈ ભાગ લેખકની પરવાનગી વિના છાપી કે અનુવાદ નહીં કરી શકે. બીજાં ઇલેક્ટ્રોનીક સાધનોથી પણ પુન: છાપી શકશે નહીં. આ પુસ્તકમાં લેખકે, જે નાના ક્વૉટેશન્સ જુદાં જુદાં પુસ્તકોમાંથી ઉતાર્યાં કે લીધાં છે. વેબસાઈટ્સનો પણ તે જ રીતે ઉપયોગ કરેલ છે.



આઈએસબીએન : ૯૭૮-૧-૬૨૩૧૪-૮૪૨-૩

બીજી આવૃત્તિ – યુ.એસ. ઈંગ્લીશ – જૂન ૨૦૧૨

પહેલી આવૃત્તિ – યુ.એસ. ઈંગ્લીશ – એપ્રિલ ૨૦૧૨

આ પુસ્તક વિશે જો તમારે કોઈપણ વિચારો કે પ્રશ્નો કે કાંઈપણ કહેવું હોય તો લેખકને ઈ-મેઇલ snarayan@saikingdom.com દ્વારા કે લેખકને વેબસાઈટ www.saikingdom.com દ્વારા કરી શકશો.

પ્રકાશક : પ્રેમજીત નારાયણ, આલ્બની યુ.એસ.એ.

પ્રકાશન :

કિંમત :

પ્રસ્તાવના :

સ્વીકાર :

પુસ્તક પરિચય :

# અનુક્રમણિકા


પ્રકરણ : ૧ શું સ્વામી ચંદ્રવર્ષોમાં વાત કરે છે ?

ચંદ્રવર્ષોનો સિધ્ધાંત

સો વર્ષના એક ભક્તનો કેસ (શતાયુ ભક્તોની બાબત)

બીજા પુરાવા

સ્વામીની જીવન ચરિત્ર લખનારની સમજૂતિ / (ખૂલાસો)

પ્રકરણ : ૨ તેમની શું યોજના છે ?

શું તો પછી સ્વામીએ તેમની યોજના બદલી ?

તો એમની યોજના શું છે ?

પ્રકરણ : ૩ સ્વામી તેમના પૃથ્વી પરનાં જીવનકાળ વિષે કહે છે :

એક શક્ય સમજૂતિ

પ્રકરણ : ૪ સાંઈની ભાવિ માટેની આગાહીઓ

આપણને શંકા કરવાનો કોઇ અધિકાર નથી.

પ્રકરણ : ૫ સ્વામીના અવશ્ય પુન: આગમનના સંકેતો

એક ચમત્કાર થશે.

પ્રકરણ : ૬ અદ્‌ભૂત નાડી ગ્રંથો

સત્યસાંઈ અવતારની નાડીગ્રંથોમાં આગાહી.

નાડીઓ સાથેનો મારો અનુભવ.

વિવિધ નાડીઓની સ્વામીનાં પુનરાગમનની આગાહી

નોસ્ટ્રડેઅમસની રહસ્યમય આગાહી

પ્રકરણ : ૭ મહદીનું અદૃશ્ય થવું.

મહદી કોણ છે ?

મહદને ઓળખવાની નિશાનીઓ /ચિહ્નો

પૃથ્વી પર મહદીનું રાજ્ય

મહદીનું અદૃશ્ય થવું.

મહદીનું ક્યારે પુનરાગમન ? ક્યારે પાછા આવશે ?

મહદી યુવાન શરીરમાં પાછા ?

મહદીનો સુવર્ણયુગ.

મહદી શા માટે પાછા આવશે ?

પ્રકરણ : ૮ આકાશમાં એક દિવ્યદર્શન ?

વિશ્વરૂપદર્શન મોકુફ

શાંતિ પહેલાનું તોફાન ?
આકાશમાં ચાલવું.
પ્રકરણ : ૯ શ્રી સત્યસાંઈ સુવર્ણયુગનો ઉદય.
સુવર્ણયુગનું પુનરાગમન
શાસ્ત્રાનુસાર સુવર્ણયુગ
માનવપુત્રનું આગમન.
પ્રકરણ : ૧૦ સ્વામીએ પોતાનો દેહત્યાગ કેમ કર્યો ?
આ દેહ ભક્તો માટે આવેલો છે.
પ્રાર્થનાની શક્તિ !
સમાચારો જે દૂર – સુદૂર પ્રસર્યા
ઘણી વસ્તુઓ એક ઝાટકે !
પ્રકરણ : ૧૧ પુનરુત્થાનનો મહિમા
દેહનો પ્રશ્ન
નિર્માણકાયાનો સિધ્ધાંત
પ્રકરણ : ૧૨ અંતે, સમાપ્તિમાં –
સ્વામી બધાં વચન પાળે છે.
તેમના ભક્તો માટે તાલીમનો સમય ?
સાંઈ ! તમારું સુરાજ્ય આવે !
પ્રાર્થના :
સંદર્ભ :

# <u>પ્રસ્તાવના</u>

## <u>જોડી ક્લીરી અને ટેડ હેન્રી</u>

પૂરવાર કરેલ એક સિધ્ધાંત વિષે કાંઈ ન કહેતાં, હું માત્ર એટલું જ કહીશ કે “સાંઈ તમારું સુરાજ્ય આવે !”ના શ્રીજીત નારાયણે લખેલું આ પુસ્તક ખૂબ વાંચનને યોગ્ય છે, એટલું તો ચોક્કસ છે.

લેખકનું સંશોધન અતિ તર્કબધ્ધ, માપસર ને શાંત ને કાંઈપણ ઠપકો આપી શકાય નહીં તે રીતે તેની રજૂઆત કરેલી છે. જે કોઈ આ પુસ્તકને શરુથી અંત સુધી કોઈપણ વલણ, - ‘ગ્રજ’ વિના વાંચે છે તે કશું જ ધ્યાન બહાર નહીં લાવી શકે !

જ્યાં સુધી અમને – જોડી તેમજ મારા પતિ ટેડ હેન્રીને લાગેવળગે છે – શ્રી સત્ય સાંઈબાબા અમારી સાથેની તેમની વાતચીતમાં, સંપર્કમાં એક ધબકારે ય ચૂકી ગયા નથી જ ! તેમની મીઠી હાસ્યભરી વાતો, લીલાઓ, પાઠ કે ઉપદેશો તેમનાં સપનાઓ અને મહાસમાધિ લેતાં પહેલાં કે પછી તેમની દિવ્ય હાજરી અનુભવેલ જ છે. અમારી તેમના તરફની આત્મયાત્રા, સેવા અને પ્રેમ, કાંઈ નહીં તો બેવડાયાં જ છે ! તેમણે અમને જે બધું આપ્યું છે કે અમારે માટે કર્યું છે તે અમારા માંગ્યા વિના કે અમારી કલ્પનાથી પણ વધુ કર્યું છે. અમે હંમેશા હંમેશા માટે તેમના આભારી છીએ, ને તેમાં અત્યંત ડૂબેલાં છીએ.

અને છતાં.... દુનિયાની અત્યારની પરિસ્થિતિ જે છે તે માટે એક મોટો આઘાત, હાલનો શસ્ત્રો – અસ્ત્રોથી દોરાયેલ લિસોટો / માર્ગ છે. તેને બદલી નાંખવા, તેમાં પરિવર્તન લાવવા આ દુનિયાને “એક મહા પ્રેમસભર સગાં” બનાવવાનું આપણા સ્વામીએ ભાખ્યું છે !

અને છતાં.... એક મોટી રાહત, આપણાં છૂપાયેલા વિચારો, પ્રશ્નો અને અણબોલાયેલ છૂપી શંકાઓ, “સાંઈ ! તમારું સુરાજ્ય આવે !” દ્વારા મળે છે, અનુભવાય છે, સમાધાન થાય છે.

અને આપણાં અનુભવોથી જરૂર, નિશ્ચિત તેમની “અનિશ્ચિતતાઓ”ને પ્રેમ કરી કાંઈક શીખ્યાં છીએ.

અને એથી ય ઉપર, તેમનું સામર્થ્ય - બધું જ તેમને માટે શક્ય છે !

ઈશ્વરની દયાથી જો આપણે વ્યક્તિગત કે વૈશ્વિક રૂપાંતર બદલાવ, જોઈ શકીએ – જે સુવર્ણયુગ – સત્ય (સાંઈ) યુગનો ભાગ છે, તો એ જરૂર આવશે જ, જેનો સંકેત સાવધાનીથી અને હિંમતભર્યા સાથથી શ્રીજીત નારાયણે “સાંઈ ! તમારું સુરાજ્ય આવે !” માં કરેલ છે. તેની આપણા સૌને આનંદની પ્રાપ્તિ છે અને થશે.

નોંધ : અમેરિકા નિવાસી જોડી ક્લેરી અને તેમનાં પતિ ટેડ હેન્રી સાત્ય સાંઈબાબાનાં, ઘણાં વર્ષોથી ભક્તો છે. ટેડ હેન્રી ૪૦ વર્ષોથી પણ વધારે એવા ટેલિવિઝન પત્રકાર છે. હાલમાં, ઓહાયો – ક્લીવલેન્ડમાં – એ.બી.સી.ના સહયોગથી W.E.W.S T.V. ની સેવામાંથી નિવૃત્તિ લીધી છે. જેમાં તેમની ઘણી જવાબદારીઓમાંની એક, અઠવાડિક કાર્યક્રમ 'આધ્યાત્મિક સમાચાર', "હૃદય અને આત્મા"ની રજૂઆત કરવાનો પણ હતો ! ટેડ અને જોડી છેલ્લા ૧૫ વર્ષોથી ઘણી યાત્રાઓ કરીને સાંઈ ભક્તો અને આધ્યાત્મિક જિજ્ઞાસુઓનાં વિડીઓ ઈન્ટરવ્યુઝ તેમની વેબસાઈટ "સોલ્સજર્ન" દ્વારા મળી શકે છે.)

તેમની વેબસાઈટ : www.vimeo.com/souljourns

www.souljourns.net

# <u>આમુખ</u>

<u>જૂલી ચૌધરી</u>

"સાંઈ સુરાજ્ય આવે" આના પછી જે પંક્તિઓ આવવાની છે તે "તમારી ઈચ્છા પ્રમાણે થશે" તે પ્રાર્થનાની પંક્તિ છે તેને અનુસરે છે. પ્રિય ભગવાનની ઇચ્છા જ સર્વોપરિ છે. તેઓ જેવું ઈચ્છશે તેવો યુગ આવશે જ ! આપણાં તરફથી તો ધીરજપૂર્વક આપણે એક એવા ભવ્ય, અસાધારણ બનાવ બનવાની રાહ જોઈ આવતી પેઢીઓ તેનું વિસ્મયથી – કૌતુકપૂર્વક વર્ણન કરશે ! તેવા 'બનાવો' ખૂલશે તેવી આશા રાખવાની.

અતિપ્રબળ (શક્તિથી ભરપૂર) પાનાંઓ આ પુસ્તક વાંચતાં આપણને એવાં જકડી રાખે છે કે તે વાંચવાની જાણે ફરજ પડે છે. <u>આ પુસ્તકનાં લેખક, ખૂબ જ પ્રામાણિકતાથી સ્વીકારે છે કે આના દ્વારા કોઈ આગાહી કે ભવિષ્યવાણી કરવાનો પ્રયત્ન નથી કે શું બનવાનું છે ? તેથી આ પુસ્તક એક વિદ્વત્તાપૂર્વકની શોધનું રૂપ લે છે.</u> સાચું જોતાં તો આ પુસ્તક, ભગવાને જે ઉદ્‌ઘોષો કર્યા છે અને અવતારનાં પ્રારંભથી લઈને કેટલાય દશકાઓ સુધીનાં બનાવોને અનુક્રમવાર રજૂઆત કરેલ છે. અને ભગવાને, ચોક્કસ રીતે કરેલાં કથનો "સત્યવચનો" હોવાને કારણે આશ્વાસન આપે છે અને આશાઓ જગવે છે ! પ્રાચીન ત્રિકાળજ્ઞાનીઓ ઋષિમુનીઓ દ્વારા લખાયેલા "નાડીગ્રંથો"માં જણાવેલ ભવિષ્યવાણીઓ વાળું પ્રકરણ પણ અદ્‌ભૂત છે, અને તે દ્વારા રહસ્યો ઉકેલાય છે. આમ તો કશું નવું નથી પણ છતાં એવો વિષય છે કે જે, લાગણીઓને ભાવનાઓનાં પૂરની અભિવ્યક્તિ માંગે છે.

શું કોઈ ૨૪ એપ્રિલ ૨૦૧૧ ને ભૂલી શકે ? પ્રશાંતિગ્રામનું તે આરોગ્યમંદિર (સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ) શ્રી સત્ય સાંઈ હાયર મેડિકલ સંસ્થા, જેની સ્વામીએ પોતે જ સ્થાપના કરેલ તે હોસ્પિટલમાં તેમણે લગભગ એક મહિના સુધી રહેવાનું પસંદ કર્યું. તેઓ આરોગ્યમંદિરમાંથી યજુર્મંદિરમાં પાછા જાય ને પાછા નિત્ય-દર્શન બધાંને આપે, તે માટે આંસૂભરી આંખોથી, અધ્ધર શ્વાસથી ને ભાવપૂર્ણ પ્રાર્થનાઓ દ્વારા આખી દુનિયામાં રહેતા ભક્તો હૃદયપૂર્વક પ્રાર્થનાઓ કરવા લાગ્યાં ! પરંતુ ભગવાનની પોતાની ઈચ્છાનુસાર, પોતાની યોજનાઓ જ હતી ને થશે / ધીરે રહીને ખૂલશે. ઈશ્વરની લીલાઓ, તેમનાં રહસ્યો ઈશ્વર જ સમજી શકે ! તે માનવબુદ્ધિથી પર હોય છે. દીન-દુ:ખિયાનાં ભલા માટે નિ:સ્વાર્થ ને નિરપેક્ષરૂપે પોતાની ઉપર શું શું લે છે તે આપણી બુધ્ધિ-વિચાર બહારનુંછે. તેમનાં શારીરિક રૂપનાંજવાથી આખાય વિશ્વનાં ભક્તોને એવો સખત આઘાત લાગ્યો કે બધાં હૃદયભગ્ન થઈ ગયા અને મનમાં ખૂબ જ હલચલ મચી ગઈ ! આમ કેવી રીતે બને ? આ એક ખરેખર દુ:સ્વપ્ન જ છે. જીવનની મધુરતા છીનવાઈ ગઈ, એક ઝાટકે સંવાદિતા જતી રહી ! મનમાં પ્રશ્નોની હારમાળા ઉઠી, હૃદય

વેદનાથી ભરાઈ ગયું. હૃદય શોકની 'સુનામી'માં દબાઈ ગયું. અને આત્મા એક ઊંડા શૂન્યમાં સરી ગયો.

આપણે સૌ જાણીએ જ છીએ કે સાકાર હંમેશાં નિરાકારમાં ભળી જાય છે. આત્માને એકવાર જન્મ લીધા પછી આ ભૌતિક જગતમાંથી જવું જ પડે છે. પણ અહીં તો કાંઈક ગરબડ છે, એક એવી લાગણી જન્મી કે હજી તો ઘણું બધું બનવાનું છે. એમનો અવતાર એટલો ભવ્ય, શાનદાર અને અનોખો હતો તેટલું જ તેમનું અદ્રશ્ય થવું ! અંતર્ધ્યાન થવું એટલું જ ભવ્ય; કારણ કે તેઓ તો બધા જ અવતારોનાં પણ મૂળ સ્રોત છે. આ એક અલ્પવિરામ છે – દૈવી મધ્યાંતર- આ વિચ્છેદ, આ વિરામ, આપણાં પ્રયત્નો અને આધ્યાત્મિક અભ્યાસને વધુ ઉંડાણથી કરવા માટે આપેલ સમય છે. વ્યક્તિગત અને સામૂહિક ઊંડી સાધના માટેનું આપણું હોમવર્ક પૂરું કરવાને માટે, પોતાના પર કાર્ય કરી, ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મધ્યાંતર આપેલ છે !

આ સાથે જ નવનિર્માણમાં સેવા કરીને મનોમંથન કરવાનો, પ્રતિજ્ઞા કરવાનો અને આપણી ઈચ્છાશક્તિ (Will Power) રૂઢ કરવાનો સમય છે. અને એકતાથી, એકમતથી પ્રિય ભગવાન જરૂર પાછા આવશે જ એવા ભક્તજનોના સમૂહને ભેગાં કરવાનો સમય છે !

કહેવાય છે કે ઈશ્વરની ઇચ્છા વિના એક પાંદડું ય નથી હાલતું ! તેથી આ પુસ્તક "સાંઈ ! સુરાજ્ય આવે !"ના લેખકનાં હૃદય, મન અને આત્મામાંથી વ્હેતી આ જ્ઞાનગંગા, દિવ્ય યોજના (ડીઝાઈન)થી પ્રેરણા પામેલી છે. આટલું અગાધ સંશોધન ફક્ત ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે ! "સાંઈ ! સુરાજ્ય આવે !"ના માધ્યમથી મહત્ત્વ નાં "ભક્તજનોનો સમૂહ"માં જાહેરાત કરવાની અને તેનાં સમયની પસંદગીનાં યોજક પણ ભગવાન જ છે. જે વાત પહેલાં છાની છપની હતી, હલ્કા અવાજમાં ધીમેથી કહેવાની હતી તે અવાજ બધાંને સાંભળવાનો ન્હોતો; તે આશાઓ, શ્રદ્ધા, દૃશ્યો ને સ્વપ્નો, આરત અને ઉત્કંઠા, દૃઢ વિશ્વાસ અને સંપૂર્ણ આસ્થા હવે જગજાહેર થઈ ગયેલ છે. અને ઈશ્વરકૃપાથી તેનું શ્રેય "સાંઈ ! સુરાજ્ય આવે !" તેને ફાળે જાય છે. શ્રીજીતે ખૂબ જ સમર્પણ ભાવથી અને અત્યંત સાવચેતીપૂર્વક આ શોધ કરેલ છે. દરેક શબ્દ, દરેક વાક્ય અને આખાંય પાનાઓ જાણે તરલ વહી આવે છે અને વાંચતાં સંપૂર્ણ એકધ્યાન બનાય છે, તમે વાંચતાં મંત્રમુગ્ધ બની જાવ છો.

આ બધું જ, ભગવાનનાં દિવ્ય વચનો, દરેક શબ્દમાં રહેલ સંદેશ, દરેક વચનમાં છૂપાયેલ સત્ય, સત્યનાં વચન, સત્યનાં.... સાંઈનાં સત્ય બાબત છે !

એટલે કે પૂર્ણતયા તેમનાં હાથમાં છે કે દિવ્ય નાટકનો પડદો કેવી રીતે ઉઠશે ! છતાં, આપણો હેતુ (ઇરાદો), આપણો વિશ્વાસ, આપણી શ્રદ્ધા, આપણી ભક્તિ, આપણી પહોંચમાં છે, આપણે ગ્રહી શકીએ છીએ ? આપણાં દરેકનું એક વિશ્વ છે, સૃષ્ટિ છે અને તેમાં આપણે શું

જોવા ઈચ્છીએ છીએ તે આપણાં પર આધારિત છે. એવું કશું જ નથી કે સ્વામીનાં હાથમાં ન હોય ! કે તેમને માટે અશક્ય હોય. તેમનાં સંકલ્પમાં બધાં જ કાર્યો શક્ય જ છે. આખરે તો આ નાટક પણ તેમનું જ લખાયેલું છે ને ? અને જ્યાં સુધી આપણે રાહ જોઈએ છીએ ત્યાં સુધી મતભેદથી બચીએ અને શાંતિથી ભગવાન અને તેમનાં દિવ્ય વચનોનું ચિંતન-મનન કરીએ. ચાલો ! આપણે સૌ સંગઠિત થઈએ, એક કડી (ચેઇન) બનાવીએ. વિશુદ્ધ પ્રેમમય સંપર્કસૂત્ર બનાવીએ, કરુણાને પ્રથમ, સર્વોચ્ચ મહત્ત્વ આપીએ અને આ જે મહાન બનાવ બનવાનો છે તેની રાહ જોઈએ ! જે સુવર્ણયુગ, સત્‌યુગના માધ્યમથી સંસારનું ભલું કરશે. સ્વામી પરનાં અસંખ્ય લેખોમાં તેમણે જાહેર કરેલ ઉદ્‌ઘોષોણાઓ બધી આ એક જ જગ્યાએ, આ પુસ્તકમાં સરળ સંદર્ભ (રેફરન્સ) માટે અદ્‌ભૂત રીતે સંકળાયેલી એક છત્ર નીચે અહીં મળી રહે છે.

જ્યારે આપણે સંપૂર્ણ રીતે અભ્યાસ કરીશું ત્યારે સમજમાં આવશે કે ભગવાન બાબાએ અનેક વખતે જાહેર કરેલ છે કે, તેમનાં વચનો ક્યારેય નિરર્થક કે નક્કામાં નહીં નીવડે ! જે યોજના તેમણે બનાવી છે તે જરૂર સફળ થશે જ ! તેમની પ્રવૃત્તિઓ અને તેમની ગતિવિધિઓ (કરવાની રીત) કદી પણ બદલાશે નહીં. તેઓ તેમનાં વચનો પર અડગ, દૃઢ હોય છે. હા, પરિસ્થિતિ પ્રમાણે કદાચ તેમાં પરિવર્તન, બદલાવ આવી શકે ખરો ! પણ આ બદલાવ કાયમી નહીં હોય,પરંતુ તેનાં ઉદ્દેશો નહીં બદલાય; સુવર્ણયુગનું આગમન, સત્યસાંઈનાં સમયમાં જ હશે અને નવા આગમનની ઘોષણા સાથે જ થશે ! એક જાગૃતિ – દિવસ, ઈશ્વરની વાસ્તવિક શક્તિનું પ્રાકટ્ય !

આવો ! આપણે આપણાં પ્રિય સાંઈને પ્રાર્થના અને આજીજીપૂર્વક કહીએ કે સાંઈયુગ જલ્દીથી જ આવે ! અને તેમને વિનંતીપૂર્વક પ્રાર્થના કરીએ કે આપણને તેને માટે સુપાત્ર બનાવે !

બંધનહીન છે તેઓ !
સ્વ-શબ્દે, સ્વ-વચને બંધાયેલા છે તેઓ,
બંધાયેલ છે પોતાનાં ભક્તો વડે !
શીઘ્ર જ પાછા આવશે તેઓ,
આ દિવ્ય સમાધિનાં નાટકથી છૂટીને –
સમસ્ત લોકા: સુખિનો ભવન્તુ !

[ જૂલી ચૌધરી ઉચ્ચસ્તરનાં લેખનકાર્ય માટે જાણીતાં છે. કુશળ લેખિકા છે. તેઓ અત્યંત ભાગ્યશાળી છે કે જેઓ નાની ઉંમરમાં જ “સાંઈશરણ”માં આવ્યાં. છેલ્લાં ૧૦ વર્ષોથી તેઓ પુનાના યુવા સંગઠનનાં “સત્યસાંઈ ન્યૂઝલેટર”નાં લેખિકા અને સંપાદિકા રૂપે સેવા કરી રહ્યાં છે. તેમને નવેમ્બર ૨૦૧૦ માં ભગવાન બાબાનાં દિવ્ય ચરણકમળોમાં તેમનું પુસ્તક “મધર સાંઈ” (સાંઈ માઁ) અર્પણ કરવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું.]

# આમુખ

કેપ્ટન જતીંદર શાદ

ભક્તો માટે, તેમનાં ઈષ્ટદેવતાની ભવ્ય હાજરીથી વધુ સંસારમાં બીજી કોઈ વસ્તુ ન હોઈ શકે ! જે ઈષ્ટદેવની તમે સંપૂર્ણ પ્રેમથી ને સમર્પણથી પૂજા-આરાધના કરી છે. તેઓ જ્યારે ભૌતિક શરીર ત્યાગી દે છે તો હૃદયમાં એક ચીસ ઉઠે છે ! પરંતુ જ્યારે તમને તેમનાં પુનરાગમન વિષે વાંચવાનું સૌભાગ્ય મળે છે તો તમે રોકાયા વિના શરૂઆતથી આખર સુધી વાંચી નાંખો છો.

“સાંઈ! તમારું સુરાજ્ય આવે !” એ એક વિરલ અદ્વિતીય સંશોધન છે. તેમાં ઉપલબ્ધ જે કાંઈ માહિતી છે તેનો અભ્યાસ કરેલ છે. તે ધર્મ સુધી જ સિમીત નથી અને દરેક ધર્મમાં મળતી માહિતી દ્વારા માત્ર સાંઈબાબા જ નહીં, મહદી કે મસીહા કહી સંબોધે છે.

જે કોઈ વ્યક્તિ જેમને સાંઈબાબા વિષે જાણકારી હોય અને જેનાં પૂજાઘરમાં ટપાલ ટિકીટ જેટલું ય બાબાનું ચિત્ર હોય, તેઓ આ પુસ્તક વાંચવા માટે સુપાત્ર છે અને વાંચીને એવો આનંદ મેળવશે જે આનંદ મને આ પુસ્તક વાંચીને મળ્યો છે.

હું આ પુસ્તકનાં લેખકને તેમનાં સુંદર કાર્ય બદલ બિરદાવું છું ને વધાઈ આપું છું. મારા મનમાં હવે બિલકુલ સંશય નથી રહ્યો, ભગવાન બાબા પાછા આવશે જ. ફક્ત પ્રાર્થના અને પ્રતીક્ષા કરો.

હા, આ પુસ્તક શ્રદ્ધાથી આશા જરૂર જગવે છે. આપણે આપણાં પ્રિય ભગવાનનાં પુનરાગમનની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યાં છીએ, કારણ કે માનવતાને હજી વધારે માર્ગદર્શનની જરૂર છે.

અને જ્યારે આપને પુનરાગમનની રાહ જોઈ રહ્યા છીએ, તો આપણી પાસેથી શું આશા રાખી શકાય ? હા, અત્યારે આપણે જેવાં છીએ તેનાથી વધુ સારાં બનવાનાં પ્રયત્નો કરી શકીએ.

સતત, સંગઠિત જાગૃતતામાં રહો. આપણાં ભગવાન બાબાની હાજરીનો અહેસાસ આપણે સર્વત્ર, આસપાસ રાખીએ.

આનંદો ! સાંઈરામ !

નોંધ : કેપ્ટન શાદને ભગવાન સત્ય સાંઈબાબાની જાણ, ભારતીય સેનામાં કામ કરતાં થયેલ. ૧૯૮૧ માં કેપ્ટનનાં પદે રહીને, લશ્કર છોડ્યા પછી જ જુદી જુદી સેવા પ્રવૃત્તિઓમાં ભાગ લેવા

માંડ્યા. ૧૯૮૫માં સ્વામીની કૃપાથી તેમને ઈન્ટરવ્યુ મળેલ અને તેમની ટુકડીએ પ્રશાંત મંદિરમાં રંગરોગાન કરવાનું કાર્ય કરવાની સેવા – સૌભાગ્ય મળ્યાં ૧૯૯૦માં સ્વામીએ તેમને બાબાનો પહેલો 'હોલોગ્રામ' (એમ્બોસ્ડ્ ફોઈલ ચિત્ર) બનાવવા માટે માર્ગદર્શન આપ્યું. – નકશીદાર ધાતુચિત્ર !

# લેખક શ્રીજીતનો પરિચય

શ્રીજીત નારાયણ ૧૯૯૨માં સ્વામીનાં શરણમાં આવ્યાઅને ત્યારથી તેઓ સ્વપ્નાં અને અનુભવોનાં માધ્યમથી સતત સ્વામી પાસેથી માર્ગદર્શન મેળવતા રહ્યા છે. વ્યવસાયે સોફ્ટવેર એન્જિનીયર છે, ને મૂળે કેરાળા- ભારતથી અહીં અમેરિકા – ન્યૂજર્સીમાં રહેછે. તેઓ સ્થાનિક (બ્રીજવૉટર) સાંઈ સંસ્થાઓમાં અત્યંત સક્રિય, નીયમીત ભાગ લઈ રહ્યા છે. ૧૯૯૭માં, અમેરિકા આવતાં પહેલાં કેરાલામાં યુવાન સંગઠન- યુથ એડલ્ટ અને સેવાદળનાં સભ્ય હતા.

સ્વામીના વિષે પુસ્તક લખવાની તેમની હંમેશા ખૂબ જ ઇચ્છા હતી, પરંતુ પોતે તે લખવા લાયક છે કે નહીં તે વિષે તેમને શંકા હતી. ૧૯૯૭માં અમેરિકા આવતા પહેલાં તેમણે પોતાની આ અભિલાષા – ઇચ્છા સ્વામીને એક પત્ર લખી જણાવી હતી. સ્વામીએ કૃપાપૂર્વક આ પત્ર (અને પ્રાર્થના)નો સ્વીકાર કરેલો, હળવેથી હાથને થપથપાવ્યો અને પાદનમસ્કાર આપેલા. તેમણે પુસ્તક લખવા માટેનાં કેટકેટલાં ક્વૉટેશન્સ અને સંદર્ભો (રેફરન્સીસ) જુદા જુદા મૂળમાંથી ભેગાં કર્યાં હતાં. પણ જુદા જુદા અનેક કારણોસર જાન્યુઆરી ૨૦૧૨ સુધી  પુસ્તક લખવાની આ ઈચ્છાકદી ફળીભૂત ન્હોતી થઈ શકી. ત્યારે એક દિવસ અચાનક જ તેમને સ્વામીનાં પુનઃઆગમનની શક્યતા પર લખવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઈ. સ્વામીની દિવ્યકૃપાથી એક પછી એક કડીઓ જોડાતી ગઈ, શૃંખલા સધાતી ગઈ અને હવે આ પુસ્તક તમારા હાથમાં છે ! તેમણે પોતાનાં 'કોઈ' પુસ્તકને લખવા માટે ભેગી કરાયેલી માહિતી, સંશોધન કરેલ તેના પ્રયત્નો આ પુસ્તક માટે ઉપયોગી સાબિત થયાં. જ્યારે સ્વામી કોઈનો પત્ર સ્વીકારવાની કૃપા કરે છે તો તેઓ તેને તે દિશામાં પ્રવૃત્ત પણ કરે જ છે. આવો ભગવાનનો અદ્વિતીય પ્રેમ પોતાનાં ભક્તો માટે છે તેની આપણને ખબર જ છે.

આ પુસ્તકમાં, લેખક ગૌરવથી પોતાની પ્રબળ આસ્થા, શ્રદ્ધાની સરખામણી એક પ્રામાણિક, વફાદાર શિષ્ય તરીકે કરે છે. કારણ કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં શિષ્ય પોતાનાં ગુરુનાં વચનો પર છેલ્લા શબ્દ સુધી, અક્ષર સુધી સંપૂર્ણ શ્રદ્ધા રાખે છે. લેખકની આવી પ્રબળ શ્રદ્ધા અને વિશ્વાસ સ્વામીનાં વચનોમાં છે. અને તેઓ નિ:શંક વિશ્વાસ કરે છે – સ્વામીનાં બધા જ શબ્દો સાચા પડશે જ !

# આભાર

[...] સ્વામી બોલ્યા : મારો આભાર ન માનો કારણ કે હું બીજી વ્યક્તિ નથી. શું તમે જે માઁ દરરોજ તમને ભોજન પીરસે છે તેનો આભાર માનશો ? તમે કોઈ બહારની વ્યક્તિનો આભાર માની શકો – જ્યારે તે તમને મદદ કરે છે – પરંતુ હું બહારની વ્યક્તિ નથી જ. તેથી સ્વામીને કદી 'હું આભારિત છું' એમ ન કહો. સ્વામીને પોતાના જ સમજો. ત્યારે જ તમને સ્વામીની નજીક આવવાનો અધિકાર હશે.

- સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૩૧ – પ્રકરણ ૪૫. મારા અતિપ્રિય સ્વામી ! હું તમારો આભાર નથી માનતો કારણ કે હું તમારો છું અને આ કાર્ય પણ તમે જ આપ્યું છે. આ પુસ્તક લખવા માટે ઘણાં લોકોએ સહયોગ આપેલ છે તે બધાંનો પણ આભાર નથી માનતો કારણ કે તે બધાં ય મારા જ છે. આ જાણવા છતાંય, કે ફક્ત તમે જ કર્તા છો ક્યારેય થોડી ક્ષણો માટે ય અહંકાર જો આવી જાય ને તેને કારણે ભૂલો થઈ ગઈ હોય ને જો આમ બન્યું હોય તો હું તમારી ક્ષમા – યાચના માંગું છું ને પ્રામાણિકપણે પ્રાર્થના કરું છું અને વાંચકોને વિનંતી કરું છું કે તેઓ મારા દોષો સામું ન જુએ !

એક લોકવાયકા છે કે સંત જ્ઞાનેશ્વરનાં એક સ્પર્શમાત્રથી ભેંસ વેદોચ્ચારકરવા માંડી હતી ! 'જ્ઞાનેશ્વર' નામનો અર્થ 'બધી જ જાતનાં જ્ઞાનનો ઈશ્વર' થાય છે, એટલે કે સ્વામી પોતે જ. હું કાંઈ કોઇ વેદો નથી બોલવાનો પ્રયત્ન કરતો. પરંતુ હું જાણું છું કે સ્વામીની કૃપા વિના એક શબ્દ પણ લખવો અશક્ય છે. હું અત્યંત શ્રદ્ધાપૂર્વક સર્વજ્ઞાનનાં જ્ઞાતા આપણાં પ્રિય સ્વામી, પ્રિય ભગવાન શ્રી સત્ય સાંઈબાબાનાં ચરણ – કમળોમાં સાષ્ટાંગ પ્રણામ કરું છું ને હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું કે આ 'દુન્નાપોતુ' (સ્વામી વ્હાલથી કોઈ કોઈ વખત પોતાના ભક્તોને તેલુગુમાં 'ભેંસ' કહેતા) ને સ્પર્શ કરે !

------------------------

નોંધ:

1. શ્રી જ્ઞાનેશ્વર (૧૨૭૫ – ૧૨૯૬)એ ૧૩મી સદીમાં મહારાષ્ટ્રીયન સંત, કવિ, ફિલોસોફર થઈ ગયા. જેમની ભગવદ્ગીતા પરની ટીકા –વિવેચન તે "જ્ઞાનેશ્વરી"ના નામે ઓળખાય છે. અને ' ' અમૃતાનુભ' એ મરાઠી સાહિત્યમાં સીમાચિહ્ન ગણાય છે.
2. સ્વામી પ્રેમથી કોઈ કોઈ વખત પોતાનાં ભક્તોને 'દુન્નાપોતુ' એટલે કે તેલુગુમાં ભેંસ કહેતા.

# ભૂમિકા

ૐ સાંઈરામ !

વાચકોને મારાં પ્રેમપૂર્વક સાંઈરામ !

કૃપા કરીને ધ્યાનમાં રાખો કે આ પુસ્તક ભગવાન શ્રી સાંઈબાબાનાં ભક્તો માટે જ છે. અને વાચકો પહેલેથી જ વિગતપૂર્વક શ્રી સત્ય સાંઈ અવતાર વિષે જાણે જ છે. આ પુસ્તકમાં જે દૃષ્ટિબિંદુથી વિચારો વ્યક્ત કર્યા છે તે તદ્દન વ્યક્તિગત જ છે. કોઈ સંસ્થા કે ગ્રુપનાં વિચારો પ્રતિબિંબિત કર્યાં નથી જ. – શ્રીજીત

શું સ્વામી "પાછા" આવશે ?

હા, આ બાબતે મને રજમાત્ર શંકા નથી ! આપણ સૌ ભક્તોને સ્વામી પછી, ભવિષ્યમાં પ્રેમસાંઈ અવતાર આવશે જ તેવી શ્રદ્ધા છે. પણ હું જે "પાછા આવશે" ની વાત કરું છું તે સ્વામીનાં તે જ શરીરમાં - શ્રી સત્ય સાંઈબાબાનાં ભૌતિક સ્વરૂપમાં આવશે તે વિષે છે.

હું કેમ આવું વિચારું છું ?

સ્વામીના શબ્દો કદીય નકામા કે નિષ્ફળ જતા જ નથી. તેમણે જે કાંઈ કહ્યું છે તે થઈને જ રહેશે ! આ એક વખત નક્કી જ થઈ ગયા પછી બીજું બધું જ ગૌણ બની જાય છે, મહત્ત્વ હીન બની જાય છે. આવતાં બધાં પ્રકરણોમાં તમે વાંચશો ને સ્વામીનાં દિવ્ય વચનો વાંચશો કે તેઓ સ્પષ્ટ સંકેત આપે છે કે તેમનું અંતિમ અદૃશ્ય થવું - તે સમય હજી થયો નથી. તમે એ પણ જોશો કે સ્વામીની યોજનાઓમાં કોઈ પરિવર્તન કેમ નહીં થઈ શકે ! જ્યાંસુધી મારી વાત છે, કે તેઓ જરૂર પાછા આવશે જ ! તેમનું પુનરાગમન થશે જ !! સ્વામીએ પોતે પણ પોતાનાં પુનરાગમનનાં અવશ્ય –ભાવિ માટે થોડા ખૂબ જ વિસ્મય ભરેલા સંકેતો આપ્યા છે. અને થોડાં વિશિષ્ટ ધાર્મિક ગ્રંથોમાં સ્વામી સંબંધી થોડી અકલ્પનીય - મનને ભરમાવી દે તેવી આગાહીઓ છે કે જે તેમનાં 'પુનરાગમન' ભાવિ ભાખે છે. મહેરબાની કરીને આગળ વાંચો....

આ પુસ્તક વિષે-

રવિવાર ૨૪મી એપ્રિલ ૨૦૧૧ ની સવારે લગભગ બે વાગ્યે એક ફોન કોલે મને ઊંડી ઉંઘમાંથી જગાડ્યો. એક ભાઈએ – સાંઈ ભક્તે - દિલ હલાવી નાખે તેવા આઘાતપૂર્ણ સમાચાર મને આપ્યા હતા. મારો આત્મા, વેદના - દુઃખથી ભરાઈ ગયો ને હૃદયનાં ધબકારા બેકાબુ બની ગયા અચાનક મને લાગ્યું કે કોઈ મારા ડાબા ખભા પર હાથ મૂકી થાબડી, મને સાંત્વના આપી રહ્યું છે. મને લાગ્યું કે મારી પત્ની છે તેમ માની પાછળ જોયું, પરંતુ જોયું કે તે

તો ઘણી દૂર બેઠી હતી. હું તો તરત જ સમજી ગયો કે મારા ખભાને થપથપાવનાર બાબા જ હતા, અને મારા પર  ગહન શાંતિ છવાઈ ગયાનાં અનુભવે મને ઘેરી લીધો.

આપણે વીતી ગયેલા તે દારુણ બનાવને પાછું વાળી જોઈએ છીએ ને યાદ કરીએ છીએ તો જાણીએ છીએ કે તે પરિસ્થિતિમાંથી બહાર નીકળવામાં, આપણામાંના દરેકને તેમની મદદ મળી હતી તેવો અનુભવ થયો હતો. આ અનુભવ કોઈપણ પ્રકારનો હોઈ શકે ! એક સ્પર્શ અથવા સ્વપ્ન કે દિવ્યબોધ – ઉપદેશ, કે પરિવારનાં સભ્ય કે સાંઈભક્તનાં સહાનુભૂતિનાં વચનોનો ! અત્યંત શ્રદ્ધા અને કૌતુકપૂર્વક હું વિચારું છું કે તેમનો અગાધ, અસીમિતપ્રેમ અને કૃપાએ આ સુનિશ્ચિત કર્યું કે દરેક ભક્ત આ ઘાને સહન કરી શકે.

સ્વામીના શારીરિક રૂપનાં ગયા બાદ, કેટલાય દિવસો સુધી, મારા મનમાં કેટલાય વિચારો આવ્યા કર્યા.

હું, સ્વામી આવી રીતે ગયા હવે –તે  સ્વીકારી જ ન્હોતો શકતો ! તે પણ તેમણે જાહેર કરેલા સમય પહેલાં ! હરેક ભક્ત જેમની સાથે મેં વાતો કરી, તેઓ કોઈ ચમત્કારની આશા રાખતા હતા. અને એક સર્વસામાન્ય વિચાર હતો કે સ્વામી પોતે જ પોતાની પુનર્જીવિત કરી લેશે ! જલ્દી જ તે આશા પણ માટીમાં મળી ગઈ - જ્યારે તેમનાં ભૌતિક દેહને મહાસમાધિ અપાઈ ગઈ. તે બધા વચ્ચે એક ટેલિવિઝન સમાચાર ચેનલ પર એક વાત ચાલવા લાગી કે સ્વામીએ પોતાનાં થોડા વિદ્યાર્થીઓને કહ્યું હતું કે તેઓ ૪૦ દિવસો સુધી થોડા અસ્વસ્થ રહેશેને પછી પાછા આવશે એવું પણ કહેવાયું હતું કે આ 'તપોવનમ્' નામના પુસ્તકમાં તેનો ઉલ્લેખ છે. મેં તરત જ 'તપોવનમ્'ની એક કૉપી મેળવી લીધી ને તેનાં એક એક શબ્દો જોઈ લીધા. પણ મને તેમાં તેનો ઉલ્લેખ ન મળ્યો ! જલ્દી જ દરેક ભક્તો પોતાની નવી નવી થિયરી લઈને વિચારવા લાગ્યા કે સ્વામી પોતાની ભવિષ્યવાણી રૂપે, ૯૬ વર્ષની ઉંમર જીવ્યા જ હતા. મેં બધાં સ્પષ્ટીકરણ જોયા કે સ્વામી ચંદ્રવર્ષોનાં સંદર્ભમાં વાત કરી રહ્યા હતા નહીં કે નિયમિત ઇસ્વીસન કૅલેન્ડર વર્ષોમાં." કેટલીક હદ સુધી" દરેક વ્યક્તિને સંતોષ થાય તેવી આ થિયરી - વિચાર હતો. અંતમાં, સ્વામી ક્યારેય ખોટા ન હોઈ શકે ! પણ મેં જ્યારે સાવચેતીપૂર્વક બધું વિશ્લેષણ કર્યું તો મેં જોયું કે આવું જરાય ન બની શકે, કે સ્વામીએ ચંદ્રવર્ષોના સંબંધમાં વાત કરી હોય ! મને સ્વામીનાં પોતાનાં શબ્દો વાંચવા મળ્યા જેથી મને ખાતરી થઈ ગઈ કે તેઓ આવું ન કરી શકે, તો રહસ્ય તો  રહ્યું જ !

હવે જ્યારે હું પાછલી વાતો યાદ કરું છું અને તે દિવસો પર વિચાર કરું છું ને સમજ્યો કે તે દિવસોમાં મારી તર્કશક્તિ, બુદ્ધિ કરતાં લાગણીઓ વધુ બળવાન હતી, તર્કશક્તિ પણ બહુ મદદ ન્હોતી કરી શકતી. કારણ કે સ્વામી તેનાંથી ય ઉપર છે. સ્વામી જે કાંઈ કરે છે તે આપણી સમજણ બહારનું છે. તો પછી પ્રશ્નો શા માટે પૂછવા ? હું સમજી ગયો કે મારે ફક્ત

'સ્વાભાવિક' બની રહેવું જોઈતું હતું. સ્વામી શરીરમાં અને શરીર બહાર પણ આપણી સાથે છે જ. દેહત્યાગને કારણે સાકારમાંથી નિરાકાર તરફ જવા અને પ્રત્યેક જીવમાં ને દરેક વસ્તુમાં સ્વામીના દર્શન કરીને ભાંખોડિયા ભરવા તરફ મને મદદ મળી ! બની શકે છે કે સ્વામીનો આ નાટકનો ઉદ્દેશ પણ ભક્તોને શરીરનાં મોહ / આસક્તિથી ઉપર લઈ જવાનો છે ! પ્રશાંતિનિલયમમાં તેમનું શરીર જાણે કોઈ અણજાણ માયા પ્રદેશ કે હૉલોગ્રામની છાયા જેવું હતું જેથી મનુષ્યોની સાથે દિવ્યતા ઈશ્વરનાં વિચારોની આપ લે કરી શકે ! તેમનું અદૃશ્ય થવું પણ એટલું જ સમજ બહારનું છે જેટલા તેમને સમજવા !

"માનવતાની રક્ષા કરવા અને તેની સાથે સંપર્ક કે નાતો રાખવાનો હેતુ પૂરો કરવા મહાશક્તિએ માયા શક્તિનું આવરણ ઓઢવું પડે છે."

- શ્રી સત્ય સાંઈ સ્પીકસ્ ભાગ ૧ પ્રકરણ ૩૦

તમારી વચ્ચે આવવા માટે મારે, માયાશક્તિનું આવરણ ધારણ કરવું પડે છે. પેલા સિપાઈની જેમ, જેને ચોરોને ખૂલ્લેઆમ – રંગે હાથ – ગિરફતાર કરવા માટે અને તેની સાથે સંપર્ક કે નાતો રાખવાનાં હેતુ પૂરો કરવા માટે અને તેને સજા અપાવવા માટે ચોરોની જેમ જ વેશ લેવો પડે છે ને તેમને પકડીને કાયદા સામે લાવી શકે ! ઈશ્વર પોતાની સંપૂર્ણ શક્તિ સાથે અવતરિત નથી થઈ શકતા, તેમણે થોડી વૈભવ શક્તિ અને તેજ સાથે આવવું પડે છે. જેથી તેઓ ભક્તિ અને સમર્પણ – શરણાગતિનાં ને સેવાભાવનાં હેતુને પૂરો પાડી શકે.

- શ્રી સત્ય સાંઈ સ્પીકસ્ ભાગ ૧ પ્રકરણ ૩

આ પુસ્તક સ્વામીને સમજવા માટે કે તેમની ગૂઢ રહસ્યમય રીતોને સમજવાનાં પ્રયત્નો નથી કરતું. ઋષિ - મુનિઓએ પણ તેમનો મહિમા સમજવા પ્રયત્નો કર્યા ને અસફળ રહ્યા, તો પછી હું તેમને સમજવાનાં પ્રયત્નો કરવાવાળો કોણ ? જો હું ફક્ત તેમના ઉપદેશો - શિક્ષાનું જ પાલન કરી શકું તો ઘણું ને પોતાની જાતને બચાવી લઉં ? તો તેમને માટે સુલઝાવવાનો એક પ્રશ્ન ઓછો થઈ જશે. જેટલું શક્ય હોય તેથીય વધુ સરળ ભાષામાં સ્વામીએ એ બધું શીખવવાનો ખજાનો આપણને આપ્યો છે, જેથી સાવ સાધારણ મનુષ્ય પણ પોતાનાં અસ્તિત્વનાં ચરમબિંદુ એટલે કે મોક્ષ પ્રાપ્ત કરી શકે. જ્યારે તેઓ પાછા આવશે ત્યારે શિક્ષા ઉપદેશ આપવા હવે શું બાકી રહ્યું છે ? શું બચ્યું છે ?

તો પણ, મને કોઈ મારા દૃઢ વિશ્વાસમાંથી રોકી નહીં શકે કે આ તેમનો ભૌતિક રૂપથી સંસારમાંથી જવાનો સમય ન્હોતો જ. સ્વામીનાં અનેક દિવ્ય પ્રવચનો મેં વાંચ્યા છે જે મારા આ દૃઢ વિશ્વાસને પૂરતી પુષ્ટિ આપે છે. શ્રી સત્ય સાંઈ ઇન્સ્ટિટ્યૂટનાં પહેલાનાં વિદ્યાર્થીઓ

સહિત અનેક સાંઈભક્તોને હું મળ્યો છું અને તે બધાંયે પણ આ જ શ્રદ્ધા વ્યક્ત કરી છે. 'તેઓ પાછા આવશે જ !'

જાન્યુઆરી ૨૦૧૨નાં અંત સુધી મને કોઈ આ પ્રકારનું પુસ્તક લખવાની ઈચ્છા કે યોજના ન્હોતી. ત્યારે એક દિવસ, સ્વામીના પુન:આગમનની શક્યતા પર લખવાની મને તીવ્ર ઈચ્છા થઈ ! મેં તે વિષે પોતાનાં એક સાંઈ-ભક્ત-મિત્ર સાથે ચર્ચા કરી તો તેણે મને આ વિષે લખવા પ્રોત્સાહિત કર્યો. તેણે મને, તેને એક સુંદર સ્વપ્ન વિષે કહ્યું જેમાં સ્વામીના 'પુનરાગમન'ની વાત હતી. મને બીજા કેટલાક ભક્તોને પણ આવા પ્રકારનાં સ્વપ્નો આવેલ કે સ્વામી જરૂર પાછા આવશે ! જેમ જેમ હું શોધ કરતો ગયો તેમતેમ અચંબો પામીએ તેવા નવા વિચારોનાં ફણગાઓ ફૂટવા લાગ્યા. મેં અદૃશ્ય હાથોને કામ કરતા જોયા મને સ્વામીની મદદની અનુભૂતિ થવા લાગી. આ પુસ્તક લખવા માટેની સામગ્રી જેમજેમ એકઠી થવા લાગી તે કોઈપણ ચમત્કારથી ઓછી ન્હોતી ! જે એક લેખ લખવાની ઈચ્છા હતી તેને 'પુસ્તક' કહેવું પડે તેટલી વિસ્તૃત માહિતી ભેગી થઈ ગઈ !

આ વાત કોઈ ભવિષ્યવાણી કરવા જેવી નથી, કે શું થવાનું છે ? શું બનવાનું છે ? એક તરફ આ એક શૈક્ષણિક સંશોધનનું જ રૂપ લે છે, તેનો એક છૂપો સિદ્ધાંત છે. "તેમણે જે કહ્યું હતું તે જરૂર જ બનશે જ ! બનીને જ રહેશે !" આ પુસ્તક એક એવા વિનમ્ર પ્રયત્નનાં રૂપમાં જોવું જોઇએ કે જેમાં જાણકારીનાં તણખલાં તણખલાં ભેગાં થઈ, એક સ્પષ્ટ આકાર બને છે અને તેને જિજ્ઞાસુ સાધકોની સામે રજૂઆત કરાયેલ છે. સ્વામીનો મહિમા આપણે કદી સમજી શકીએ નહીં. સર્વશ્રેષ્ઠ તો એટલું જ કરી શકીએ કે તેમના મહિમામાં પૂર્ણ રીતે લીન થઈ જઈએ, એટલું તો ચોક્કસ જ છે કે તેમણે જે જે કાંઈ કહ્યું છે તે જરૂર બનીને જ રહેશે જ ! એમાં તો જરાય શંકા નથી કે સંદેહ નથી પરંતુ કેવી રીતે બનશે તે તો સ્વામી જ જાણે છે. કારણ કે શક્યતાઓ ઘણી જ છે. આજથી થોડાં વર્ષો પછી જ્યારે આપણે વીતી ગયેલ સમય પર નજર કરીશું તો આશ્ચર્યમિશ્રિત ગર્વ કરીશું કે બધું એવું બન્યુ છે જેવું સ્વામીએ કહેલું ! પરંતુ હું મારી માનવીય ક્ષમતાને કારણે તેમાંની કેટલીક શક્યતાઓ પર જ વિચાર કરી રહ્યો છું. જો કે જાણકારીનો મૂળ પ્રવાહ - સ્રોત, સ્વામીએ આપેલ દિવ્ય પ્રવચનો છે. પણ બીજી જાણકારીઓ પર મેં જે વિચારો કર્યા છે તે પણ તેમાં ઉમેરાયેલ છે, કેટલાક પ્રતિષ્ઠિત નામી ભક્તોનાં અનુભવો, મારા પોતાના નાડી શાસ્ત્રોનાં અનુભવો પર ખૂબ જ વિશ્વાસ છે તે, એ ભવિષ્યવાણીઓ જેનો થોડા ધાર્મિક ગ્રંથોના ભાગરૂપે છે, આ બધા ઉપરાંત મારા ગુરુ અને ભગવાન શ્રી સત્ય સાંઈબાબાના વચનોમાં મારો દૃઢ વિશ્વાસ, શ્રદ્ધા - જેણે મને આ પુસ્તક સુધી પહોંચાડ્યો છે. - તે છે.

"સાધારણ રીતે ફક્ત ગંભીર અને તર્કસહિત અવલોકન કરતાં, ધૈર્યપૂર્વક મનોયોગની સાથે, પ્રત્યેક શબ્દ અને ક્રિયા, હાવભાવનો અર્થ સમજતાં જ મારો હેતુ તમે સમજી શકશો."

- શ્રી સત્ય સાંઈ સ્પીકસ્ ભાગ ૨૭ પ્રકરણ ૨૯

મેં ફક્ત આટલો જ પ્રયત્ન કર્યો છે. મેં દૃઢ નિશ્ચયની સાથે તેમનાં પ્રવચનોમાં સૂત્રો (ક્લૂઝ) શોધ્યાં છે અને ધીરજપૂર્વક તેમનાં શબ્દોને તેનાં અર્થો સમજવા પ્રયત્નો કર્યા છે. હું વાચકોને આશ્વાસન આપવા માગું છું કે આ ખોવાયેલ, દુ:ખી આત્માનો નિરર્થક પ્રયત્ન નથી જ, જે મારી ગુરુના પ્રસ્થાનથી, જવાથી સમાધાન શોધવા પ્રયત્ન કરું છું ! છતાં હું તમને પ્રાર્થના કરું છું કે તમે એક નિષ્ઠાવાન, પ્રામાણિક અનુયાયીની જેમ, પ્રબળ શ્રદ્ધાના રૂપમાં આ પુસ્તકને જોશો, જે પોતાની આંખે જોયેલ કરતાં ગુરુના શબ્દો પર વધુ વિશ્વાસ કરે છે.

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।

યત્કૃપા તમહં વંદે પરમાનંદમાધવમ્ ॥



ઉત્પન્નેન મમ પ્રયાસેન્

અર્પિતં ચરણકમલેન ।

અનુવાદકની કલમથી..... મનોરમા વ્યાસ

ભગવાન શ્રી સત્ય સાંઈબાબાના ચરણોમાં સાદર...

મારું ખૂબ જ સદભાગ્ય છે કે શ્રી સ્વામીની કૃપાથી જ સાંઈ સાહિત્યમાં સીમાચિહ્ન જેવું મુખ્ય પુસ્તક, "સાંઈ ! ધાય કિંગડમ"નું ગુજરાતી ભાષાંતર, "સાંઈ ! તમારુ સુરાજ્ય આવે !" કરવાની પ્રેરણા શ્રી બાબાએ જ આપી ! આ પુસ્તક ૨૦૧૨નાં નવેમ્બરમાં વાંચ્યું હતું તેની અસર મનના દરેક ખૂણે એક ખજાનાની જેમ પડી હતી, સચવાયેલી હતી. તેની શક્તિશાળી અસર, પ્રભાવ અકબંધ હતાં ! જર્સી સીટીમાં જ ભાઈ શ્રીજીતને મળી હતી (સેવામાં) પરંતુ ઑક્ટોબર, ૨૦૧૩માં મારા "ફોન મિત્ર" હંસા પટેલે ટેનેસીથી કહ્યું કે શ્રીજીતનો 'ઇન્ટરવ્યુ' ટેડ હેનરી ને જોડીએ લીધેલા તેનાં ઇન્ટરવ્યુએ મને અનુવાદ (ગુજરાતીમાં) કરવાની દિશામાં વિચારોએ પૂરો કબજો લઈ લીધેલો. પુસ્તકે તો મારા મન પર આશાનાં કિરણોનો જાદુ જગવ્યો જ હતો. પરંતુ શ્રીજીતના ઇન્ટરવ્યુએ અનુવાદ કરવા સતત વિચારોનાં મહેલમાં ફરતી રહીને સ્વામીની ઈચ્છાથી જ શ્રીજીતને ફોન કરી ગુજરાતીમાં અનુવાદ કરવા પરમિશન લીધી (તેમાં લખેલું કે લેખકની પરમિશન જરૂરી છે તેથી) ને બાબાનું કાર્ય શરૂ... આ ભાષાંતર કરવું તે મારે માટે સાધના કરવાથી જરાય ઓછું કાર્ય નથી જ. વિશ્વની ૧૩ ભાષાઓમાં આ પુસ્તકનાં ભાષાંતરો થયાં છે ! ફ્રેંચ, સ્પેનિશ, ચાર સાઉથ ઇન્ડિયન ભાષાઓ (તામિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ) ઉપરાંત હિંદી, ઇન્ડોનેશિયન તો પછી ગુજરાતી કેમ નહીં ? તેનું સ્થાન વિશ્વની કોઈપણ ભાષાઓથી ઓછું નથી જ ! 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !' ગુજરાતીઓ વિશ્વનાં દરેક ખૂણે છે !

પૃથ્વી પર 'સુવર્ણયુગની મારી ઝંખના, આ પુસ્તક દ્વારા સાકાર થતી હોય તેમ લાગે છે ! સ્વામીએ જે જે દિવ્ય વચનો કહેલાં તે કદી પણ ખોટાં ન જ હોઈ શકે ! તેની મારી શ્રદ્ધા, શ્રીજીતના આ સંશોધને - અનેક સાબિતીઓ સહિત – આ પુસ્તકે સહસ્ત્રગણી કરી દીધી ! આ પુસ્તકે મારા જીવનમાં (દરેક સાંઈ ભક્ત વાંચશે તે સૌના જીવનમાં પણ !) એક નવી આશા, સંસારમાં ભાઈચારો વધી એકતા ફરી સ્થપાશે વગેરે વિચારોથી પ્રસન્ન પ્રસન્ન છું ! સત્યસાંઈ યુગ આવશે જ ! તે પ્રત્યેક ભક્ત – વાચકનાં જીવનને પણ ઉજાળશે.

શ્રી સ્વામી મને મળ્યા – ૧૯૬૫નાં નવેમ્બરમાં – તેમણે મને ઈન્ટરવ્યુ આપ્યો ! (ઇનરવ્યુ ચાલુ જ છે !) મને પૂછેલું, "તુજે ક્યા ચાહિયે ?" ત્યારે મને (૨૫ વર્ષની મારી ઉંમરમાં) આ પ્રશ્નનો જવાબ શું આપવો તેની ખબર આ 'અનાડી'ને ન્હોતી ! મેં કહ્યું, "બાબા ! સિર્ફ આપ કા આશીર્વાદ હી ચાહિયે !"..... પણ પદ નમસ્કાર લેતા ભૂલી (કે તેમણે ભૂલાવી ?) તેનો વસવસો મનમાં હજી પણ છે. "મારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી" – ન

ઓળખ્યા હરિને ત્યારે .... ઘણું ઘણું સાંઈ સાહિત્ય વાંચ્યા પછી આજે ખબર પડે છે સ્વામીએ પૂછેલા એ પ્રશ્નની ! પણ મોડું થઈ ગયું છે.....

મારા જીવનનું ૭૩મું વર્ષ જ્યારે ચાલી રહ્યું છે ને મારી આરજૂ-આજીજી, પ્રાર્થના સતત હતી ને છે જ કે સ્વામીની ભૌતિક – શારીરિક હાજરી આ પૃથ્વી પર હોય ને મારો દેહ તેમનામાં વિલીન થાય ! તે ઈચ્છા ૨૦૧૧ સુધી હતી તે ઈચ્છા પાછી આ પુસ્તકે પુનર્જીવિત કરી છે. અને તેથી જ આ અનુવાદની જ્યારે સ્વામીએ – શ્રીજીત દ્વારા – મને તક આપી છે ત્યારે હ્રદય ગદગદ થઈ સ્વામીને પ્રાર્થી રહ્યું છે કે સાંઈ ! તમારું સુરાજ્ય સ્થાપવા કૃપા કરી જલ્દી આવો જ ! તમને આજીજી કરું છું, કાલાવાલા, વિનંતી કરું છું. પ્રાર્થના કરું છું. "આવો અને દુનિયાને બચાવી લો." સંસારને તમારી ખૂબ જ જરૂર છે. આવો ! સ્વામી આવો ! આવો ને !"

શ્રીજીતે જ્યારે મને કહ્યું કે 'It's a privilege that you will be translating "Sai Thy Kingdom Come" in Gujarati' તો હું કહું છું શ્રીજીત આ તો સ્વામી પ્રત્યેનો પ્રેમ છે. Privilege સ્વામીએ આપેલ છે. કે આ પુસ્તકનું ગુજરાતીકરણ કરી સ્વામીના ગુજરાતી ભક્તોને પણ લાભ મળે, તેમ સ્વામીએ જ યોજ્યું છે ! હિંદી અનુવાદક શ્રી સંજય ધગડની આંગળી મેં ક્યારેક તેમના હિંદી ભાષાંતર માટે પકડી છે, પણ આભાર માનવાની સ્વામીએ 'ના' પાડી છે કે દરરોજ પીરસતી માઁનો જેમ આપણે આભાર નથી માનતાં – તેમ સાંઈમાઁ અને તેમના ભક્તો તે શ્રીજીત હોય, શ્રી ધગડ હોય કે કોઈ પણ સાંઈભક્ત હોય તેમનો આભાર નથી માનતી. સ્વામીને કહું છું કે ગુજરાતી અનુવાદમાં જો ભૂલો હોય તે મારી છે ! હું જેવી છું તેવી મને સ્વીકારી તમારા દિવ્યચરણોમાં સમાવી લ્યો !

- મનોરમા વ્યાસ

# ભાગ – ૧

## "મારા શબ્દો ક્યારેય નિષ્ફળ થતા નથી."



# પ્રકરણ – ૧

## શું સ્વામી ચંદ્રવર્ષોનાં વિષે વાત કરતા હતા ?

જ્યારે સ્વામીએ પોતાનાં ભૌતિક શરીરનો ત્યાગ કર્યો, ત્યારે આખું સાંઈ કુટુંબ સ્વામીએ જાહેર કરેલ વર્ષ પહેલાં જ કેમ અદૃશ્ય થઈ ગયા – તેનું સ્પષ્ટીકરણ શોધવા લાગ્યા. સ્વામી ક્યારેય ખોટા ન પડે ! પરંતુ સ્વામી પોતાની ઉંમર ૯૬ વર્ષની આયુની જાહેર કરેલ ઉંમર પહેલાં જ, તે તે ઉંમર પહેલાં જ ૮૫ વર્ષ ( બરાબર ૮૪ વર્ષ ને પાંચ મહિના)માં જ ચાલી ગયા તો એ માની લેવું સ્વાભાવિક જ છે કે તેઓ બીજા કેલેન્ડર પ્રમાણે – જેમ કે ચંદ્ર વર્ષ (કેલેન્ડર)નાં સંદર્ભમાં વાત કરતા હશે. મેં પણ આ શક્યતાને સ્વીકારી લીધેલી, જ્યારે મેં પહેલી વખત આ વિષે સાંભળેલ, પણ જ્યારે મેં સ્વામીની ઉંમર વિષે તેમનાં જ વક્તવ્યો સહિત બીજી બધી માહિતીઓ પર ધ્યાન આપ્યું તો મને તેમાં પૂર્ણ વિશ્વાસથી તે ચોખ્ખું સ્પષ્ટ થઈ ગયું કે સ્વામી ચંદ્રવર્ષોના સંદર્ભમાં વાત ન્હોતા કરતા. જો સ્વામી ચંદ્રવર્ષોના સંદર્ભમાં વાત ન્હોતા કરતા તો તે સાચું છે કે તેમેણે ભાખેલ આયુ પહેલા 'ચાલી' ગયા ! જો આમ છે તો સ્વામીએ ભાખેલ ભવિષ્યવાણી સાચે જ સત્ય થઈને રહેશે અને શક્યતા છે કે સ્વામી તેમનાં તે સ્વરૂપે 'દિવ્ય સત્યસાંઈ રૂપે' પાછા આવશે. હકીકતમાં આવા વિચારો જ મારી શોધ કરવાનાં કારણરૂપ બન્યા.

ચંદ્રવર્ષનો સિદ્ધાંત :

ઘણાં સાંઈભક્તો એવો વિશ્વાસ રાખે છે કે સ્વામીએ તેમની આયુ વર્ષ (ઉંમર) વિષે હિંદુ (અથવા ભારતીય) ચંદ્રવર્ષનાં સંદર્ભમાં કહ્યું હતું. ઈન્ટરનેટ પર મને નીચેની સમજૂતી મળી :

જ્યારે સ્વામીએ ભૌતિક શરીરનો ત્યાગ કર્યો, ત્યારે તેમની ઉંમર વિષે અહીં એક ચર્ચા રજૂ કરું છું :

૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ (પ્રકરણ ૩૧, ભાગ – ૧) સત્ય સાંઈ સ્પીક્સનાં તેમના સંભાષણમાં સ્વામીએ કહ્યું હતું કે –

"હું મારા આ નશ્વર માનવ દેહમાં બીજા ૫૯ વર્ષ સુધી રહીશ અને મારો અવતારિક હેતુ પૂર્ણ કરીશ. તેમાં તમે જરાય શંકા ન કરો ! હું મારી યોજના પૂરી કરવા માટે મારી રીતે મારો સમય લઈશ. જ્યાં સુધી તમને લાગેવળગે છે, હું તમને જલ્દી છે તેથી જલ્દી કરીશ નહીં જ ! હું કેટલોક સમય કદાચ રાહ જોઈશ જ્યારે મારે ૧૦ વસ્તુઓ એક જ ઝપાટે કરવી હોય ! જેમ કે એક એન્જિન ફક્ત એક જ ડબ્બાને ખેંચવા માટે ઉપયોગમાં લેવાતું નથી, પણ બીજા બધા ડબ્બાઓ તેની ક્ષમતા યોગ્ય ભેગા કરાય પછી એન્જિન જોડાય છે તેવી જ રીતે કેટલીક

વખત હું પણ એક જ વખતે ૧૦ કાર્યો કરવા માટે રાહ જોઉં છું. પરંતુ, મારા વચનો કદી પણ ખોટા પડશે નહીં ! જેવું હું ઇચ્છીશ તેમજ બનશે."   (વજ્ર સંકલ્પ !)

એનો અર્થ એ થયો કે, સ્વામીનો જન્મ ૨૩મી નવેમ્બર ૧૯૨૬માં થયેલો એટલે તેમનું ભૌતિક શરીર ૯૩ કે ૯૪ વર્ષની ઉંમરે છોડશે. પરંતુ તેમણે ૮૫મા વર્ષે બરાબર ૨૪ એપ્રિલ ૨૦૧૧ (ઇસ્ટર ડેના દિવસે જ !) સવારે ૭:૪૦ વાગ્યે પોતાના ભૌતિક શરીરને ત્યાગ્યું ! આ દેખીતી અસંગતતાની શું સમજૂતિ અપાય ? આ રહી એક શક્ય સમજૂતિ : શક્ય છે કે સ્વામી સૂર્ય વર્ષોમાં નહીં પરંતુ ચંદ્રવર્ષોની વાત કરતા હોય ! ઈન્ટરનેટની માહિતી મુજબ એક ઝડપી ગણતરી અહીં રજૂ કરું છું.

ભૌતિક દેહમાં સ્વામી ૩૦,૮૩૩ દિવસો રહ્યા. એક ચંદ્રમાસમાં એવરેજ લગભગ ૨૭.૧૧ દિવસ અને ચંદ્રવર્ષમાં ૧૨ માસ હોય છે. આવી રીતે સ્વામી ભૌતિક શરીરમાં લગભગ ૧૧૩૩ચંદ્રમાસ અથવા ૯૪.૪ ચંદ્ર વર્ષ રહ્યા ! તો આના અર્થ પ્રમાણે સ્વામીએ જ્યારે શરીર છોડ્યું ત્યારે ૯૪ વર્ષના હતા.

ઉપર જણાવેલ સમજૂતિ પ્રમાણે ચાલો, આપણે પૃથક્કરણ કરીએ. જ્યારે હિંદુ પંચાંગમાં એક માસમાં ૨૭.૨૧ દિવસ (પછી સમજૂતિ અપાશે.) વધારે હોય છે. પણ ચાલો, વિવાદરૂપે ગણતરી કરવા જો આ દિવસો ને આંકડાઓનો ઉપયોગ કરીએ છીએ. ભૌતિક શરીરના ત્યાગના સમયે સ્વામીની ઉંમર માટે ગણીએ તો ઉપરની સમજૂતિ યોગ્ય હોય, જેમ કે ઉપરના પ્રવચનમાં સ્વામીએ આવો ઉલ્લેખ કર્યો છે કે ૯૪ વર્ષ સુધી રહેશે ! જો આ જ વાસ્તવિકતા છે તો એવો તર્ક કરી શકાય છે કે ૯૪ ચંદ્ર વર્ષ એ ૮૪ ઇસ્વીસન વર્ષોની બરાબર છે. જેટલો સમય સ્વામી ખરેખર પોતાના ભૌતિક શરીરમાં રહ્યા. પરંતુ વાસ્તવમાં સ્વામીએ શું કહ્યું હતું કે, "હું આ નશ્વર દેહમાં બીજાં ૫૯ વર્ષ રહીશ." એટલે ચંદ્રવર્ષવાળી ઉપરોક્ત ગણતરીમાં ફક્ત ૫૯ વર્ષોને જ માટે લાગુ પાડી શકાય, નહીં કે સંપૂર્ણ ૯૪ વર્ષોને માટે કે જે પહેલી સમજૂતિ આપેલ છે. સ્વામીએ આ વક્તવ્ય ૧૯ ડિસેમ્બર ૧૯૬૦માં આપેલું હતું. તેમનો નશ્વરદેહ ૨૪ એપ્રિલ ૨૦૧૧માં ત્યાગ્યો. આ બે તિથિઓ (સમય)ની વચ્ચે તેઓ તેમના શરીરમાં ૧૮,૪૮૯ દિવસ રહ્યા, શું આ ચંદ્રવર્ષો બરાબર છે ?

ચાલો, આપણે પરીક્ષા કરીએ:

(અ) ચંદ્રવર્ષોમાં દિવસોની સંખ્યા = ૨૭.૨૧ દિવસ x ૧૨ માસ = ૩૨૬.૫૨ દિવસો

એટલે કે ૧૮,૪૮૯ દિવસ બરાબર છે. ૧૮,૪૮૯/૩૨૬.૫૨ ચંદ્રવર્ષો (લગભગ ૫૭ વર્ષ)

જેમ ઉપર બતાવ્યું છે, આ અવધિ ફક્ત ૫૭ વર્ષ બરાબર છે. તો આપણે શું માનવું ? સ્વામી તેમની ભવિષ્યવાણીથી બે વર્ષ ઓછા રહ્યા ? પણ હજી આપણી વાત પૂરી નથી થઈ. લગભગ એકાદ વર્ષ પછી બાબાએ આવી રીતે વચન પુનઃ બેવડાવ્યું:

"તમે પુટ્ટપર્તીને મથુરાનગરી (કૃષ્ણ જન્મસ્થળ) બનતી જોશો. આ વિકાસને કોઈ જ રોકી શકશે નહીં ! કે તે વિકાસને ધીમો પાડી શકશે  નહીં. હું તમને છોડી દઈશ નહીં, કે નહીં તમે મને છોડી શકશો. કદાચ તમે શ્રદ્ધા ગુમાવશો તો પસ્તાશો અને પાછા જલ્દી મારે શરણે આવશો. હું આ શરીરમાં ૫૮ વર્ષ રહીશ, આ વિષે મેં તમને પહેલેથી જ બાંહેધરી – ખાતરી આપી જ છે. તમારું જીવન, પૃથ્વી પરનાં મારા અવતરણ કાર્ય સાથે ગુંથાએલું છે. એ મહાન સૌભાગ્યને યોગ્ય – અનુરુપ કાર્યો કરો."

- સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ – ૨, પ્રશાંતિનિલયમ, ઑક્ટોબર ૧૯૬૧

ઉપરોક્ત વક્તવ્યમાં જોયા પ્રમાણે સ્વામીએ ઑક્ટોબરની ૨૧મી એ ૧૯૬૧ માં જાહેર કરેલું કે તેઓ ભૌતિક શરીરમાં વધુમાં વધુ ૫૮ વર્ષ રહેશે !

(બ)  ઉપર જણાવેલ વક્તવ્ય પછી સ્વામી ૧૮,૦૮૨ દિવસો પોતાનાં ભૌતિક શરીરમાં રહ્યા હતા. જેમ આપણે પહેલા કરેલ તેવી જ ચંદ્રવર્ષોની ગણતરીનો ઉપયોગ કરીએ તો આ લગભગ ૫૫.૪ ચંદ્ર વર્ષ બરાબર ગણતરી થાય. તો પછી આપણને એ ગણતરીમાં ત્રન વર્ષ ઓછા પડે છે ?

આ સિવાય હિંદુ કૅલેંડરના માસનાં ૨૭.૨૧ દિવસોથી પણ વધુ દિવસો હોવાનો એક મોટો મુદ્દો બીજો પણ છે. હિંદુ પંચાંગના એક માસમાં ૨૯ દિવસ, ૧૨ કલાક ને ૪૪ મિનિટ હોય છે. જો આપણે ઉપર જણાવેલી ગણતરીમાં આ આંકડાઓનો ઉપયોગ કરીએ તો ઘણો જ ફેર પડશે. દાખલા તરીકે ૧૮,૪૮૯ દિવસો (ઉપર જુઓ) ૫૨.૨ હિંદુ પંચાંગ વર્ષ બરાબર થશે, એટલે કે લગભગ ૭ વર્ષનો ફેર પડે ! (સ્વામીએ પોતાના વચનમાં ઉલ્લેખેલ ૫૯ વર્ષથી -)

ચંદ્રવર્ષમાં ૨૭.૨૧ દિવસોની ધારણા, અધિકમાસની પરંપરાથી આવે છે, આ એ સમય છે જ્યારે ચંદ્ર પોતાની પરિક્રમાના પથથી એ જ બિંદુ (નોડ્સ) પર પાછો આવે છે. આ સમય લગભગ ૨૭.૨૧ દિવસનો છે. આ દિવસો હિંદુ પંચાંગના મહિનાઓ ૨૭ નક્ષત્રો જેવા છે. પરંતુ એક મહિનાના કુલ મળીને દિવસો બરાબર નથી ( એ જ નક્ષત્રો કોઈપણ આપેલા મહિનામાં બેવડાઈ શકે !) તો પણ, જો આપણે આ આંકડાઓ આપણી ગણતરી માટે કરીએ તો પણ ઉપર જણાવેલી ગણતરીઓ 'અ' અને 'બ' માં આપેલા કારણો સાથે સાચી નથી લાગતી કે મેળ નથી ખાતો. જે અનુક્રમે ૨ થી ૩ વર્ષનું અંતર બતાવે છે.

આથી બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે કે સ્વામી ચંદ્રવર્ષના સંદર્ભમાં વાત નહોતા કરતા !

## શતાયુ ભક્તોની બાબત :

સ્વામી ચંદ્રવર્ષોના સંદર્ભે વાત કરે છે, આ માન્યતા માટે એક બીજું લોકપ્રિય કારણ એ છે કે સ્વામીએ તેમનાં દીર્ઘાયુ ભક્તોનો ઉલ્લેખ કરતાં તેઓને શતાયુ આયુષ્યવાળા બતાવ્યા હતા, પણ એવું ન્હોતું. દાખલા તરીકે પ્રસિધ્ધ, સંસ્કૃત વિદ્વાન અને સ્વામીના ભક્ત, જેમને 'સાંઈ ગાયત્રી' સ્વામીએ 'દૃશ્યમાન' કરાવેલી, તેવા પરમ પ્રસિદ્ધ, સન્માનિત શ્રી ઘંડી કોટ સુબ્રહ્મણ્યમ્ શાસ્ત્રી, ૯૩માં વર્ષે સ્વામીમાં વિલીન થઈ ગયેલા. જો કે સ્વામીએ શાસ્ત્રીજીના પ્રપૌત્રોને એમ કહેલું કે તેમના દાદા મહર્ષિ હતા. જો શતાયુ થયા. (૯૩ ના હતા છતાં) સ્વામીએ આનો ઉલ્લેખ તેમના દિવ્ય પ્રવચન દરમ્યાન પણ કરેલો. એક દિવ્ય પ્રવચન દરમ્યાન સ્વામીએ પોતાના ભક્ત શ્રી શેખગિરિ રાવનો પણ ઉલ્લેખ 'શતાયુ' કહીને કરેલો. પરંતુ તેમની ૭૦ વર્ષની ઉંમરમાં જ એ બ્રહ્મલીન થઈ ગયા હતા.

ડૉ. પદ્મનાભનના પિતાશ્રી તેમની નિવૃત્તિ પછી ૬૩ વર્ષની ઉંમરમાં અહીં આવેલા. તેઓ પણ શતાયુ થયા અને શાંતિપૂર્વક મૃત્યુ પામેલા.

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૨૬, પ્રકરણ ૨૦મું

સ્વામીએ આ જ ભક્તનો ઉલ્લેખ બીજા પ્રવચનમાં ય કરેલો છે.

"પ્રશાંતિનિલયમમાં પહેલાં એક શેષગિરિ રાવ હતા, તેઓ એક સારા અધિકારી હતા. તેઓ સ્વામીની આરતી કરતા અને તેઓ ૧૦૦ વર્ષ સુધી જીવ્યા ને શાંતિપૂર્વક મૃત્યુ પામ્યા."

- દિવ્ય પ્રવચન, પ્રશાંતિનિલયમ ઑગસ્ટ ૨૨ – ૨૦૦૧

જો આપણે (શાસ્ત્રી અને શ્રી. રાવનાં જ) આ બાબતનું પૃથક્કરણ કરીએ તો ભ્રમમાં પડી જવાય છે કે સ્વામીએ બીજી કોઈ પધ્ધતિનાં કૅલેન્ડર કે પંચાંગના સંદર્ભમાં આ ભક્તોની ઉંમરનો ઉલ્લેખ ને ગણતરી કર્યા હતા ! પરંતુ એવું નથી, કારણ કે બે હકીકતોથી તે સ્પષ્ટ થાય છે. બે અલગ અલગ આયુષ્યની સરખામણી ૧૦૦ વર્ષના આયુષ્યથી કરેલી છે. એ સિવાય જેમ કે શ્રી શેષગિરિ રાવના દાખલાથી સ્પષ્ટ થાય છે આપણે એવું કયું કૅલેન્ડર શોધવા જઈએ કે જેમાં જો પોતાની 'સાયકલ' (ચક્ર)માં ૨૦ વર્ષથી વધુ "અંતર" – ફેરફારનો સમાવેશ કરે છે ?

બીજા ભક્તોમાં શ્રી ગોપાલ રાવ અને સ્વામી કારુણ્યાનંદજી એવા ભક્તો હતા જેમનો ઉલ્લેખ સ્વામીએ પોતાના પ્રવચનોમાં 'શતાયુ' (૧૦૦ વર્ષની ઉંમરના) કહીને કરેલો.

જો કે તેમની ઉંમર ૧૦૦ વર્ષથી ય વધુ રહી હતી. આશ્ચર્યજનક વાત તો એ છે કે સ્વામીએ જ્યારે પોતાના દિવ્યપ્રવચનમાં 'શતાયુ' કહીને ઉલ્લેખ કરેલો ત્યારે ગોપાલ રાવની ઉંમર ૯૬ વર્ષની હતી. જ્યારે તેઓ જીવતા હતા ત્યારે ૪ વર્ષ પછી ડિસેમ્બર ૨૦૦૭માં શ્રી. ગોપાલ રાવનાં ૧૦૦મા જન્મદિવસના સન્માન પ્રસંગે સ્વામીએ કૃપા કરીને આ શ્રેષ્ઠ વૃદ્ધ ભક્તનું સન્માન કરેલું.

સમજવા માટે, સ્વામીની 'શતાયુ' કહેવાની અભિવ્યક્તિનું શું તાત્પર્ય છે ? આપણને તે પ્રસંગ સમજવાની જરૂર પડશે કે કયા સંદર્ભમાં તેમણે આ વક્તવ્ય કરેલું !

તેને માટે આપણે તેમનાં ૭૮માં જન્મદિવસે તે જ ઉલ્લેખાયેલ પ્રવચન સિવાય બીજે જોવાની જરૂર નથી. જેમાં સ્વામી કહે છે : " હું તમને એક બીજી, ખૂબ જ મહત્ત્વ ની વાત કહેવા માંગું છું. અહીં પ્રશાંતિનિલયમમાં જે બધા ભક્તોએ પોતાનું આખુંય જીવન સ્વામીને અર્પણ કરેલું છે, તે બધા શતાયુ થશે. કસ્તુરી અહીં આવ્યા અને સંપૂર્ણ જીવન જીવ્યા."

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૩૬, અધ્યાય ૨૦

આપણે સૌ જાણીએ જ છીએ કે પ્રોફેસર શ્રી કસ્તુરી ૯૦ વર્ષની ઉંમરમાં જ સ્વામીમાં વિલીન થઈ ગયેલા. જો આપણે ઉપર જણાવેલ વચનોનો બારીકાઈથી અભ્યાસ કરીએ તો આપણે સ્પષ્ટ રીતે સમજી શકીએ છીએ કે "૧૦૦ વર્ષ જીવ્યા હતા" (અથવા તો શતાયુ રહ્યા.) તે ફક્ત એક જાતની અભિવ્યક્તિ જ હતી. તેમાં સ્વામીનો આશય હતો કે તે ખાસ ભક્તે એક પરિપૂર્ણ જીવન પસાર કરેલું છે. સ્વામી તેમની પાસે શું આશા રાખી શકે જેઓ ૧૦૦ વર્ષ જીવ્યા હોય ?

"૧૦૦ વર્ષની ઉંમરમાં, જેમની ૫ કર્મેંદ્રિયો અને ૫ જ્ઞાનેંદ્રિયો પર સ્વામીત્વ કે પ્રભુત્વ મેળવ્યું હોય અને ઈશ્વરમાં લીન થઈ ગયા હોય ! ૫ કર્મેન્દ્રિયો – જેમકે વાતચીત કરવી, મોં-હાથ-પગ (ચાલવું), કંઠ (બોલવું), વિસર્જન ઇન્દ્રિયો, જનનેન્દ્રિયો વગેરે છે. આંખ, નાક, કાન, સ્પર્શ (ચામડી) અને જીભ (સ્વાદ) જ્ઞાનેન્દ્રિયો છે."

- શ્રી સત્ય સાંઈબાબા સાથે ડૉ. જોન હિસ્લોપનો વાર્તાલાપ, શ્રી સત્ય સાંઈ બુક્સ્ અને પબ્લિકેશન ટ્રસ્ટ, પાના નં. ૪૨

- શ્રી શેખગિરિરાવની સાચી – ખરી ઉંમર ને સ્વામીએ ઉલ્લેખેલી ૧૦૦ વર્ષની વચ્ચેનું મધ્યંતર –

કોઈપણ ભક્ત જેણે પરિપૂર્ણ જીવન પસાર કર્યું હોય અને જેમણે સ્વામીની ઉપરોક્ત અપેક્ષાઓમાં ખરા ઉતર્યા હોય, તો તેમની વાસ્તવિક ઉંમર ભલે ને જે કાંઈપણ હોય, સંપૂર્ણ આધ્યાત્મિક અર્થમાં પૂર્ણ રીતે તેઓ "શતાયુ" જ છે ! ભારતમાં કેટલીયે જગ્યાએ, ખાસ કરીને

ગામડાઓમાં, મોટા વડીલો પોતાનાંથી નાનેરાંઓને 'શતાયુ ભવ :'ના આશિષ આપે છે. તેનો ખરો અર્થ એ જ કે 'સુખી થા ને દીર્ઘાયુ થા' તેનું મૂળ વેદોમાં 'શતમ્ જીવેન શરદઃ' અર્થાત્ ૧૦૦ વર્ષ જીવો ને દીર્ઘ આયુષ્ય ભોગવોનાં આશિષ સાથે હોઈ શકે ! સંસ્કૃત શબ્દ 'શતમ્' એટલે '૧૦૦' છે, પરંતુ તેને દીર્ઘકાળના અર્થમાં – સંદર્ભમાં વપરાય છે. એટલે કે પૂરા વાક્યનો અર્થ 'દીર્ઘાયુષ્ય, સંપૂર્ણ અને સુખી થાવ,' હું અહીં ક્રિયાયોગની સંસ્થાના પરમહંસ શ્રી પ્રજ્ઞાનંદજીની "શતમ્ જીવેત" ના સાચા અર્થ પર કરેલી વિવેચનાને પણ ઉછીનું લઈ ઉતારવા માંગું છું. સો વર્ષનો સમય સંપૂર્ણતાનું પ્રતીક છે. આ માત્ર ભૌતિક આંકડો જ નથી; પ્રતીકાત્મકરૂપે આ આપણને પ્રેમ ને સમર્પણથી જીવન જીવવાનો માર્ગ બતાવે છે, આ આંકડામાં જો '૧' ન હોય તો '00' નો કોઈ અર્થ જ નથી. તે જ રીતે ઈશ્વર પ્રેમ ન હોય તો જીવન અર્થવિહીન છે."

પ્રેમ અને શ્રદ્ધાનાં દાખલારૂપ, આ પહેલાના સમયમાં સાંઈભક્તોએ સ્વામીનાં દિવ્ય ચરણકમળોમાં, સેવામાં સંપૂર્ણ જીવન સમર્પિત કરીને પોતાનાં જીવનનાં દરેક ક્ષેત્રમાં ભરપૂર અને સંપૂર્ણ 'શતમ્' વર્ષ, જીવન વ્યતીત કરેલું !

## <u>બીજા પુરાવા</u> :

સ્વામીના ૭૯મા જન્મદિને તેમનાં દિવ્ય પ્રવચનનો નીચે લખેલ એક ભાગનો અભ્યાસ કરીએ :

આજે ફક્ત આ શરીરનો જન્મદિવસ છે. શું હું ૭૯ વર્ષની ઉંમરની વ્યક્તિ જેવો લાગું છું ? બિલકુલ નહીં !!! લોકો તો આ ઉંમરમાં ઘણી બિમારીઓ ભોગવે છે. તેમનાથી ઓછું સાંભળી શકાય છે, આંખોમાં મોતિયા ઉતરે છે, કપાળે કરચલીઓ થઈ જાય છે. મારા તો બધાં જ અંગો બરાબર છે. મારે કપાળે તમને કરચલીઓ પણ જોવા નહીં મળે ! માત્ર હમણાં જ નહીં <u>૮૦ કે ૯૦ વર્ષની</u> ઉંમરમાં હું આવો ને આવો જ રહીશ !!!

- દિવ્ય પ્રવચન પ્રશાંતિનિલયમ ૭૯મો જન્મદિવસ, ૨૩ નવેમ્બર ૨૦૦૪

સ્વામીએ તેમના ૭૯ મા જન્મદિવસે "૭૯" ની ઉંમરનો ઉલ્લેખ કર્યો છે, એટલે ઓછામાં ઓછું આ સ્થિતિમાં તો તે નિશ્ચિત જ છે કે સ્વામીએ નિયમિત ઈસ્વીસન (ગ્રેગોરીયન - જ્યોર્જિયન) કૅલેન્ડરના સંદર્ભમાં જ વાત કરી હતી. કૃપા કરીને એ ધ્યાન આપો કે પોતાના ભૌતિક શરીરમાં "૯૦" નિયમિત કૅલેન્ડર વર્ષોથીય વધુ રહેવાનો ઈરાદો વ્યક્ત કરી રહ્યા છે !

## સ્વામીનાં જીવનચરિત્ર લખનાર લેખકની સમજૂતિ :

સ્વર્ગવાસી શ્રી આર. ગણપતિ ભગવાન બાબાના ખૂબ નજદીકનાં ભક્ત અને વિભિન્ન ભાષાઓનાં ધાર્મિક ગ્રંથોના ઊંડા અભ્યાસુ અને વિદ્વાન હતા. તેમણે "બાબા, સત્યસાંઈ" ના નામથી એક જીવન ચરિત્ર - પરિચય માળા લખેલી હતી જેને એક ભવ્ય અંજલિ - ભગવાન શ્રી સત્ય સાંઈબાબા પ્રત્યેની તેમની અસાધારણ શ્રદ્ધા, માની જાય છે.

ઉપર જણાવેલ સીરીઝના એક ભાગમાંથી નીચેનો બનાવ રજૂ કરૂં છું :

"સ્વામીના મહાવિદ્યાલય - કૉલેજમાં વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૬ માં 'ઉટાકામંડ સમર કૉર્સ'માં એક બીજું રહસ્ય ઘટન જોવાનું સદનસીબે પ્રાપ્ત થયું હતું. જેમાં સ્વામીએ જાહેર કરેલ છે કે આ દેહમાં તેઓ ૯૬ વર્ષ જોશે અને કહ્યું કે બચેલાં ૪૬ વર્ષોમાં તેમના દ્વારા ભારતમાં ૧૮ મહત્ત્વ ની સંસ્થાઓની સ્થાપના થશે."

- બાબા સત્ય સાંઈ ભાગ - ૨, આર ગણપતિ પાના નં ૮૫

અહીં ધ્યાન આપવા લાયક વાત એ છે કે સ્વામીએ ન તો આવો ઉલ્લેખ કર્યો છે કે તેઓ ૯૬ વર્ષ સુધી જીવશે, પણ એમ પણ કહ્યું છે કે સંકેત આપેલ છે કે ૧૯૭૬ ના વર્ષ પછી ૪૬ વર્ષ બીજા આ શરીરમાં રહેશે. સ્વામી ત્યારે ૫૦ વર્ષના હતા અને તે માટે તેઓ 'કુલ ૯૬ વર્ષ વધુમાંથી ૪૬ વર્ષોની બાબતમાં ચર્ચા કરી રહ્યા હતા. તેથી એ માનવું પણ અર્થપૂર્ણ છે, ઉલ્લેખાયેલાં ૯૬ વર્ષ અને ૪૬ વર્ષ (આ કોઈપણ કૅલેન્ડરના ૨૩ દિવસો – મહિના - અથવા ૨૭૬ દિવસો એક વર્ષનાં) પણ નિયમિત ઈસ્વીસનના સંદર્ભમાં જ છે. તેઓ બંને જુદી જુદી પધ્ધતિઓનો ઉલ્લેખ એકી સાથે કરી ન શકે ! આથી ય બીજું એ કે ૧૯૭૬ પછી (૨૦૧૧ સુધી) સ્વામી તેમનાં ભૌતિક શરીરમાં ફક્ત ૩૫ વર્ષ સુધી જ રહ્યા. આ એકદમ સ્પષ્ટ છે કે ચંદ્રવર્ષ તો શું કોઈ બીજી પધ્ધતિના કૅલેન્ડરનાં ૪૬ વર્ષ, સામાન્ય ઈસ્વીસન કૅલેન્ડરનાં ૩૫ વર્ષ બરાબર ન થઈ શકે !

કદાચ સૌથી વધુ વિશ્વસનીય સાબિતી બીજી કોઈ જ નથી પણ સ્વયં ઈશ્વરના દિવ્યજીવનના ચરિત્ર લખનાર સ્વ. પ્રો.કસ્તુરીના શબ્દોમાં મળે છે :

“બાબાએ આપણને ખાતરી આપી છે કે તેઓ માનવ શરીરમાં ૨૦૨૦ ની સાલ સુધી રહેશે.”

- “ધ લાઈફ ઑફ ભગવાન શ્રી સત્ય સાંઈબાબા” એન. કસ્તુરી, ૧૯૭૧ પાના નં. ૨૮૫

આપણા સદનસીબે, ઉંમરની અપેક્ષા એક ખાસ વર્ષ (ઈસ્વીસન ૨૦૨૦)નો ઉલ્લેખ કરીને ખાસ સંદેશવાહક પ્રોફેસર કસ્તુરીના માધ્યમ દ્વારા સ્વામીએ વાદ-વિવાદ કે ચર્ચાને હંમેશા માટે જ સમાપ્ત કરી દીધાં છે !

# પ્રકરણ – ૨

# તેમની શું યોજના છે ?

આગળનાં પ્રકરણમાં આપણે જોયું કે સ્વામી ચંદ્રવર્ષોનાં સંદર્ભમાં વાત નથી કરતા. તો પછી શું સ્વામીએ મૂળ યોજના બદલી દીધી ?

તો પછી શું થયું ? કેમ આવી અસંગતિ ? શું સ્વામીએ તેમની મૂળ યોજના બદલીને જલ્દી 'જવાનો' (દેહ છોડવાનો) નિર્ણય કર્યો ?

જ્યારે આ વિષે પૂછ્યું તો કેટલાક ભક્તોએ એટલે સુધી કહ્યું કે, "સ્વામી તેમની યોજના ગમે તે સમયે બદલી શકે !" તેઓ અવતાર છે, ભગવાન છે ! તેઓ જરૂર એવું કરી શકે છે !" પરંતુ મારી સમજણમાં એ નથી આવતું કે અવતારને તેમની પોતાની યોજનામાં પરિવર્તનનું પૂર્વાનુમાન ન હોવાનું દોષારોપણ કરવામાં કઈ બુદ્ધિ કે જ્ઞાન છે ? અને તે પણ દ્રઢનિશ્ચયપૂર્વક તેમનાં કેટલાં બધાં કથનો સાંભળ્યા પછી ? નીચે જણાવેલાં કેટલાક કથનોમાંથી?

"મારા વચનો ક્યારેય નિષ્ફળ કે વ્યર્થ નહીં થાય, હું જેમ ઈચ્છીશ તેમજ થશે !"

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧, પ્રકરણ ૩૧

"હું જે સંકલ્પ કરીશતે નિશ્ચય પૂરો થશે જ ! મારી યોજનાઓ હંમેશા સફળ થશે જ!"

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ – ૧૨, પ્રકરણ ૩જું

"એકવાર મેં જે શબ્દ કહ્યો, તે પ્રમાણે જરૂર બનશે જ. તેમાં શંકા ન કરો."

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧, પ્રકરણ ૩૧

"એવું કોઈ જ નથી કે જે મારા માર્ગને, યોજનાને કે તેનાં અમલમાં મૂકવામાં થોડો પણ બદલાવ લાવી શકે ! હું જ અંતિમ, સર્વોચ્ચ સત્તા છું

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧, પ્રકરણ ૩૦

"અવતારનું કોઈ પણ કાર્ય પૂર્વનિર્ણિત, આગળથી નિશ્ચિત કરાયેલું હોય છે."

- દિવ્ય પ્રવચન ૨૩ નવેમ્બર ૧૯૬૮

"ઈશ્વર પોતાના શબ્દોથી ક્યારેય વિચલિત થતા નથી. થશે જ નહીં !"

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૨, પ્રકરણ ૨૩

"મારીબધી જ પ્રવૃત્તિઓ અને યોજનાઓમાં કોઈ જ બદલાવ કે ફેરફાર થશે નહીં, તેનાં વિષે કોઈ કંઈપણ કહે !"

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૫, પ્રકરણ ૪૨

"પરિસ્થિતિ પ્રમાણે થોડો બદલાવ કદાચ આવે ? પરંતુ આ કાયમી નહીં હોય ! આવા બનાવોને લીધે મારાં કાર્યોમાં ફેરફાર નહીં આવે !"

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧૭, પ્રકરણ ૧૪

ઉપર ટાંકેલા બધાં જ બાબાના વચનો, પોતે જ સ્પષ્ટતા કરે છે. મારે માટે એક સ્પષ્ટ અને સબળ વચન છે. એક વખત હું જે શબ્દ બોલું છું તે અફર છે, કદી જ બદલાય નહીં ને તેમ થઈને જ રહેશે તેમાં શંકા ન લાવો!" (સ્વામી) અહીં ખાસ ધ્યાન આપો કે તેઓ ફક્ત એટલું જ કહીને રોકાયા નથી. તેઓ જાણતા હતા કે શું થવાનું છે ? સ્પષ્ટપણે આગળ ચાલીને જાહેર કર્યું છે : "જે કાંઈ બહાર, વ્યક્ત થયું છે તે થઈને જ રહેશે."

શું યોજનામાં ફેરફાર ? હું કહું છે કે આ નકારાત્મક લોકો માટે છે !

તો તેમની યોજના શું છે ?

"ઈશ્વરની યોજનાને ફકત ઈશ્વર જ જાણે છે. કારણ કે તે બધી જ એમની યોજનાઓ છે. સ્ટેજ પર, રંગમંચ પર નાટકનું ફક્ત એક જદૃશ્ય તમે જોઈ શકો છો પરંતુ તે બહુ ભ્રમિત કરી દે તેવું હોય છે પણ જ્યારે આખી વાર્તા છતી થાય ત્યારે તમે એ નાટકની યોજનાની પ્રશંસા કરી શકો છો, તેની પહેલા નહીં."

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧, પ્રકરણ 30

કોઈપણ તેમની યોજનાનો પૂર્વાભાસ કે ભાવિ ન કહી શકે કે બતાવી શકે ! સ્વામીએ કેટલીય વખત તેનો ઉલ્લેખ કરેલો જ છે, કે આપણે સૌએ તેમની અનિશ્ચિતતાનો આનંદ પ્રેમથી લેવો જોઈએ. એટલું જ ફક્ત સાચું છે કે એમણે જે જે કહ્યું છે તે સાચું પડવાનું જ છે ! (ને પડ્યું જ છે !) તેમ બનશે જ ! કેવી રીતે ? ક્યારે ? ક્યાં ? આ બધા પ્રશ્નોના જવાબો મનુષ્યથી ઉપર છે, પર છે. ફક્ત સમય જ રહસ્યોને ખોલશે !

"મારી અનિશ્ચિતતાઓને પસંદ કરો. (પ્રેમ કરો) કારણ કે આ ભૂલ નથી ! આ મારો ઇરાદો છે અને મારો સંકલ્પ ! યાદ રાખો કે મારી ઈચ્છા વિરુદ્ધ કશું જ બનતું નથી. શાંત રહો ! દૃઢ રહો ! કશું જ સમજવા ન માંગો ! સમજવાનું છોડી દો ! સમજવા માટે પૂછો પણ નહીં. સમજવાનો પ્રયત્ન પણ ન કરો ! જેમાં સમજવાનું અનિવાર્ય છે તે બધું ય છોડી દો !"

- શ્રી સત્યમ્ શિવમ્ સુંદરમ્ ભાગ – 3

# પ્રકરણ – 3

## સ્વામી તેમના પૃથ્વી પરનાં જીવનકાળ વિષે કહે છે.

તેમણે પોતે જ તેમના જીવનકાળ વિષે કેટલાય પ્રસંગોએ વાતો કહી છે. તેમાં તેમના દિવ્ય પ્રવચનો દરમ્યાન જાહેર કરેલ છે. અને કેટલુંક તેમણે થોડા 'ઈન્ટરવ્યુ' દરમ્યાન કહેલું. જે બધી વાતો, પાછળથી તેમાં હાજર રહેલા ભક્તોએ તેમનાં પુસ્તકોમાં રજૂ કરેલી છે. નીચે આપેલા સંકલનમાં સ્વામીના દિવ્ય પ્રવચનો અને પુસ્તકોમાં લખેલ ઉદાહરણો સામેલ કર્યા છે.

1. "હું આ નશ્વર દેહમાં ૫૯ કે વધુ રહીશ. અને આ અવતારનાં હેતુને જરૂર પાર પાડીશ.તેમાં શંકા ન કરો !"

   - દિવ્ય પ્રવચન, પ્રશાંતિનિલયમ સપ્ટે. ૨૯, ૧૯૬૦

   [ઉપરોક્ત ઉદાહરણ પ્રમાણે, સ્વામી ૯૩ કે ૯૪ વર્ષની ઉંમર સુધી એ દેહમાં રહે ! ૧૯૬૦ થી ૫૯ વર્ષ ઈસ્વીસન ૨૦૧૯ થાય. ૨૦૧૯માં સ્વામીની ઉંમર ૯૩ વર્ષની થશે. નવેમ્બર ૨૦૧૯માં તેમના જન્મદિવસ પછી તેઓ ૯૪ની ઉંમરના હશે !]

2. હું આ દેહમાં ૫૮ વર્ષ સુધી રહીશ; મેં તમને આ વિષે ખાતરી આપી છે.

   - દિવ્ય પ્રવચન, પ્રશાંતિનિલયમ ૨૧ ઑક્ટોબર, ૧૯૬૧

   (આ નીચેના અવતરણમાં દા.ત. ક્વૉટ -૧ માં આપેલી ઉંમરનો સંકેત કરે છે.)

3. "ફક્ત આજે જ નહીં, ૯૬ વર્ષ સુધી હું આવો જ રહીશ."

   - શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૩૬, પ્રકરણ ૧૪

4. (પ્રોફેસર કસ્તુરી) : બાબાએ આપણને ખાતરી આપી છે કે બાબા આ ભૌતિક દેહમાં ૨૦૨૦ સુધી રહેશે !

   - ધ લાઈફ ઑફ ભગવાન શ્રી સત્ય સાંઈબાબા, એન. કસ્તુરી પાનું ૨૩૫

   (૨૦૨૦ ના વર્ષમાં સ્વામીની ઉંમર ૯૪ની થશે ! ૨૩ નવેમ્બરમાં તેમના જન્મદિવસ પછી તેઓ ૯૫ વર્ષનાં થશે ! કારણ કે પ્રો. કસ્તુરીએ "ઈસ્વીસન ૨૦૨૦ની પછી ત્યાં સુધી) નો ઉલ્લેખ કર્યો છે, તેથી આપણે એમ માની શકીએ કે આ ૯૫ વર્ષ પછીની કોઈ ઉંમરનો સંકેત કરે છે; આ અવતરણ ૩જા ક્વૉટેશનની બરાબર સાથે 'મેચ' થાય છે.)

5. અતિથિ પૂછે છે : તો શું પછી પ્રેમસાંઈ માટે બહુ કામ કરવું બાકી નહીં રહે ? સ્વામીએ વિશ્વને શાંતિપૂર્ણ બનાવી દીધું હશે ને ?

સાંઈ કહે છે : "આ બધું તો હજી ૪૦ વર્ષ દૂર છે ! એ સમયે દુનિયા શાંતિપૂર્ણ હશે. તે નામ હશે પ્રેમસાંઈ ! બધાં પ્રેમમય હશે, પ્રેમ, પ્રેમ, પ્રેમ ચારે બાજુએ પ્રેમ !

- 'સાંઈબાબા એન્ડ આઈ', જે.એસ.હિસ્લોપ પાનું ૨૩૫

ડિસેંબર ૧૯૭૮માં એક ઇન્ટરવ્યુમાંથી -......

(ઉપરોક્ત વાર્તાલાપ એ સાબિત નથી કરતો કે સ્વામી તેમના ભૌતિક દેહમાં ક્યાં સુધી રહેશે ? જો કે એ સંકેત આપે છે કે પ્રેમસાંઈનો અવતાર ૨૦૧૮ પછી થશે અને ત્યાં સુધી સત્યસાંઈ અવતાર સંસારને શાંતિમય બનાવી દેશે. આ અવતરણ -૩ ને પુષ્ટિ આપે છે.)

6. આ ઈન્ટરવ્યુથી એક વાત, અસાધારણ વાત – આગળ આવી છે. બાબાએ આપણને કહ્યું છે કે તેઓ ૯૪ વર્ષની ઉંમર સુધી જીવશે.

- મૉડર્ન મિરેકલ્સ, ઈરલેન્ડર હેરાલ્ડસન. પાના નં ૪૬

7. સમયની કસોટી પર કસવા, બાબાની ભવિષ્યવાણીઓને હું વાચકો પર છોડું છું. તેમણે વારંવાર, અવારનવાર દોહરાવ્યું છે કે હું ૯૪ વર્ષ સુધી રહીશ – જીવીશ.

- મૉડર્ન મિરેકલ્સ, ઈરલેન્ડર હેરાલ્ડસન. પાના નં ૨૯૪

8. "આ શરીર ૯૬ વર્ષ સુધી રહેશે અને હંમેશ યુવાન રહેશે."

- શ્રી સત્ય સાંઈબાબાનો જે.એસ.હિસ્લોપ સાથેનો વાર્તાલાપ,

બર્થડે પબ્લિકેશીંગ કંપની, સૅનડિયેગો, કેલીફોર્નીયા, ૧૯૭૮ પાના નં૮૩

( આ ઈન્ટરવ્યુ ફક્ત આ જ આવૃત્તિમાં છે.)

9. સ્વામીના યુનિવર્સીટીના વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૮ માં ઉટાકામંડ સમર કૉર્સમાં એક અદ્‌ભૂત, વિશિષ્ટ સર્જન જોવાનું સદભાગ્ય મળ્યું. જેમાં સ્વામીએ જાહેર કરેલું કે તેઓ આ શરીરમાં ૯૬ વર્ષની ઉંમર સુધી રહેશે અને બચેલ ૪૬ વર્ષોમાં તેમના દ્વારા ભારતમાં ૧૮ મહત્ત્વ ની સંસ્થાઓ સ્થપાશે.

- બાબા સત્યસાંઈ ભાગ – ૨, રા.ગ.ગણપતિ પાના નં ૮૫

( ઉપરોક્ત ટાંક્યા પ્રમાણે સ્વામી, જૂન ૧૯૭૬ પછી ૪૬ વર્ષો રહેશે. આ ૨૦૨૨ કે ઈવન ૨૦૨૧નાં અંતમાં કોઈ દિવસનો સંકેત કરે છે.)

જ્યારે સ્વામીની ઉંમર, ઉપરનાં ક્વૉટેશન પ્રમાણે ૯૪ની જણાવેલ છે. પણ કેટલીક વખતે સ્વામીએ (પૃથ્વી પરથી ભૌતિક રીતે અદૃશ્ય થવાનો સમય) ૯૬ વર્ષની ઉંમર એમ બતાવેલ છે. શ્રી સત્ય સાંઈ અવતારને વિષેની આગાહીઓમાં પણ ૯૬ વર્ષની ઉંમરનો ઉલ્લેખ કર્યો છે.

ચાલો, આપણે સ્વામીના, ઉપર જણાવેલ અવતરણો પ્રમાણે સ્વામીના પૃથ્વી પર રહેવાના ભાખેલા સમયનું પૃથક્કરણ કરીએ :

અ. અવતરણ ૧ અને ૨ ઑક્ટોબર ૨૦૧૯ અને ઑગસ્ટ ૨૦૨૦ની વચ્ચેનો સમય ગાળો સંકેત કરે છે.

બ. અવતરણ ૩ અને ૮ પ્રમાણે એવો અર્થ નીકળે છે. ડિસેમ્બર ૨૦૨૧ અને નવેમ્બર ૨૦૨૨ની વચ્ચે કોઈપણ સમયે સ્વામી દેહ છોડી શકે છે !

ક. અવતરણ ૪ અને ૫, એ અવતરણ ૩ ને ૮ જેવું સરખું માની શકાય.

ડ. અવતરણ ૬ અને ૭, ડિસેમ્બર ૨૦૧૯ થી નવેમ્બર ૨૦૨૦ની સમયાવધિનો સંકેત કરે છે.

ઈ. અવતરણ ૯, વર્ષ ૨૦૨૨ (કે ૨૦૨૧ પછી)નાં કોઈ દિવસ કે સમયનો સંકેત કરે છે. જેમાં અવતરણ ૩ અને ૮ સાથે સરખાવી શકાય છે.

જો આપણે ફક્ત પૃથક્કરણનાં 'અ' અને 'ડ' લઈએ તો જ્યાં ૯૪ વર્ષની ઉંમર ઉલ્લેખાયેલી છે અને તેનો પરસ્પર સંબંધ જોઈએ તો આપણને ડિસેમ્બર ૨૦૧૯ થી ઑગસ્ટ ૨૦૨૦નો સમય મળશે. પૃથક્કરણ 'બ'ની સાથે સરખામણી કરવાથી ('ક' ને 'ઈ' ને 'બ'ની સાથે સરખાવવાથી) જેનાં પર આ ૯૬ વર્ષનું સૂચક છે, આપણે ૧૫ થી ૩૬ મહિનાનો ગાળો જોઈ શકીએ છીએ. બીજા શબ્દોમાં કહું તો, સ્વામીનાં જીવનગાળા માટે બે ભિન્ન, જુદાંજુદાં વિવરણોમાં, એક તરફ જ્યાં ૯૪નો ઉલ્લેખ કરી રહ્યા છે તો અહીં ઓછામાં ઓછા ૧૫ મહિનાનો તફાવત પડે છે !

(ઑગસ્ટ ૨૦૨૦ અને ડિસેમ્બર ૨૦૨૧ને મૂકીને તેની વચ્ચેનો ઓછામાં ઓછા સમયની ગણતરી કરતાં ૧૫ મહિના થાય છે. ડિસેમ્બર ૨૦૧૯ અને નવેમ્બર ૨૦૨૨ને મેળવી તેનો વધુમાં વધુ સમયની ગણતરી કરતાં ૩૬ મહિના થાય છે.)

## એક શક્ય સમજૂતિ :

"હું કોઈપણ એવો શબ્દ નથી કહેતો કે બોલતો, જેનું કોઈ મહત્ત્વ ન હોય !"

- ધ લાઈફ ઑફ ભગવાન શ્રી સત્ય સાંઈબાબા, એન. કસ્તુરી પાનું ૧૯૬

સ્વામીના આ બે વક્તવ્યોની વચ્ચેની અસંગતિ / વિરોધાભાસ વચ્ચે કોઈ તફાવત છે ? કોઈ તફાવત છે ? આપણે આ વિષે ફક્ત એટલો જ અંદાજ આંકી શકીએ, કારણ કે સ્વામી જ તેનો અર્થ જાણે છે કે તેનો અર્થ શું છે ? આપણે ફક્ત એટલું ચોક્કસ રીતે કહી શકીએ કે તેઓ કદી ભૂલ કરતા જ નથી. જે કાંઈ સ્વામીએ કહ્યું છે તે થશે જ. આ દ્રષ્ટિબિંદુથી પરિણામ,

નિષ્કર્ષ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ. એક બાજુ સ્વામી કહે છે કે આ દેહમાં તેઓ ૯૪ વર્ષ સુધી રહેશે ને બીજી તરફ સંકેત કરે છે કે લગભગ ૯૬ વર્ષની ઉંમર સુધી રહેશે. તો તેનો અર્થ શું થાય ? શું આ સંકેત કરાય છે કે બે વર્ષ સુધી સ્વામી “તેમનાં ભૌતિક શરીરની બહાર” (અદૃશ્ય) રહેશે. આવી પૂર્ણ શક્યતા, સંભાવના થઈ શકે ! હવે તેઓ શરીર બહાર છે, શું એવું નથી ? (પહેલી આવૃત્તિ બહાર પડવાની તારીખ ૮ એપ્રિલ ૨૦૧૨ની છે)

મારા દ્વારા, પહેલા કરાયેલ પૃથક્કરણ કે વિશ્લેષણથી “સમયાંતરાલની અસંગતિ”ને જો આપણે જોઈએ તો આ સમયાંતરનો અર્થ એવો થાય છે કે સ્વામી દેહ ત્યાગ્યા પછી ૧૫ કે ૧૬ મહિના પહેલાં “ફરી” પાછા આવી શકે છે ! કારણ કે સ્વામીએ એપ્રિલ ૨૪, ૨૦૧૧થી એપ્રિલ ૨૦૧૪ની વચ્ચેનો સમય થઈ શકે છે.

“મારી સર્વજ્ઞતા પર શ્રદ્ધા રાખો ! હું ભૂલો નથી કરતો”

- સનાતન સારથિ ઑગસ્ટ ૧૯૮૪

# પ્રકરણ - ૪

## સાંઈની ભાવિ માટેની આગાહીઓ

સ્વામીએ પોતે, પોતાના વિષે અને તેમનાં હેતુઓ માટે કેટલીક વાતો કહી છે. જેમ કે આપણે જાણીએ છીએ કે સ્વામીએ ભાખેલ કેટલીય ભવિષ્યવાણીઓ ક્યારનીયે સાચી પડી છે. પરંતુ તેમાંની કેટલીક થોડા અંશે સાચી પડવાની છે, અથવા તો નજીકના ભવિષ્યમાં સાચી પડશે. એમાંથી મેં કેટલીક વાતો એકઠી કરીને અહીં રજૂ કરવાનો વિનમ્ર પ્રયત્ન કર્યો છે. [મહેરબાની કરીને નોંધ લો. ધ્યાન આપો કે તે બધી અહીં રજૂ કરી છે જેથી સત્ય સાંઈ અવતારમાં હજી અદ્દભૂત સમય આગળ ચોક્કસ આવવાનો છે તેની શક્યતાને સ્થાપી શકાય. પુષ્ટિ મળે.]

"હવે આવનાર સમયમાં એટલો બધો વિશાળ જન સમુદાય ભેગો થશે તે માટે મારે એક સ્થળેથી બીજે સ્થળે જવા માત્ર કાર જ નહીં પરંતુ પ્લેનનો ય ત્યાગ કરવો પડશે ! હા, મારે આકાશમાર્ગનો ઉપયોગ કરવો પડશે. હા, મારા પર વિશ્વાસ કરો કે એવું પણ બનશે.

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ - ૨, પ્રકરણ ૧૮

"મારા પર શ્રદ્ધા રાખો. માનો, એક દિવસ એવો આવશે જ્યારે તમે ખૂબ જ દૂરથી ને ખૂબ જ પ્રયત્નો બાદ જ મારા વસ્ત્રોની એક નાની લાલ ઝાંખી માત્ર ખૂબ જ મુશ્કેલીથી જોઈ શકશો. જ્યારે હું આકાશમાર્ગે એક છેડેથી બીજા છેડા સુધી જઈશ ત્યારે તમને સ્વામીના મહિમાની જાણ થશે."

-તપોવનમ્ , શ્રી સત્ય સાંઈ સત્ ચરિત્ર -
જયંધ્યાલા વેંકટેશ્વર શાસ્ત્રી અધ્યાય ૧૧ મો
સંદર્ભ : 'તપોવનમ્' શ્રી સત્ય સાંઈ ચરિત્રનાં લેખક શ્રી જન્ધાયાલા વે.શાસ્ત્રી

"પહેલા જ્યારે નાના બાળકે (કૃષ્ણે) પર્વત ઉઠાવેલો ને તે સમયે ગોપ-ગોપીઓને ત્યારે જાણ થઈ કે કૃષ્ણ ઈશ્વર છે તે હોવાની. ત,એ જોશો કે હવે માત્ર એક ગોવર્ધન પર્વત જ નહીં આખી પર્વતમાળા ઉઠાવાશે, તમે તે જોશો ! ધીરજ રાખો અને શ્રદ્ધા !

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ - ૩, પ્રકરણ ૧૫

[આ બાબત, તેમની વિશાળતા બતાવવા માટે કદાચ એક રૂપકનો ઉપયોગ આ પ્રકરણમાં કરી રહ્યા હતા. સ્વામી માટે બધું જ શક્ય છે !]

"ફરીથી, તમે લોકો કેટલાં નસીબદાર છો કે તમે વિશ્વનાં બધા જ દેશોને ભારતનું સન્માન કરતા જોશો. ભારતને અંજલિ અપાશે. આ શરીરમાં રહીને જ તમે આખાય વિશ્વમાં સત્ય સાંઈના જાપની પ્રતિધ્વનિ જયજયકાર સાંભળાશો. અને ફરીથી આખા વિશ્વનાં લોકોનાં ભલા માટે જેમ કે વેદોમાં કહે છે, તે સનાતન ધર્મને તમે ખૂબ જ જલ્દીથી તેની પ્રમાણિને યોગ્ય, સાચી સ્થિતિમાં પુનર્સ્થાપના થતાં જોશો."

- દિવ્ય પ્રવચન, ૧૭ મે ૧૯૯૮

"આ શરીર એક ખાસ, વિશેષ હેતુથી ધારણ કર્યું છે. ધર્મ સ્થાપના અને ધર્મનો ઉપદેશ આપવા માટે, ધર્મને પુનઃસ્થાપિત કરવા. આ હેતુ પૂરો થશે જ. ને પછી પાણીમાંના પરપોટાની જેમ જ આ શરીર અદૃશ્ય થઈ જશે."

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ - ૧૦, પ્રકરણ ૩૯

જેમ કે ઉપરોક્ત અવતરણો, વક્તવ્યો તેમના ભૌતિક જીવન દરમ્યાન જ, આવી અસાધારણ, અદ્ભૂત ઘટનાઓ, બનાવો બનવાનાં સ્પષ્ટ સંકેત સ્વામી આપે છે. સ્વામીએ સત્યસાંઈ અવતાર દરમ્યાન જે બનવાનું છે તેની અદ્ભૂત વાતો આપેલ છે જ ! નીચે આપેલી કેટલીક વાતો, સ્વામીએ આપેલ દિવ્ય પ્રવચનો અને ડૉક્યુમેન્ટેડ - નોંધ થઈ હોય - ઇન્ટરવ્યુઝમાંથી લીધાં છે. મૂળ અવતરણ અવતરણ એક બીજા પ્રકરણ "સત્ય સાંઈ સુવર્ણયુગનો ઉદય"માં આપેલ છે.

- પ્રેમસાંઈનાં આવ્યા સુધીમાં વૈશ્વિક શાંતિ સ્થપાઈ ચૂકી હશે !
- સ્વામી જ સુવર્ણયુગમાં લઈ જશે અને આ સૌની આશા કરતાં જલ્દી જ બનશે. કોઈપણ આ સુવર્ણયુગની શ્રેષ્ઠતા ને સુંદરતાની કલ્પના નથી કરી શકતાં. આ દરેકની કલ્પનાથી ય વધુ ભવ્ય હશે !
- આ પરિવર્તન સાર્વભૌમિક - સર્વત્ર હશે ને દરેક સ્થળે હશે !
- સાંઈ - રાજ્યની સ્થાપના થશે એ નસીબદાર લોકો હશે જેઓ પૃથ્વી પર સ્વર્ગનો અનુભવ કરશે.
- પૃથ્વી પરની દરેક અસ્થિરતા / અશાંતિ દૂર થશે. વિનાશ થશે. બધામાં પવિત્ર ભાવોનો વિકાસ થશે. પ્રત્યેક વ્યક્તિ દિવ્ય આનંદનો અનુભવ કરશે. આખુંય રાષ્ટ્ર જલ્દીથી જ શાંતિ અને આનંદનો પવિત્ર અનુભવ કરશે. ક્યાંય પણ, કોઈ પણ મુશ્કેલીઓ કે દુઃખ નહીં હોય !
- બધા જ દેશોના લોકોમાં એકતા સધાશે, એક થશે.

- જલ્દી જ સ્વામીનું નામ અને રૂપ બધી જ જગ્યાએ સ્થાપિત થશે. અને આખાય વિશ્વમાં તેઓ એક એક ઈંચ પર છવાઈ જશે.
- સાંઈ સમૂહોમાં લોકોને ઈંવન ઉભા રહેવાની ય જગ્યા નહીં હોય !
- ભવિષ્યમાં સાંઈસંસ્થાનાં સભ્ય હોવું ખૂબ જ લાભદાયી હશે. સાંઈસભાઓમાં એટલી તો ભીડ હશે કે સામાન્ય લોકોને તો જગ્યા મળવી જ અશક્ય બનશે ! બધી ઉપલબ્ધ જગ્યાઓ સાંઈ સંસ્થાનાં લોકોને માટે જ રખાયા હશે.
- આખુંય વિશ્વ સત્ય સાંઈ સંસ્થામાં પરિવર્તીત થશે, બદલાશે અને દરેક હ્રદયમાં સત્ય સાંઈ સ્થાપીત થઈ જશે !
- બધા જ દેશો ભારતને આદર- સન્માન આપશે. વિશ્વમાં ભારત નેતા બનશે. આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક, રાજનૈતિક અને આર્થિક - દરેક દૃષ્ટીએ ભારત, વિશ્વનું નેતૃત્વ કરશે.
- આવનાર દિવસોમાં આખાય વિશ્વને પ્રશાંતિનિલયમમાં આવવાની ફરજ પડશે. સૌ આવશે.
- આપણે સૌ પુટ્ટપર્તીને મથુરાનગરી (કૃષ્ણ જન્મ સ્થળ) બનતું જોઇશું. બધે જ વિશ્વનાં નકશાઓમાં પુટ્ટપર્તીને એક મહત્ત્વ નાં સ્થાન - ચિહ્ન તરીકે મૂકશે."

(મૂળ ટાંકેલાં અવતરણ માટે પ્રકરણ - ૯, "સત્ય સાંઈ - સુવર્ણ યુગનો ઉદય" એ જૂઓ.)

આપણને શંકાઓ કરવાનો કોઈ અધિકાર નથી.

સત્યમ્ શિવમ્ સુંદરમ્ (ભાગ ૪થામાં) પ્રોફેસર કસ્તુરી વર્ણવે છે કે નાનકડું ગામ પુટ્ટપર્તી - તેનું આર્નોલ્ડ શૂલમેને એકવાર વર્ણન કરેલું કે "પાષાણયુગથી મૂશ્કેલીથી પાંચ મિનિટને અંતરે" એમ કહેલું. ફક્ત દિવ્ય ઈચ્છા ને સંકલ્પથી સુંદર, આધ્યાત્મિક સ્વર્ગમાં બદલાઈ ગયું. સ્વામી જ્યારે ૧૭ વર્ષની ઉંમરના હતા ત્યારે તેમણે લક્ષ્મૈયા નામનાં એક પૂજારીને રહસ્ય કહેલું કે પુટ્ટપર્તીમાં ખૂબ જ સંખ્યામાં લોકો સ્વામીનાં દર્શન માટે પુટ્ટપર્તીમાં આવશે. લક્ષ્મૈયાએ જે સાંભળ્યું તેના પર તેને વિશ્વાસ ન્હોતો બેઠો, કારણ કે તે સમયે આવું કાંઈક બનશેની શક્યતા જ તેને ન્હોતી લાગતી. (ગુજરાતી અનુવાદ કરનાર આ મનોરમા જ્યારે ૧૯૬૫ માં નવેમ્બરમાં કેટલુંય કરી પુટ્ટપર્તી ગયેલ. સ્વામીએ ઇન્ટરવ્યુ આપવાની કૃપા કરેલ. ને તે વખતે ઝાડીઓ - ઝાંખરાં વચ્ચે ત્રણ રાત સૂતેલ ને પછી ૩૦ વર્ષ બાદ ફરીથી ૨૦૦૧ માં સ્વામીએ મને બોલાવી પુટ્ટપર્તીની વીઝીટે ત્યારે ઉદ્ગાર નીકળી ગયેલા - આ 'સુદામા' દ્વારકામાં ક્યાંથી આવી ગઈ ! મ.)

પણ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ મોટી સંખ્યામાં લોકો (દેશ - વિદેશથી) પુટ્ટપર્તી આવતાં ગયાં ને પછી લક્ષ્મૈયાને દૂરથી જ ભગવાનની સહેજ ઝાંખી કરતાં સંતોષ લેવો પડતો, ત્યારે લક્ષ્મૈયાને વિશ્વાસ બેઠો ! માનવા લાગ્યો ભગવાનન્ના એ વચનો !

સ્વામીને તેમનાં ૬૫મા જન્મદિવસે જાહેર કર્યું કે મફત ચિકિત્સા સેવા મેળવવા લોકોને માટે એક સર્વશ્રેષ્ઠ સુપર સ્પેશિયાલીટી હોસ્પીટલ બનાવશે અને તે પણ પ્રથમ હૃદયનું ઓપરેશન, એક જ વર્ષમાં ત્યાં કરાશે. ને હોસ્પિટલ તૈયાર થઈ જશે ! હોસ્પિટલ એક્સપર્ટ - વિશેષજ્ઞો અને બાબાના પોતાના સ્ટાફ મેમ્બરોએ પ્રશ્નો કર્યાં કે આટલા મોટા, ભવ્ય, વિશાળ કાર્ય માટે પૈસા વગેરે ક્યાંથી આવશે ને આટલા ટૂંક સમયમાં બધું થશે ? શક્ય જ નથી, આ હોસ્પિટલની ડીઝાઈન બનાવનાર આર્કિટેક્ટ ડૉ. કીથ ક્રિચલોનાં ય મનમાં શંકા હતી. તેમને આશ્ચર્ય થયેલું કે અમેરિકા જેવા ટેકનીકલી સુવિકસીત દેશમાં ય, આવી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સાત વર્ષમાં બાંધી ન શકાય ! તો પછી સ્વામી ફક્ત છ મહિનામાં હોસ્પિટલ કેવી રીતે તૈયાર કરી શકશે ? બધી શંકાઓથી ઊંધું બન્યું. દિવ્ય ઇચ્છાનુસાર બિલકુલ બીજા વર્ષે, સ્વામીના ૬૬મા જન્મદિને ૨૨મી નવેમ્બરે એક નહીં, ચાર ઓપન હાર્ટ સર્જરી કરવા સાથે હોસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું ! આવી જાતનાં કેટલાય ચમત્કારિક બનાવો સાંભળ્યા પછી પણ આપણો સ્વભાવ શંકાઓ કરે છે. વાસ્તવિક રીતે પરિસ્થિતિ એટલી બધી વણસી ગઈ છે કે સ્વયં ભગવાનને પોતે આ સ્પષ્ટ કરવાની ફરજ પડી છે કે તેમનો દાવો કોઈ અતિશયોક્તિપૂર્ણ નથી જ.

"દિવ્ય પ્રેમ સ્વરૂપો ! હું કહું છું તેને અતિશયોક્તિ ન માનશો. મારામાં લેશમાત્ર, રતિભાર સ્વાર્થ નથી."

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ - ૨૩, પ્રકરણ ૩૪મું

સાંઈકથાઓએ આપણને બતાવ્યું છે કે જે વાતો પહેલાં અકળ કે માન્યામાં પણ ન આવે તેવી હતી તે પછીથી સ્વામીની દિવ્ય ઈચ્છાથી સંકલ્પથી ઉત્કૃષ્ટ ઉદાહરણના રૂપે પ્રગટ થઈ જતી હતી. જે લોકોએ પહેલા અવિશ્વાસ કરેલો કે માનવા તૈયાર ન્હોતા પછી તે જ લોકોને તે જ વસ્તુને ફક્ત અવતાર - હેતુથી યોગ્ય માનવા લાગ્યા. તેમાનાં મોટા ભાગનાં લોકો ભૂલી ગયા કે આવી જાતની વસ્તુઓની વિશ્વસનીયતા પ્રત્યે તેમનાં મનમાં શંકા હતી ! જેમને યાદ હતું તેમને શરમ આવી અની 'અવતાર' પર શંકા લાવવા બદલ પસ્તાવો થયો અને પોતાની અજ્ઞાનતા પર પસ્તાયા.

જ્યારે સ્વામી કાંઈ કહે છે તે અવશ્ય, નિ:સંદેહ બનીને જ રહે છે. ને તેમ બનશે જ ! આપણને તેનાં પર શંકા કરવાનો કોઈ અધિકાર જ નથી. ચાલો ! આપણે તેમને પ્રાર્થના

કરીએ કે આટલી આશ્ચર્યજનક વાતોની વિશ્વસનીયતા આત્મસત કરવાની આપણને બુદ્ધિ અને વિવેક આપે. જેમને શ્રી સત્ય સાંઈ અવતારની સર્વશક્તિમાનતાની સાથે 'પ્રકટ' થવું અનિવાર્ય છે. ભલે આપણે આપણાં સામુહિક રૂપથી તેમની ભવ્ય મહિમા પર ધ્યાન આપીએ.

# <u>ભાગ - ૨</u>

## <u>નવું આગમન...</u>



## પ્રકરણ - ૫ :

## સ્વામીનાં અવશ્ય પુન:આગમનનાં સંકેતો....

સ્વામીએ જાહેર કરેલું કે તેમનાં ભૌતિક દેહના, જીવન સમયમાં જ, પૃથ્વી પર પ્રેમ અને શાંતિના એક નવા યુગનું આગમન થશે જેને તેમણે 'સુવર્ણયુગ' કહેલો છે.

"કેટલાય લોકો વિશ્વાસ કરવામાં સંકોચ અનુભવે છે કે (વિશ્વની) પરિસ્થિતિમાં સુધારો થશે ને બધાં જ લોકોનું જીવન આનંદમય થશે. અને સુવર્ણયુગ આવશે ! હું તમને ખાતરી આપું છું કે આ ધર્મસ્વરૂપ, આ દિવ્યશરીરે વ્યર્થ અવતાર નથી લીધો ! સારીય માનવતા પર જે સંકટ, મૂશ્કેલીઓ આવેલ છે તેના નિવારણમાં, તેમે મિટાવવામાં, અવશ્ય સફળ થશે જ."

- ૧૯૬૮માં 'બાબા- સાંઈબાબા ધ હોલી મેન એંડ સાયકાયટ્રીસ્ટ', પાના નં. ૯૧

(આવનાર સુવર્ણયુગની બાબત પર સ્વામીના વધુ અવતરણો માટે "શ્રી સત્ય સાંઈ સુવર્ણયુગનો ઉદય" નામનું પ્રકરણ કૃપા કરી જુઓ.)

સ્વામીએ સુવર્ણયુગ વિષે કેટલાંય દિવ્યપ્રવચનોમાં અને 'ઇન્ટરવ્યુઝ'માં વિસ્તારથી તેની વાત કરી છે. તેમણે પોતાનાં નજીકનાં ભક્તોને આવનાર સુવર્ણયુગ વિષે વિસ્મયભરી વાતો કહી છે. એક બ્રિટીશ સાંઈભક્ત લુક્સ રાલીએ સ્વામીના કેટલાક સંદેશાઓ "સાંઈ મેસેજીસ ફોર યુ એન્ડ મી" નામનાં પુસ્તકમાં સંગ્રહ કરેલા છે, જેબું ચાર ભાગોમાં પ્રકાશન કરાયેલ છે. એમાંનો એક સંદેશ કહે છે :

"સુવર્ણયુગના આગમનની ઘોષણા 'એક નવા આગમન દ્વારા, એકાએક ખૂબ જ મોટા પરિવર્તન સાથે થશે જે વર્તમાન અત્યંત અધર્મને ઉખાડીને ફેંકી દેવા પર્યાપ્ત હશે."

- 'સાંઈ મેસેજીસ ફોર યુ એન્ડ મી' ભાગ ૨ લ્યુકાસ રાલી ૧૯૮૮, પાના નં. ૭૦

અત્યાર સુધી મેં જેટલાં પુસ્તકો જોયાં છે, જે ઉપર જણાવેલ વક્તવ્યોનો ઉલ્લેખ કરે છે તે પ્રમાણે "નવા આગમન"નો અર્થ પ્રેમસાંઈ બાબાના આગમન સાથેનો છે. પરંતુ સ્વામીએ પોતાનો દેહ વહેલો છોડ્યાને કારણે ઉપરોક્ત વક્તવ્ય એક નવો અર્થ લઈ લે છે. તેમાં સ્વામી જે "નવા આગમન"ને વિષે સંકેત આપતા હતા, તે શું તેમના બરાબર સત્યસાંઈ અવતારના રૂપને માટે જ હતું ? ખાસ કરીને તેઓ સત્યસાંઈ અવતારમાં જ સુવર્ણયુગ આવવાનો છે નું સૂચન છે ! મારા વિચારથી આ યુગમાં જ્યારે અધર્મ અને અસંવાદિતા અને અરાજકતા ચારેય

બાજુ ફેલાઈ રહેલ છે ત્યારે મારા મત પ્રમાણે કોઈ ખૂબ જ વિશાળ સ્તર પરનો ચમત્કાર જ અરાજકતા ને અધર્મનો નાશ કરીને લોકોનું ધ્યાન ઈશ્વર તરફ વાળી શકે છે.

પ્રોફેસર વી.કે.ગોકાક અને જાણીતા પ્રસિદ્ધ ભારતીય કવિ, પ્રાધ્યાપક અને શ્રી સત્ય સાંઈ ઈન્સ્ટીટ્યુટ ઑફ હાયર લર્નિંગનાં પહેલા કુલપતિ હતા. તેમને સ્વામી સાથે ઘણાં ય વ્યક્તિગત ઈન્ટરવ્યુઝ મળ્યા હતા. તેમણે સ્વામી વિષે કેટલાંક, અનેક પુસ્તકો પણ લખ્યાં છે. તેમના પુસ્તક "ભગવાન શ્રી સત્ય સાંઈબાબા"માં ગોકાક કહે છે કે સત્ય સાંઈ અવતાર દરમ્યાન એક વિશિષ્ટ ખાસ સમય આવશે. જેને તેઓ "ઈશ્વરનો સમય" (પાનું ૫૪) કહે છે. શું આ વિશિષ્ટ સમય સત્ય સાંઈ રૂપનું પુનરાગમન હોઈ શકે છે ? સ્વામીએ પણ સંકેત કર્યો છે કે સુવર્ણયુગ, સૂત્રપાત એક બનાવ (કે બનાવોની હારમાળાઓ) દ્વારા થશે, જે આખા ય વિશ્વનું ધ્યાન તેમના તરફ ખેંચશે.

"જાગૃતતાનો દિવસ બહુ દૂર નથી અને જ્યારે તે સમય આવશે ત્યારે ઈશ્વરની સાચી શક્તિનું રહસ્ય બહાર પડશે. ઈશ્વરની સાર્વભૌતિકતાનું પ્રકટીકરણ !!!

આ એક મહાન યાત્રાનો સંકેત હશે ! અને જે લોકો આ યાત્રાને માનવા તૈયાર નથી એવાઓને વીણી વીણીને, આ ક્ષણનાં પડકારને સ્વીકારવા તૈયાર નથી તેવાંય માનવા લાગશે !

- 'સાંઈ મેસેજીસ ફોર યુ એન્ડ મી' ભાગ ૧ રાલી લુકાસ ૧૯૮૫

## એક ચમત્કાર થશે :

૨૪, એપ્રિલ ૨૦૧૧માં પોતાનો દેહત્યાગ કરતાં પહેલાં ભગવાને, કેન્ટન – ઓહાયો, નિવાસી, અમેરિકાનાં એક ભક્ત સીમા દિવાનને ત્રણ પ્રેરણાત્મક સંદેશાઓ આપેલા. સીમા દિવાનનું નામ ઘણાં ભક્તોમાં જાણીતું છે. (આ અનુવાદકે તેમની બુકલેટ 'સત્ય સાંઈ ચાલીસાનું ગુજરાતી ભાષાંતર છપાવેલ છે તે વાંચો.) કારણ કે તેમનાં પુસ્તકો અને વીડીઓ + તેમને સંદેશાઓ બાબા તરફથી–દ્વારા– મળેલા 'સાંઈદર્શન' ભાગ ૩માં તે સાંઈભક્તોમાં પ્રિય છે. ઑગસ્ટ ૧૯૯૦માં સ્વામીએ સીમા દિવાનને સ્વામીએ તેમનાં અંતઃકરણમાં થવાનાં વાર્તાલાપોને રેકૉર્ડ કરતા જવાનો નિર્દેશ કરેલો, જેથી એક દિવસ માનવો માટે તે બધા વાર્તાલાપો ઉપયોગી થાય. એ રીતે સીમા દિવાને તેમનું પહેલું પુસ્તક "સાંઈ દર્શન" લખવાની શરુઆત કરેલી. (જેનો ઈંગ્લીશમાંથી ગુજરાતીમાં અનુવાદ આ જ અનુવાદકે કર્યો છે. – પ્રકાશન કરાવવું બાબાની ઈચ્છા !) સપ્ટેમ્બર ૧૯૯૭ દરમ્યાન સ્વામીએ આ પુસ્તકની પ્રતને ૧૧ વખત આશિર્વાદ આપેલાઅને બે વખત તેનાં પર વિભૂતિવર્ષણ કર્યું હતું ! તેમનાં પુસ્તક "સાંઈ દર્શન" જેવો જ સંદેશ – જે સંદેશ બાબાએ પોતાનાં દેહત્યાગ કરતાં પહેલાં જ (દિવ્ય દર્શન આપીને અને

અંતઃકરણ દ્વારા થયેલ સીમા દિવાન સાથેનાં વાર્તાલાપ) આપ્યો હતો. આખા વિશ્વમાં સાંઈભક્તો માટે આશ્વાસન, સાંત્વના અને પ્રેરણાથી ભરપૂર સ્રોત છે. તેમનાં પોતાનાં શબ્દોમાં :

સીમા – (સીમા દિવાનને મળેલ સંદેશાઓનો એક અંશ saidivineinspirations.blogspot.com માંથી સાભાર લીધેલ છે.) “ સ્વામીએ મને તે સમયે ત્રણ સંદેશાઓ આપેલા. “તમારા લોકો માટે”, “બધું જ શક્ય છે.” “એક ચમત્કાર થવાનો છે.” જે તેમના સ્વાસ્થ્યની બાબતે છેલ્લો હોઈ શકે ! અને તે જ કે તેમનાં ભક્તો માટે હંમેશાં આશ્વાસનનું સાધન બનશે ! તેમણે મને એમ પણ સૂચના આપેલી કે ટેડ હેન્રી ને જોડીને (ક્લીવલેન્ડ, ઓહાયોનાં શ્રી ટેડ હેન્રી એવા સેવામાંથી નિવૃત્ત થયેલા છે. પત્રકાર છે. તેઓ સ્વામીના જૂના ભક્ત છે. તેમની પત્ની જોડી સાથે તેમણે સાંઈભક્તોનાં ઘણાંય વિડીયો ઇન્ટરવ્યુઝ તેમની વેબસાઈટ ‘souljourns.net’ પર મળી શકે છે. ને તેમાં સીમા દિવાનને મળેલ સંદેશાઓનું રૂપાંતર પણ મળે છે.) તેમના ત્રીજા સંદેશાનો વીડીયો બનાવે, તેવો નિર્દેશ કરેલો.

“એક ચમત્કાર થશે” નામનો સંદેશ સીમા દિવાનને સ્વામીએ પોતાનાં ભૌતિક દેહ ત્યાગતાં પહેલા ૨૩ એપ્રિલ ૨૦૧૧માં આપેલો. તે સંદેશામાં સ્વામી કહે છે :

“મારા પ્રિયજનો ! એક ચમત્કાર થવાનો છે.... ફક્ત હું જ તેનાં વિષે વધારે સારું જાણું છું.... જો તમે સમય વીતાવતાં રાહ જોઈ શકો અને સહનશીલ રહો; જો તમે થોડી વધુ રાહ જોઈ શકો...... જેટલું તમે વિચારો છો તેનાથી થોડી વધારે ત્યારે મારા પ્રિય ! તમે એ જોવાનાં છો (જોશો) જે હું તમારા સાક્ષી બનવાને માટે પ્રકટ કરીશ..... તમારા જીવવા માટે..... એક ચમત્કાર થવાનો છે.... તેને માટે તમે પ્રાર્થના કરી છે.”

આ સંદેશ વિષે સીમા દિવાન કહે છે કે : “એ પછી શનિવારની સવારે આ સંદેશ મારા ધ્યાનમાં આવ્યો..... એક ચમત્કાર થવાનો છે.” તેમણે મને આ સંદેશ બ્રાહ્મમુહૂર્તમાં જ આપેલો હતો, પરંતુ સવારના નવ વાગતાં પહેલાં કોઈનેય ન જણાવવાનું સૂચન, તાકીદ કરી હતી. રોકી દીધી હતી. ખરી રીતે મેં તે સમયે એમ વિચાર્યું હતું કે તેઓ ફરીથી શરીરમાં પ્રવેશશે ! સ્વામી તેમની વાતોનું કેટલીકવાર સ્પષ્ટ વર્ણન કરતા નથી. પરંતુ એ ચોક્કસ કરી દે છે કે તેમનું કાર્ય પૂરું થશે જ ! (અનુવાદકની ટીકા : તેમના દ્વારા વાતને સ્પષ્ટ નહીં કરવાથી આપણને તેમની તે યોજના સાચી પડશે તેની પૂર્વ જાણકારી નથી મળતી. પરંતુ આવી રીતે આપણને અસ્પષ્ટ જાણકારી આપીને જ તેઓ વાતનો આભાસ કરાવી શકે છે, કે વિશ્વનાં બધાં જ કાર્યો તેમની યોજના પ્રમાણે જ થાય છે. અને તે રીતે તેઓ તેમની દિવ્યતાનો પરિચય કરાવી દે છે.)

જેવું સીમા દિવાન જણાવે છે કે તે સમયે તેમણે વિચાર્યું હતું કે સ્વામી પોતે જ પોતાને સ્વસ્થ સાજા કરી દેશે અને પાછા આવશે ! જેમણે પણ એ સમયે આ સંદેશો વાંચ્યો

તેમણે પણ વિચાર્યું હતું કે સ્વામીએ કહેલું કે 'એક ચમત્કાર થવાનો છે.' તો પણ બીજા દિવસે તેમણે ભૌતિક શરીર છોડી દીધું ! તો પછી સ્વામી કયો ચમત્કાર થવાનો હતો તેનાં વિષે તેઓ કહેતા હતા ?

પોતાનો દેહ છોડ્યાનાં બીજે દિવસે સ્વામીએ ૨૫ એપ્રિલ ૨૦૧૧માં સીમાને એક વધુ સંદેશો આપ્યો, "હું ક્યાંય, કશેય ગયો નથી !" શુદ્ધ મન અને પ્રેમપૂર્ણ સમર્પિત હૃદયથી મને અવારનવાર (સમયે) મને પોકારી શકો છો. ફક્ત તે 'પોકાર' જ (પ્રાર્થના) તેની પવિત્ર શક્તિ વડે મને ફરીથી એક વખત સંસારને દર્શન આપવાને માટે પ્રકટ કરી શકે છે. અને હું એકવાર ફરીથી મારા ભર્યા હાથો સાથે આવીશ. તમારે મારા શબ્દો પર ભરોસો કરવો પડશે કારણ કે હું જે કાંઈ કરું છું, કહું છું તે કદીપણ નક્કામું જતું નથી. હું જે કાંઈ જહું છું તે સત્ય જ બની જાય છે. મને હંમેશા યાદ કરો, મારું હંમેશ સ્મરણ કરો, ધ્યાન રાખો કે હું તમારી સામે જ છું. તમારી જાતને લાગણીઓથી, ભાવનાઓથી મુક્ત કરી લો અને મારા આવવાની રાહ જુઓ."

આ સંદેશાઓમાં સ્વામી કહે છે કે તેઓ આ વિશ્વમાં ફરીથી દૃશ્યમાન પ્રકટ થશે. તેને પ્રેમસાંઈના આગમનરૂપે સમજી શકાય ! પરંતુ તેઓ પાછા આવવાનાં વર્ણન કરવા માટે "સંસારમાં ફરીથી દૃશ્યમાન થવાની" અભિવ્યક્તિનો ઉપયોગ શા માટે કરે છે ? ( આ વિષે એક બીજું પ્રકરણ "આકાશમાં એક દિવ્ય દર્શન ?"માં વિગતે ચર્ચા કરીશું.) જો આપણે આ સંદેશને પહેલાનાં સંદેશ સાથે જોડીએ ને જોઈએ તો આપણને એવા 'એક ઝઝૂમતા ચમત્કારનો (આવવાવાળા ચમત્કારનો) સંકેત મળે છે. જે ચમત્કાર વિષે આપણે વાત કરતા હતા તે પ્રેમ સાંઈબાબાના આગમનનો ન હોઈ શકે કારણ કે તેમનો તો અવતાર થવાનો જ છે અને પ્રેમસાંઈની રાહ તો જોવાય જ છે. આ કારણ છે કે "તમારે મારા શબ્દો પર વિશ્વાસ કરવો જોઈએ કારણ કે મારું કહેલું કદી વ્યર્થ જતું નથી."

"હું જે કાંઈ કહું છું તે સત્ય બની જાય છે." જેવાં કથનોને પ્રેમ સાંઈબાબાના આગમન સાથે જ જોડી શકાય. આ શ્રી.સત્ય સાંઈ અવતાર સ્વરૂપ માટે જ હતાં જે આપણને છોડીને સમય પહેલાં જ "છોડી ગયા !" એટલે યોગ્ય સમયે મળેલું આ આશ્વાસન, તેમનાં જ શ્રી સત્ય સાંઈ અવતાર સ્વરૂપનું જ 'પુનરાગમન' – પાછા આવવા સાથે સંબંધ ધરાવે છે.

"હું જે કાંઈ કહું છું તે સત્ય બની જાય છે." જેવા કથનોને પ્રેમ સાંઈબાબાના આગમન સાથે ન જોડી શકાય. આ શ્રી. સત્ય સાંઈ અવતાર સ્વરૂપ માટે જ હતાં જે આપણને છોડીને સમય પહેલાં જ "છોડી ગયા !" એટલે યોગ્ય સમયે મળેલું આ આશ્વાસન, તેમનાં જ શ્રી સત્ય સાંઈ અવતાર સ્વરૂપનું જ 'પુનરાગમન' – પાછા આવવા સાથે સંબંધ ધરાવે છે. તો પણ સ્વામી કહે છે કે, "જેટલું તમે વિચારો છો, તેનાંથી થોડા વધારે રોકાવ ! (હોલ્ડ ઓન !), એટલે

તેમની તરત જ ‘પાછા’ ફરવાની શક્યતાને નકારી શકાય છે. અને બીજા સંકેતોની પુષ્ટિ કરે છે કે જે તેમનાં ‘અવશ્ય પાછા ફરવાની’ વાત આ પુસ્તકમાં રજૂ કરેલ છે.

**ભક્તોનાં સ્વપ્નો** :

સ્વામી વિષેનાં સ્વપ્નો પણ સ્વામીની ઈચ્છાથી જ આવે છે. આ સ્વપ્નો વાસ્તવિક, સાચા હોય છે. અને ભક્તોને એક સ્પષ્ટ સંકેત આપે છે.

(......) “સ્વામીનું સ્વપ્નમાં આવવું ખૂબ જ શુભદાયક હોય છે. (......) જે કાંઈ તમારી અંદર છે, સ્વપ્નો તેનું પ્રતિબિંબ, પ્રતિક્રિયા અને પ્રતિધ્વનિ છે ! પરંતુ જે સ્વપ્નમાં સ્વામી આવે છે તેવા સ્વપ્ન પર આ નિયમ નથી લાગુ પડતો. સ્વામી સ્વપ્નમાં ત્યારે આવે છે જ્યારે તેઓ ઈચ્છે છે ! તમે જ્યારે ઈચ્છો ત્યારે નહીં !”

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ - ૩૧, પ્રકરણ ૪૪

“જે સ્વપ્નો મારી ઈચ્છાથી આવે છે તે અત્યંત સ્પષ્ટ હોય છે અને તેમાં કોઈ ભ્રમ કે શંકા કુશંકા નથી હોતાં. હું તમારા સુધી આવું છું તે તમને સીધે સીધું જણાવું છું કે હું શું ઈચ્છું છું.

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ - ૩૧, પ્રકરણ ૪૪

સ્વામીના ભૌતિક દેહત્યાગ પછી, કેટલાક મહિનાઓ બાદ, શ્રી સત્ય સાંઈ ઉચ્ચ શિક્ષણ સંસ્થાના મુદ્દનહલ્લી કેમ્પસના અત્યારના વૉર્ડન શ્રી. બી.એન.નરસિંહમૂર્તિને (‘શ્રી સત્ય સાંઈબાબાનું સાચું જીવનચરિત્ર’ - સત્યમ્ શિવમ્ સુંદરમ્ – ભાગ ૫ અને ૬નાં લેખક) એક સ્વપ્ન આવ્યું. જેમાં સ્વામીએ તેમને મુદ્દનહલ્લી કેમ્પ્સ માટે એક વિગતે નિર્દેશ કર્યો.

સ્વામીએ સ્વપ્નમાં કહ્યું : હિલટોપ બિલ્ડિંગને આ ગુરુપૂર્ણિમાએ (૧૫ જુલાઈ ૨૦૧૧) મારા આગમન પહેલાં મારા રહેવા માટે તૈયાર કરાવો. ગુરુપૂર્ણિમાએ હું ત્યાં પ્રવેશ કરીશ અને સ્થાયી – કાયમી ત્યાં રહીશ. હું ત્યાંથી જુદા જુદા સ્થળોએ જઈશ ને પાછો આવીશ. પરંતુ હું હંમેશાં અહીં રહીશ.” સ્વામીએ ઉલ્લેખ કર્યો છે કે તેઓ પ્રકટ થશે, દેખા દેશે.

સ્વામીએ પાછું કહ્યું : “નેનુ અક્કાડીવસ્તાનુ અક્કડ કન બદુતાનુ” ( હું ત્યાં આવીશ અને ત્યાં મને જોઈ પણ શકાશે. )

તેમનાં સ્વપ્નમાં સ્વામીના ઉપરોક્ત વક્તવ્ય પર શ્રી નરસિંહામૂર્તિ વધુ પ્રકાશ પાડે છે ને વર્ણન કરે છે :

“તેઓ કોને દર્શન દેશે અને કોને નહીં તે તેમની મધુર ઈચ્છા પર નિર્ભર કરે છે. એક સમય હતો જ્યારે તેઓ પાત્ર-કુપાત્ર બધાંને ‘જથ્થાબંધ’ દર્શન આપતા હતા. આ તક ૨૪મી એપ્રિલ ૨૦૧૧થી ખતમ થઈ ગઈ. આપણામાંના જે લોકો કૃપાપાત્ર હશે તેમને જ દર્શન

મળશે. તેમની ઈચ્છા થતાં તેમને સાક્ષાત ભૌતિક સ્વરૂપમાં પણ જોઈ શકાશે. કારણ કે હું પાછલા લગભગ ૪૬ વર્ષોથી તેમની સાથે જોડાયેલો છું. તેમનો કોઈપણ શબ્દ, ક્યારેય અસત્ય (ખોટો) થયો નથી. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આપણે એક ને એક દિવસ તેમનાં દર્શન અવશ્ય કરીશું.

શ્રી સત્ય સાંઈ યુનિવર્સિટીના પહેલાના વાઈસચાન્સેલર - ઉપકુલપતિ ડૉ.શ્રી કે. હનુમન્થપ્પાએ તેમના પુસ્તક "શ્રી સત્ય સાંઈબાબા એક યુગાવતાર"માં તેમના એ સ્વપ્નનું વિગતે વર્ણન કર્યું છે કે જેમાં સ્વામીએ પુટ્ટપર્તીનું ભવિષ્ય કહ્યું છે : "ફ્યુચર વિઝન ઑફ પુટપર્તી" નામનાં પ્રકરણમાં ડૉ. હનુમન્થપ્પા સમજાવે છે (પાના નં.૧૬૫ - ૧૬૬) : એક દિવસ મારા સ્વપ્નમાં સ્વામી સમજાવવા લાગ્યા કે ભવિષ્યમાં પુટ્ટપર્તી કેવું હશે ! તેઓ મને એક ઉંચા સ્થાને લઈ ગયા અને ત્યાંથી તેમેણે મને એક એક કરીને અત્યંત મહત્ત્વ પૂર્ણ વિકાસ કર્યો બતાવવાં શરૂ કર્યાં. સ્વામી પોતાના વર્તમાન નિવાસસ્થાનથી ચિત્રાવતી નદીના સામેવાળા પહાડ પર એક ભવ્ય ભવનમાં સ્થાનાંતર થઈ જાય અને એ બધી મહત્ત્વ ની ચીજોમાંનું એક હતું કે જેને મેં જોયું હતું. એ પહાડી પરની ચારે તરફ એક ઉંચી દિવાલ બની રહી છે (......) અને આખું કમ્પાઉન્ડ સશસ્ત્ર સેનાઓ દ્વારા સુરક્ષિત છે.

## સ્વપ્નમાંના કેટલા મુદ્દાઓ :-

- જુદા જુદા દેશના લોકોએ પુટ્ટપર્તીની ચારેય બાજુએ કૉલોનીઓ બનાવી લીધી છે. સ્વામી એ પહાડી પરથી નીચે આવશે અને પોતાને કેટલાય સ્વરૂપોમાં વિભક્ત કરી લેશે અને એ કૉલોનીઓમાં એકી સાથે બધાં સ્વરૂપોએ(મા) દર્શન આપવા જશે.
- સ્વામી પોતાને સેંકડો બાબાઓમાં પરિવર્તિત કરશે અને પ્રત્યેક દેશનાં દરેક સાંઈ સેંટરમાં દર્શન આપશે.
- અત્યન્ત આધુનિક સગવડો સાથે પુટ્ટપર્તી એક જીવંત અને સમૃધ્ધ નગરમાં વિકસી રહ્યું છે, એટલું વિશાળ કે જાણે ન્યૂયૉર્ક શહેર !
- ફક્ત થોડા ચૂંટેલા ભક્તો જ સ્વામીને મળી શકશે.
- ભવિષ્યમાં સ્વામીની એક ઝાંખી કરવી પણ મુશ્કેલ બનશે.

ડૉ. કે. હનુમન્થપ્પા એક અદ્વિતીય, વિરલ વિદ્વાન હતા. તેમને સ્વામીના અદ્ભૂત અનુભવો થયા હતા. જણાવેલા પુસ્તકમાં તેમણે વર્ણન કર્યું છે કે કેવી રીતે સ્વપ્નોના માધ્યમ દ્વારા સ્વામીએ તેમનાં જીવનનાં અનેક ક્ષેત્રોમાં માર્ગદર્શન આપ્યું હતું. ખરી રીતે તો હકીકતમાં સ્વામીએ પોતે પણ હનુમન્થપ્પાનાં સ્વપ્નોને 'પ્રામાણિક' કહ્યાં છે. (પાનું – ૮) રસમય હકીકત એ છે કે ૭ માર્ચ ૨૦૦૮નાં મહા શિવરાત્રી પર સ્વામીએ પોતે જ આ પુસ્તકનું અનાવરણ કરેલું એટલે સ્વામીના પુનરાગમન ભવિષ્યમાં ઉપરોક્ત દૃશ્ય સાકાર થતું દેખાય છે. સ્વામીના

ભૌતિકરૂપના જતાં પહેલાં, સ્વામીના ભક્તો ભવિષ્યમાં આવી જાતનાં પરિવર્તન થવાની કલ્પના સહજતાથી કરી શકતાં હતાં. પરંતુ હવે આવા સ્વપ્નોને ફક્ત કાલ્પનિક માનવું યોગ્ય ગણાશે ? પરંતુ સ્વામીના સ્વપ્નો ભક્તોની કલ્પના માત્રથી જ ઉત્પન્ન નથી થતાં કારણ કે સ્વામી કહે છે :

"જ્યારે હું કોઈ વ્યક્તિના સ્વપ્નમાં આવું છું ત્યારે તે વ્યક્તિને કાંઈક વિશેષ સૂચન કરવા માટે આવું છું. આ એક ફક્ત સ્વપ્ન નથી કે જે સામાન્ય રીતે સમજાય છે. એવું ન વિચારો કે આ બનાવો જે તમે પોતાનાં સ્વપ્નમાં અનુભવો છો. તે તમારી કલ્પનાની ઉડાન છે !"

- સત્યમ્ શિવમ્ સુંદરમ્ – ભાગ ૪ પાના નં ૧૦૦

સ્વામીની કૃપાથી મને એવા કેટલાય સાંઈભક્તોનાં અનુભવો સાંભળવાનું સદભાગ્ય મળ્યું છે. જેમને મારી જેમ જ સ્વામીનાં 'પાછા' આવવામાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે. તેમાનાં કેટલાકને એવો વિશ્વાસ છે કે સ્વામી પહેલાની જેમ નહીં રહે ! તે બધાં માને છે કે ખૂબ જ મોટા પર ચમત્કાર કરશે અને તેમની 'હાજરી' ઉપસ્થિતિ કે "દિવ્ય દર્શન" મોટી સંખ્યામાં લોકોને વિશ્વનાં અનેક સ્થળોએ આપશે. થોડા ભક્તોને તો સ્વામીના પુનઃ પ્રકટ થયાનાં ય સ્વપ્નો આવ્યાં છે !

સ્વામીના 'પાછા' આવવા વિષે મને જે જાણકારી છે તે બધામાંથી ખૂબ જ જાણકારી આપતું સ્વપ્ન છે. શ્રી હાયેરો બોરહાસનું છે. હાયરો એ વેનેઝૂએલાનાં છે. અને ૧૯૮૮ની સાલથી સાંઈભક્ત છે. સાંઈશરણમાં આવેલા છે. તેઓ ઓરલાન્ડો, કોલંબિયા અને મેક્સિકો અને વેનેઝુએલાના સાંઈ સેન્ટરોમાં જુદા જુદા હોદ્દાઓ પર રહીને સક્રિય સભ્ય રહ્યા છે. તેઓ અનેક વખત પ્રશાંતિનિલયમની યાત્રા કરી ચૂક્યા છે. ૧૯૯૭ – ૧૯૯૮માં એક ઈન્ટરવ્યુ દરમ્યાન સ્વામીના આદેશથી તેઓ એક વર્ષ સુધી આશ્રમમાં રહી ચૂક્યા છે. હાલમાં તેઓ બોગોટા કોલંબિયા રહે છે.

૨૯મી એપ્રિલ ૨૦૧૧માં તેમને એક સુંદર સ્વપ્ન આવ્યું હતું જેમાં સ્વામીએ ઈન્ટરવ્યુ આપી તેમાં આદેશ આપ્યો હતો કે તેમના જેવા જ સાંઈ ભક્તોને જાણ કરે કે માનવ ઇતિહાસમાં સૌથી અલૌકિક સમય જલ્દી જ આવવાનો છે. તેમના મૂળ સ્પેનીશ (શ્રી હાયેરો બોરહાસની અનુમતિથી અહીં પ્રકાશિત કરેલ છે. તેમના મૂળ સ્પેનીશ વિવરણનો અનુવાદ શ્રી હાયેરો અને લેખક, બંનેની મિત્ર આના ડિયાઝ વિઆનાની મદદથી તૈયાર કરેલ છે.) વિવરણનાં અનુવાદનો સારાંશ આ જાતનો છે :

ગઈ રાત્રે, ઘરે પહોંચતા પહેલા શું થવાનું છે તેને માટે તૈયાર રહેવા સ્વામીના અવાજનો આભાસ થવા લાગ્યો ! તે અવાજ મને પૂછ્યા કરતો હતો કે શું તમે તૈયાર છો ? પછી આ અવાજ વધુ ને વધુ તીવ્ર થતો જતો હતો જેથી શરૂમાં હું ખૂબ ગભરાઈ ગયો. હું ઘરે પહોંચવા ન્હોતો માંગતો કારણ કે હું જાણતો ન્હોતો કે પ્રશ્નનો જવાબ હું શું ને કઈ રીતે આપું ! હું

સ્વામીને કહી રહ્યો હતો કે તેમના પુત્ર તરીકે હું તેમની સંપૂર્ણ સુરક્ષા ને પ્રેમને પાત્ર છું. હું એમને માટે હંમેશ તૈયાર છું. અને મારા પ્યારા પિતા અને ઈશ્વરના રૂપમાં તેમનો મારા પર વિશ્વાસ હંમેશાં મારી રક્ષા કરતો રહેશે. આમ કહેતાં કહેતાં મેં ગાયત્રીમંત્રનો જાપ શરૂ કરી દીધો, પરંતુ અવાજ પણ વધુ ને વધુ તીવ્ર બનતો જતો હતો. ત્યારે હું સમજી ગયો કે તે અવાજ મને કોઈ મહાન અને વિશિષ્ટ વાત માટે તૈયાર કરી રહ્યો છે.

ઘરે પહોંચ્યા પછી, સૂતા પહેલાં જે સામાન્ય રીતે હું કામ કરતો હતો એવી જ રીતે મેં કામ કરવું શરૂ કરી દીધું. ખૂબ જ થાક લાગ્યો હોવાથી હું વધુ કામ ન કરી શક્યો અને ગાયત્રીમંત્ર જપતાં જપતાં સૂઈ ગયો. અત્યંત સ્પષ્ટ સ્વપ્નમાં સ્વામી મારી પાસે આવ્યા. સ્વપ્નમાં હું મારા સત્ય સાંઈ બાલ વિકાસના બાળકો સાથે હતો. તેમાનો એક નારદ નામનો બાળક સ્વામીના કહેવા પ્રમાણે તે મહાન ઋષિ નારદનો વંશજ હતો. ત્યારે સ્વામી અમારી પાસે અભય મુદ્રામાં આવ્યા. તેઓ ખૂબ જ સુંદર અને યુવાન દેખાતા હતા. તેમણે અમને પાદનમસ્કાર આપ્યા. તે અત્યંત આશ્ચર્યજનક એટલો ઊંડો અને ગહન અનુભવ હતો કે મને લાગ્યું કે સ્વામી સાચ્ચે જ ત્યાં હતા ! એટલું બધું સાચું હતું કે મને લાગ્યું કે મેં તેમના ભૌતિક શરીરનો સ્પર્શ કરેલો. સ્વામીએ મને કહ્યું કે સાચ્ચે જ તેઓ જીવિત છે અને તેમણે તેમનું ભૌતિક શરીર છોડ્યું નથી. જેવો તેમણે મને ગળે લગાવ્યો કે મારી આંખમાંથી આંસુ વહેવા માંડ્યાં.

પછી સ્વામીએ મારો હાથ પકડ્યો ને મને ઈન્ટરવ્યુ રૂમમાં લઈ ગયા. જેવા અમે રૂમમાં ગયા કે સ્વામીએ મને પૂછ્યું "શું તમે તૈયાર છો ?" અને કહેવા માંડ્યા : "હવે સમય આવી ગયો છે અને મને તારી જરુર છે. હું જે કહું છું તે કરવા તૈયાર થઈ જાવ." હું એટલો આનંદિત હતો કે પહેલા ક્યારેય આવો અનુભવ ન્હોતો કર્યો ! અત્યંત અવર્ણનીય અનુભવ ! મેં સ્વામીને કહ્યું : "મારું શરીર ને મન તમારું છે. તે બંને તમને સમર્પું છું." મારા હાથ ફેલાવતાં મેં તેમને કહ્યું કે આ હાથ તમારા છે અને મારું શરીર પણ તમારું છે. તેઓ જેમ ઈચ્છે તેમ તેનો ઉપયોગ કરી શકે છે. મેં તેમને પ્રાર્થના કરી કે તેઓ હંમેશાં મને તે (રીયાલિટી) ચૈતન્યાવસ્થામાં રાખે, જ્યાં મારા સ્વામી અને મારામાં બિલકુલ ભેદ નથી રહેતો. સંતોષ અને આનંદની એ અવસ્થાની સાથે એ સત્ય પ્રત્યે સ્થાયી રૂપથી ચૈતન્યમાં આવ્યા વિના હું નિદ્રાવસ્થામાં પાછો જવા ન્હોતો માંગતો. તેમણે મને કહ્યું : "ઓ મારા પ્રિય દીકરા ! મારે તું (મારા કાર્યો માટે) જોઈએ છે." તેથી મેં હા પાડી અને સ્પષ્ટતા કરવા પૂછ્યું કે તેમની શું ઈચ્છા છે ? તેના જવાબમાં તેમણે તેમના મધુર હાસ્યથી મને દિવ્ય પ્રકાશથી મારા સારાય અસ્તિત્વને ભરી દીધું.

તે પછી તેઓ મને મારી બહેન કૉરાનાં દેવસ્થાનમાં લઈ ગયા... ત્યાં એક રગ (સાદડી) છે જેના પર બેસી કૉરા ધ્યાન ધરે છે.... અંદર ગયા પછી પોતે ભગવાન રામના સ્વરૂપમાં બદલાઈ ગયા. તેમણે કહ્યું મને કે આ સ્થાન ઈશ્વરનાં નામ અને પ્રેમથી ભરપૂર છે.

સ્વામીએ મને કહ્યું કૉરા એક મહાન ભક્ત હતી તે હંમેશાં તેમનાં જ જાપ કરતી રહેતી હતી ને ધ્યાનમાં મગ્ન બની રહેતી હતી. દેવસ્થાનની ચારેય બાજુ ફરતાં સ્વામી આનંદમાં તાંડવ જેવું નૃત્ય કરવા લાગ્યા. તેમની આંખોમાંથી આનંદનાં આંસુ વહી રહ્યા હતા. અને તેજ પ્રકાશમાં ચમકતાં પરમ આનંદ છલકાવી રહ્યા હતા. મને કહી રહ્યા હતા કે “ભગવાન રામનું નામ અહીં સર્વત્ર જ વ્યાપેલું છે, કૉરો એક મહાન ભક્ત છે અને તેને ખૂબ જ પ્રેમ – સ્નેહ મળે છે.” આનંદની આ અવસ્થામાં નૃત્ય પૂરૂં થયા પછી ફરીથી ‘બાબા’માં બદલાઈ ગયા અને મને કહ્યું કે “હું ઈશ્વર છું. સાથે સાથે બધાં જ નામો ને સ્વરૂપો પણ હું જ છું !”

અમે પાછા ઈન્ટરવ્યુ રૂમમાં આવી ગયા. બાબાએ સમજાવ્યું કે પવિત્ર હૃદયવાળા ભક્ત જ્યારે ભગવાનનું નામ લે છે તો દિવ્યત્ત્વ પ્રકટ થઈ જાય છે, અને કૉરો ભગવાનમાં જ લીન રહેતી ભક્ત હતી, તેમનું નામ જ જપતી રહેતી.

આવી જાતનું સમર્પણ મને પ્રિય છે, આંખોમાં આંસુઓ સાથે તેમણે કહ્યું કે આવું જ બધા ભક્તોએ કરવું જોઈએ. આવી જાતની ભક્તિ મને સ્પર્શે છે ! પછી પોતાની વાત પર ભાર દેતાં તેમણે મને કહ્યું, આપણે સૌ માનવી ઈતિહાસના અસાધારણ બનાવનાં સાક્ષી બનીશું ! આવું જલ્દી બનવાનું છે. અને સ્વામીની શક્તિ અને કીર્તિ એવી રીતે પ્રકટ થશે કે આપણે ક્યારેય જોઈ નહીં કે કલ્પી ય હોય ! આ સમય નજીક આવી રહ્યો છે...

સ્વામીએ મને કહ્યું : “મારા ભક્તોએ સ્વપ્નમાંથી જાગવું જોઈએ. ‘હું શરીર કે ઈશ્વરનું એક કે બીજું સ્વરૂપ નથી, પણ બધાં જ નામો અને બધાં જ સ્વરૂપો છું.’ એવા અનંત અને અપરીમિત ઈશ્વરને કોઈ એક નામ કે એક સ્વરૂપમાં – આકારમાં કેવી રીતે સીમિતકરી શકાય કે બાંધી શકાય ! એવું કેવી રીતે કહી શકાય કે હું આનંદની કોઈ અવસ્થા મેળવી લઉં છું ! કે હું સમાધિ કે મહાસમાધિમાં છું ! પણ હું ઈશ્વર છું તેથી હંમેશાં પરમાનંદ (બ્લીસ)માં જ રહું છું. અને વાસ્તવમાં હુ પોતે જ પરમાનંદ છું. હું તો એ જ છું કે તમે હંમેશાં શોધી રહ્યાં છો. બધી જ ખુશીઓ, આનંદો અને પરમાનંદનું મૂળ પણ હું જ છું.”

“હે ભક્તો જાગો ! જાગો! જાગો !..... જે સમયની મહાન ઋષિઓ અને સાધકો રાહ જોઈ રહ્યા છે.... તે જલ્દી આવે છે ! હું કોણ છું ? મારા સર્વજ્ઞ હોવાની સાચી વાસ્તવિકતા તે મહાનતા, ભવ્યતા અને મહિમા જાણો, ઓળખો અને પોતાની જાતને તે અસાધારણ ક્ષણને માટે તૈયાર કરી લ્યો, જે આવવાની છે...... જ્યારે હું એવી રીતે પાછો આવીશ તે તમે કલ્પી પણ શકશો નહીં ! મારા પર શ્રદ્ધા રાખો. સંપૂર્ણ શ્રદ્ધા રાખો અને સંપૂર્ણ વિશ્વાસ રાખો ! જલ્દી જ મારી મહિમા અને મહાનતાને બધાં ઓળખી જશે.”

“હવે તમે સંસારમાં ફરી ફરીને મારો સંદેશ ફેલાવો ! બધાને તૈયાર થવા કહો. આ એક ખૂબ જ મહત્ત્વનો સમય અને મહાન અવસર છે. માનવીય ઇતિહાસમાં કાંઈક ખૂબ જ

મહત્ત્વપૂર્ણ બનવાનું છે." સ્વામીએ પોતાની વાત પૂરી કરી અને મને આવજો કહ્યું; મેં તેમને આંખમાં આંસુ સાથે તેમની વાત સાંભળીને ખૂબ કહ્યું કે ન જાઓ ને મને આ માયા- સંસારમાં પાછો ન છોડો, તેવી પ્રાર્થના કરી. મેં તેમને કરી કે મારું મન શાશ્વતમાં જ રહે અને મારી બધી સાધારણ જરૂરિયાતો પર ધ્યાન રાખે કારણ કે મારા હાથોનો તેમની સેવા માટે જ ઉપયોગ કરાશે. હે સ્વામી ! મને હંમેશાં આ પ્રસન્નતા અને પરમાનંદમાં રહેવા દો ! સ્વામી તમે જ કર્તા છો ! ધીરેથી હાથ હલાવી, તેમને મેં આવજો કહ્યું. હું પ્રેમ, પ્રસન્નતા અને આનંદના આંસુઓમાં ભીંજાઈ રહ્યો હતો. હે મારા પ્રિય ભગવાન ! હું તેમને કેટલો પ્રેમ કરું છું !

શ્રી હાયરો બોરહાસનું સ્વપ્ન એક સુંદર બનાવનાં આગમનનો સંકેત કરે છે. કેટલાક સાંઈભક્તોએ તેમનાં સ્વપ્નોની વિગતોને મારી સાથે સહભાગી (Share) બનાવી છે. જે સ્વપ્નોમાં સ્વામીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે 'તેઓનું' ભૌતિક રૂપે પુનઃ આગમન થવાના સંકેત આપેલ છે. તો પણ સ્વામીના આ સ્વપ્નો વ્યક્તિગત રીતે ભક્તોને એક એક પ્રકારનાં છે તેથી વિગતોનું પ્રકાશન નથી કર્યું. ટૂંકમાં આ બધાં, આ વિષેનાં સ્વપ્નો ભક્તોને આવેલાં છે. તે સ્વામી ભૌતિક રૂપે પાછા અવવા વિષેનો જ સંકેત આપેલ છે. કેટલાક ભક્તોએ આશ્ચર્યપૂર્ણ રીતે એક જેવાં જ સ્વપ્નો જોયાં. તે સ્વપ્નોમાં દુનિયાનાં અનેક ભાગોના લોકો દાવો કરે છે કે તેમને સ્વામી એક જ સમયે અનેક જગ્યાઓએ પ્રકટ થઈ દિવ્યદર્શન આપેલા છે. હું ધાર્મિકગ્રંથોમાં ઉલ્લેખાયેલ આવા પ્રકારની રોમાંચકારી ભવિષ્યવાણીઓનાં સંપર્કમાં આવ્યો છું એનું વિવરણ આગળના પ્રકરણમાં કર્યું છે.

સ્વામી પાસે આપણા સૌ માટે શું છે તે તો ફક્ત સમય જ બતાવી શકશે. પરંતુ જુદાજુદા ભક્તોનાં સ્વપ્નો ને અનુભવોનાં આધારે ચોક્કસપણે ખાતરી થાય છે કે આપણે કશું ખૂબ જ અદ્ભૂત જોવાનાં છીએ.

## <u>પ્રકરણ – ૬</u>

## <u>અદ્‌ભૂત નાડીગ્રંથો :</u>

નાડીગ્રંથો ભારતીય ઋષિઓ દ્વારા હજારો વર્ષ પૂર્વે તાડપત્ર પર લખાયેલા ધાર્મિક ગ્રંથો છે. તેમનાં મોટાભાગના પ્રાચીન તામિલ ભાષામાં કાવ્યાત્મક છંદોમાં લખાયેલા છે. માનવતાના કલ્યાણ અને ધર્મની રક્ષાને માટે આ મહાન ઋષિઓએ તે બધા ગ્રંથો લખ્યા છે. આ ઋષિઓએ અસંખ્ય લોકોની વ્યક્તિગત વિશેષતાઓ, કૌટુંબિક ઇતિહાસ, આધ્યાત્મિક જીવનની સાથોસાથ તેમની આજીવિકાની ભવિષ્યવાણીઓ પણ કરેલી છે. તામિલમાં 'નાડી'નો અર્થ છે. 'શોધમાં'. આ નાડીઓમાં પ્રત્યેક વ્યક્તિને માટે જે ભવિષ્યવાણીઓ લખી છે તેની બાબતો વાંચી શકાશે. એવું એટલે છે કે આ ગ્રંથોમાં તે બધાં વિશિષ્ટ લોકોની આવા મહાન સંતો દ્વારા અપાયેલી એવી અદ્વિતીય ભવિષ્યવાણીઓ છે કે તે તેમનાં કોઈ ખાસ સમયમાં તેને શોધતાં શોધતાં તેમના સુધી પહોંચી શકશે. આ ભવિષ્યવાણીઓ કરવાવાળા ઋષિઓની એવી તો અતિંદ્રીય દૃષ્ટિ તેમને પ્રાપ્ત થયેલી કે તેમણે માનવતાનું આખું ય ભાવિ બરાબર ચોકસાઈપૂર્વક ભાખેલું. ભારતના કેટલાક ભાગોનાં કેટલાક વિદ્વાનોની પાસે (સુરક્ષિત) અનેક નાડીગ્રંથો (તાડપત્રો) છે. એમાંનાં કેટલાંક તાડપત્ર ગ્રંથોને લગભગ હજારો વર્ષ પૂર્વે ચૌલ સામ્રાજ્ય સમયમાં (માનકી કૃત) વ્યવસ્થિત અને વર્ગીકરણ કર્યું હતું. કેટલાક નાડીગ્રંથો તેના રચયિતા ઋષિઓનાં નામો સહિત, નામ પર આધારિત મેળવાય છે. જેમ કે અગસ્ત્યનાડી, શુકનાડી, બ્રહ્માનાડી, કૌશિકનાડી, ભૃગુનાડી વગેરે. ફક્ત થોડા જ એવા નાડીગ્રંથ વાંચનાર છે. જેઓ નાડીગ્રંથોમાં લખેલી કાવ્યાત્મક ભાષાને સાચી રીતે લખેલી વાંચી શકે છે.

## <u>સત્યસાંઈ અવતાર વિષે નાડીઓમાં આગાહી :</u>

ફેબ્રુઆરી ૧૯૬૧ના સનાતન સારથિમાં, ભગવાન શ્રી સત્ય સાંઈબાબાની ૫૦૦ વર્ષ જૂની 'જન્મકુંડળી' શિર્ષકથી એક લેખ પ્રકાશિત થયો હતો. તેમાં ઈન્ડીયન એસ્ટ્રો ઑકલ્ટ રિસર્ચ એસોસિએશન, નવી દિલ્હીનાં એક જાણીતા અને વિદ્વાન સભ્ય ડૉ. ઈ.વી.શાસ્ત્રી વિષે એક વિગતવાર વર્ણન છે. જેમણે ભગવાન શ્રી સત્ય સાંઈબાબા અને તેમના જીવન વિષે અદ્.ભૂત વર્ણન અને ભવિષ્યવાણીઓ વાળા કેટલાય સો વર્ષ પુરાણાં નાડીગ્રંથ – તાડપત્ર – મળ્યું હતું. પોતાના પુસ્તક "લીવીંગ ડીવીનીટી"માં શકુંતલા બાલુએ બેંગલુરુના જાણીતા જ્યોતિષ – વિદ્વાન

શ્રી. ગંજૂર નારાયણ શાસ્ત્રીએ સ્વામીત્વ વાળી શુક્રનાડીનાં તાડપત્રનાં પાઠનુ& વિવરણ આપેલ છે. આ નાડી ભગવાન શ્રી સત્ય સાંઈબાબાની વંશાવળી અને તેમને વિષેની કેટલીય હકીકતોનું ચોક્કસ રીતે વર્ણન કરેલ છે. અનેક સાંઈભક્તોએ શ્રી સત્ય સાંઈ અવતારની ભવ્યતા અને તેમનાં દ્વારા થનાર ચમત્કારો અને અસાધારણ થનાર કાર્યોનું રહસ્ય બતાવનાર નાડી પાઠોનાં વિષે લખ્યું છે અને તેની પુષ્ટિ કરેલી છે. (નાડી ભાવિ આગાહી માટેનાં રેફરન્સીસ : અ. "લીવીંગ ડીવીનીટી" – શકુંતલા બાલુનું. બ. 'શ્રી સત્ય સાંઈ અવતાર' બાય – વિ. અરવિંદ સુબ્રમ્ણયમ્ ક. 'ઈન સર્ચ ઑફ સાંઈ ડીવાઈન' બાય – સત્યપાલ રુહેલા )

## શ્રી સત્ય સાંઈ અવતારના નાડીગ્રંથોમાં ઉલ્લેખાયેલ થોડા લક્ષણો :

### બ્રહ્માનાડી :

આ અવતાર એક ભ્રમ, 'માયા' ઉત્પન્ન કરશે કે જાણે તેઓ એક સામાન્ય મનુષ્ય છે. પુટ્ટપર્તી નિવાસી સત્ય સાંઈ નારાયણ (શ્રી. સત્ય સાંઈબાબાનું મૂળ નામ ) શિવ-શક્તિના અવતાર શિરડીબાબા (તેમનો આગળનો અવતાર) અવતાર, ચિત્રાવતીના તટ પર આવેલ 'પર્તી'ના શાંત સ્થળે શાંતિ સ્વરૂપા !

શ્રી કૃષણ, શ્રી લિંગ, શ્રી રુદ્રકાળી, શ્રી શક્તિ, શ્રી વિષ્ણુના અવતાર.

મનુષ્યના દેહમાં સત્ય-સ્વરૂપ, મહારાષ્ટ્રમાં આવેલ શીરડી બાબાનાં રૂપમાં ફાટ્યાં તૂટ્યાં કપડાં પહેરીને, ગરીબ જેવા અને સાદગીભર્યું જીવન વ્યતીત કર્યું, પછી સત્યનારાયણના રૂપમાં નાગશૈયા સાથે એક બીજો અવતાર.

દત્તાત્રેય જેવા ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં સંયુક્ત અવતાર).

સત્ય સાંઈ એક વધુ પ્રેમસાંઈના રૂપમાં અવતાર લેશે.

બાળક સત્ય સાંઈ દ્વારા ગુરુવારને પવિત્ર દિવસ તરીકેની ઘોષણા.

### અગસ્ત્ય નાડી :

તેઓ દયાના દિવ્ય સ્વરૂપ છે અને વિશ્વના પિતા છે.

સત્યસાંઈ અવતારમાં આંખના પલકારામાં જ રોગો મટાડવાની દક્ષતા, નિપુણતા હશે.

તેઓ ઘણી બધી સંસ્થાઓની સ્થાપના કરશે. નતિક વ્યવહાર (આચરણ) પર સાહિત્યનું સર્જન કરશે અને તેમના આખાય જીવન દરમ્યાન આધ્યાત્મિક શિક્ષા આપશે.

તેઓ તેમની નાની ઉંમરમાં જ ઘર ત્યાગી દેશે અને પોતાના જીવનનાં ધ્યેયને માટે ધર્મસંસ્થાપનમાં લાગી જશે. પોતાના પાછળના જીવનમાં તેઓ શીરડી સાંઈબાબા હતા.

## શુકનાડી :

તેમની કૃપાથી, પ્રેમ અને જ્ઞાનથી તેઓ નિત્યાનંદ, શાશ્વત આનંદ સ્થાપિત કરશે.

જ્યાં તેઓ રહેશે તે સ્થળ તપ માટેનું પવિત્ર ધામ બની જશે.

એઓને હંમેશાં માનવજાતની સેવા કરવામાં જ આનંદ અને સુખ મળશે.

તેઓ અવતારોના ય અવતાર હશે.

તેઓ એક અત્યંત ઉચ્ચસ્તરનાં સંકલ્પ સિદ્ધ છે (હશે) (પોતાના સંકલ્પના માલિક) અને મહાશક્તિઓમાંનાં એક છે, પરંતુ ભૌતિક સંપત્તિ અથવા યશ-કીર્તિનાં આકર્ષણ વિનાના.

તેમનામાં ઈચ્છા મૃત્યુ પ્રાપ્તિની શક્તિ હશે અને તેઓ નિર્વિકલ્પ સમાધિની અવસ્થામાં રહેશે. ફક્ત ધર્મના પોષણ માટે જીવનાર.

તેમનું ધ્યેય દુ:ખીઓનાં દુ:ખ દૂર કરવાનું હશે.

તેમનો જન્મ ધર્મ સસ્થાપના માટે હશે અને જે સ્થાનમાં તેઓ રહેશે તે સ્થાન તીર્થસ્થાન બની જશે.

તેઓ અનેક સ્વરૂપો ધારણ કરી શકશે ને એકસાથે કેટલાય સ્થાનોમાં દર્શન આપી શકે અને મુશ્કેલીઓનાં, વિઘ્નોનાં હર્તા બની સંકટમોચનમાં સક્ષમ – સબળ હશે.

અનેક પૈડાવાળા વાહનના સ્થળે (રેલ્વે સ્ટેશન)ની પાસે તેમનો આશ્રમની (વ્હાઈટફિલ્ડ આશ્રમના સંદર્ભમાં છે.) સ્થાપના કરશે.

જે ભક્તો સંપૂર્ણ શ્રદ્ધા સાથે તેમને સમર્પિત થશે, તેમને (ભક્તોને) તેઓ જુદા જુદા પ્રકારથી પોતાનો સર્વજ્ઞાની હોવાનો પરિચય આપશે અને તેમને પોતાના પાપોથી મુક્તિ મેળવવા અને શાંતિ અને સારાપણું પ્રાપ્ત કરવાનો મોકો આપશે.

તેમની યશ-કિર્તી ચારેય દિશામાં ફેલાઈ જશે અને ઘણા લોકો તેમની પાસે આવશે. પરંતુ પૂર્વ કર્મો કે સંચિત કર્મોને કારણે બધાંને તેમની કૃપા પ્રાપ્ત નહીં થાય !

તેઓ એક મહાન બ્રહ્મચારી છેઅને બીજાઓને નૈતિકતા સ્થાપવામાં મદદ કરશે. સ્ત્રી-પુરુષ બંને તરફ તેમને સમભાવ હશે. સ્ત્રીઓ વચ્ચે તેઓ માતા જેવા હશે.

તેઓ પ્રેમ સ્વરૂપ, આનંદ સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ હશે. પરંતુ જેમને આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલું છે. માત્ર તેવા જ તેમના આનંદ સ્વરૂપનો અનુભવ કરવા શક્તિમાન બનશે.

તેમનો અનુભવ કરી શકાશે પરંતુ અભિવ્યક્ત નહીં કરી શકાય. જેમ કે મૂંગા લોકો ભોજન તો કરી શકે છે પણ તેના સ્વાદનું વર્ણન નથી કરી શકતાં ! તેમનામાં સંપૂર્ણ આત્મસંયમ હશે. તેઓ સંસારને ઘાસના તણખલાની જેમ જોશે. તેમને સાર્વજનિક વિચારો અસર નહીં કરી શકે અને નૈતિક હશે તેવું જ કરશે.

તેઓ શિરડીબાબાનું પ્રતિનિધિત્વ કરશે અને શિરડીબાબા માટે કરાયેલી પ્રાર્થનાઓનાં પરિણામરૂપે જ તેમનો જન્મ થશે.

શિરડીબાબાના ભક્તોને તેઓ સમાધિદર્શન આપશે. અને એવી જ રીતે, જ્યારે તેઓ તેમના દેહમાંથી પ્રયાણ કરી જશે, સત્ય સાંઈ ભક્તોને વ્હાઈટફિલ્ડમાં સમાધિદર્શન દેશે. તેને તીર્થસ્થાનનું ગૌરવ પ્રાપ્ત થશે !

તેમનું જીવન માનવતાના કલ્યાણ માટે થશે જે રીતે ભગવદગીતામાં કૃષ્ણે વર્ણન કરેલું છે.

તેઓ 'વૃન્દાવન' બેંગલુરુમાં એક વૃક્ષ વાવશે અને તે ક્ષેત્ર એક સિદ્ધ ક્ષેત્ર બની જશે. અને તે વૃક્ષ એક કલ્પવૃક્ષ (ઈચ્છાપૂર્ણ વૃક્ષ) હશે.

શ્રી સત્ય સાંઈબાબાના દર્શનમાત્રથી જ શુભફળ પ્રાપ્ત થશે. તેમની કૃપાથી લોકોની સમસ્યાઓ ઉકેલાશે, મુશ્કેલીઓ પર વિજય મેળવાવશે અને તેઓને પ્રશાંતિમાર્ગે, પ્રગતિમાર્ગે દોરશે.

તેઓ એક સાથે ઘણાં સ્થળોએ પ્રકટ થઈ શકશે, પરંતુ તેઓ તો એ જ સ્થાને એક જ સ્થાને હશે. ત્યાં અનેક દિવ્યકાર્યો અને બનાવો બનશે !

તેઓ ક્ષમાશીલ, દયાળુ અને સહનશીલ સ્વભાવના હશે અને દરેકને માટે સમભાવ રાખશે. તેઓ લાગણી નહીં દુભવે અને અજ્ઞાનતાથી ભૂલો થઈ જાય તો ક્રોધ નહીં કરે.

અનેક વખત તેઓ વ્યંગમાં ( હસાવવા માટે ય) પણ કહેશે, પણ સત્ય કહેશે. જ્યારે તેઓ પોતાને માટે અથવા તો પોતાના કાર્યો વિષે લોકોનું ધ્યાન ખેંચે કે જાહેર કરે જે હંમેશ નહીં પણ કોઈક વિશેષ સમયે કરશે અને તે પણ ધર્મની વૃદ્ધિ માટે, જીવનના મૂલ્યોની સ્થાપના કરવા ને સદ્.ભાવનું વાતાવરણ સર્જવા માટે ! આ અવતાર, સ્વાસ્થ્ય (મટાડવાની શક્તિ અને પાણી છાંટીને પોતાને નિરોગી કરી શકે તેવી શક્તિવાળા હશે. તે શક્તિથી ભરેલ હશે. તેઓ ઉપચાર કરવાની પોતાની શક્તિનો માત્ર પૃથ્વીનાં માણસો માટે જ નહીં પણ બીજા લોકનાં જીવો અને દેવતાઓ માટે ય કરશે. (દેવો ને બીજા સ્વર્ગીય આત્માઓ)

સાંઈનાથ (ભગવાન સાંઈ) મહાવિષ્ણુ સ્વરૂપ છે.

સત્ય સાંઈબાબા હંમેશાં યુવાન જેવા જ લાગશે. (અધિક ઉંમરમાં ય...)

બધા જ નાડીગ્રંથોમાં એ વાત પર જોર આપેલ છે કે શ્રી સત્ય સાંઈબાબા સર્વ દેવતા સ્વરૂપ છે.આપણે જે વર્ણન જોઇએ કે સાંભળીએ છીએ ત બધાંયનું નાડીગ્રંથોમાં વિગતવાર વર્ણન કરેલું છે. શુકનાડીમાં એક વધુ રસમય વાત – આગાહી – આપેલી છે કે આ શ્રી સત્ય સાંઈબાબાનો અવતાર એક પવિત્ર દિવસે "સ્વર્ણિમ્ આદિત્ય રથમ્" પર ચડશે, બેસશે. અને ભક્તો દ્વારા, શુભ દિવસે શોભાયાત્રા કઢાશે. આ દિવસ જેનો ઉલ્લેખ થયેલો છે એ હતો ઈશ્વર નામનાં વર્ષમાં (૬૦ વર્ષોમાંનું એક વર્ષ, ભારતીય કેલેંડર પ્રમાણે ) ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર, સોમવારે, કૃષ્ણપક્ષની ૬ઠ્ઠી તિથિએ ભાદરવા માસમાં ! (ભાદ્રપદ) શુભ સમય જેની આગાહી ભાખી હતી તે હતો લગભગ સવારે ૭ વાગ્યાનો. ૧૯૭૧ નાં વર્ષમાં, પાદુકા મહોત્સવ દરમ્યાન શ્રી સત્ય સાંઈપાદુકા ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સુબ્રમણ્યમ્ ચેટ્ટીયારની આગેવાની હેઠળ મદુરાઈ, તામિલનાડુના ભક્ત, સ્વામીનેમાટે એક રથ લાવ્યા.રથમાં સોનાનાં છત્રવાળું સિંહાસન (બેઠક) તેની પાછળ સૂર્યદેવતાનું એક વિશાળ ચક્ર હશે. (હતું) શિવ-શક્તિનાં અવતારનાં રથ પર શિવ-પાર્વતીની એક સોનાની પ્રતિમા રાખેલી હતી. સૃષ્ટિના રચયિતા બ્રહ્મા રથના સારથિ હતા. બરાબર તે જ દિવસે, જે દિવસનો નાડીગ્રંથોમાં ઉલ્લેખ છે એટલે કે સોમવાર, ૨૨ સપ્ટેમ્બર ૧૯૯૭. આ આ ઐતિહાસિક દિવસે અસાધારણ બનાવ બન્યો ! ભક્તો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓથી ઘેરાયેલા ભગવાન તેમના દિવ્ય નિવાસસ્થાનમાંથી બહાર આવી પરંપરાગત વાદ્યો, ધ્વનિ દ્વારા અને મંત્રોચ્ચારની સાથે સવારે ૭:૦૫ વાગ્યે રથ પર સવાર થયા. સૂર્યોદયના સોનેરી કિરણોથી અલૌકિક બનેલ પોતાની અદભૂત શોભા સાથે રથ પર બેસીને સ્વામી પ્રશાંતિમંદિરની બાજુએ ચાલી નીકળ્યા !

હજારો વર્ષો પહેલા આ નાડીઓએ શ્રી સત્ય સાંઈ અવતારની શોભા અને ગરિમાની એકદમ ચોક્કસ રીતે આગાહી કરી છે. જુદાજુદા નાડીગ્રંથોએ કરેલી કેટલીક આગાહીઓ નજીકનાં ભાવિના ઉજ્જવળ સમયનો સંકેત કરે છે જે દરમ્યાન પૂરા વિશ્વને સ્વામીની શક્તિનું જ્ઞાન થઈ જશે અને તેમને "મહાન સમ્રાટ"ની જેમ પૂજશે ! – પૂજાશે.

જ્યારે કળિયુગનો પ્રભાવ વધુ તીવ્ર બનશે ત્યારે લોકોને તેમના સાચા બળનું જ્ઞાન થશે. અને ત્યારે લોકો સ્વીકાર કરશે કે સ્વામી સર્વોચ્ચ શક્તિ છે. ત્યારે સંપૂર્ણ માનવ સમાજ તેમના પ્રત્યે મહાન સમ્રાટની જેમ નતમસ્તક થઈ જશે !

એક એરોપ્લેનનું ઈંધણ પૂરું થઈ જશે તો ય તેઓ પોતાની ઈચ્છાશક્તિથી લાંબા સમય સુધી ઉડતું રાખશે.

યોગ્ય સમય આવતાં તેઓ ધર્મધજા ફરકાવશે અને તે પછી ધર્મની વૃદ્ધિ સ્પષ્ટ રીતે થયેલ દેખાશે.

વર્તમાનમાં તો તેમની આત્મશક્તિનો ફકત ૧૦મો ભાગ જ અભિવ્યક્ત કરી રહ્યા છે. થોડા વખત પછી વિશ્વને બચાવવા માટે તેમનો પ્રયત્ન ૧૦ ગણો વધી જશે. તેઓ બતાવી દેશે કે પ્રકૃતિના ક્રોધને ફક્ત તેઓ જ નિયંત્રિત કરી શકે !

હવે અધર્મ ૩/૪ પોણાભાગનો વધી ગયો છે જ્યારે આ ૧/૪ પાભાગ વધુ વધી જશે ત્યારે બધી જ બાજુએ અધર્મ, અરાજકતા વધશે ને ત્યારે શ્રી સત્ય સાંઈબાબાની પૂર્ણ શક્તિઓનું આગમન થશે ! અને આખાય વિશ્વને જાણ થશે. તેમની દિવ્યશક્તિઓનો પૂર્ણ અનુભવ થતા પહેલાં અધર્મને, અનિષ્ટને છેક ટોચ સુધી પહોંચવું પડશે !

ટૂંક સમયમાં જ, તેમની મહાનતા બધે ફેલાશે અને સત્ય સાંઈની વૈશ્વિક પૂજાકરાશે. તેમની આરાધના પૂરો સંસાર કરશે.

## નાડીગ્રંથોના સંબંધે મારો પોતાનો અનુભવ :

મારા પોતાના અનુભવો પ્રમાણે, નાડીગ્રંથ કલપાઠ (ભારતીય પંચાંગ કેલેન્ડરમાં ૬૦ વર્ષોમાંનું એક વર્ષ) એક ખૂબ જ સચોટ અને વિશ્વસનીય છે, શરત એટલી જ કે 'રીડીંગ' કરનાર કોઈ નિપૂણ નાડીગ્રંથ જ્યોતિષે કરેલી હોય ! મેં પોતે ૧૯૯૭-૧૯૯૮માં દક્ષિણ ભારતનાં એક નાડી જ્યોતિષ કેન્દ્રમાં મહાન સપ્તઋષિઓમાંનાં એક અગસ્ત્ય ઋષિ દ્વારા લખેલ પ્રસિદ્ધ અગસ્ત્ય નાડીગ્રંથમાં મારો નાડીગ્રંથ પાઠ કરાવ્યો હતો. હું નાડીગ્રંથની સ્પષ્ટતા, વિશુધ્ધતા પર મુગ્ધ થઈ ગયો હતો. તેમાં મારા ચોક્કસ માતા પિતાનાં નામો, તેમની આજીવિકા (ધંધો), મારા બચપણ વિષેની વિગતવાર હકીકતો અને તે સમયની મારી સ્થિતિ વગેરે હકીકતો સામેલ હતી. તેમાં મારી જિંદગીમાં સમયબધ્ધ બનાવોની સાથે જ મારા ભવિષ્ય વિષે પણ જુદી જુદી આગાહીઓ હતી. આ બધા નાડીગ્રંથોનાં પાઠમાં સૌથી વધુ ઉલ્લેખનીય "રીડીંગ"માં મારા ગુરુ શ્રી સત્ય સાંઈબાબાના વિષે છે. આ "રીડીંગ્સ" – પાઠો આ પ્રકારનાં છે. – તમારા એક ગુરુ છે. તેમનાં ત્રણ અવતારો છે. પહેલો અવતાર મહારાષ્ટ્ર રાજ્યમાં, શિરડીમાં થયો હતો. વર્તમાનમાં એમના દ્વિતીય અવતારમાં આંધ્રપ્રદેશમાં છે (સત્ય સાંઈ) આ અવતારમાં તેઓ શિવ – શક્તિ

સ્વરૂપે છે. તેમનું નામ શ્રી સત્ય સાંઈબાબા છે. તેમનો ૩જો અવતાર કર્ણાટકમાં થશે. તે અવતારમાં તેઓ પ્રેમ સાંઈ નામ ધારણ કરશે. (........) તમે પોતાના ગુરુ પાસેથી સ્વપ્નમાં માર્ગદર્શન મેળવશો. સલાહ લેશો.

હું અહીં એ ચોખવટ કરવા માંગું છું કે એવી કોઈ રીત ન્હોતી કે જ્યોતિષ જાણી શકે કે મારા ગુરુ શ્રી સત્ય સાંઈ છે ને તેમનો હું ભક્ત છું. પછીથી અનેક સાંઈભક્તો ત્યાં ગયા ને જાણાવ્યું કે તેમનું નાડી "રીડીંગ્સ" પણ બિલકુલ સાચું હતું. મારા જીવનમાં હજી સુધી તે બધી આગાહીઓ સાચી પડી છે, જે રીતે નાડીગ્રંથોમાં લખ્યું હતું ! તેમાં મારા લગ્ન, બાળકો, પ્રોફેશન, ટ્રાવેલ્સ, આધ્યાત્મિક જીવન વગેરે અને તેનાંથી ય વધુ હકીકતો સ્વામીના અદૃશ્ય થવા વિષે અને થોડા વખત પછી 'પાછા' આવવા વિષે શું વાત કરે છે ? કૃપા કરી આગળ વાંચો :-

(ભારતીય પંચાંગ કેલેન્ડરમાં ૬ઠ્ઠો મહિનો એટલે કે ૧૫મી સપ્ટેમ્બરથી ૧૫મી ઓક્ટોબર.)

(એક તહેવાર જેમાં ભગવાન દ્વારા આશિષ પામેલી પાદુકાઓનું પૂજન થાય છે.)

## નાડીગ્રંથોની આગાહીઓ : સ્વામી પાછા આવશે ?

સ્વામીએ ભૌતિક શરીર છોડ્યા પછી એક મહિના પછી મદ્રાઈના તામિલનાડુ (દક્ષિણ ભારત) – એક ભક્ત શ્રી વસંતા સાંઈ જાણવા માગતા હતા કે નાડીગ્રંથોમાં સ્વામીના કહ્યાની ઉંમર ૯૫ ને તે પહેલાં તેમનું પ્રયાણ કરી જવું, તે વિષે શું લખ્યું છે ? તેમણે તેમની જાણીતી વ્યક્તિને તામિલનાડુના મંદિરોનાં નગર વૈદીશ્વરનકોઈલ મોકલ્યા. જ્યાં ઘણી નાડીઓ સચવાયેલી છે. જે હકીકત ત્યાંથી મળી તે ખૂબ જ અદભૂત હતી. શ્રી વસંતા સાંઈના જ શબ્દોમાં : "એસ.વી. જલ્દી જલ્દી ગયા. કેટલાક નાડીગ્રંથો જોયા અને મારો સંપર્ક કર્યો. બધા જ નાડીગ્રંથો કહે છે કે : "સ્વામી જલ્દી જ પાછા આવશે." (...........) એસ.વી.ને અનેક નાડીગ્રંથો મળ્યાં. તે બધા જ ગ્રંથોમાંથી એક વાતની પુષ્ટિ કરે છે જે સ્વામીએ મને ધ્યાનમાં કહેલી હતી : "તેઓ પાછા આવશે." (.............) એસ.વી. જુલાઇ અંતમાં ફરી પાછા ગયા અને સ્વામી સંબંધે થોડા વધુ નાડીગ્રંથોના પાઠ કરાવ્યા. આ બધા જ નાડીગ્રંથોએ રહસ્ય ખોલ્યું છે કે, "સ્વામી પાછા આવશે. આવી રહ્યા છે !"

શ્રી વસંતા સાંઈ એક સિદ્ધાત્મા છે. ઉચ્ચ આત્મા છે. એક એવા સાંઈભક્ત, તેમને ભગવાન શ્રી સત્ય સાંઈબાબાના અગણિત દિવ્ય દર્શન, સ્વપ્નો અને તેમની અદભૂત કૃપાના ચમત્કારો - અનુભવો થયા છે. ભગવાન શ્રી સત્ય સાંઈબાબા પ્રત્યે વસંતા સાંઈની અગાધ ભક્તિ અને પ્રેમને, તેમને આધ્યાત્મિક વિશ્વમાં રાધાતત્ત્વ (રાધા કોન્શીયસનેસનાં શિખર સમા) નો દાખલો બનાવી દીધો છે. શ્રી વસંતા સાંઈએ સ્વામી વિષે અને ઘણાં આધ્યાત્મિક પાસાઓ પર પુસ્તકો લખ્યાં છે. "લીબરેશન ! હીયર ઈટસેલ્ફ ! રાઈટ નાઉ !" નામનું તેમનું પહેલું પુસ્તક ૧૯૯૭ માં પ્રકાશિત થયેલું. અગાઉ મેં ઉલ્લેખ કરેલ છે કે કેવી રીતે સુવર્ણ સૂર્યરથને વિષે નાડીગ્રંથોમાં કરાયેલી આગાહીઓ સાચી પડી હતી. શ્રી સાંઈ પાદુકા ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી સુબ્રમણ્યમ ચેટ્ટિયારની આગેવાનીમાં મદુરાઈના ભક્ત, સ્વામી માટે સોનાનો રથ લાવ્યા હતા. ભગવાન શ્રી સત્ય સાંઈબાબાએ ૭મી મે, ૧૯૯૭ એ મદુરાઈમાં શ્રી સુબ્રમણ્યમ ચેટ્ટિયારનું ઘર પોતાના ચરણકમળોથી પવિત્ર કર્યું હતું. ત્યાં તેમણે વસંતા સાંઈની હસ્તપ્રત પર હસ્તાક્ષરો કરીને તેમને આશીર્વાદ પ્રદાન કરેલા હતા. વસંતા સાંઈને મળેલ દિવ્ય દર્શનો અને અનુભવોની પ્રમાણિકતાનું આ યોગ્ય પ્રમાણ છે.

વર્તમાનમાં તેઓ મદુરાઈની પાસે આવેલ પોતાના આશ્રમ " મુક્તિનિલયમ્" (એટલે કે મુક્તિનું મૂળ !) માં નિવાસ કરે છે. "મુક્તિનિલયમ્" આધ્યાત્મિક આનંદનો સ્રોત છે અને જરૂરિયાતવાળાઓને મફત ભોજન, ઘર (આવાસ – શેલ્ટર), દવા અને શિક્ષણ પૂરાં પાડે છે.

શ્રી વસંતા સાંઈએ સ્વામીના પુનઃઆગમન વિષે નાડીગ્રંથોનાં લેખોને એક પુસ્તક, "સેક્રેડ નાડી રીડીંગ્સ" (પવિત્ર નાડીગ્રંથ પાઠ)માં અનુવાદ અને સંગ્રહ કર્યાં છે. તે પુસ્તકમાંથી થોડો ભાગ નીચે આપેલ છે તેમાં વસંતા સાંઈ સ્પષ્ટ સમજાવે છે : "ભગવાન શ્રી સત્ય સાંઈબાબા એ કોઈ સામાન્ય અવતાર નથી. બધાં માને છે કે તેમણે દેહ ત્યાગી દીધો છે. ફક્ત સામાન્ય લોકો જ નહીં પણ જે ભક્તો તેમની નજીકનાં હતાં તેઓ પણ આ રીતે વિચારે છે. એ સાચું છે કે તેમણે તેમનું ભૌતિક શરીર છોડી દીધું છે. પણ તો પછી એ ય સાચું છે કે ફરીથી કોઈ રૂપે તેઓ "પાછા" આવશે.

તેમના પુસ્તક "સેક્રેડ નાડીગ્રંથ"માંથી ("સેક્રેડ નાડી રીડીંગ્સ" વસંતા સાંઈ દ્વારા સંગ્રહિત, શ્રી વસંતા સાંઈ બુક્સ એન્ડ પબ્લીકેશન ટ્રસ્ટ, મુક્તિનિલયમ્ ૨૦૧૧ www.mukthinilayam.org) આ નાડીગ્રંથોનો થોડો ભાગ નીચે લખેલ છે : "આ નાડી જોવાનાં સમયે, તેમનું શરીર હવે અહીં નથી. છતાં, કાંઈક ગોટાળો છે ! તેમનું શરીર અહીં નથી

છતાંય અહીં છે. તેઓ ફરીથી એક વખત પાછા આવશે અને એ દેહ ધારણ કરશે જે તેમણે પોતાના શરીર ત્યાગ પહેલાં તૈયાર કરેલ છે."

- રાજ ઋષિ વિશ્વામિત્ર નાડી, નાડીગ્રંથ, ૨૫ મે ૨૦૧૧ના દિવસે વંચાયો હતો. પાના નં.૮

"જે શરીરે આટલા મહાન કાર્યો કર્યા છે અને તે દેહ - જે બધાંએ અત્યાર સુધી જોયો છે તે દેહ – અસલી, સાચો દેહ – નથી ! એ માયા દેહ (..........) છે. પૂનમને દિવસે શનિનો તુલા રાશિમાં પ્રવેશ થયા પછી ભગવાન પોતાનાં વર્તમાન સ્વરૂપમાં દર્શન આપશે. આ તેમના સાચા દેહના દર્શન થશે. તેને અનેક લોકો જોશે જે ખૂબ જ આશ્ચર્ય અને શ્રદ્ધાથી ઉભરાઈ જશે."

- અગસ્ત્ય નાડી, નાડીગ્રંથ ૨૭ મે, ૨૦૧૧માં વંચાયો, પાના નં. ૨૦

(..........) જો કે તેમનો આત્મા ભૌતિક દેહ છોડીને ચાલી ગયેલ છે તે જ આત્મા પુનઃ આવશે અને ફરીથી તે જ ભૌતિક રૂપને ધારણ કરશે. આ જ નિયતિ છે. [........] તેઓ કોઇ વૃદ્ધ દેહ કે યુવાન દેહમાં નહીં હોય, પણ આધેડ ઉંમરનાં દેહમાં હશે !

- રાજ ઋષિ વિશ્વામિત્ર નાડી, નાડીગ્રંથ, ૩૧ મી મે, ૨૦૧૧માં વાંચી હતી પાના નં. ૮૬

[..........] હમણાં આ સમયે, ભગવાન તેમના ભૌતિક દેહમાં નથી. તેઓ નવા દેહમાં ફરીથી આવશે.

- ભૃગુનાડી, નાડીગ્રંથ, ૩૧ મી મે, ૨૦૧૧ માં વંચાયેલ પાના નં. ૯૬

આ નાડીના પાઠ કરવાના સમયે તેઓ આત્મિક સ્થિતિમાં છે. (...........) તેમનો પૃથ્વીય દેહ નથી. તેઓ ફરીથી પૃથ્વીલોક પર પાછા આવશે. (...........) આ તેમની નિયતિ છે. [..........] ૮૮ વર્ષની ઉંમરમાં સંસારના લોકો કોઈપણ શંકા કે સંદેહ કે દોષારોપણ વિના સ્વીકાર કરી લેશે. તેઓ ( આ બીજા દેહમાં) ૭ વર્ષ રહેશે.

- ગોરખનાડી, નાડીગ્રંથ, ૧૪ જૂન, ૨૦૧૧માં વંચાયો પાના નં. ૨૬

જ્યારે તેઓ ફરી અવતરણ કરશે ત્યારે તેમનું શરીર ૫૮ થી ૬૦ વર્ષની ઉંમરવાળું હશે ! તેઓ આ પૃથ્વી પર તે ઉંમરનાં શરીરમાં પુનર્જન્મ લેશે ત્યારે તેઓ પોતાને સંસારની સામે પ્રગટ કરશે. અને બધાં લોકો તેમનું સત્ય જાણી શકશે.

- મચ્છમુનિનાડી, નાડીગ્રંથ, ૫ ઓગસ્ટ, ૨૦૧૧માં વંચાયો પાના નં. ૧૦૨

જે રીતે, આ પુસ્તક “સેક્રેડ નાડી રીડીંગ્સ્”માં નાડીગ્રંથોમાંથી વિગતો આપેલી છે, તે કેટલીય વિગતો આશ્ચર્ય પમાડે તેવી છે. તો પણ, દરેક ઋષિઓએ સ્વામીના અદૃશ્ય થવાનાં બનાવ પ્રત્યે, પોતપોતાનાં દ્રષ્ટિબિંદુથી દિવ્ય ઉપદેશ આપ્યો છે. આવી રીતે સ્વામીની પાછા આવવાનાં સમયનાં વિષેની કરાયેલ આગાહીઓમાં પણ એકમત નથી. તેમાંનાં કેટલાક નાડીગ્રંથોમાં અલગ જ્યોતિષ યોગ કે આકાશિય / સ્વર્ગીય બનાવોનો સંદર્ભ આપે છે, જેના બનતા પહેલાં સ્વામી પોતાને પોતાના નવા ભૌતિક શરીરમાં પ્રકટ કરશે. કારણ કે નાડીગ્રંથો કેટલીક વખત ગૂઢ – રહસ્યભરી ભાષામાં ઉલ્લેખ કરે છે. તેથી સ્વામીના પુન:આગમન વિષે એકદમ સાચા સમયનો નિર્દેશ કરવો મુશ્કેલ બની શકે છે. શુકનાડી અને રાજઋષિ વિશ્વામિત્ર નાડીગ્રંથ તેમના ફરીથી પ્રાકટ્ય માટે ૮૬ વર્ષની ઉંમરનો ઉલ્લેખ કરે છે.

જ્યારે ગોરખનાડી ગ્રંથ ૮૮ વર્ષની ઉંમરનો નિર્દેશ કરે છે. હવે એ પ્રશ્ન થાય છે કે શું એ ઉંમર સંબંધી આગાહીઓ તે વર્ષોને જોડીને કે ઘટાડીને છે જેટલો સમય સ્વામી તેમના ભૌતિક દેહની બહાર છે ! ગમે તેમ, ૮૬ અને ૮૮ બંને ઉંમર એ સમયની સીમામાં આવે છે જેમાં “પૃથ્વી પર સ્વામીના જીવનકાળ” વિષે સ્વામીની વાતો વાળા પ્રકરણમાં બતાવેલ છે. (કે તે સમય જૂલાઈ ૨૦૧૨ અને એપ્રિલ ૨૦૧૪ ની વચ્ચેનો હોઈ શકે છે.)

નોસ્ટ્રાડેમસની રહસ્યમય આગાહી :

મોટાભાગનાં સાંઈભક્તો નોસ્ટ્રાડેમસની શ્રી સત્ય સાંઈ અવતારના સંબંધે કરાયેલી ભવિષ્યવાણીઓથી પરિચિત છે. એમાંની બે આગાહીઓ તરી આવે છે :

પાણી ત્રણ ઘણી રીતે જન્મ આપશે એક મનુષ્યને –
ગુરુવાર ને પવિત્ર દિવસ પસંદ કરશે પોતાનો –
તેમની વાણી, સામ્રાજ્ય અને શક્તિ વધશે –
સ્થળ ને જળની પાર, પૂર્વમાં તોફાનોની વચ્ચે.
- ક્વૉટ્રેઈન ૧:૫૦

ધરતી અને હવામાં ચારે બાજુ પાણી જ પાણી,
જ્યારે બધાં આવશે દર ગુરુવારે પૂજા કરવા –
શું હશે જે પહેલા નહોતું એટલું સુંદર !
આવશે વિશ્વનાં દરેક ભાગમાંથી, તેમને માથુ ઝુકાવવા.
- ક્વૉટ્રેઈન ૧૦:૭૧

આ બંને આગાહીઓથી સંપૂર્ણ રીતે સ્પષ્ટ છે કે આ શ્રી સત્ય સાંઈબાબાને વિષે જ છે. “પાણી પાણી ત્રણ ઘણું” થી તાત્પર્ય છે કે એક એવા સ્થાનેથી છે કે જે સ્થળ ત્રણ બાજુથી તે ઘેરાયેલું હોય ! ભારતીય ઉપમહાદ્વીપ ખાસ કરીને તેનો દક્ષિણ ભાગ બંગાળની ખાડી, અરબી સમુદ્ર અને ભારતીય મહાસાગરથી ઘેરાયેલો છે. ગુરુવાર એ પવિત્ર વાર, ભગવાનનો છે.

* આ આગાહી બતાવે છે કે કેવી રીતે આખા વિશ્વનાં લોકો ઈશ્વર સમક્ષ શીશ ઝુકાવવા ભારત આવશે !

જ્યાં કોઈપણ ‘સાંઈના અવતરણ’નો વિષય હોય છે ત્યાં નોસ્ટ્રાડેમસના ક્વૉટ્રેઈન સાંઈ સાહિત્યનો ભાગ હોય છે. તેનો સંદર્ભ કેટલીય વખત વાંચ્યો છે. તો પણ તે આગાહીઓની એક પંક્તિ મારે માટે હંમેશ પ્રથમ રહી છે. કારણ કે હું તેને સાંઈ અવતારની કોઈપણ ઘટનાથી સંબધ્ધ કરી શક્યો નથી ! આ પંક્તિ છે,

“ધરતીને હવામાં ચારેય બાજુ પાણી જ પાણીપાણી’,

જ્યારે બધા આવશે દર ગુરુવારે પૂજા કરવા.”

એમ વિશ્વાસથી કહી શકાય કે નોસ્ટ્રાડેમસની (નોસ્ટ્રાડેમસના નામથી જાણીતા ‘મીશેલ દ નોસટ્રડેમ’ ૧૬ મી સદીમાં એક ફ્રેંચ દ્રષ્ટા હતા. આધ્યાત્મવેત્તા હતા. ઇતિહાસ પ્રસિદ્ધ તેમની આગાહીઓ આજે પણ એટલી જ લોકપ્રિય છે. તેમની આગાહીઓ છંદ રૂપે ૧૦૦ના સમૂહમાં (સેંચ્યુરી / શતકો) છે.) આગાહીઓમાં એક જ ક્વૉટ્રેઈનમાં ભાવિના ઉદ્દેશ્યનો પરિચય અને મહત્ત્વને સંબંધી ઘટનાઓ હોય છે. મને હંમેશાં એક એવો સંશય હતો કે આ ભવિષ્યની કોઈ ઘટના, સંભવતઃ પાણીના સંબંધે કોઈ અસાધારણ કુદરતી બનાવ જોઈ શકે ! તો પણ આ આગાહી હંમેશાં એક ભેદભરમ જે સમસ્યા તો પહેલેથી જ છે. પરંતુ ત્યાં સુધી જ કે મેં સ્વામીના ‘પાછા’ આવવા વિષે નીચેની ભવિષ્યવાણી જોઈ ન્હોતી.

(.........) આ દિવસે, તમે જ્યાં જોશો ત્યાં ખૂબ હવા અને પાણી - વરસાદ આવશે, ત્યારે સ્વામી આંધ્રપ્રદેશમાં પ્રશાંતિનિલયમમાં તેમનાં જ સ્વરૂપે જ આવશે !

- કાગભુજંગર નાડી, નાડીપાઠ ૨૪ મે, ૨૦૧૧ના દિવસે કરેલો હતો.- પાના નં ૭

શું આ આશ્ચર્યજનક નથી ? તે છતાં, એક હદ પછી બધી જ આગાહી અને અનુમાનો અપ્રાસંગિક બની જાય છે. કારણ કે ફક્ત સ્વામી જ જાણે છે તે એક સ્વામીના શ્રી સત્ય સાંઈબાબાવાળા સ્વરૂપમાં જ, તેમના આ પૃથ્વીલોકમાં પાછા આવવાનો બધા જ નાડીગ્રંથો સંકેત કરે છે. કેટલાક નાડીગ્રંથો વિશેષ રીતે ઉલ્લેખ કરે છે કે તેમનો નવો દેહ યુવાન કે આધેડ

ઉંમરનો હશે. આવો ! આપણે સૌ પ્રાર્થના કરીએ અને રાહ જોઈએ, માનવ ઇતિહાસમાં થવાનો, હજુ સુધી ન બન્યો હોય તેવો મોટો ચમત્કાર અને અત્યંત વિસ્મયકારક બનાવ માટે !

આજે આખા વિશ્વની સ્થિતિ આપણે જોઈ રહ્યા છીએ, તે સ્થિતિને આ બનાવ હંમેશ માટે બદલી નાખશે !

નોંધ : (કેટલાક વાચકો માટે એ રસમય હોઈ શકે કે મેં પોતાની અગસ્ત્યનાડીનો પાઠ (૧૯૯૭ – ૧૯૯૮) માંથી એક ખાસ આગાહીનો ઉલ્લેખ કરેલ છે, જે આ રીતે છે :

"તું તારા ગુરુ (શ્રી સત્ય સાંઈબાબા)ને વિષે પુસ્તક લખીશ અને તે પુસ્તક ભારત બહાર વ્હેંચાશે." હકીકતમાં, આ મારું પહેલું જ પુસ્તક છે. લખવાનો મારો અનુભવ સીમિત છે. જેને ક્યારેક એક 'દિવાસ્વપ્ન' જેમ માન્યું હતું ! હું કહેલી માહિતીઓની અનુભૂતિ કરી રહ્યો છું. આશ્ચર્યજનક રૂપે એક વધુ નાડીગ્રંથનો પાઠ એમ પણ કહે છે કે હું નાડીગ્રંથોની મહાનતા વિષે લખીશ. આ પુસ્તક એ આગાહીને ય પૂરી કરે છે. ધન્ય ! ધન્ય ! ધન્ય ! હે અદભૂત નાડીગ્રંથો !!

# પ્રકરણ ૭મું :

# મહદીનું અદૃશ્ય થવું

## મહદી કોણ છે ?

ઈસ્લામિક પરંપરામાં મહદી (કે મહેદી) એક 'મસીહા' જેવો મનુષ્ય છે જેના વિષે એમ મનાય છે કે તે આ વિશ્વમાં આગાહી કરેલ "નિર્ણય / ચૂકાદાનો દિવસની (કયામતનો દિવસ !) પહેલા આવશે. કેટલાક મુસલમાનો માને છે કે અલ્લા તેમના સંદેશવાહક મહદીને, માનવ ઇતિહાસમાં સૌથી મુશ્કેલ સમયમાં આ વિશ્વમાં આસ્થા જાગૃત કરવા અને શાંતિ સ્થાપવા માટે મોકલશે. મહદી નામના ઘણા જુદા જુદા અર્થો આપેલા છે જેમાં "પથદર્શક", "સંકટ હરનાર" (તારનાર) અને "વચન આપનાર ગુરુ" એમ થાય છે. શિયા સંપ્રદાયમાં કેટલીક વાર 'ક્વઈમ' અથવા 'અલ ક્વઈમ' (એટલે "તેઓ જે સત્યને માટે ઉભા થયેલા છે") કહ્યા છે. "અલ મહદી" "હજરત મહદી" અને "મહદી મઉદ" વગેરે બીજા નામો છે, જેને સામાન્ય રીતે મહદીનું સંબોધન કરવામાં આવે છે.

## મહદીને ઓળખવાનાં ચિહ્નો :

શ્રી સત્ય સાંઈ ઈન્સ્ટીટ્યુટ ઑફ હાયર લર્નીંગના શ્રી જે.બા બશીરુદ્દીન, શ્રી સત્ય સાંઈબાબાના શ્રેષ્ઠ, ઉત્સાહી ભક્ત છે. તેમણે "હજરત મેહદી અને બાબા : ટ્રુથ ઑફ અ પ્રોફેસી." (એક આગાહીનું સત્ય) નામનો એક લેખ લખ્યો હતો. જે નવેમ્બર ૧૯૯૧નાં 'સનાતન સારથી'માં પ્રકાશિત થયો હતો. આ લેખમાં તેમણે એ બાબત પર પ્રકાશ પાડ્યો કે હજરત મેહદીના વિષે કરેલી ભવિષ્યવાણીઓ, શ્રી સત્ય સાંઈબાબાને પૂરેપૂરી લાગુ પડે છે. તેમના કહ્યા પ્રમાણે :

"આખાય વિશ્વનાં મુસલમાનો એક મહાન પથદર્શકમાં માને છે. તેઓ સૌ તેમને મહદી (માલિક) ના નામથી જાણે છે. પયગંબર હજરત મોહમ્મદે સંકેત કરેલો કે ૧૪૦૦ હિજરી ( પુસ્તકનાં હિંદી અનુવાદના સમયે એપ્રિલ ૨૦૧૩માં વર્તમાન હિજરી સન ૧૪૩૪ ચાલી રહ્યો છે.) (જે હમણાં પૂરી થઈ છે.) ના અંતના દસકામાં મુસલમાનોનાં કલ્યાણ માટે હજરત મેહદીનું આગમન થશે, (અવતરણ થશે.) આ મુશ્કેલીઓ અને ભૌતિકવાદનો સમય હશે. પવિત્ર કુરાનમાં બતાવેલા મૂલ્યો અને તેનાં પાલન / અમલ નહીં કરી તેની ઉપેક્ષા થશે. અને મનુષ્યનું મન - હૃદય સંસાર અને તેનાં આકર્ષણો તરફ વળી જશે. કુરાનની ભાષામાં "બીજાને પૂજનાર" તરફ !

આગાહી આગળ કહે છે કે હજરત મહદી સત્યની સ્થાપના કરશે ! અને સંપૂર્ણ સંસારનો ધર્મ "ઈસ્લામ" ('ઇસ્લામનો મૂળ અર્થ શાંતિ હોવાથી, તેનો સંપૂર્ણ અર્થ સંસારમાં શાંતિ છવાઈ જાય' એવો થઈ શકે.) હશે !

ઈસ્લામિક પરંપરામાં અનેક "હદીત"- હડીસ (અથવા 'હદીસ' પયગંબર મોહમ્મદના કાર્યો માટે અને વક્તવ્યોનાં વર્ણન માટે. ) છે જે પ્રતિક્ષા કરાયેલ મહદી વિશે પયગંબર મોહમ્મદના વર્ણનનો ઉલ્લેખ કરે છે. મહદીના વ્યક્તિત્વ અને સમયથી સંબંધિત ૧૫૦ થી પણ વધુ, જુદા જુદા ચિહ્નોને વિષે પવિત્ર પયગંબરથી ચોથા ખલિફા અને સૂફી રહસ્યોને જાણનાર હજરત અલીએ પણ આ ચિહ્નોનું વર્ણન કરેલું છે. આ ચિહ્નો ઈમામો, હજરત અલીના વંશજોનાં સચવાયેલા ખજાના બની ગયા. અને પયગંબરની લોકોક્તિઓ શિયા પરંપરા (મુખ્યત્વે ઈરાન)નો ભાગ બન્યાં. આ ચિહ્નોને જાણીતા વિદ્વાન મો. બકિરદીન, મોહમ્મદ તકી-અલ-મજલીસ – અલ – ઈસફાહની (૧૬૨૭ – ૧૬૯૮) ને ૧૭મી ઈસવીસન સદીમાં અરેબિકમાં લખીપોતાનું મોટું પુસ્તક બિહાર – ઉલ – અનવરમાં સંગ્રહ કર્યો હતો.

બિહાર – ઉલ – અનવરના પર્શિયન (પર્શિયન : ઈરાનની એક ભાષા)ના અનુવાદમાંથી લીધેલ ઈસ્લામના પયગંબરની તેમાંથી થોડી લોકોક્તિઓ અહીં રજૂ કરેલ છે : એક લાંબા સમય સુધી તેમના 'અવતરણ' વિષે અનેક મુસલમાનો જાણશે નહીં. (જાણી શકશે નહીં) તે પવિત્ર આત્મા બે વસ્ત્રો પહેરશે, અક અંદરનું અને બીજું બહારનું (પાના નં ૨૩૯) નારંગી રંગનું વસ્ત્ર લોકો વચ્ચે પ્રકાશ ફેલાવશે (પાના નં. ૨૪૫) તેમના વાળ ઘાટા, કાળા તેમના ખભા સુધી પહોંચશે. (પાના નં.૨૫) તેમની બંને ભમરો, વચ્ચે ભેગી થઈ હશે. (પાના નં-૨૪૨) તેમની બીજી વિશિષ્ટ મોખરાશઃ પહોળું ને ચોખ્ખું કપાળ, (પાના નં - ૨૬૩) સીધું નાક જેમાં થોડો ઉપરથી ખાડો, ગાલ પર તલ, હજરત મુસાની યાદ અપાવે તેવા-

તારાની જેમ ચમકતા દાંત ને વચમાં થોડી જગ્યા (પાના નં.૨૪૩) તેમની આંખો કાળી ને તેજથી ભરપૂર (પાના નં. - ૭૭૭) જયુઈશ (યહુદીઓ) ઉંચાઈની સરખામણીમાં મધ્યમ ઉંચાઈ (પાના નં.-૨૩૯) ચહેરાનો રંગ સુવર્ણ-તાંબાનાં સિકકા જેવો, વધુ તો વર્ણવેલો છે, એટલો તેજોમય કે તેનો મૂળ રંગ ઓળખવો અશક્ય છે (પાના નં.૨૬૩ - ૨૯૩) તેમની સામાન્ય છાપ : ખૂબ જ કરૂણાસભર, ગૌરવાન્વિત - શાલીન, ઉન્નત (પાના નં.- ૨૩૯) તેમનું દરેક પ્રત્યે ભાતૃભાવવાળું વલણ જાણે બધાનો બરાબર પરિચય હોય ! (પાના નં. ૩૧૪) તેઓ બધા જ પયગંબરો અને સંતોને પ્રેમ કરશે; અને તેઓ જે પણ સંકલ્પ (ઈચ્છા) કરે તે પૂર્ણ કરી

શકશે;  તેઓ બધા જ વિરોધો પર વિજય મેળવી શકશે. (પાના નં. ૨૪૨) તેમના ભક્તોને રક્ષા મળશે (પાના નં. ૩૪૨) લોકો તેમને સ્વર્ગીય પરમ આનંદ, માનવીય રૂપમાં સાકાર જોશે. (પાના નં. ૩૪૧) તેઓ અશક્તો અને ત્યજાયેલા લોકો માટે છત્રછાયા બનશે (પાના નં.-૨૩૫) સવારે ને સાંજે, લોકોને 'અબી-એ-તુહુર' કૉર્સ (આધ્યાત્મિકતા) પ્રદાન કરશે (પાના નં. - ૩૪૩) (બાબા સવારે ને સાંજે દર્શન આપતા હતા તેનો રેફરન્સ છે.) તેમનાંમાંથી દિવ્ય તેજ પ્રકટ થશે (પાના નં. ૨૫૨) તેઓ નવા ધર્મની સ્થાપના નહીં કરે (પાના નં. - ૬) (બાબાએ અવારનવાર ભાર આપી કહેલ - તેઓ નવા ધર્મમાં ઉપદેશાર્થે નથી આવ્યા.) બધું જ જ્ઞાન અને બધાં જ ધર્મોનો અર્ક તેમનાં હૃદયમાં જાણે કે નવા બાગ જેવો ખીલશે (પાના નં. ૨૩૮) તેઓ પૃથ્વીને શાંતિથી ભરી દેશે. તેઓ એક મિત્ર અને સલાહકાર બનશે. (પાના નં. ૨૮૭) તેઓ સીધો માર્ગ બતાવશે. (પાના નં. - ૩૫૨) ઓ મુસલમાનો ! તમે જાણો કે જેમનો જન્મ તમારાથી છૂપાવેલ છે, તેઓ જ તમારા માલિક છે. તેઓ જ 'મહદી' છે. (પાના નં. ૨૯૨)  ( અ. ઈન સર્ચ ઓફ સાંઈ ડિવાઈન – સત્યપાલ રુહેલા. એમ.ડી. પબ્લીકેશન્સ પ્રાઈવેટ લિમીટેડ, ૧૯૯૬.    બ. 'ગોડ ડીસેન્ડ્સ્ ઑન અર્થ' - લે. સંજય કાંત, શ્રી સત્ય સાંઈ ટાવર્સ - પબ્લીકેશન પ્રાઈવેટ લીમીટેડ.)

બિહાર – ઉલ - અનવર પુસ્તકમાં આપેલા બીજા થોડા સંકેતો : તેઓ ભેટો આપશે જે વજનમાં હલ્કી હશે. તેઓ તેમનાં ભક્તોની વચ્ચે ફરશે, તેમનાં માથે પોતાનો હાથ મૂકી સ્પર્શ કરશે. માત્ર મનુષ્યો જ નહીં, પરંતુ શરીર વિનાનાં આત્માઓ પણ, - કોઈપણ આંખ તેમને જોશે - તે બધાં જ પ્રસન્ન થશે. તેઓ ૯૫ વર્ષ સુધી જીવશે. તેમનાં જીવનનાં છેલ્લા ૨૦ વર્ષોમાં તેઓ આખાય વિશ્વનાં સમ્રાટ બનશે ! પરંતુ ૨/૩ વિશ્વનાં લોકો જ તેમને માનશે. સંસારમાંથી તેઓના જવાનાં ૯ - વર્ષ પહેલાં જ મુસલમાનો તેમને ઓળખી શકશે. તેઓ વિશ્વને હળવું બનાવી સુખી - પ્રસન્ન બનાવશે. તેમનાંથી છેતરાવવા માટે નહીં, તમારે જાણી લેવું જોઈએ કે વિશ્વનાં માલિક તેમનાં શરીરમાંથી વસ્તુઓ બહાર કાઢશે, તેમનાં મોંમાંથી પણ ! (શિવરાત્રી દરમ્યાન સ્વામીના મુખમાંથી શિવલિંગમનો આર્વિભાવ થતો તે સંદર્ભ ?)

તેમનું પુસ્તક, "ધ હાર્ટ ઓફ સાંઈ"માં આર. લોવેન બર્ગ કહે છે કે તેઓ આશ્રમમાં "ઈરાની માઁ" નામથી જાણીતા થયેલ એક ઈરાની સ્ત્રીને મળ્યા જેમણે મહાન પથદર્શક (ગાઈડ) ને વિષે (બિહાર – ઉલ - અનવરમાં) પયગંબર મોહંમદની આગાહીઓ પણ મળી હતી. લોવેનબર્ગને તેમણે કેટલાક ઓળખી શકાય તેવાં ચિહ્નો વિષે કહ્યું જે શ્રી સત્ય સાંઈબાબાના વિશિષ્ટ લક્ષણો જેવાં જ છે. સ્વામી મહેશ્વરાનંદે તેમનાં પુસ્તક "સાંઈબાબા અને નરનારાયણ

ગુફા"માં ઉલ્લેખ કર્યો છે કે પયગંબર મોહમ્મદની ભવિષ્યવાણીઓને ઈરાની માઁ પુસ્તકરૂપે પ્રકાશન કરવા માંગતા હતાં પણ સ્વામીએ તેમ કરવાની તેમને આજ્ઞા ન આપી.

બહુ જ મોટી સંખ્યામાં ઈરાની ભક્તોનું પુટ્ટપર્તી આવવું તે જ બિહાર – ઉલ - અનવરમાં કરેલી આગાહીઓ પ્રમાણિક છે અને તે આગાહીઓનો શ્રી સત્ય સાંઈ અવતારનાં મીશન વ્યક્તિત્વ, લક્ષણો અને હેતુઓ પર કેન્દ્રિત થયાનો સંકેત કરે છે. જે બધાં ચિહ્નો પયગંબર મોહમ્મદને મેહદીને ઓળખવા માટેનાં બતાવ્યાં છે. સ્વામીનું ભૌતિક રૂપ અને લક્ષણો (ગુણો) થી સંપૂર્ણપણે મેળ ખાય છે. નાડીગ્રંથોની ભવિષ્યવાણીની "માનવતા તેમની સામે એવી રીતે નતમસ્તક - માથું ઝૂકાવશે કે જેમ કોઈ મહાન સમ્રાટ પ્રત્યે હોય છે." જેવું જ મહદીના વિષેની આગાહીઓની ઉલ્લેખ કરે છે કે, "તેઓ આખા વિશ્વનાં સમ્રાટ હશે."

## <u>પૃથ્વી પર મહદીની સત્તા :</u>

પૃથ્વી પર મહદીનાં કાર્યકાળની ધારણા બિહાર – ઉલ - અનવરની બે આગાહીઓનો વિશેષ રૂપે સંબંધ છે. એક તો એ આગાહી કે જેમાં કહે છે હજરત મહદી ૯૫ વર્ષ સુધી જીવતા રહેશે. બીજી આગાહી એ કે તેમાં ઉલ્લેખ છે - સંસારથી તેમના જવાના ફક્ત ૯ - વર્ષ પહેલાં જ મુસલમાનો તેમને ઓળખી શકશે. એમ માનીએ કે ૯૫ વર્ષ ઈસ્લામી કેલેંડરનાં છે, (ઈસ્લામિક કેલેંડરમાં એક વર્ષમાં ૧૨ મહિના હોય છે. એક વર્ષનાં ૩૫૪ કે ૩૫૫ દિવસો હોય છે પણ ૯૫ વર્ષની ઉંમરને ૯૫ કે ૯૬ વર્ષની વચ્ચેનો કોઈપણ સમય માની શકાય છે, ૩૫૫ દિવસ પર આધારિત ગણતરી ચાલુ ઈસ્વીસન કેલેંડર વર્ષનાં ૯૩ થી ૯૪ વચ્ચેની ઉંમર આપે છે.) આ હમણાં ચાલુ ઈસ્વી કલેંડરનાં ૯૩ કે ૯૪ વર્ષ વચ્ચે છે, જે સ્વામીના જીવનકાળ વિષે સ્વામીએ પોતે જ જે વક્તવ્ય કરેલ છે તેની સાથે મેળ મળે છે. ("સ્વામી તેમનાં પૃથ્વી પરનાં જીવનકાળ" વિષેનું પ્રકરણ જૂઓ !)

બીજી આગાહી, એવી કોઈ પ્રભાવશાળી ઘટના બનવાની છે તેનો સંકેત કરે છે. જે સંસારને હજરત મહદીનું અંતિમ - પ્રયાણનાં ૯ વર્ષ પહેલાં જ હજરત મહદી પ્રત્યે લોકોમાં શ્રધ્ધા પેદા કરશે. સ્વામીએ પોતાનો ભૌતિક દેહ ૮૫ ઉંમરે ત્યાગ્યો હતો. જો આપણે આ ઉંમરમાં ૯ વર્ષો (અથવા ઈસ્લામી કેલેંડરની ગણતરી કરતાં ૮.૭૫ ચાલુ ઈસ્વી વર્ષ) ઉમેરીએ તો આ ૯૪ વર્ષ થઈ જાય. "પૃથ્વી પરનાં તેમના જીવન સમયને વિષે સ્વામીની વાર્તાઓ" નામના પ્રકરણ પહેલાંમાં જ મેં એમ તો સંકેત કરેલો જ છે કે જ્યારે સ્વામીએ ૯૪ અને ૯૬

વર્ષનાં આયુષ્ય વિષે જુદી જુદી વખતે ઉલ્લેખ કર્યો જ છે, એટલે આ બે વર્ષોનાં અંતર-ફેર તેમનો “દેહ બહાર” રહેવાના સમયને બતાવે છે.

આ બધી જ હકીકતો પર વિચાર કર્યા પછી, એવો વિશ્વાસ પ્રેરે છે સ્વામીનું પુનરાગમન જ એકમાત્ર એવું કારણ હોઈ શકે કે આખા વિશ્વનાં મોટાભાગનાં લોકો તેમને માનવા લાગશે. ત્યારે તેઓ લગભગ ૯ - વર્ષો માટે રહેશે ! એ જાણવું રસભર્યું રહેશે. હું કોઈ એવા હદીસના સંપર્કમાં આવ્યો છું તેનો તે ઉલ્લેખ કરે છે કે (તેમનાં ઉત્થાન પછી) હજરત મહદી (૯ ને બદલે ૭ કે ૮ વર્ષ) માટે વિશ્વ પર સત્તા ચલાવશે.

આપણાં મહદીનું પહોળું કપાળ, તરી આવે એવું નાક હશે. પૃથ્વી જેમ કે હમણાં અન્યાય અને નિરંકુશતા ને અરાજકતાથી ભરેલ છે તેમાં તેઓ ન્યાય સ્થાપિત કરશે. તેઓ ૭ વર્ષો સુધી સત્તા ચલાવશે.

- બિહાર – ઉલ - અનવર ખંડ ૧૩, ભાગ ૧ અંગ્રેજી ભાષાંતર પાના નં. ૧૪૩

(....) તેમની સત્તા ૭ વર્ષ કે ૮ વર્ષ કદાચ કે કદાચ ૯ વર્ષ સુધી રહેશે.

- બિહાર – ઉલ - અનવર ખંડ ૧૩, ભાગ ૨, અંગ્રેજી ભાષાંતર પાના નં. ૯૧

(મહદી) પૃથ્વીને સમાનતા ને ન્યાયપૂર્ણતાથી ભરી દેશે, કારણ કે એ અન્યાય ને અત્યાચારથી ભરાઈ જશે. સ્વર્ગ અને પૃથ્વીના રહેવાસીઓ તેમનાથી ખુશ થઈ જશે. સ્વર્ગ પોતાનું સદ્.ભાગ્ય નહીં છોડે બલ્કે ભરપૂર માત્રામાં ઉદારતા બતાવી, આશિષો આપી સદ્.ભાવથી નીચે (મહદીને !) ઉતારશે. પૃથ્વી તે સદ્.ભાગ્યને વ્હેંચવામાં એક છોડને ય નહીં છોડશે (અર્થાત્  પૃથ્વી પર બધે જ લીલાલ્હેર હશે !) આ એટલું બધું ભરપૂર હશે કે જીવતા લોકો, મૃતકોનું ય સન્માન કરશે. તેઓનો આ કાળ ૭, ૮, કે ૯ વર્ષ રહેશે.

- બિહાર – ઉલ - અનવર ખંડ ૧૩, ભાગ ૨, અંગ્રેજી ભાષાંતર પાના નં. ૯૧

સ્વામીના પુનઃ આગમન વિષે નાડી ગ્રંથોની આગાહી, સાથે આ આગાહીઓને ગજબનું સામ્ય છે.

૮૮ ની ઉંમરે વિશ્વનાં લોકો શંકા, કલંક કે દોષ સિવાય તેમને સ્વીકારી લેશે. તેઓ ૭ વર્ષ રહેશે.

(ગોરખ નાડીગ્રંથ પાઠનો દિવસ ૧૪ જૂન, ૨૦૧૧)

- સેક્રેડ નાડી રીડીંગ્સ શ્રી વસંતા સાંઈ (પાન નં.૨૬)

તેઓ ફરીથી પાછા આવશે અને વધુ ૭ વર્ષો રહેશે! આ સાત વર્ષોમાં પૃથ્વી પર અનેક જાતનાં પરિવર્તનો (બદલાવ) આવશે.

(બોગર નાડી ગ્રંથ પાઠનો દિવસ ૨૫ મે, ૨૦૧૧)

- સેક્રેડ નાડી રીડીંગ્સ શ્રી વસંતા સાંઈ - (પાના નં. નં.૧૮)

અનેક ક્રિશ્ચ્યનો  પણ માને છે કે આનંદ અને સુખનાં ૭ વર્ષોનો સમયગાળો હશે. જેને અવારનવાર “ધ રેપૂચર” (પરમાનંદની અવસ્થા) નો સમય કહે છે. (આનંદ, પ્રેમ ને અત્યાનંદમાં વહી જવાની અવસ્થા!) એવું મનાય છે કે ઈસામસીહા (ઈશુ ખ્રિસ્તનો બીજા આગમનનો પ્રારંત આ સમયમાં હશે. તેનાં પછીનાં ૧,૦૦૦ વર્ષો સુધી આખું ય વિશ્વ શાંતિમય થઈ જશે! (આની વિગતવાર વિચારણા “સત્યસાંઈ સુવર્ણયુગનો ઉદય” નામનાં પ્રકરણમાં જુઓ.)

## મહદીનું અદ્રશ્ય થવું :-

એક સાંઈભક્ત તરીકેનાં મારા શરૂઆતનાં દિવસોથી જ, સ્વામી વિષે અનેક પુસ્તકો વાંચતો રહ્યો છું. જેમાં મહદી સંબંધી આગાહીઓ આપેલી છે. તેથી હું હંમેશ દ્રઢતાથી માનતો રહ્યો છું કે આ આગાહીઓ સત્ય સાંઈ અવતારથી સ્પષ્ટ રીતે સંકળાયેલી છે. આ પુસ્તકના લખવાની શરૂઆત કરતા જ મારા મનમાં એક વિચાર આવેલ કે જો આ આગાહીઓ ખરેખર સ્વામી વિષે જ હતી તો પછી એ પુસ્તકોમાં જરૂર સ્વામીના 'જલ્દી' દેહ છોડવા કે 'અદ્રશ્ય' થવા વિષે પણ હશે જ ! મેં પોતે જ આ શોધ કરવી શરૂ કરી દીધી કે જુદા જુદા 'હદીસ' (હડીથ્સ) આ વિષે શું કહે છે ? મેં બિહાર – ઉલ - અનવરમાં કેટલાંક ખંડોનાં અંગ્રેજી ભાષાંતરો પ્રાપ્ત કર્યા અને તેનું વાંચન શરૂ કરી દીધું.

આ ખંડોમાંથી જે કાંઈ મળ્યું તે તો મારું માથું ભમાવી દે તેવું છે. હું માની ન્હોતો શકતો કે હું શું વાંચું છું ! હજરત મહદીના અંર્તધ્યાન થવાના અને તેનાં પરિણામે તેમનું પુનઃ આગમન વિષે હદીસ સ્પષ્ટતાથી વાત કરે છે. હદીસ કહે છે કે મહદી પૃથ્વી પરથી બે વખત અદ્રશ્ય થશે. પહેલી વખત લાંબા સમય સુધી ને બીજી વખત તેમનું સાચે જ અદ્રશ્ય થવું (અથવા મૃત્યુ પામવું !)

હજરત મહદી એક વખત નજરોથી અદ્રશ્ય થઈ જશે.

- બિહાર – ઉલ - અનવર ખંડ-૩, ભાગ-૧, અંગ્રેજી ભાષાંતર પાના નં. - ૧૩૩.

તેઓ બે વખત અદ્રશ્ય કે અંતર્ધ્યાન થશે. પહેલી વખત એટલા લાંબા સમય સુધી કે લોકો કહેશે તેમનું મૃત્યુ થઈ ગયુ છે. બીજા કહેશે તેઓ ચાલ્યા ગયા. ના તો જેઓ તેમને પ્રેમ કરે છે કે ના તો કોઈ બીજા એ જાણી શકશે કે તેઓ ક્યાં છે ? (.........)

-અલ-મુત્તકી અલ-હિન્દી, અલ–બુરહાન - કી સલામત-અલ-મહદી.

યા અલ્લા ! તેઓ (મહદી) વર્ષોને માટે અંતર્ધ્યાન થઈ જશે અને એટલે સુધી કહેવાશે કે એમનું મૃત્યુ થઈ ગયું છે, તેમનો નાશ થઈ ગયો છે કે કોઈ ખીણમાં ચાલ્યા ગયા છે. તેમને માનનાર લોકોની આંખો, તેમનાં પર આંસુ વહેવડાવશે અને તેઓ એવી રીતે પલ્ટાઈ જશે જેમકે સમુદ્રનાં મોજાઓ કોઈ મોટા જહાજને ઉંધુ પાડી દે છે (ન માનનાર માનવા માંડશે !)

- બિહાર-ઉલ-અનવર ખંડ ૧૩, ભાગ-૧ ભાષાંતર, પાના નં. નં.૧૮૦

અનેક લોકોમાં મહદીને માટે 'ક્વઈમ (કે અલક્વઈમ)' નો ઉપયોગ કર્યો છે. એરેબિકમાં જેનો અર્થ છે 'સત્યને માટે ઉઠવું' - ઉન્નતિશીલ. અહીં બે વાતોનું ધ્યાન રાખવું જરૂરી છે. પહેલો શબ્દ તો 'રાઈઝીંગ' ઉઠવું કે 'ઉન્નતિશીલ'. જે સ્પષ્ટ રીતે આરોહણ - ઉંચા ઉઠવાની ક્રિયાનો સંકેત છે. બીજો શબ્દ છે "સત્ય" - જે સ્વામીનું અર્ધું નામ (સ્વામીને નાનપણમાં હંમેશ 'સત્યા' કહેતા !) મૂળ નામ છે. વધુમાં, મહદીના આ અદ્રશ્ય - અંતર્ધ્યાન થવાના સમયને બિહાર-ઉલ-અનવર, ગહનકાળ કે ગ્રહણ ? કાઈ કહે છે. સામાન્ય રીતે 'ગહન' શબ્દનો ઉપગોગ આકાશીય કે સ્વર્ગીય વસ્તુઓ (જેમકે ગ્રહો)નો કોઈ બીજા ગ્રહ પાછળ છૂપાઈને થોડીવાર માટે 'અદ્રશ્ય' થઈ જવું ! તે માટે આ શબ્દનો ઉપયોગ કરાયેલ છે. આ ગ્રહણકાળ વિષે જુદા જુદા વિદ્વાનોની કેટલીક સમજૂતિઓ મેં જોઈ છે. કેટલાક વિદ્વાનો એમ પણ કહે છે મહદી માનવતાથી સો વર્ષ છૂપાઈ જશે અને "સમય સમાપ્તિ" (કે પ્રલય) હોવાનાં ઠીક પહેલા માનવતાની સામે પ્રકટ થશે. પરંતુ બિહાર-ઉલ-અનવરમાં આપેલ કેટલાક કુલ મળીને શ્લોકો એક જુદું જ ચિત્ર રજૂ કરે છે. બિહાર-ઉલ-અનવરની સૌથી રોચક, રસભરી આગાહીઓમાંની એક આગાહી એ પણ છે કે જ્યારે 'ક્વઈમ ઉભા થશે – ઉઠશે - ત્યારે લોકો ખૂબ જ આશ્ચર્યચકિત બની વિચારશે, આમ કેવી રીતે બની ગયું કારણ કે તેમનાં શરીરનો તો ક્યારનો ય નાશ થઈ ગયો છે ! આ એમ સૂચવે છે મૃત્યુની ક્રિયાથી ક્વઈમનો દેહ અદ્રશ્ય થઈ ગયા સાથે સાથે જ તે 'ગ્રહણકાળ'ની ક્રિયાની શરૂઆત થઈ જશે (આ પ્રકરણમાં હવે બધાં આવનાર શ્લોકો, બીજા જે લીધેલા સિવાય બિહાર-ઉલ-અનવરનો ખંડ ૧૩, ભાગ-૧ ઈંગ્લીશ ભાષાંતરમાંથી લીધેલા છે.)

જ્યારે 'ક્વઈમ' ઉઠશે (ઉભા થશે યા ફરી દેખાશે) તો લોકો કહેશે આવું કેવી રીતે બને? તેમનાં તો હાડકા પણ ઓગળી ગયાં હશે - નાશ થયો હશે. (પાના નં.૧૮૧)

"મેં તેમને પૂછ્યું હે અલ્લાનાં પુત્ર ! (સંદેશવાહકનાં પુત્ર) તમને 'ક્વઈમ' કહીને કેમ બોલાવે છે?

તેઓ બોલ્યા "કારણ કે તેઓ તેમની યાદોથી પણ ઉપર મૃત્યુ પછી આવશે" (....) (પાના નં.૧૯૩)

જોજો ! જુઓ ! તેમનો એક 'ગ્રહણકાળ' હશે જે દરમ્યાન તેમને ન જાણતાં હોય તેવા 'અજ્ઞાની' લોકો ભ્રમિત થઈ જશે અને શંકાશીલ લોકો રદબાતલ થઈ જશે અને કાર્ય કરનાર જૂઠ બોલશે.

મેં કહ્યું : શા માટે તેમને 'પ્રતિક્ષા કરાવનાર' કહ્યા છે? તે બોલ્યા : તેમનો ગ્રહણકાળ હશે ને તેનાં ઘણાં બધાં દિવસો હશે ! અને તે લાંબો સમય (ગ્રહણકાળ) હશે. નિષ્ઠાવાન, પ્રમાણિક લોકો તેમનાં 'ઉત્થાન' ની પ્રતિક્ષા કરશે અને શંકાશીલ લોકો તેમને છોડી દેશે અને નહીં માનનારા તેમનો ઉપહાસ, ઠેકડી કરશે. (પાના નં.૧૯૩)

ઉપર જણાવેલ શ્લોકો સ્પષ્ટ કહે છે કે ગ્રહણકાળ લાંબો હશે અને કેટલાય દિવસો સુધી ચાલશે. પરંતુ શ્લોકોમાં એ વાતનો ઉલ્લેખ નથી, જેમકે કેટલાક વિદ્વાનોએ નિષ્કર્ષ કાઢયો છે કે આ અદ્રશ્ય થવાનો સમય (ગ્રહણકાળ) કોઈ સો એક વર્ષનો હશે ! નહીં તો આટલા લાંબા સમયનો ઉલ્લેખ કરવા માટે શ્લોકોમાં સ્પષ્ટતાથી "વર્ષો" શબ્દનો ઉપયોગ કર્યો જ ન હોત તે સિવાય પણ - મહેરબાની કરી નીચે જણાવેલ શબ્દો પર ધ્યાન આપો. "તેમને ન માનનાર તેમનો ઉપહાસ કરશે." હકીકતમાં કેટલાય તેઓમાં ન માનનારાઓએ ખોટી પડેલ આગાહી (કે ૯૫ વર્ષ જીવશે !) કે સ્વામીએ કહેલા સમય પહેલાં જલ્દી દેહત્યાગ કર્યો તે કહી ઉપહાસ કર્યો જ હતો !

## મહદી ક્યારે પાછા આવશે ?

હજરત મહદીના પાછા આવવાના સ્વામીએ આપેલા દિવ્ય પ્રવચનોમાં વર્ણવાયેલ "સુવર્ણયુગ"ના જેવુ જ, પ્રેમ અને શાંતિના એક નવા યુગના પાછા આવવાની આશા છે. ઈસ્લામિક પુસ્તકોમાં આ દિવસનો ઉલ્લેખ "યામ અલકિયા મહ" કહીને કરાયેલ છે, જેનો એરેબિકમાં મૂળ અર્થ "પુનઃ જીવીત થવાનો દિવસ" છે. એવું વર્ણન આપેલું છે કે ઈશ્વર સિવાય કોઈ નથી જાણતું કે આ દિવસ ક્યારે આવવાનો છે ? હે અલ્લાના સંદેશવાહક ! તમારી

સંતતિમાંથી 'ક્વઈમ' નો ક્યારે ઉદય થશે ? ઉઠશે ? આવશે ? તેઓ બોલ્યાઃ "તેમનું ઉદાહરણ એ જાણ કલાકોનાં ઉદાહરણ જેવું છે." કોઈ બીજું નહીં પણ તેઓ પોતે જ, તેમનાં સમયે, તેનું સર્જન કરી શકે છેઃ સ્વર્ગ અને પૃથ્વી પર આ અત્યંત અદભૂત હશે ! પરંતુ આ તમારા કેવાથી જ નહીં આવે ! અચાનક જ આવશે ! (પાના નં.૧૮૯)

ધર્મગ્રંથો કહે છે કે મહદીનું પુનરાગમન  કોઈ અચાનક જ, અણધારેલા, સમયમાં થશે, જેનો સમય ફક્ત તેમને જ ખબર છે. આ, નવા ટેસ્ટામેન્ટમાં (બાઈબલનો બીજો ખંડ) આપેલ નીચે જણાવેલ શ્લોકો સાથે ખૂબ જ મેળ ખાય છે. જે "સન ઓફ મેન" (માનવપુત્ર કે માનવ અવતાર) ના આવવાનું વર્ણન કરે છે. (માની શકીએ કે ઈસા મસીહાનું ફરીથી આગમન થશે ? )

'તો હવે સાવધાન રહો ! તમે તે દિવસ કે પ્રહર (દિવસનો ભાગ) નથી જાણતાં જ્યારે માનવપુત્ર આવશે.'

- મેથ્યુ ૨૫ઃ૬-૧૩ કે.જે.વી.

પરંતુ તે દિવસ અને તેનાં પ્રહરને કોઈ મનુષ્ય નથી જાણતો એનાં દેવદૂતો પણ નહીં જેઓ સ્વર્ગમાં રહે છે, પુત્ર પણ નહીં પણ પિતા જાણ છે.

- માર્ક ૧૩:૩૨ કે.જે.વી.

શું હજરત મહદી યુવાન (નવા) શરીરમાં પાછા આવશે ?

"ન માની શકાય" - અગમ્ય નાડીગ્રંથ વાળા પ્રકરણમાં નાડી ગ્રંથોમાં સ્વામીના પુનરાગમન વિષે ઉલ્લેખાયેલી આગાહીએ તો આપણે જોઈ ચૂક્યાં છીએ. કેટલાક નાડીપાઠોમાં એ વાતનો ય ઉલ્લેખ છે કે જ્યારે તેઓ પાછા આવશે તો તેઓ યુવાન કે મધ્યવય - આધેડ વય દેહ ધારણ કરશે !

જ્યારે તેઓ બહાર આવશે ત્યારે શાંત હશે. તે પોતાનાં ઉદ્દેશ્ય પૂરા કરવાનાં કાર્યક્રમમા લાગી પડશે. જેવી રીતે પાછલાં ૮૫ વર્ષોથી તેઓ કાર્યો કરી રહ્યા હતા. જો કે તેમનું શરીર યુવાન હશે પરંતુ પરિપકવતા અને અનુભવ ૮૫ વર્ષોનાં હશે ! તેઓ પાછા આવશે ને બીજા ૭ વર્ષો રહેશે !

- બોગર નાડીપાઠ કર્યાનો દિવસ ૨૫ મે ૨૦૧૧ - રેફરન્સ.

"સેક્રેડ રીડીંગ્સ" શ્રી વસંતા સાંઈ પાન નં.૧૮.

બિહાર-ઉલ-અનવરમાં, આવી જ જાતનાં અદ્.ભૂત સંકેતો આપેલ છે. જ્યારે તમારા ક્વઈમ પાછા આવશે ત્યારે કેવાં ચિન્હો હશે ? તેમણે જવાબ આપ્યોઃ તેઓ ઉંમરમાં મોટા હશે, પણ એક યુવાન જેવા હશે ! જે કોઈ તેમને જોશે તે બધાં કહેશે કે તેઓ ૪૦ કે ઓછી (ઉંમરનાં) હશે. દિવસ-રાતનું ચક્ર તેમના અંત સુધી તેમને અસર નહીં કરી શકે.

(ખંડ ૧૩, ભાગ-૨ પાના નં.૧૭૮)

ડૉ. જહોન હિસ્લોપે સ્વામી સાથે પોતાનાં એક ઈન્ટરવ્યુનું વિવરણ પ્રકાશિત કરેલું. આ ઈન્ટરવ્યુ દરમ્યાન સ્વામીએ કહેલુંઃ આ શરીર ૯૬ વર્ષ સુધી જીવીત અને યુવાન રહેશે. ('કન્વરસેશન વીથ સાંઈબાબા', જે.એસ. હિસ્લોપ-બર્થ ડે પબ્લીશીંગ કંપની, સેનડિયાગો, કેલીફોર્નિયા, ૧૯૭૮ પાના નં.-૮૩) (ઉલ્લેખાયેલ ઈન્ટરવ્યુ ફક્ત આ કોપીમાં જ છે.) શ્રી શકુંતલા બાલુનું પુસ્તક “લીવીંગ ડીવીનીટી”માં ('લીવીંગ ડીવીનીટી, શકુંતલા બાલુ, લંડન સો બ્રીજ, ૧૯૮૪ પાના નં. નં.૪૦) તે સ્વામીના વાક્યનો ઉલ્લેખ કરે છે. આ દેહમાં, હું વૃધ્ધ કે બિમાર નહીં હોઈશ જેમકે હું પહેલાના દેહમાં હતો.

શું આ કથન એવો સંકેત કરે છે કે જ્યારે સ્વામી પાછા આવશે ને યુવાન દેખાશે ? બિહાર-ઉલ-અનવરનાં શ્લોકોની ચર્ચા આપણે પહેલા જ કરી ગયા છીએ, જે કહે છે કે પુનરાગમન  પછી મહદી ઓછામાં ઓછા ૭ વર્ષો સુધી રહેશે. હજરત મહદીનું પૃથ્વી પરથી આખરી પ્રયાણમાં વિષેનો એક શ્લોક મને પણ મળ્યો છેઃ (તેમના પુનરાગમન પછી) ૭ વર્ષ સુધી રહેશે અને ત્યારે તેમનું મૃત્યુ થઈ જશે અને મુસ્લીમો તેમને માટે પ્રાર્થના કરશે (પાના નં. ૯૧)

## મહદીનો સુવર્ણયુગ :

મહદીનું આગમન સુવર્ણયુગથી પૂરોગામી હશે ! જે પૃથ્વીને શાંતિ અને ન્યાયથી આવરી લેશે. જેની ભવ્યતાનું કાલક્રમે વર્ણન બિહાર-ઉલ-અનવરમાં આપેલું છે. હે અલ્લા ! તેઓ સંસારમાંથી ત્યાં સુધી નહીં જાય જ્યાં સુધી તેઓ આવીને પૃથ્વી પર સમભાવ અને ન્યાય નહીં ભરી દે !

કારણ કે (પૃથ્વી) આ અન્યાય અને અત્યાચારથી ભરાઈ ગઈ હશે ! (પાના નં.૧૯૭) તમે સદ્.ભાગી હશો જો તમે તેમના સમકાલીન હશો ! જે કોઈ તેમનાં સમકાલીન હશે તે ખૂબ જ  નસીબદાર હશે ! (પાના નં.૧૭૦) અને પૃથ્વી પ્રભુનાં તેજથી પ્રકાશિત થઈ ઝળહળી ઉઠશે, અને તેમનું રાજય પૂર્વમાંધ પશ્ચિમ સુધી ફેલાઈ જશે ! (પાના નં.૧૧૩)

તેઓ તમારા આંતરિક અન્યાયીઓને બહાર કાઢશે. તમારા ભયોને કાઢી તમને અભય બનાવશે અને બેઈમાનીઓને પૃથ્વી પરથી સાફ કરી દેશે. તેઓ સમભાવ ને સમાનતાથી કામ કરશે અને તમારી વચ્ચે ન્યાયને નિષ્પક્ષ ત્રાજવાથી સ્થાપશે. તમારા મૃત આત્માઓ પણ ફરીથી જલદી, પૃથ્વી પર એકવાર ઈચ્છશે ને ફરીથી જીવન જીવે ! આમ થવાનું છે ! અલ્લાને માટે, તમે હજી સ્વપ્નમાં છો ? કારણ કે તમારી જીભને કાબુમાં રાખો અને પોતાની રોજી-રોટીમાં લાગ્યાં રહો. નહીં તો હલકટતા તમારામાં આવશે. જો તમે રાહ જોશો તો તમને ઈનામ મળશે / બદલો મળશે અને તમે ચાહો તો તેઓ તમારી પીડાઓનો બદલો લેવાવાળા છે અને તમારા અધિકારોના રક્ષક છે ! હું અલ્લાનાં સાચા સોગન ખાઈને કહું છું કે હકીકતમાં અલ્લા પણ તે લોકોની સાથે છે જેઓ પવિત્ર છે અને સારા કાર્યો કરે છે (પાના નં.૧૫૫-૧૫૬)

તે સમયે પૃથ્વી પોતાનો ખજાનો - સમૃદ્ધિ પ્રકટ કરશે અને આશિષો વર્ષાવશે. એવું કોઈ સ્થળ નહીં બચે કે જ્યાં મનુષ્ય દાન આપી શકશે, કે ઉદારતા દર્શાવી શકે ! કારણ કે બધાં જ આસ્તિકો, માનનારા સમૃદ્ધિથી ઓતપ્રોત થયેલાં હશે ! (ભાગ-૨, પાના નં.-૨૩૩)

આ શ્લોક આગાહી કરાયેલ સુવર્ણયુગની સુંદરતાનું વર્ણન કરે છે. વર્તમાન સમયમાં વિશ્વની હાલત જોતાં આ અસાધારણ બનાવ અશક્ય લાગે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે સ્વામી બધાં જ દિવ્ય સિધ્ધાંતોનાં મૂળ સ્ત્રોત છે અને મહદી કે મસીહા જે પણ પરાભૌતિક આગાહીઓમાં સાચા પડે છે તેમણે વચન આપ્યું છે કે સુવર્ણ યુગ જરૂર આવશે. જ્યારે એવું બનશે ત્યારે તેની સુંદરતા બધાં સ્વપ્નો અને બધી કલ્પનાઓથી ય ઉપર હશે.

“હવે સમય આવી રહ્યો છે કે જ્યારે સંપૂર્ણ માનવતા સંપ – સામંજસ્ય ને સંવાદિતાથી રહેશે. આ સમય ધાર્યા કરતાં ય વ્હેલો આવશે. જેની કોઈ કલ્પના ય કરી શકે ! (.....) આ બધું બૌદ્ધિક ક્ષમતાથી ય ઉપર હશે ! હું કહી શકું છું કે તેની સુંદરતા બધી કલ્પનાઓથી ને સ્વપ્નોથી ય વધુ શાનદાર હશે !

- શ્રી સત્ય સાંઈ બાલવિકાસ ભાગ-૧૫, ક્રમ-૯, સપ્ટેમ્બર ૧૯૯૬

## હજરત મહદી પાછા આવશે ?

(.....) કારણ કે (......) તેમણે પૃથ્વી પર ન્યાય અને સમાનતા પરિપૂર્ણ નથી કર્યા, જે રીતે વૃતાંતમાં આગાહી કરેલી હતી. એટલે, તેમના સમયનાં અંત ભાગમાં આમ બનશે. આ બધાં કારણો જાહેર નિયતિનાં કાર્યોને સંપૂર્ણ કરવા માટે ભેગાં કરાયેલાં છે. (પાના નં. નં.૧૪૧)

ઉપરનો શ્લોક આ પુસ્તકના સંબંધે અત્યંત મહત્વપૂર્ણ છે એમ કહે છે કે કેમ મહદીએ પૃથ્વીને શાંતિ અને સમાનતાથી પરિપૂર્ણ કરવા સંબંધી પોતાનાં નિયત કરેલ ઉદ્દેશોની પૂર્તિ હજી સુધી નથી કરી. તે માટે તે પૂર્ણ કરવા તેમનું પુનરાગમન નિર્ધારિત છે. નિશ્ચિત છે. આ પૂર્ણપણે તે ઉદ્દેશ્યથી સંવાદિત બતાવે છે. જે બિંદુ પર આ પુસ્તક કેન્દ્રિત છે. કારણ કે એવી ઘણી વાતો સ્વામીએ કહી છે, તે હજી બનવાની બાકી છે અને ધર્મગ્રંથોએ જે અનેક આગાહીઓ કરેલી છે, તેનું પૂર્ણ થવું પણ બાકી છે. એટલે, તેઓ નક્કી જ પાછા આવશે !

(.....) હું એવી રીતે પૃથ્વીવાસીઓની સુરક્ષા માટે છું જેવી રીતે તારા સ્વર્ગનાં નિવાસીઓની સુરક્ષા માટે છે... તેમના જલ્દી પાછા આવવા માટે વધુ પ્રાર્થના કરો, કારણ કે એમાં સફળતા છે. (પાના નં. નં.૪૯૮ મું)

# પ્રકરણ-૮ :

## આકાશમાં એક દિવ્ય દર્શન ?

વિશ્વનાં અનેક ધર્મગ્રંથો એક એવા બનાવની આગાહી કરે છે જે પ્રભુના પૃથ્વી પર અવતરણ કરનાર છે તેમ જાહેર કરે છે. એ બધામાંથી વધુ લોકપ્રિય, લોકચર્ચિત આગાહી પવિત્ર બાઈબલના ન્યૂ ટેસ્ટામેન્ટની “માનવ પુત્રના આગમનની” છે. પવિત્ર બાઈબલમાં થોડા એવા શ્લોકો છે (સામ Psalms) જે ખૂબ જ અનપેક્ષિત સમયમાં પ્રભુના આકાશમાં પ્રકટ થવા વિષે વાત કરે છે, આ રીતે માનવતાને આધ્યાત્મિક રીતે સમર્પણ માટે મંત્રમુગ્ધ કરી દે છે.

અને... તે સમયે માનવપુત્રના આગમનનો સંકેત આકાશમાં પ્રકટ થશે : અને ત્યારે પૃથ્વીની બધી જ જાતિઓનાં લોકો શોક કરશે અને ત્યારે તેઓ માનવપુત્રને શક્તિ અને મહિમા-ગુણગાન સહિત આકાશના વાદળોમાં આવતા જોશે અને તેઓ પોતાનાં દેવદૂતોને ઢોલ-નગારા શરણાઇ (બ્યુગલ) ના તીવ્ર ઉંચા સ્વરો સાથે મોકલશે અને તે (દેવદૂતો) ચારેય દિશાઓમાંથી સ્વર્ગના એક છેડેથી બીજા છેડા સુધી તેમણે પસંદ કરેલ લોકોને એક સાથે ભેગા કરશે.

- મેથ્યુ ૨૪:૩૦-૩૧ કે.જે.વી.

પ્રભુ પોતે એકદમ મોટા અવાજે પૃથ્વી પર ઉતરશે દેવદૂતોનાં (આર્સ એન્જલ) ચિચિયારી અવાજની સાથે અને ઇશ્વરની શરણાઇ - બ્યુગલ સાથે (.....)

- ૧ થિસ્સલેનિઅન્સ ૪:૧૬-૧૭ કે.જે.વી.

પવિત્ર બાઇબલનો ઉપર જણાવેલ શ્લોક માનવતાને એક એવા આકાશીય (સ્વર્ગીય) દિવ્યદર્શનના બનાવ બનનારનો ઉલ્લેખ કરે છે કે માનવતા ઈશ્વરના આગમનને ”માનવના પુત્ર”ના આગમનના રૂપમાં પોકારશે. અનેક લોકો તેમને ઈસામસીહના દ્વિતીય આગમનના રૂપે જોશે. જોકે સ્વામીના પ્રમાણે, ઈસા મસીહાએ ક્યારેય પણ તેમના પોતાના પુનરાગમનનો ઉલ્લેખ નથી કર્યો, આ બાબાનું આગમન હતું જેનો જીસસ હંમેશા ઉલ્લેખ કરતા હતા.

(.....) ઈસા મસીહા / ક્રાઈસ્ટનું કથન ખૂબ જ સરળ છે. “તેઓ જેમણે મને તમારી વચ્ચે મોકલ્યો છે, ફરી પાછા આવશે અને તેમણે એક ઘેટા જે માત્ર પ્રતીક છે તેના તરફ ઈશારો કર્યો છે. તે હતો બા...બાના અવાજ માટે જાણી શકાય છે. આ બાબાનાં અવતારની

ઘોષણા હતી. (.....) ઈશુ ક્રાઈસ્ટે એમ નથી કહ્યું કે તેઓ પોતે આવશે. તેમણે કહ્યું છે કે, "જેમણે મને બનાવ્યો છે તે ફરીથી આવશે." એ બા....બા આ સત્યબાબા છે. (.....)

- શ્રી સત્યસાંઈસ્પીકસ ભાગ-૧૧, પ્રકરણ-૫૪

શું તેનો અર્થ એવો છે કે પવિત્ર બાઈબલમાં જણાવેલ માનવપુત્રનુ બીજું આગમન થશે ને સંકેત કરે છે ? શું સત્ય સાંઈ સ્વરૂપના દર્શન વિશ્વ આખું જલ્દી જ સાક્ષી બની શકશે ? જુઓ ! તે વાદળોની સાથે આવી રહ્યા છે અને દરેક આંખ તેમને જોશે, અને તે પણ જેમને લોકોએ કષ્ટ આપેલું હતું, અને તેને કારણે પૃથ્વીના બધાં જ લોકો વિલાપ કરશે તો ય તથાસ્તુ ! (આમેન !)

- રીવેલેશન ૧:૭ કે.જે.વી.

બાઈબલ કહે છે કે તે દિવ્યદર્શનનાં સમયે દરેક આંખ જોઈ શકશે, જે કોઈ વૈશ્વિકસ્તરના બનાવની તરફ સંકેત કરે છે. "સેક્રેડ નાડી રીડીંગ્સ" પુસ્તકમાં સ્વામીના પુનરાગમનને વિષે અગસ્ત્ય નાડીમાં ઉતારાયેલ આગાહી ખૂબ જ રોચક, રસપૂર્ણ છે.

(.........) પ્રભુ તેમના વર્તમાન સ્વરૂપમાં પોતાનું એક દિવ્ય દર્શન આપશે. આ તેમના વાસ્તવિક દેહનું સાચું સ્વરૂપ હશે. આ અનેક લોકોને જોવા મળશે જે અત્યંત વિસ્મય, કૌતુક અને ઉત્સુકતાથી ભરાઈ જશે. (.....) ભગવાન શિવ હવે કહે છે કે આ "દર્શન ફક્ત ભારતમાં જ નહીં સારા ય વિશ્વમાં દેખાશે. આ એક જ સ્વરૂપ હશે, પણ સ્થળો જુદા જુદા હશે ! અનેક લોકો આશ્ચર્ય પામશે અને એવો દાવો કરશે કે તેમને અહીં જોયા, ત્યાં જોયા ! હકીકતમાં, એક જ સમયે, જુદા જુદા સ્થળોએ ઘણાં લોકો તેમને જાઈ શકશે.

- "સેક્રેડ નાડી રીડીંગ્સ" શ્રી વસંતા સાંઈ પાના નં.-૧૮

અગસ્ત્ય નાડીનો ગ્રંથપાઠ ઉપર વર્ણવેલ બાઈબલની આગાહીની સાથેનો નિશ્ચિત રીતે પડઘો પાડે છે. બાઈબલ એમ પણ કહે છે કે "બીજું આગમન" કોઈ નિશ્ચિત સમય પર નહીં થાય ! જેને કોઈપણ મનુષ્ય જાણી શકતા નથી.

એટલે તમે તૈયાર રહો : કારણ કે તમે તે વિષે આશા પણ નહીં રાખી હોય અને "મનુષ્ય પુત્ર" આવી જશે.

મેથ્યુ ૨૪:૪૪ કે.જે.વી.

પરંતુ તે દિવસ અને ઘડી / કલાકને કોઇ મનુષ્ય જાણતો નથી, ને તે દેવદૂતો પણ નહીં જે બધાં સ્વર્ગમાં છે અને પુત્ર પણ ! માત્ર પરમ પિતા જાણે છે.

- માર્ક ૧૩:૩૨ કે.જે.વી.

"બિહાર – ઉલ - અનવર"માં મહદી કે "ક્વઈમ"ના આવવા વિષે બાઈબલમાં "માનવપુત્ર"ના આવવાને વિષેની સરખામણીની ચર્ચા કરી ચૂક્યાં છીએ. "બિહાર-ઉલ-અનવર" એમ પણ કહે છે કે જ્યારે તેમના "અદ્રશ્ય" થયા પછી ક્વઈમ ઉઠશે (અવતરણ), તો આ કોઈ અણધારી પળે જ આવશે ! બિહાર-ઉલ-અનવરમાં (પુનરાગમન વિષે) કેટલાક શ્લોકો છે જે બધાં બાઈબલનાં શ્લોકો સાથે મળતાં આવે છેઃ

જુઓ ! અલ્લાના સમ, તમારા મહદી તમારી વચ્ચેથી અદ્રશ્ય થઈ જશે ! (.....) તે પછી તેઓ ઝળહળતા મીટીયર, ઉલ્કાની જેમ આવશે ! તેઓ પૃથ્વી પર ન્યાય ને સમાનતાથી ભરી દેશે કારણ કે તે (પૃથ્વી) અન્યાય અને અત્યાચારથી ભરેલી હશે !

- બિહાર-ઉલ-અનવર, ખંડ-૧૩, ભાગ-૧.

ઈંગ્લીશ ભાષાંતર પાના નં. નં.૧૭૮

હવે આપણે તેની બાઈબલના શ્લોકોની સાથે સરખામણી કરીએ : જે એમ વાત કરે છે માનવપુત્ર વાદળોમાંથી આવવા વિષે જે પૂર્વથી પશ્ચિમ સુધી ચમકવાવાળી તે આકાશની વિજળી બરાબર છે : જેમ કે વિજળી પૂર્વમાંથી આવે છે અને છેક પશ્ચિમ સુધી ચમકે છે, તે જ રીતે માનવ પુત્ર પણ પ્રકટ થશે.

- મેથ્યુ ૨૪ : ૨૭ કે.જે.વી.

ત્યારે માનવપુત્રને મહાશક્તિ અને મહિમા - ગુણગાનની સાથે વાદળોમાં પ્રકટ થતા લોકો જોશે.

- માર્ક ૧૩ : ૨૬ કે.જે.વી.

નવું ટેસ્ટામેન્ટ અને બિહાર-ઉલ-અનવરના આ શ્લોકો મારા આ વિશ્વાસને વધુ દ્રઢ બનાવે છે કે જુદા જુદા સ્થળો પર આખુંય વિશ્વ સત્ય સાંઈ સ્વરૂપનું આકાશીય દિવ્યદર્શન કરી શકે છે. "તેમના જલ્દી પાછા આવવા માટેનો સંકેત" નામના પ્રકરણમાંથી વાચકોને યાદ હશે કે અનેક સ્થાનોએ, એક જ સાથે સ્વામીના દર્શન આપવાના સ્વપ્ન ઘણાંય ભક્તોએ જોયાં છે અને આખા ય વિશ્વભરમાંથી લોકોએ સ્વામીને જોયા છે, હોવાનો દાવો કર્યો છે. આ પ્રકરણમાં સીમા દિવાનને સ્વામીના સંદેશાઓ વિષે પણ ચર્ચા કરી છે. "હું ક્યાંય નથી ગયો" નાં સંદેશને "આકાશમાં દિવ્ય દર્શન"ના સંબંધમાં ઉપરોત આગાહીઓનાં પ્રકાશમાં હું પુનઃ કસોટી પર કસવા માંગુ છું. (ફક્ત સારાંશ જ આપેલ છે.)

"(.....) પવિત્ર મનવાળાં, ભક્તિમય હૃદય અને પ્રેમમય હૃદય મને વખતોવખત પુકારશે. પોતાની પવિત્રતાની શક્તિથી જ મને એક વખત સંસારમાં દ્રશ્યમાન કરી દેશે અને પછી એકવાર ફરીથી મારા ભરેલા હાથો સાથે આવીશ. તમારે મારા શબ્દો પર વિશ્વાસ કરવો પડશે, કારણ કે હું જે કાંઈ કહું છું તે નક્કામું નથી જતું. હું જે કાંઈ કહું છું તે સત્ય બની જાય છે. મને હંમેશા યાદ રાખો, જાણ રહે કે હું તમારા ય પહેલાંથી છું, પોતાની લાગણીઓથી મુક્ત રહો અને મારા પાછા આવવા માટે રાહ જૂઓ !"

સ્વામી કહે છે કે તેઓ ફરી વિશ્વમાટે "દ્રશ્યમાન દેખા દેશે", "દ્રશ્ય" શબ્દ સાથે, "દ્રશ્યમાન"ને સંબંધ છે. સ્વામી શું એવા કોઈ ગરિમામય ગૌરવમય દર્શનની વાત કરી રહ્યા હતા. જેનું સાક્ષી આખું ય વિશ્વ બનવાનું છે ? શું આકાશમાં તેમના અદ્.ભૂત દિવ્યદર્શનની સાથે તેમના પુનરાગમનનો દિવસ તે જ છે જેને સ્વામીએ "જાગૃતિ દિવસ" (ડે ઓફ અવેકનીંગ !) હશે તેમ કહેલું ?

"જાગૃતિ-દિવસ" બહુ દૂર નથી અને જ્યારે તે આવશે ત્યારે વિશ્વની સાચી શક્તિનું રહસ્ય ખૂલશે, વિશ્વની સર્વવ્યાપકતાનું પ્રકટીકરણ !

- શ્રી સત્યસાંઈ બાબા એન્ડ ધ ફયુચર ઓફ મેનકાઈન્ડ,
સત્યપાલરુહેલા પાન નં.-૨૨૩

## વિશ્વરુપદર્શનમ બંધ રાખ્યુ :-

હું કોઈપણ એવો શબ્દ નથી કહેતો જેનો કોઈ અર્થ ન હોય ! અથવા એવું કોઈ કાર્ય નથી કરતો જે કલ્યાણકારી પરિણામ વગરનું હોય !

- ધ લાઈફ ઓફ શ્રી સત્યસાંઈ બાબા, એન.કસ્તુરી પેન-૧૯૬

ગુરૂવાર ૪થી ઓક્ટોબર ૨૦૦૭ ને દિને (સ્વામીના સૂચનથી) પ્રશાંતિ નિલયમમાં એમ જાહેર કરાયું કે સ્વામી પુટ્ટપર્તીની ઉત્તર-પૂર્વ દિશાના અગ્નિ ખૂણાએ સાંજે લગભગ ૭ વાગ્યે, "વિશ્વરૂપદર્શન" આપશે. જેવું આ જાહેર કરાયું કે સ્વામીનું નામ જપતાં જપતાં બધાં ભક્તો એરપોર્ટ બાજુ દોડવા માંડ્યા. ટેલિવીઝન ચેનલે પણ આ સમાચાર પ્રસારિત કરી દીધા અને પુટ્ટપર્તીનાં લોકો ઘરોમાં તાળાં મારીને એરપોર્ટ બાજુએ દોડવા માંડ્યા. આજુબાજુનાં ગામોમાંથી હજારો લોકો પણ એરપોર્ટ બાજુ ભાગવા માંડ્યા. ત્યાં ભેગા થયેલા ભક્તોનું ધ્યાન આકાશના અગ્નિ ખૂણા બાજુએ હતું અને ત્યાં બધે ખૂબ જ ભીડ થઈ ગયેલી. ભક્તિના આવા મોટા જ્વારમાં (જુવાળમાં) લોકોએ સ્વામીની કારને ઘેરી લીધી અને સ્વામી, કારની બહાર

નીકળી ન શક્યા. સત્ય સાંઈ ટ્રસ્ટના સભ્યોએ, લોકોને બેસી જવા ખૂબ સમજાવ્યા પણ ભક્તો ન્હોતા માનતા અને ઉલ્ટાના સ્વામીની કાર પાછળ દોડવા લાગ્યા.

કારની આગળ, વિશ્વરૂપદર્શનમ્ માટે એક નાનું સ્ટેજ બનાવેલું હતું પરંતુ સ્વામી સ્ટેજ સુધી પણ પહોંચી ન શક્યા, (ખૂબ જ ભીડને લીધે !) કારણ કે ભક્તો, તેમને દંડવત પ્રણામ કરતા કાર આગળ પડ્યા હતા. એક કલાક સુધી તેઓ કારમાં બેસી રહેવા મજબૂર થયા પછી, થોડા સમય પછી સત્ય સાંઈ ટ્રસ્ટના પદાધિકારીઓએ જાહેર કર્યુ કે ભક્તોનાં અસહકાર અને વાદળોથી ઘેરાયેલા વાતાવરણને કારણે  વિશ્વરૂપદર્શનમ્ બંધ રખાયું છે અને પછી સ્વામી આશ્રમમાં પાછા ચાલી ગયા. ( રેફરન્સ: www.ssso.net )

હવે, આવો અત્યંત અસ્વાભાવિક અને નિરાળા સ્વભાવને કારણે સત્ય સાંઈ અવતારના ઈતિહાસમાં સાચેસાચ જ આ એક અજબનો બનાવ છે. આ બિલકુલ સ્વામી કહે તેનાં જેવું નથી, કે સ્વામી લોકોને દર્શન માટે જાહેર કરે, ને કોઈપણ કારણથી એક વિચિત્ર નાટક દ્વારા તે બનાવને જ બંધ રાખે ! સ્વામી ત્યાં અત્યંત અદ્‌ભૂત દર્શન આપવાના હતા, આ એક જાતનો વિશાળ ચમત્કાર બન્યો હોત ! તો પછી આ નાનો ચમત્કાર દેખાડીને “કે તેઓ કારની બહાર નીકળી ન શક્યા”, આ  તર્કની પરાકાષ્ઠાને ઓળંગી જાય છે પણ અંતે તો આપણે બધાં જાણીએ છીએ જ કે સ્વામી કાંઈપણ કરે કોઈ ચોક્કસ કારણ વિનાનું ન હોય !

સ્વામીએ પહેલાં પણ સ્વર્ગીય-દિવ્ય દર્શન આપેલ છે. જો કે આ ફક્ત થોડા લોકો અથવા તો થોડા નાના ગ્રુપમાં, લોકો સુધી જ સીમીત હતું. આવી જાતનાં એક અદ્‌ભૂત બનાવનું વર્ણન શ્રી વિજયાકુમારીએ "અન્યથા શરણમ નાસ્તિ" પુસ્તકમાં કર્યુ છે. આ પુસ્તકમાં લેખિકા કોઈ અદ્‌ભૂત આકાશીય દર્શનોનું વર્ણન કરે છે, જે સ્વામીએ તેમને અને બીજા થોડાં લોકોને કરાવ્યું હતું:

એક દિવસ અમે સૌ ચિત્રાવતી (નદી) તરફ જઈ રહ્યાં હતાં તો સ્વામી અચાનક અંતર્ધ્યાન થઈ ગયા, જ્યારે અમે તેમને શોધવા માંડ્યા તો અને તાળીઓનો અવાજ સાંભળ્યો, ઉંચે જોયું તો સ્વામી અમને                    સજાગ કરી રહ્યા હતા. "હું તો ટેકરીને ટોચ પર છું !" તે વખતે સાંજના છ વાગ્યા હતા. સૂર્ય પોતે પોતાના કિરણોને ઠંડા કરી પશ્ચિમ બાજુ ઢળી રહ્યો હતો. આકાશ કાળાં વાદળોથી ભરાયેલું હતું. જાણે પોતાને કાળા ધાબળામાં લપેટી ન રહ્યું હોય ! સ્વામી બોલ્યા “તમે બધાં મારી સામે જુઓ !” હું તમને સૂર્ય દેખાડીશ. અમે વિચારતાં જ હતાં કે “સૂર્યાસ્ત થયા પછી સૂર્ય કેવી રીતે પાછો આવશે ?” અમે સ્વામીના માથા પાછળ સૂર્યોદયના

નવા કિરણો આવેલાં જોયાં અને આખું ય આકાશ ભૂરા રંગનાં વાદળોથી છવાઈ ગયું. આ કિરણો એટલાં તો લાલ થતાં ગયાં કે જ્યાં સુધી એટલી ગરમી ફેંકાઈ કે આગ જાણે લાગી ! અમે પરસેવાથી રેબઝેબ થઈ ગયા ! કિરણો સખત ગરમી ફેંકતા હતાં જાણે કે તપતું બપોર !

ગરમી ન સહન કરી શકવાથી અમે સૌએ સ્વામીને જોરથી પ્રાર્થના કરી, "સ્વામી ! બહુ જ ગરમી છે !" ગરમી થોડી ઓછી થવા માંડી. હજી તો અમે સ્હેજ જ થોભ્યાં ત્યાં સ્વામીનો અવાજ ટેકરીની ટોચ પરથી આવ્યો, "હું તમને ચંદ્ર બતાવું છું." અમે સ્વામીના માથા પાછળથી, મધ જેવા રંગનાં ચંદ્રના અધખૂલ્લાં કિરણો દેખાયાં, જલ્દી જ તે સફેદ થઈ ગયા. ધોળાં ને વધુ ધોળાં થવા માંડ્યા, બસ ! વાત એટલી જ. અમે તો ઠંડીથી કાંપવા માંડ્યાં. અમારાં શરીર અક્કડ થઈ ગયા અને અમારા દાંતની ડાકલીઓ વાગે તેવી ઠંડી થઈ ગયેલ. "સ્વામી બહુ જ ઠંડી છે, બહુ જ ઠંડી છે ! સ્વામી" અને આ રીતે અમે તેમને આજીજી કરી રહ્યા હતા, ને ઠંડી ધીમે ધીમે ઓછી થવા માંડી.

એ સમયે અમે વિચારતાં જ હતાં કે સ્વામી હવે વધુ કયો ચમત્કાર દેખાડશે ! તેમણે જાહેર કર્યું કે "હું તમને ત્રીજી આંખ બતાવીશ. તમે બરાબર ધ્યાનપૂર્વક ને કાળજીથી, બારીકાઈથી જોજો" અમે ઉત્સુક હતાં. ત્રીજી આંખ ? એ કેવી રીતે જૂએ ? સ્વામીનું શરીર જોઈ શકાતું ન્હોતું, પરંતુ તેમનું માથું ખૂબ જ મોટું (ભવ્ય) જાણે તે આખાંય આકાશમાં ફેલાઈ ગયું હોય ! એકદમ ચકિત થઈ, ને અત્યંત ગભરાટભર્યા મનમાં, અમે આકાશ તરફ તાકી રહ્યા હતાં. સ્વામીના કપાળે, બે ભ્રમરોની વચ્ચે એક મોટું કાણું ઉત્પન્ન થયું અગ્નિથી ભર્યું તે કાણાંમાંથી (ખૂલ્લામાંથી) તીવ્ર તણખાઓ ઝરવા લાગ્યા. અમારી આંખો તેના સખત તેજથી અંજાઈ ગઈ. અમે ભયભીત થઈ ગયા. અમારા પોતાને માટેના ડર કરતા અમને સ્વામીની ચિંતા હતી કે તેમને શું થતું હશે ? મોટી આગનાં તણખા તો નીકળતા જ જતા હતા. જ્યારે અમે પાછળ ફરીને જોયું તો અમને ખબર પડી કે ઘણાં લોકો બેભાન થઈ ગયા હતા. અમને ખબર ન્હોતી પડતી કે તેઓ કેમ નીચે પડી બેભાન થઈ ગયેલા ? આથી તો અમે વધુ ગભરાઈ ગયાં હતાં. ઉપર જોયું તો સ્વામી ક્યાંય દેખાતા ન્હોતા. તેમના ખોવાઈ જવાની લાગણીથી અને બીજું કાંઈ ન સૂઝવાથી અમે રડવાનું શરૂ કરી દીધું. અચાનક અમે, સ્વામીને અમારી વચ્ચે ઉભેલા જોયા.

"શું થયું ? અમારા ખભા થાબડીને તેમણે અમને પૂછ્યું કે તમે કેમ રડી રહ્યા છો ? આ બાળકો બેભાન કેમ થઈ ગયા છે ? તે પ્રશ્નનો અમારે શું જવાબ આપવો તે ન જાણતાં, તેમને વળગી ગયાં ને રડતાં રહ્યા....

(.....) જે લોકો બેભાન થઈ ગયાં હતાં તેઓ એક પછી એક હાલવાની શરૂઆત કરવા લાગ્યા. આ એક વિચિત્ર અનુભવ હતો. અમને (ચક્કર આવે તેમ) અને જાણે અમે હવામાં તરી રહ્યા છીએ. જેમકે એક અવર્ણનીય આનંદ પોતાના આખાંય અસ્તિત્વમાં વ્યાપી રહ્યો હોય ! (.....)

સાંજે અમે બરાબર ગાઈ પણ ન્હોતાં શક્યા. અમને ચકકર આવતાં હતાં. તે આખી સાંજ એવી જ સ્થિતિમાં પસાર થઈ. જ્યારે બીજે દિવસે ય અમે એ જ સ્થિતિમાં રહ્યાં તો તે વિષે અમે સ્વામીને કહ્યું. તેમણે હસીને કહ્યું કે, "પહેલાનાં જન્મોથી તમે લોકો આ ત્રીજી આંખની ઝાંખી - ઝલક જોવા ઈચ્છતા હતાં. તમારી પ્રાર્થનાઓનાં જવાબમાં આજે મેં તેનાં દર્શન કરાવ્યા છે. પરંતુ તમને આ તેજનો હજારમો ભાગે ય મેં તમને બતાવ્યો નથી અને તમે તે ય સહન ન કરી શક્યા. તમારી હાલની સ્થિતિ (ચક્કર આવવા, બેભાન થઈ જવું વગેરે) તે ભવ્ય દ્રશ્યનું પરિણામ છે. "આ રહસ્ય જાણી, અભિભૂત થઈ અમે બધાં ભાંગી પડ્યાં ને રડવા લાગ્યાં, અમે તેમના ચરણકમળોને અમારાં આંસુઓથી ધોયાં ! (.....)

- અન્યથા શરણમ નાસ્તિ - વિજયાકુમારી પેજ ૫૮-૬૧.

ઉપર જણાવેલ વૃતાંતમાં, સ્વામી ભક્તોને કહે છે કે તેમણે પોતાનાં તેજનો હજારમો ભાગ પણ નથી બતાવ્યો અને તો પણ ભક્તો તે દિવ્ય દર્શનને સહન ન કરી શક્યાં અને બેભાન થઈ ગયેલા ! સ્વામીનું તેજ બધી જ કલ્પનાઓથી ઉપર છે. આવાં જ કારણોસર ઉપર વર્ણવેલ વિશ્વરૂપદર્શનમનો ઉદ્.ઘોષ અને તે પછી તેને બતાવવાનું "બંધ" કર્યું ને મુલત્વી રાખ્યું તે વધારે ગૂઢ બનાવી દીધું. સ્વામીના કાર્યોને સાચી હકીકતમાં તો કોઈ ન સમજી શકે, પરંતુ એવી થોડી વાતો છે કે અવતાર વિષે આપણે જાણીએ છીએ, કે તેઓ કોઈપણ કાર્ય અકારણ નથી કરતા. તેઓ જે કોઈ કાર્ય કરે છે તે માનવતાની ભલાઈ ને કલ્યાણ ને લાભ માટે જ કરે છે. સ્વામી કોઈપણ જાતનાં બંધનથી મુક્ત છે. આવા "જાણીતા" માપદંડના ઉપયોગથી, તેનાં ગુણોથી આપણે સ્વામીના કોઈક (થોડાં) કાર્યોને સમજવાની આશા રાખી શકીએ છીએ. જો સ્વામી કહે છે કે કશું કરશે તો અવશ્ય તેઓ કરશે જ, ચાહે આપણે માટે એની કલ્પના ય કરવી મુશ્કેલ છે કે ક્યારે અને કેવી રીતે થશે ! આથી જ સ્વામી કહે છે કે : "ધીરજ રાખો, સમય આવતાં, તમને બધું જ આપી શકાશે. (સનાતન સારથિ ઓક્ટોબર ૧૯૯૬, છેલ્લું કવર પેજ) આ જ કારણથી એક સાંઈ ભક્ત જેઓ વિશ્વદર્શનમ" વખતે (બનાવ સમયે) હાજર હતા, તેમણે મને કહ્યું કે તેમને વિશ્વાસ છે કે પૂરા નાટકનું ભજવવું ભવિષ્યમાં થનાર દિવ્ય દર્શનનાં સંકેતની

રીતનું છે. આથી આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે (સ્વામીના માર્ગદર્શનમાં કાર્યરત) શ્રી સત્ય સાંઈ ટ્રસ્ટે "વિશ્વદર્શનમ"નાં મુલત્વી રાખવાનું જાહેર કરેલું નહીં કે બંધ કરવાનું ! (તે પણ સ્વામીના કહેવાથી જ.)

## શાંતિ પહેલાંનું તોફાન :-

"સેક્રેડ નાડી રીડીંગ્સ"માં અગસ્ત્ય નાડીની એક વિચિત્ર આગાહી ઉલ્લેખેલી છે. જેમાં વિશ્વનાં દિવ્ય દર્શન પહેલાં એક મોટા તોફાન આવવાની આગાહી કરે છે.

વિશ્વનાં આગમન પહેલાં એક તોફાન મોટી ગર્જના સાથે આવશે. તે ખૂબ જ ડરાવનારૂં હશે ! પરંતુ તે એકાએક, અચાનક રોકાઈ જશે અને વિશ્વનું દિવ્ય દર્શન થશે ! આ દિવસ પછી મહાન ચમત્કારો બનવાનું વધી જશે...

"સેક્રેડ નાડી રીડીંગ્સ" વસંતા સાંઈ પેજ-૨૧-૨૨

પોતાનાં પુસ્તક "સાંઈ મેસેજીઝ ફોર યુ એન્ડ મી", લ્યુકાસ રેલી એક તોફાન વિષે સ્વામીના સંદેશાનો ઉલ્લેખ કરે છે. (તે કદાચ રૂપક પણ હોઈ શકે !) જેનાં પછી એક સંપૂર્ણપણે નવું વાતાવરણ હશે જે સારા ય વિશ્વમાં શાંતિ લાવશે. આ તોફાન પછી એક નવી શરૂઆત થશે અને એકદમ નવું વાતાવરણ હશે. યુધ્ધ, લડાઈઓ, તિરસ્કાર, ધૃણા, ઈર્ષા, લાલચ અને જીવનનાં બધાં જ ક્ષેત્રોમાંથી નકારાત્મક પાસાંઓ મીટાવી આ એક નવા યુગનું નવનિર્માણ, સમાનતા, પ્રેમ, સંવાદિતા અને સહકારનો યુગ આવશે.

- સાંઈ મેસેજીઝ ફોર યુએન્ડ મી. ભાગ-૧, લ્યુકાસ રેલી ૧૯૮૫

જ્યારે આપણે તાર્કિક (બૌદ્ધિક) રીતે વિશ્લેષણ કરીએ છીએ તો જાણીએ છીએ વિશ્વનું આગમન કોઈ એક એવી ક્ષણે થશે. કોઈ આપત્તિ કે કુદરતી દુર્ઘટનાથી માનવતાની રક્ષા માટે તેમની તાતી (ખૂબ જ) જરૂરત પડશે. બીજા શબ્દોમાં, સ્વામીનું પુનરાગમન કે દિવ્યદર્શન કોઈ એવા બનાવ પછી જ થશે ! "ઈનક્રેડીબલ નાડીગ્રંથ" નામના પ્રકરણમાં આપણે જોયું કે- નાસ્ટ્રેડેમસ શ્લોક કોઈ આવી જ કુદરતી ઘટના બનશેનો સંકેત કરે છે.

આથી હું માનું છું કે, ચમત્કારિક સમયનાં અનુભવ થતાં પહેલાં એક એવો થોડા સમય આવશે જ્યારે માનવતાને તેની રક્ષા માટે એક સ્વરમાં વિશ્વને પોકારીને બોલાવવા મજબૂર બની શકે છે. પરંતુ ઉપરોક્ત ઉલ્લેખેલી આગાહીથી આપણે માની શકીએ કે કુદરતી

આપત્તિ ભયાનક હશે તોય સર્વોચ્ચ રક્ષક, તારણહાર, આપણાં સર્વપ્રિય દયાળુ વિશ્વ સાંઈનાં હસ્તક્ષેપ (ઈન્ટરવેન્શન)થી એકાએક રોકાઈ જશે !

## <u>આકાશનાં એક છેડેથી બીજા છેડે ચાલવું :</u>

સ્વામીએ એક વખત તેમના નજીકનાં ભક્તોને કહેલું કે એક એવો સમય આવશે જ્યારે તેઓ આકાશનાં એક છેડેથી બીજા છેડા સુધી ચાલશે અને ત્યારે લોકો તેમનો મહિમા-મહત્તા જાણી શકશે. તેમણે આવો ઉલ્લેખ એક દિવ્ય પ્રવચનમાં ય કરેલો છે.

"મારે આકાશનાં એક છેડાથી બીજા છેડા સુધી ભ્રમણ કરવું પડશે, હા, આ પણ બનશે. મારૂં માનો, હા એવું પણ બનશે. વિશ્વાસકરો."

- શ્રી સત્ય સાંઈ સ્પીકસ વોલ્યુમ-૨, પ્રકરણ-૧૮૪.

"જ્યારે હું આકાશમાં એક છેડાથી બીજા છેડા સુધી ભ્રમણ કરીશ ત્યારે તમે મારી મહત્તા જાણી શકશો."

- તપોવનમ, શ્રી સત્ય સાંઈ સતચરિત્ર, પ્રકરણ-૧૧.

ઉપર જણાવેલી ઘટનાઓથી જાણી શકાય (માની શકાય) કે "આકાશીય દર્શન" સ્વામીની યોજનામાં પહેલાંથી જ હતું. જ્યારે આમ બનશે ત્યારે કેટલું સુંદર હશે ! તેઓ બધાં ખૂબ જ સદ્.ભાગી (બ્લેસ્ડ) હશે જેઓ આ બનાવનાં સાક્ષી બનશે !

# ભાગ – ૩

# સાંઈ તમારું સુરાજ્ય આવે !

## સાંઈયુગ આવશે !



# પ્રકરણ-૯ :

# શ્રી સત્ય સાંઈ સુવર્ણયુગનો ઉદય

તમે નથી જાણતાં, અનેક મહાન બનાવો બનવાનાં છે. દરેક વસ્તુને જોઈ શકાય, સાંભળી શકાય અને અનુભવી શકાય તે બધું પવિત્ર થઈ જશે. આ બધું જલ્દી જ બનવાનું છે. આ પવિત્ર તક, અવસર ખોશો નહીં અને ચૂકશો નહીં. એક વખત ખોયા પછી તમને તે ક્યારેય પ્રાપ્ત થશે નહીં ! એક વખત પ્રાપ્ત થઈ જાય તો પછી તમે ક્યારેય ગુમાવી નહીં શકો.

- દિવ્ય પ્રવચન, પ્રશાંતિ નિલયમ, ૧૪ ઓક્ટોબર-૧૯૯૯

સ્વામીએ કેટલીય વાર કહ્યું છે કે તેઓ માનવતાનાં ઈતિહાસમાં એક નવું સુવર્ણ પ્રકરણ લખવા માટે આવ્યા છે, આ રીતે એક "સુવર્ણ યુગ" પ્રેમ, શાંતિ, ધર્મ અને સત્યનાં યુગમાં પ્રવેશ કરાવવા ! માનવ જાતને શાંત અને સમૃધ્ધ યુગની ધાર કે ઉંમરે છે. જેમાં સત્ય સાંઈ અવતારનાં નામ કે રૂપની આખા ય વિશ્વમાં સ્થાપનાની સાથે જ તેમને સાર્વભૌમિક રૂપે સ્વીકાર કરી લેવામાં આવશે.

આવા અદભૂત સમય આવવા વિષે સ્વામીએ અનેક દિવ્યપ્રવચનોમાં તેમના વક્તવ્યો આપેલાં છે. તેમાં કદાચ થોડા અંશે, થોડા બનાવો બની પણ ચૂક્યા છે અને આપણાં મનમાં એક શંકા ય થાય કે તેમાં થોડા તેમના વક્તવ્યો પ્રેમસાંઈ અવતાર વિષે છે. પરંતુ સ્વામીની બોલવાની રીત પ્રમાણે એમ જાણી શકીએ કે સામાન્ય રીતે જો તેઓ "આ સ્વરૂપ" કે "આ દેહ" કહે છે, તો તેનો અર્થ સત્ય સાંઈબાબાના રૂપમાં તેમના વર્તમાન અવતાર માટે હોય છે. તે સિવાય, તેમણે પરોક્ષ અને કેટલીક વખત અપરોક્ષ રૂપે સંકેત આપેલા છે કે જ્યાં સુધીમાં પ્રેમ સાંઈ આવશે ત્યાં સુધીમાં વિશ્વશાંતિ સ્થપાઈ ગઈ હશે ! કૃપા કરી આગળ આપેલ જોન હિસ્લોપનો સ્વામી સાથેનો વાર્તાલાપ - ઈન્ટરવ્યુમાં થયેલ જુઓ :

ડૉ. હિસ્લોપ : અનેક લોકો કહે છે કે ટૂંક સમયમાં જ આપણે સૌ મોટી આપત્તિઓનાં એક સમયમાં પ્રવેશવાના છીએ.

શ્રી સાંઈ : જેવું મેં કહું હતું, 'થોડા ઉંચા મોજા (આપત્તિઓનાં) આવી શકે છે, પરંતુ વિશ્વ પ્રસન્નતા, સુખી, શાંતિમય અને સમૃદ્ધ બનશે !"

અતિથિ : કોઈ વિશ્વયુદ્ધ તો નહીં ને ?

શ્રી સાંઈ : ના ના કોઈ વિશ્વયુદ્ધ નહીં.

ડૉ. હિસ્લોપ : તમે બધા જોઈ શકશો. વૃદ્ધો પણ આ જોવા જીવતા રહેશે !

અતિથિ : તો, પ્રેમસાંઈને કરવા માટે વધારે કાર્યો નહીં હોય ! સ્વામીએ જ વિશ્વને શાંતિમય બનાવી જ દીધું હશે !

શ્રી સાંઈ : તેમાં હજી લગભગ ૪૦ વર્ષોનો સમય દૂર છે ! તે સમયે સંસાર શાંતિમય હશે ! તે નામ છે : પ્રેમ સાંઈ ! બધું જ પ્રેમમય હશે – સર્વત્ર પ્રેમ ! પ્રેમ ! પ્રેમ 1

- 'માય બાબા એન્ડ આઈ' – ડૉ. જે.એસ. હિસ્લોપ, પાના નં. ૧૮૯,
એક ઇન્ટરવ્યુમાંથી, ડિસેમ્બર ૧૯૭૮

એક જાણીતા પત્રકાર આર.કે.કરંજિયાના ઈન્ટરવ્યુમાં સ્વામી સમજાવે છે કે પ્રેમ સાંઈ અવતારનો હેતુ લોકોને એમ સમજાવવાનો છે કે તેઓ (લોકો) પોતે જ ઈશ્વર છે.

"આ વર્તમાન અવતારનો હેતુ લોકોને સમજાવવાનો છે કે તે જ ઈશ્વર કે દિવ્યતત્ત્વ દરેકમાં રહેલું છે. લોકોનો રંગ કે સંપ્રદાય કે મતભેદ સિવાય એકબીજાને માન, પ્રેમ અને મદદ કરવી જોઈએ. આમ કરવાથી બધાં જ કાર્યો પૂજા બની જશે !"

અંતમાં ત્રીજો અવતાર, પ્રેમ સાંઈ આ શુભ સંદેશ ને પ્રોત્સાહન આપશે કે ઈશ્વર ફક્ત દરેક શરીરમાં જ નથી રહેતા પરંતુ પ્રતેક વ્યક્તિ ઈશ્વર છે. આ નિર્ણાયક જ્ઞાન, જે દરેક સ્ત્રી અને પુરુષને ઈશ્વર સુધી પહોંચવા યોગ્ય બનાવશે."

પ્રેમ સાંઈ અવતારના આ જ્ઞાનને માનવજાત સુધી પહોંચાડવું જેને સ્વામીએ સર્વોચ્ચજ્ઞાન કહેલું છે. આ અત્યંત ઉચ્ચતર જ્ઞાન હશે ! શું એમ માની લેવું યોગ નથી કે તે સમય સુધી માનવતા આધ્યાત્મિક ચેતનાના સર્વોચ્ચ સ્તર પર પહોંચી ગઈ હશે ! પોતાના સત્ય સાંઈ અવતાર સિવાય, ભલા ! કોણ આ ચેતનાને લાવી શકે છે ?

## સુવર્ણયુગનું પુનરાગમન થશે :

ઈશ્વરની ઈચ્છાને રોકી શકાય જ નહીં. જે કાર્ય થવાનો નિર્ણય (પ્લાન) ઈશ્વર પોતે આપે છે તેમ જરૂર બનવાનું જ છે. આનંદમય, સુવર્ણયુગનું પુનઃઆગમન જરૂર થશે જ !

- એન ઈસ્ટર્ન વ્યુ ઑફ જીસસ ક્રાઈસ્ટ, પાના નં. ૧૨

ઘણાં લોકો તેનો સ્વીકાર કરતાં અચકાય છે, કે પરિસ્થિતિ બદલાશે !! બધાંનાં જીવન સુખી અને આનંદથી ભરપૂર હશે અને આ "સુવર્ણયુગનું પુનરાગમન હશે." હું તમને

આશ્વાસન આપવા માંગું છું કે આ દેહ – ધર્મસ્વરૂપ, આ દિવ્ય દેહ નક્કામો વ્યર્થ નથી આવ્યો. માનવજાત પર જે વિપત્તિ, આપત્તિ આવી છે તેને દૂર કરવામાં આ શરીર સફળ થશે જ."

- સાંઈબાબા, ધ હૉલીમેન એન્ડ ધ સાઈકીયાટ્રીસ્ટ, પાના નં. ૯૧

## 'સુવર્ણયુગ' 'અહીં' આવશે :

"મારા બાળકો ! ભયભીત ન થાઓ ! બધું જ બરાબર થઈ જશે ! પ્રેમ અને પ્રકાશ, અંધકારનું સ્થાન લેશે અને જલ્દીથી જ એક નવયુગ તમારી સામે આવશે."

- શ્રી સત્ય સાંઈબાબા એન્ડફ્યુચર ઑફ મેન કાઈન્ડ, પાના નં. ૧૧

તે સમય આવી રહ્યો છે, જ્યારે, સંપૂર્ણ માનવજાત સંવાદિતાથી રહેશે. કોઈપણ આશાથી પણ પહેલા તે સમય અહીં હશે ! એ સમય આવે તે પહેલા, દરેક સજીવ વસ્તુને જીવનનાં ઉદ્દેશ્યોનું રહસ્ય ખૂલવા માટે જેની જરૂર છે (આવશ્યકતા હોય) તેને માટે તૈયાર રહો ! તેની કલ્પના કોઈ જીવીત વ્યક્તિ નહીં કરી શકે. આ બધું બૌદ્ધિક શક્તિથી ઉપરનું છે. હું કહું છું કે તેની સુંદરતા બધા સ્વપ્નોથી વધુ શાનદાર, ભવ્ય છે,સમજણ બહારનું છે. અને જો તમે સૌ પોતાનાં મૌન કાર્ય કરતા રહો, તો હું તમને મારા હૃદયથી લગાવી લઈશ. અને પરિણામે તમારી આત્મિક ઉન્નતિ થઈ જશે. તમારી આંખો, અંતે મારી હાજરી તમારી અંદર (આંતરિક દ્રષ્ટિ) જોશે, અનુભવશે.

- શ્રી સત્ય સાંઈ બાલવિકાસ, વોલ્યુમ – ૧૫મું અંક – ૯ સપ્ટેમ્બર ૧૯૯૬

(.........) એ દિવસ નજીક આવી રહ્યો છે જ્યારે માનવતાનું ભ્રાતૃત્વ અને ઈશ્વરનું પિતૃત્વ, ઉજ્જ્વળ અને સુંદર બની ચમકશે – ઝળહળશે.

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧૩, પ્રકરણ - ૧૮મું

(...........) આજે આખું વિશ્વ ચિંતા અને ભયથી પિડાય છે. પણ હું તમને વિશ્વાસ આપું છું કે કાળાં વાદળો જલ્દીથી વિખેરાઈ જશે અને તમે આખાય વિશ્વમાં આનંદનાયુગના સાક્ષીબનશો.

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧૧, પ્રકરણ - ૨૮મું

જ્યારે સંસાર ખૂબ જ અવ્યવસ્થા ને અંધાધૂંધીમાં છે ત્યારે અવતાર મનુષ્યોનાં હૃદયમાં ચાલતાં તોફાનોને શાંત કરવા આવે છે. પ્રશાંતિ (સર્વોચ્ચ શાંતિ)ની સ્થાપના, સ્થિરતા જલ્દી જ થશે. ઉપાધિ ને અવ્યવસ્થાને શાંત પાડશે. સીધા દિવ્યપથની અપેક્ષાએ દાનવીયતા

પરથી ખસી જાય છે તેને ઠીક કરશે. માનવસમાજના દરેક સમૂહમાં ધર્મને પુનર્જીવીત અને ઉર્જા સભર બનાવાશે.

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧૧, પ્રકરણ - ૩૧મું

## <u>સુવર્ણયુગની વિશેષતાઓ</u> :

<u>જ્યારેસુવર્ણયુગનો ઉદય થશે તો પૂરા વિશ્વમાં સંવાદિતા છવાઈ જશે અને ચારેય બાજુપ્રેમ વધશે, વહેશે. તિરસ્કાર – ધૃણાનાં બધા જ વિચારો અદૃશ્ય થઈ જશે.</u> આજે તમે આવી સ્થિતિની કલ્પના પણ નથી કરી શકતા કારણ કે બધી જ જગ્યાઓએ અવ્યવસ્થા ને અરાજકતા ફેલાયેલ છે. ઝઘડા, અંધાધૂંધી, ષડયંત્ર, તિરસ્કાર ને અનિષ્ટ; બધે જ નકારાત્મક લાગણીઓ વધી રહી છે. પરંતુ ધીમે ધીમે આંતરિક પરિવર્તન, બદલાવ જરૂરથી આવશે જ.

- 'સાંઈ મેસેજીસ ફોર યુ એન્ડ મી' ભાગ – ૨, પાના નં. ૭૦

જ્યારે પણ કોઈ પરિવર્તન થશે, તો બધે જ સાર્વભૌમિક સર્વત્ર પરિવર્તન થશે ! એક સ્થળે જ નહીં, આ (પરિવર્તન) દરેક સ્થળે આવશે !

- 'માય બાબા એન્ડ આઈ' પાના નં. ૧૮૯

(..........) તે દિવસ (.........) જ્યારે સંપૂર્ણ માનવજાત, દૃઢતાથી સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા (.........) નું પાલન કરતા એક મોટા કૌટુંબિક રીતે ('વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સહ) એકતા સાધશે અને 'સાંઈરાષ્ટ્ર'ની સ્થાપના થઈ જશે. અને એ બધાં સદભાગી હશે જેમને પૃથ્વી પર સ્વર્ગનો અનુભવ થશે.

- સાંઈ વંદના – ૨૫, ૧૯૯૦

આ એક નવો યુગ હશે, યુદ્ધ, ઝઘડા, ધૃણા, ઈર્ષા, લાલચ અને જીવનનાં બધા નકારાત્મક પાસાઓ બદલાઈ જઈને પ્રેમ, ભ્રાતૃભાવ, સદભાવ, સંવાદિતા અને સહયોગનો યુગ !

- શ્રી સત્ય સાંઈબાબા એન્ડ ધ ફ્યુચર ઑફ મેનકાઈન્ડ પાના નં. ૨૨૩

આ કળિયુગની ધૃણા અને ભય જે આજે વાતાવરણને પ્રદૃષિત કરી રહ્યાં છે તેમાં પ્રેમ અને શાંતિ (..........) શુદ્ધ કરી દેશે.

- શ્રી સત્ય સાંઈબાબા એન્ડ ધ ફ્યુચર ઑફ મેનકાઈન્ડ પાના નં. ૧૦

જીવન બદલાશે, તેમાં સુધારો ને ઉન્નતિ થશે અને જીવનની ગુણવત્તા (ક્વૉલિટી)માં સમૃદ્ધતા (જે ખોવાયેલ તમારે માટે હતી તે ) નો તેની પ્રચુરતાનો તમે અનુભવ કરશો.

- શ્રી સત્ય સાંઈબાબા એન્ડ ધ ફ્યુચર ઑફ મેનકાઈન્ડ પાના નં. ૨૨૧

આજે પણ આપણે દરેક જગ્યએ હિંસાત્મક કાર્યો થતાં જોઈએ છીએ. પરંતુ જે કાંઈ થઈ રહ્યું છે તે તમારી ભલાઈને માટે જ બની રહ્યું. દરેક વ્યક્તિ પવિત્ર ભાવનાનો વિકાસ કરશે. દરેક વ્યક્તિ દિવ્યાનંદનો અનુભવ કરશે. જલ્દીથી જ આખું ય રાષ્ટ્ર શાંતિ અને પ્રસન્નતા, સુખનો અનુભવ કરશે. ક્યાંય કોઈ મુશ્કેલીઓ કે દુ:ખ-કષ્ટ નહીં હોય !

- દિવ્ય પ્રવચન, વૃંદાવન, ૧૬ માર્ચ ૨૦૦૩

અવતારો ક્યારેય ન તો સફળ થાય છે કે નિષ્ફળ ! તેઓ જે સંકલ્પ કરે છે તે જરૂર પૂર્ણ થાય જ છે; તેઓ જે યોજે છે તે જરૂર બને જ છે.... હું માનવતાના ઇતિહાસમાં એક સોનેરી પ્રકરણ લખવા આવ્યો છું, જ્યારે જૂઠાણું નિષ્ફળ જશે, સત્યનો વિજય થશે અને સદગુણોનું સામ્રાજ્ય થશે ત્યારે જ્ઞાન કે સંશોધનની આવડત, કળા (સ્કીલ્સ) કે ધન – સંપત્તિ નહીં, ચારિત્ર્યની શક્તિ, સત્તા કરશે ! રાષ્ટ્રોની કાઉન્સીલમાં પ્રજ્ઞાનનો રાજ્યાભિષેક થશે !

- શ્રી સત્ય સાંઈબાબા, એમ્બોડીમેન્ટ ઑફ લવ, પાના નં. ૧૭૪

## શ્રી સત્ય સાંઈ અવતારોનો વૈશ્વિક સ્વીકાર :

જલ્દીથી જ મારૂં નામ અને સ્વરૂપ સર્વત્ર સ્થાપિત થયેલું જોશો. સંસારના ઇંચેઇંચમાં તેમનો વાસ હશે !

- ગોડ ડીસેન્ડ્સ્ ઑન અર્થ, પાના નં. ૩૭

આવનાર દિવસોમાં તમે સ્વામીના દિવ્ય મહિમાનું પ્રાકટ્ય થનારનાં સાક્ષી બનશો. તેઓ આખાય વિશ્વને આકર્ષિત કરશેકરશે. એટલે સુધી કે લોકોને ઉભા રહેવાની ય જગ્યા નહીં મળે !

- દિવ્ય પ્રવચન, વૃંદાવન, ૧૬ માર્ચ ૨૦૦૩

સાંઈબાબાને પાંચ ફૂટ ત્રણ ઈંચના ફક્ત દેહ તરીકે ન સમજશો. તેમની ઉપસ્થિતિનો પૂરા વિશ્વમાં અનુભવ કરાશે. રાહ જુઓ ! થોડા જ દિવસોમાં આખું ય વિશ્વ અહીં આવશે.

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૨૮, પ્રકરણ - ૧૯મું

અમેરિકા તો શું વિશ્વના દરેક વિકસીત દેશો – જેમ કે જાપાન, જર્મની, ઈટાલી, ફ્રાંસ વગેરેમાં પુટ્ટપર્તીનું નામ જાણીતું થઈ જશે. વિશ્વના દરેક નકશામાં પુટ્ટપર્તીને મહત્ત્વપૂર્ણ સ્થળ માટે ચિહ્ન કરેલ દેખાશે ! (વિશ્વનાં નકશામાં પુટ્ટપર્તીનું સ્થાન વિશેષ હશે !)

- દિવ્ય પ્રવચન, પ્રશાંતિનિલયમ, ૧૯ ઑક્ટોબર ૧૯૯૯

સ્વામી, સુવર્ણયુગનો ઉદય થઈ રહ્યો છે તેને માટે કયા સંકેતો કે નિશાન (ચિહ્ન) આપશે ? તે પ્રશ્નના જવાબરૂપે કહે છે : "સાંઈનું ગૌરવ (મહિમા) વિશ્વનાં પ્રત્યેક ભાગમાં ફેલાઈ જશે અને હજાર ગણો મહિમા ફેલાશે."

- સનાતન સારથિ, ડિસેમ્બર, ૧૯૯૩

થોડા દિવસોમાં જ, તમને જણાઈ જશે કે તમારા પર હર્ષ ને પરમાનંદની વર્ષા થતાં 'દિવ્ય મહિમા' દિવસે દિવસે વધતી જ જશે ! જલ્દીથી જ પૃથ્વી પરની બધી જ અસ્થિરતા નાબુદ થઈ જશે !

- દિવ્ય પ્રવચન, વૃંદાવન, ૧૬ માર્ચ ૨003

(........) એ દિવસ નજીક આવી રહ્યો છે જ્યારે અવતાર પાસેથી લાભ લેવા મટે લાખો - કરોડો લોકો ભેગાં થશે ! હું તમને સલાહ આપું છું કે જેટલી કૃપા અને પરમાનંદ તમે ભેગાં કરો અને સુરક્ષિત થાય એટલું કરી લો.....

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ ૧૧, પ્રકરણ – ૪૧

## સાંઈ સંસ્થાઓનું મહત્ત્વ :

હમણાં તો કદાચ સાંઈ સંસ્થાઓ મર્યાદિત સંખ્યામાં છે પણ જેમ જેમ સમય વીતતો જશે તેમ તેમ તે એટલા બધા લોકોને આકર્ષિત કરવા માંડશે કે સાંઈસભાઓમાં સામાન્ય લોકોને જગ્યા પણ નહીં મળે ! આખું સ્થળ, સાંઈ સંસ્થાના લોકોને માટે જ રહેશે. તેથી સાંઈ સંસ્થાઓના સભ્ય બનવા માટે એક તક આપે છે.

– 'માય બાબા એન્ડ આઈ' ડૉ. જે.એસ. હિસ્લોપ પાના નં. ૨૦૯

માત્ર આટલું જ નહીં તેનાથી ય વિશેષ : "આખું ય વિશ્વ સત્ય સાંઈ સંસ્થામાં બદલાઈ જશે અને સત્ય સાંઈની સ્થાપના દરેક હૃદયમાં થઈ જશે.

- સનાતન સારથિ, જાન્યુઆરી, ૧૯૯૯ પાના નં. ૧૬

## ભારતનું ગૌરવ :

ફરીથી, તમે કેટલાં ભાગ્યશાળી છો કે તમે વિશ્વના બધા જ દેશોને ભારત પ્રતિ શ્રદ્ધા વ્યક્ત કરતા જોશો. ભારતને સૌ આંજલિ આપશે. આ શરીરમાં રહેતાં જ તમે આખા ય વિશ્વમાં સત્ય સાંઈ નામના જપથી વ્યાપેલ પ્રતિધ્વનિ સાંભળી શકશો. ભવિષ્યના કોઈ દિવસની જેમ નહીં પણ તમારી સાથે જ, તમારી સામે જ ! ફરીથી, આખાય સંસારના લોકોની ભલાઈ માટે જેમ વેદોમાં આપેલ છે, તે સનાતન ધર્મને તમે જલ્દીથી જ તેની પ્રામાણિક અને કુદરતી સ્થિતિમાં પુનઃ સ્થાપિત થતી જોશો. મારા શક્તિ અને સામર્થ્યના પ્રકટીકરણ પ્રકટ થતાં તે દ્વારા લોકોને મારા પ્રતિ આકર્ષિત કરવા માટે નહીં, સાંઈનો સંકલ્પ વૈદિક ધર્મનું પુનઃઉત્થાન છે.

- દિવ્ય પ્રવચન, ૧૭ મે, ૧૯૬૮

ભારત બધી જ રીતે – આધ્યાત્મિક રૂપે, સામાજિક રૂપે, રાજનૈતિક રૂપે અને આર્થિક રૂપે વૈશ્વિક નેતૃત્વ કરશે ! ભારતની સંપૂર્ણ ઐતિહાસિક ગૌરવ, સંસ્કૃતિ અને પરંપરાઓ પુનર્જીવીત થશે અને તે વિશ્વનાં સર્વોત્તમ રાષ્ટ્રરૂપે બધાયથી આગળ નેતૃત્ત્વ કરી ચમકશે. આ એવું જ બનશે, જે યુગો પહેલાં હતું. એવું જ ફરી વખત બનશે !

- સત્ય સાંઈ અમૃતવર્ષણી પાના નં. ૩૪

આજે કૃષ્ણ જન્માષ્ટમી છે, ભગવાન કૃષ્ણનો જન્મદિન, હું આજે એક વચન આપવા માંગુ છું કે બધા જ રાષ્ટ્રોના લોકો એટલે કે પાકિસ્તાન, ચીન, જર્મની, રશિયા બધાં જ એક થઈ જશે (.........) ભારતનું સારાપણું, નૈતિકતા આ એકતાનું નેતૃત્વ કરશે.

- સનાતન સારથિ, સપ્ટેમ્બર, ૨૦૦૨

આપણે ઘણાં વખતથી સુવર્ણયુગની પ્રતીક્ષા કરીએ છીએ. અને તેની સુંદરતા વિષે ફક્ત કલ્પના / ધારણા કરી શકીએ છીએ. જે સ્વામીના કહેવા પ્રમાણે “બધાં સ્વપ્નો, બધી ભવ્ય કલ્પનાઓથી પણ વધુ ભવ્ય હશે.” સ્વામી આપણી આસપાસની ખરાબ પરિસ્થિતિઓ વિષે દાખલ્લો આપે છે, જેને કારણે સમજવામાં નિષ્ફળ, નાકામયાબ થઈ જઈએ છીએ.... કે આટલો સુંદર સમય ભલા ! આવશે ખરો ? પરંતુ તેઓ વચન આપે છે કે એવો સમય પાછો આવશે !

(પ્રોફેસર કસ્તુરી) : આવો ! આપણે આનંદપૂર્વક આ નવા વૈશ્વિક સમયની પ્રતીક્ષા કરીએ. એક પરિપૂર્ણ, સંપૂર્ણ ‘સાંઈ વ્યવસ્થા’ – સમય, કોઈ દૂરનાં ભવિષ્યમાં નહીં, પણ ખૂબ જ જલ્દી કોઈપણ માનવીની બુદ્ધિથી પર, જીવનનાં દરેક ક્ષેત્રમાં, વર્તમાન પરિસ્થિતિ જોતાં !

- સનાતન સારથિ, ઓગસ્ટ, ૧૯૯૧

## વર્ષ ૨૦૧૨નું મહત્ત્વ (મર્મ) :

આખું વિશ્વ ૨૦૧૨નું વર્ષ અને પ્રલય નજીક આવી રહ્યાની ચર્ચાઓથી ગુંજી રહ્યું છે. ‘મીડીયા’ના કેટલાય ભાગોએ પણ અનેક અટકળો અને પ્રલયની આગાહીઓ ફેલાવીને લોકોમાં ભયની લાગણી પેદા કરી છે. ૨૦૧૨ના રહસ્યના ઉન્માદ પાછળ ‘માયન સંસ્કૃતિ’ કેલેન્ડર છે. જે રહસ્યમયરૂપે ૨૧ ડિસેમ્બર ૨૦૧૨ને દક્ષિણાયનના દિવસે પૂરું થઈ રહ્યું હતું. થોડા ખગોળ વિદ્વાનોએ ડિસેમ્બર, ૨૦૧૨ના અંતમાં “ગેલેક્ટિક એલાઈન્મેન્ટ”ની (આકાશગંગાની મધ્યરેખાના બરાબર કેન્દ્રમાં સૌર કુટુંબના આવવાના ખગોળકીય બનાવ જેની પુનરાવૃત્તિ ૨૬,000 વર્ષો પછી થતી હોય છે.) આગાહી પણ કરેલી હતી. જ્યારે આપણા સૌર પરિવાર [સૉલર સિસ્ટમ (સોલાર પરિવાર યા સૌર પ્રણાલિ : સૂર્ય અને તેની આસપાસની પરિક્રમા કરતા ગ્રહોનો સમય)] આકાશગંગાની મધ્યરેખાથી સીધી જ પસાર થશે. કેટલાક લોકોને આ સંકેત ’સમય પૂરો’ થઈ જવાનો સંકેત આપે છે.

જોકે ‘સમય પૂરો’ થઈ જવાના સિદ્ધાંતમાં હું નથી માનતો, તો પણ હું અનુભવું છું કે આવી અતિશયોક્તિમાં કોઈ ને કોઈ તથ્ય જરૂર છે. વિશ્વમાં ચારેય બાજુ અનેક લોકો ૨૦૧૨ કે તેની આસપાસ કોઈ ખાસ બનાવ બનવાનો છે તેમાં વિશ્વાસ ધરાવે છે, જો કે કોઈ જાણતું નથી કે આ શું છે કે શાની આશા રાખે છે ? કોઈપણ એ વાત સાથે સહમત નથી થઈ શકતાં કે તે સારું થશે કે ખરાબ ? પરંતુ આપણે જાણીએ છીએ કે કાંઈપણ એટલું બધું તો ભયાનક કે પ્રલયકારી નહીં હોય કારણ કે સ્વામીએ પોતે તેની ખાતરી આપણને આપેલી છે.

“વિશ્વને માટે કોઈપણ ભયાનક બનાવ નજીકે ય નહીં આવે. આ મોટા (પૃથ્વી) ગોળા પર અહીં તહીં, ક્યારેક ક્યારેક નાની મોટી આપત્તિઓ તો આવી જ શકે છે !

- સત્ય સાંઈ સ્પીક્સ્, ભાગ – ૨૪, પ્રકરણ – ૪

બીજી બાજુ એવા પણ અનેક લોકો છે જેઓ માને છે કે વર્ષ ૨૦૧૨, પોતે ‘સમય પૂરો’ થવાની અપેક્ષા પૃથ્વીના ગ્રહને એક નવા આધ્યાત્મિક પુનર્નિર્માણનો પ્રારંભ હોઈ શકે છે. આવા સંકેતોને તેઓ સાર્વભૌમિક ચેતના ધરખમ પરિવર્તનના પૂરોગામીરૂપે જૂએ છે. ગમે તે વાત હોય, વિશ્વમાં સર્વત્ર આ પ્રકારની સામૂહિક આશા –ઉમ્મીદોનાં દ્રષ્ટિકોણથી એટલું કાંઈ તો યોગ્ય હશે જ, જેનો આધારભૂત સિદ્ધાંતને નિરર્થક કહીને નકારીતોન જ શકાય. એક રસપૂર્ણ જાણકારી છે કે ડૉ. શ્રીકાંત સોલા, એ એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા – (હાલમાં, શ્રી સત્ય

સાંઈ ઈન્સ્ટીટ્યુટ ઑફ હાયર મેડીકલ સાયન્સીસ, વ્હાઈટ ફિલ્ડ, બેંગલુરુમાં કામ કરતા હૃદયરોગના વિશેષજ્ઞ) - 'રેડિયોસાંઈ'માં આપેલા ઈન્ટરવ્યુમાં, નીચે લખેલ ઉલ્લેખ કર્યો હતો :

"મને યાદ છે કે એક વખત ૨૦૦૭માં સ્વામી કોડાઈકેનાલમાં હતા, મને આ તેમના કેટલાક વિદ્યાર્થીઓએ સંભળાવ્યું હતું અને સ્વામીએ એકાએક જ સાવ સહજતાથી કહેલું "સત્ય (સાંઈ) યુગનો પ્રારંભ ૨૦૧૨માં થશે." આ તેમણે એટલું તો સામાન્ય રીતે કહેલું જેમ તેઓ કહી રહ્યા છે કે વર્ષાઋતુમાં વરસાદ થાય છે. પણ આપણે જાણીએ છીએ એક યુગની સમાપ્તિ પછી આગળનો યુગ શરૂ થવાનો છે."

ઉપર આપેલ વક્તવ્ય વર્ષ ૨૦૧૨નાં મહત્ત્વ વિષે ચોક્કસ રીતે એક સંકેત આપે છે. બધાયથી મહત્વપૂર્ણ તો એ છે, આ "અનિશ્ચિત સમયમાં" જ્યારે મોટાભાગની માનવજાત કાંઈ વિશેષ બનાવ બને તેની પ્રતીક્ષામાં છે, સ્વામીનો કોઈપણ ચમત્કાર થવા માટે વિશ્વ આખાયનું ધ્યાન તેમની તરફ જરૂર ખેંચાશે. આ દૃષ્ટિથી, હું એ વિશ્વાસ કરવા લોભાયો છું. કે આ કહેવાતી "૨૦૧૨ – શંકાશીલતા" કોઈ દિવ્યયોજનાનું ફળ હોઈ શકે છે. આથી વર્ષ ૨૦૧૨ કોઈ જાતનાં અંત તરફ સંકેત કરે છે ; જેમ કે આપણે જાણીએ છીએ બધી જ ખરાબીઓનો અંત, અને અનેક ધર્મગ્રંથોએ આગાહી કરેલી છે કે એક સુંદર સુવર્ણયુગના પ્રારંભનું પ્રતિક !

## શાસ્ત્રાનુસાર સુવર્ણયુગ :

બ્રહ્મવૈવર્ત પુરાણ ખંડ – ૪, કૃષ્ણજન્મ ખંડમાં, અધ્યાય ૪માં 'ગોલોક આરોહણમ્'માં આ વર્ણન છે કે દ્વાપરયુગનાં અંત પછી કૃષ્ણ કેવી રીતે તેમના ધામ – વૈકુંઠમાં કે ગોલોકમાં પાછા ચાલી ગયા હતા, તે અધ્યાયમાં ભગવાન કૃષ્ણ અને માઁ ગંગાની વચ્ચે એક ખાસ સંવાદ છે : શ્લોક ૪૯ : ગંગા ઉવાચ : હે રક્ષક ! સત્ ચિદાનંદ ! તમારા ગોલોકવાસી થયા પછી કળિયુગમાં મારી શું સ્થિતિ થશે ?

શ્લોક : ૫૦ : પરમેશ્વર ભગવાન ઉવાચ : પૃથ્વી પર કળિયુગના ૫,૦૦૦ વર્ષો સુધી અનેક પાપીઓ હશે અને બહુ દુ:ખો હશે. ભગવાનને માઁ ગંગા આગળ પૂછે છે: કે આ ૫,૦૦૦ વર્ષો પછી શું થશે ? ભગવાન જવાબ આપે છે : શ્લોક : ૫૫ : હે ગંગા ! જો પાપપૂર્ણ હતી તો પણ આખી પૃથ્વી વૈષ્ણવોની હાજરીથી એક તીર્થ બની જશે.

શ્લોક : ૫૬ : મારા ભક્તોનાં દેહમાં શાશ્વત (શોધક) રહે છે. ભૂદેવી મારા ભક્તોની ચરણરજથી પવિત્ર થઈ જશે.

શ્લોક : ૫૭ : તીર્થસ્થાનો અને આખાય સંસારનાં પ્રકરણમાં પણ આમ જ બનશે. મારા મંત્રોનાં તે બુદ્ધિવાન ઉપાસકો જે મારા મંત્રોને – સદગુણોને અપનાવશે ! બધું જ પવિત્ર કરી દેશે.

ભગવાન કૃષ્ણ કહે છે કે લગભગ ૫,૦૦૦ વર્ષો, કળિયુગ પછી, એક એવો સમયખંડ હશે જ્યારે આખાય વિશ્વમાં તેમના ભક્તો યા વૈષ્ણવોની (શાબ્દિક અર્થ 'ભક્ત' અથવા 'આધ્યાત્મિક અભિલાષી' છે. 'ભગવાન વિષ્ણુના ઉપાસકો' છે) હાજરીને કારણે આખી પૃથ્વી એક તીર્થસ્થાનમાં બદલાઈ જશે. ભગવાન કૃષ્ણ આગળ બતાવતા કહે છે, આ આવધિ (સમય) એક હજાર વર્ષ સુધીની હશે !

સ્વામીના કહેવા પ્રમાણે 'કળિયુગની પૂર્ણ અવધિ ૧૧ હજાર વર્ષોની છે' (.........) કળિયુગ પૂરો થવામાં હજી ૫,૩૨૦ વર્ષ બીજાં છે. (ભગવાન શ્રી સત્ય સાંઈ સાથે વાર્તાલાપ (અંગ્રેજી) પાના નં. ૨૭-૨૮) કળિયુગનાં ૫,૦૦૦ વર્ષોથી વધુ વીતી ગયાં છે, એનો અર્થ એવો થાય કે ભગવાન કૃષ્ણ જે સમયાવધિની વાત કરે છે (કરતા હતા) તેવા ગૌરવાન્વિત સમયમાં આપણે છીએ. હાવર્ડ મર્ફેટના પોતાના પુસ્તક "સાંઈબાબા અવતાર"માં મહાભારતની તે ઘટનાની વાત કરે છે જેમાં વનવાસના સમયે પાંડવોને મહર્ષિ માર્કન્ડેય મળે છે. ભગવાન વિષ્ણુ સાથે થયેલ વાર્તાલાપના વિષે મહર્ષિ માર્કન્ડેય કહે છે કે કળિયુગના અંધકારપૂર્ણ સમયમાં એક એવો સમય આવશે જ્યારે માનવમૂલ્યોનો ક્ષય થઈ જશે, બધી જગ્યાએ હિંસા ને અન્યાય હશે, સત્ય પર જૂઠનો વિજય હશે, અત્યાચાર ને અપરાધો પૂરબહારમાં ચાલશે. મહર્ષિ માર્કન્ડેયને ભગવાન વિષ્ણુ કહે છે તેમાં હસ્તક્ષેપ કરવા અને વિશ્વને એક નવી દિશા બતાવી, સત્યયુગની સ્થાપના કરવા તેઓ કળિયુગમાં એક માનવ – અવતાર લેશે :

"આ સમયે જ્યારે પૃથ્વી પર બધે જ દુષ્ટતા હદ બહાર ફેલાયેલી છે. હું એક સદગુણી કુટુંબમાં ત્યારે જન્મ લઈશ. અને એક ન માની શકાય તેવો માનવદેહ ધારણ કરીશ. પાપોના કળિયુગમાં હું એક એવો અવતાર સ્વરૂપ ધારણ કરીશ જેનો રંગ શ્યામવર્ણ હશે. હું દક્ષિણ ભારતમાં એક પરિવારમાં જન્મ લઈશ. અત્યંત શક્તિ (ઉર્જા), અત્યંત બુદ્ધિશાળી, વિશિષ્ટ જ્ઞાન સાથે આ અવતાર હશે. આ અવતારના હેતુપૂર્તિ માટે જે જે ભૌતિક વસ્તુઓની જરૂરત પડશે તે, અવતારના સ્મરણમાત્રથી (સંકલ્પ) તે વસ્તુપ પ્રકટ થઈ જશે. સદગુણોની શક્તિથી તેઓ વિજયી બનશે. તેઓ વિશ્વમાં વ્યવસ્થા અને શાંતિની પુન:સ્થાપના કરશે. અને

આધ્યાત્મિક લોકોથી ઘેરાયેલા રહેશે. તેઓ પૃથ્વી પર ભ્રમણ કરી આધ્યાત્મિક લોકોનાં શ્રદ્ધાવાળા સ્થળોએ ફરશે !"

'પૃથ્વીના લોકો આ અવતારનાં આચરણને અનુસરશે અને સમૃદ્ધિ અને શાંતિ થશે. મનુષ્ય પોતાને ફરીથી ધાર્મિક આચરણોની તરફ લઈ જશે. બ્રાહ્મિક વિકાસ શિક્ષણકેન્દ્રો અને મંદિરો બધા સ્થળોએ ફરીથી જોવા મળશે. આશ્રમો, સત્યવાળા લોકોથી ભરાઈ જશે. પૃથ્વીના શાસકો તેમનાં સામ્રાજ્યોનું સદગુણો દ્વારા ધાસન કરશે. આ અવતારની ઉદાહરણરૂપ ભારે પ્રતિષ્ઠા થશે."

- સાંઈબાબા અવતાર, પાના નં. ૨૧

ભગવાન વિષ્ણુના આ શબ્દોને જેમ કે મહર્ષિ માર્કન્ડેય સ્મરણ કરે છે, શ્રી સત્ય સાંઈ અવતારની વિશિષ્ટતાઓનું સ્પષ્ટ રીતે વર્ણન કર્યું છે. આ એ બાબત પણ બતાવે છે કે અવતર સંસારમાં કઈ રીતે વ્યવસ્થા અને શાંતિની સ્થાપના કરશે, આધ્યાત્મિક શિક્ષાકેન્દ્રો અને પૂજાના સ્થળો, બધી જગ્યાએ સ્થપાશે અને બધા દેશોના શાસકો સદગુણી હશે !

જેમ કે પહેલા આપણે બ્રહ્મવૈવર્ત પુરાણમાં જોયું હતું કે ભગવાન ક્રૃષ્ણ ઉલ્લેખ કરે છે કે આ વિશ્વ આખું તેમના ભક્તોથી ભરાઈ જશે તેમની હાજરી આ આખીય પૃથ્વીને તીર્થસ્થળમાં બદલી નાંખશે. ઈશ્વર તરફ વધુ ને વધુ ઢળી રહેલાં લોકો દ્વારા લાવી શકાય તેવી તે "ભક્તજન સમૂહ" (critical mass) નું ઘટક આ વિશ્વની આધ્યાત્મિક જાગૃતિનાં ખૂબ જ વિસ્તાર થવાની બાજુએ આ સંકેત કરે છે. કાળજી રાખીને આ માની લેવું ફક્ત બુદ્ધિમત્તાપૂર્ણ છે કે પ્રતીક્ષા રાખેલ સુવર્ણયુગ, સ્વયં ભગવાન કૃષ્ણ દ્વારા આવશે. તેમનો પ્રેમ, પરાક્રમ અને દિવ્યકૃપાથી સંપૂર્ણ સંસારને એક બૃહદ્ સાંઈ સંસ્થામાં બદલવા માટે !

સારુંય વિશ્વ સત્ય સાંઈ સંસ્થામાં બદલાઈ જશે અને બધાં જ હૃદયોમાં સત્યસાંઈની સ્થાપના થઈ જશે.

- સનાતન સારથિ, જાન્યુઆરી ૧૯૯૯ પાના નં.૧૩

## <u>'માનવના પુત્ર'નું આગમન</u> :

જીસસના તેમના શિષ્યોને કહેલા શબ્દો તપાસીએ : "મારે તમને હજી ઘણી બધી વાતો કહેવી છે, પરંતુ તમે હમણાં સહન નહીં કરી શકો. પરંતુ જ્યારે તેઓ – સત્યનો આત્મા- આવશે, તેઓ સત્ય તરફ તમને લઈ જઈ, તમને માર્ગદર્શન આપશે. (..........)

- જૉન ૧૬ : ૧૨ - ૧૩. કે.જે.વી.

"સત્યનો આત્મા" ? જીસસ જેમનો ઉલ્લેખ કરી રહ્યા છે તે શ્રી. સત્ય સાંઈ સિવાય બીજું કોણ હોઈ શકે ? ૧૯૭૨માં ક્રિસમસની આગલી સાંજે, સ્વામીએ ચોંકી જવાય તેવું રહસ્ય કહ્યું, આ જાહેર કરીને તેમણે ક્રિશ્ચ્યન સમાજને અભિભૂત કરી દીધાં કે તેઓએ જ જીસસ ક્રાઈસ્ટને આ પૃથ્વી પર મોકલ્યા હતા :-

એક વાત છે જે પહેલા મેં તમને કહી ન્હોતી ને ધ્યાનમાં નહીં લાવેલ. પરંતુ આજે ખાસ કહું છું ને તમારા ધ્યાન પર લાવું છું. તે ક્ષણે જ્યારે જીસસ દિવ્યતાની સર્વોચ્ચ શક્તિમાં એકાકાર થઈ રહ્યા હતા, તેમણે પોતાનાં શિષ્યોને ખાસ સૂચનાઓ આપી હતી. જેમનો ટીકાકારોને અને જેમણે લેખો પર લેખ અને અર્થો પર અર્થો લખવામાં આનંદ આવે છે. એવા લોકો દ્વારા તેની જુદી જુદી રીતે વ્યાખ્યાઓ કરી હતી. જ્યારે તે વ્યાખ્યાઓનો મોટો ઢગલો બની ગોટાળો જાણે થયો !

જીસસનાં આ વક્તવ્યને ઈચ્છા પ્રમાણે વાળી તેને ઉલઝાવીને ગરબડ કરી દીધી છે.

ક્રાઈસ્ટનું વક્તવ્ય સાવ સરળ છે : "જેમણે મને તમારી વચ્ચે મોકલ્યો છે તેઓ ફરીથી પાછા આવશે ! અને તેમણે એક ઘેંટા તરફ ઈશારો કર્યો. ઘેંટું તો એક પ્રતીક માત્ર છે, એક ઈશારો કે સંકેત ! તે બા....બાનાં અવાજનું પ્રતીક માત્ર જ છે. આ 'બાબા'નાં અવતરણ વિષે જાહેર કરેલ. ક્રાઈસ્ટે જાહેર કર્યું કે, તેમનું નામ સત્ય હશે." "તેઓ લાલ રંગનો ઝભ્ભો પહેરશે." એક લાલ ઝભ્ભો (અહીં બાબાએ પોતાના લાલ રંગના ઝભ્ભા તરફ ઈશારો કરેલો, જે તેમણે પહેરેલો.) તેઓ કદમાં નાના, ઘાટા વાંકડિયા વાળનો મુકુટ હશે ! ઘેંટું પ્રેમનું પ્રતીક અને ચિહ્ન છે."

જીસસે એવું ન્હોતું કહ્યું કે તેઓ પોતે આવશે ! તેમણે કહ્યું હતું કે "તેઓ આવશે જેમણે મને બનાવ્યો છે તેઓ ફરીથી આવશે." તે બા...બા આ સત્યબાબા છે. સાંઈ છે. અને સાંઈ કદમાં નાના, ઘાટા વાંકડિયા વાળવાળા છે ને લાલ ઝભ્ભો ધારણ કરેલા બબા આવ્યા છે. તેઓ ફક્ત આ જ સ્વરૂપે નથી, તેઓ તો તમારામાં છે, હૃદયનિવાસીનાં રૂપે ત્યાં છે. નાના, લોહી જેવા લાલ રંગનાં વસ્ત્રમાં ને ઈશ્વરના નામ સહિત.

- સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ – ૧૧, પ્રકરણ ૫૪

જેમ કે 'બુક ઑફ રેવેલેશન' માં વર્ણવેલું છે, ઉપર આપેલા સ્વામીના શબ્દ, સેઈન્ટ જૉનને થયેલ દિવ્ય દર્શન સાથે પૂર્ણતઃ મળતા આવે છે. (ન્યૂ ટેસ્ટામેન્ટમાં – પવિત્ર બાઈબલમાં)

"પછી મેં સ્વર્ગને ખૂલતું જોયું અને મારી સામે એક સફેદ ઘોડો હતો; અને તેઓ સફેદ ઘોડા પર સવાર હતા. તેઓ વિશ્વાસપાત્ર અને સત્ય કહેવાતા હતા. કારણ કે તેઓ ન્યાયપૂર્ણ નિર્ણય કરતા હતા. તેમની આંખોમાંથી જાણે આગ ઝરતી હતી અને તેમના માથા પર કેટલાય મુકુટ હતા અને તેમનું એક નામ લખેલું હતું, જે બીજું કોઈ નહીં, ફક્ત પોતે જ જાણતા હતા. અને તેમણે એક વસ્ત્ર પહેર્યું હતું જે લોહીમાં ઝબોળાયેલું હતું : અને તેમનું નામ 'ઈશ્વરનો શબ્દ' કહેવાતું હતું. અને સ્વર્ગમાં જે સેનાઓ હતી તે સફેદ ઘોડાઓ પર બેસી, તેમની પાછળ હતી. તેઓ પછી સફેદ ઘોડા પર બેસીને આવ્યા. સફેદ અને સ્વચ્છ મલમલનાં વસ્ત્રોમાં અને તેમના મોઢામાંથી એક ધારદાર તલવાર દેખાઈ રહી હતી જેથી તેઓ રાષ્ટ્રો પર પ્રભાવ પાડી શકે ! તેઓ રાષ્ટ્રો પર લોઢાનાં દંડથી સત્તા કરશે : અને તેમણે જંગલીયતનાં ચક્રને અને સર્વશક્તિમાન પરમેશ્વરના ક્રોધને શાંત કરી દીધો અને તેમના વસ્ત્રો પર અને જાંઘ પર નામ લખ્યું હતું : "રાજાઓના રાજા અને દેવતાઓના પણ દેવતા."

- "રેવેલેશન" ૧૯:૧૧-૧૬ જે.કે.વી.

સેઈંટ જૉન સાંકેતિક સફેદ ઘોડાનાં સવારને "વિશ્વાસપાત્ર અને 'સત્ય' – સાચા કહે છે. આ સ્વામીનું આંશિક નામ 'સત્ય' સાથે મળે છે. ચમકતી આંખો સ્વામીના ભૌતિક શરીરની મુખ્ય વિશિષ્ટતાઓમાંની એક છે. અને તેમના ઘાટા વાંકડિયા વાળ મોટા મુકુટની જેમ દેખાય છે. લોહીમાં ઝબોળાયેલ ઝભ્ભો, લાલ કે કેસરિયા રંગનાં વસ્ત્ર તરફ સંકેત કરે છે, જે સ્વામી પહેરે છે. "તેમનું નામ "ઈશ્વરનો શબ્દ" કહેવાય છે !" પ્રસંગ પ્રમાણે "ભગવાન" શબ્દના અર્થને ઈંગિત કરે છે. "મોંમાંથી નીકળતી તીક્ષ્ણ ધારદાર તલવાર" સ્વામીના દિવ્ય પ્રવચનોની શક્તિનું પ્રતીક છે. તેમની ઈચ્છાશક્તિ (સંકલ્પ શક્તિ) અને સત્તાવાહીપણાનો ઉલ્લેખ 'લોહદંડ'ના રૂપમાં કરેલો છે. શું આ સફેદ ઘોડા (સફેદ રંગ શાંતિ અને ઘોડો શક્તિનું પ્રતીક છે.) પર સવાર, તલવારધારી ભગવાન કલ્કિના અવતરણની હિંદુ આગાહીની જેમ નથી ? નક્કી જ છે કે જેનો પહેલા ઉલ્લેખ કરેલો છે 'ઘોડો' અને 'તલવાર' બંને પ્રતીક છે. આ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે સેઇન્ટ જૉને "રાજાઓના રાજા અને દેવતાઓના દેવતા" (અર્થાત્ મહાદેવ – ભગવાન શંકર) કહીને ઉલ્લેખ કરે છે, આ પણ નાડીગ્રંથની આગાહીમાં આપેલા વર્ણન જેવું જ છે ! જ્યારે

કળિયુગનો પ્રભાવ ખૂબ જ વધી જશે ત્યારે લોકો તેમની સાચી શક્તિથી પરિચિત થશે અને સ્વીકારશે કે તેઓ જ સર્વોચ્ચ શક્તિ છે. ત્યારે આખી માનવજાત તેમને મહાન સમ્રાટની જેમ નમન કરશે. સેંટ જૉન એમ પણ જૂએ છે કે લાખો ને કરોડો લોકોની સંખ્યામાં, લોકોનાં ટોળેટોળાં માનવપુત્રના સિંહાસનની આજુબાજુ એકત્ર થયાં છે.

અને મેં જોયું, સિંહાસનની ગોળ ફરતે પ્રાણીઓ અને અનેક દેવતાઓ અને મોટેરાંઓના અવાજો સાંભળ્યા : અને તેમની સંખ્યા દસ હજાર X દસ હજાર ને હજારોમાં હતી.

- રેવેલેશન ૫ :૧૧, કે.જે.વી.

હવે આપને સ્વામીના પોતાના જ શબ્દોમા& તેની સરખામણી કરીએ :

(..........) એ દિવસ જલ્દી જ આવી રહ્યો છે જ્યારે આ અવતારનો લાભ લેવા માટે લાખો-કરોડો લોકો ભેગા થશે, હું તમને સલાહ આપું છું કે જ્યારે તમે બધી જ કૃપા અને પરમાનંદનો ખજાનો એકત્રિત અને સુરક્ષિત કરી શકાય તેટલો કરી લેજો (......)

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ – ૧૧, પ્રકરણ ૪૧

નવા ટેસ્ટામેન્ટમાં "માનવના પુત્ર"ના આગમન વિષે અનેક શ્લોકો છે જેના પર ક્રિશ્ચિયન વિશ્વાસ - શ્રદ્ધા રાખે છે, કે જેમાં ઈશુ ક્રાઈસ્ટના બીજા આગમન વિષે છે. પરંતુ સ્વામીના શબ્દો, પહેલા જ આપણે જોઈ ચૂક્યા છીએ. જેમાં તેમણે કહ્યું છે કે જીસસે તેમના પાછા આવવા વિષે નથી કહ્યું એ તો "બાબા બીજી વખત પાછા આવશે" તેની તરફ ધ્યાન દોર્યું હતું. જેની જીસસ ચર્ચા કરી રહ્યા હતા. તેમના શિષ્યોને કહી રહ્યા હતા તો શું પવિત્ર બાઈબલમાં ઉલ્લેખાયેલ "માનવપુત્ર"નું આ બીજું આગમન સ્વયં શ્રી સત્ય સાંઈબાબાના બીજા આગમન તરફ તેનો સંકેત કરે છે ?

જ્યારે માનવ-પુત્ર તેમની બધી જ દિવ્યતા અને બધા જ પવિત્ર દેવદૂતો સાથે આવશે, ત્યારે તેઓ પોતાની મહિમાના સિંહાસને બેસશે અને તેમની સામે બધા જ દેશો ભેગા થશે :

- મેથ્યુ ૨૫:૩૧-૩૪ કે.જે.વી.

એવું મનાય છે કે, સ્વામીના પ્રવચનોમાં ઉલ્લેખાયેલ સુવર્ણયુગની સાથે જ "માનવ-પુત્ર"નું આ આગમન સત્ય, પ્રેમ અને શાંતિના એક નવા યુગનો ઉદઘોષ થશે.

માનવ-પુત્ર પોતાના દેવદૂતો (ઍંજલ્સ)ને મોકલશે, અને તેઓ તેમના સામ્રાજ્યની બહાર એવી વસ્તુઓને એકઠી કરી લેશે જે ભય – ડર ઉત્પન્ન કરે છે અને જે પાપકર્મ કરે છે.

- મેથ્યુ ૧૩:૪૦-૪૩ કે.જે.વી.

નવા સામ્રાજ્યમાં ધર્મ અને શાંતિ નિશ્ચિત કરવા માટે માનવ-પુત્ર અને તેમના દેવદૂતો બધાં અનિષ્ટ, દુષ્ટ તત્ત્વોનો નાશ કરી દેશે. કહેવાય છે, આ સુવર્ણકાળ જ્યાં અનિષ્ટ, દુષ્ટતા, જુઠ, ખરાબીઓ, તિરસ્કાર અને અસંવાદિતા – અસમાનતા પૂર્ણ રૂપે ગેરહાજર હશે ! તે એક હજાર વર્ષ સુધી રહેશે :

અને મેં એક દૂતને સ્વર્ગથી નીચે ઉતરતો જોય તેના હાથમાં પાતાળની ચાવી અને એક મોટી સાંકળ હતી. અને તેણે ડ્રેગન ને એક જૂના સાપને પકડેલાં, જે દૈત્ય અને શેતાન છે અને તેને એક હજાર વર્ષ સુધી બાંધી દીધાં અને તેમને પાતાળમાં ધકેલી દઈ બંધ કરી દીધાં અને તેના પર સીલ મારી દઈ, બંધ કરી દઈ. મનાઈ કરી દીધી કે એક હજાર વર્ષ પૂરાં ન થાય ત્યાં સુધી તે દેશોને વધુ છેતરી નહીં શકે !

- રીવેલેશન ૨૦ : ૧ - ૩

સેઈંટ જૉનના દિવ્યદર્શનમાં, તેઓ જૂએ છે કે દેવદૂત, શેતાનને બાંધીને એક હજાર વર્ષો સુધી દૂર કરી દે છે. આ બધાં અનિષ્ટો, અસત્યો અને અસંવાદિતાનું પ્રતીક છે જેને પૃથ્વી પરથી દૂર કરાવાય છે. તેના પછી જે આગળ આવ્યું તે એક ભવ્ય, દિવ્ય દર્શન હતું. જેમાં સેઈંટ જૉન, એક સુંદર નવા નગરને સ્વર્ગથી પૃથ્વી પર ઉતરતું જૂએ છે, જે દુનિયાનું શાંતિભર્યું કેન્દ્ર બની ગયું છે. (પુટ્ટપર્તી ???)

અને પછી મેં જૉનને, સ્વર્ગથી નીકળી, ઈશ્વર તરફ પૃથ્વી પર આવેલા તે પવિત્ર શહેર – 'નવું જેરુસલેમ' – જોયું તે નગરને એવી તો સરસ રીતે શણગાર્યું હતું કે જાણે નવવધુને પતિને માટે શણગારી ગઈ ન હોય ! અને ત્યારે જ મેં સ્વર્ગમાંથી એક આકાશવાણી સાંભળી : જૂઓ ! ઈશ્વરનું મંદિર મનુષ્યોની વચ્ચે છે, અને તેઓ તેમની (મનુષ્યોની સાથે જ રહેશે ! અને મનુષ્યો તેમના પ્રજાજનો હશે અને ઈશ્વર પોતે જ તેમની સાથે હશે, તેમના ભગવાન હશે અને તેઓ તેમના બધાં જ આંસુઓ લૂછી લેશે : અને હવે ત્યાં ન કોઈ મૃત્યુ થશે કે ના દુ:ખ ! ના વિલાપ, ના શોક હોય, અને ન કોઇ દુ:ખો ! કારણ કે હવે બધી જ આગળની વાતો (અનિષ્ટો વગેરે) સમાપ્ત થઇ ગયાં છે.

-રેવેલેશન ૨૧:૨-૪.

સેઇન્ટ જોન આ નવા નગરને સ્વર્ગથી આવતું જૂએ છે. આ નવા નગરમાં ઇશ્વર, માનવ- પુત્રનાં રૂપે પોતાનાં ભક્તો સાથે રહેશે. તેઓ પૃથ્વી પરથી બધાં જ પ્રકારનાં દુ:ખો

મીટાવી દેશે, દૂર કરી દેશે. અને ત્યાં મૃત્યુથી ડર નહીં હોય ! સેઇન્ટ જોન આને 'નવું જેરુસલેમ' કહે છે. "જેરુસલેમ" એ હિબ્રુ ( હિબ્રુ ઇઝરાયેલી ભાષા છે) ભાષાનો શબ્દ છે તેનો શાબ્દિક અર્થ છે, "શાંતિનું નિવાસ સ્થાન" (રેફરન્સ : વીકિપીડીયા ) "પ્રશાંતિ નિલયમ" નો શાબ્દિક અર્થ શું આ જ નથી ? શું સેઇન્ટ જોનને થયેલ દિવ્ય દર્શનમાં સર્વોચ્ચ શાંતિનો નિવાસ, પ્રશાંતિ નિલયમનાં ભવિષ્યની ઝલક જોઈ હતી ? સ્વામી કહે છે કે આ એ નગર છે જ્યાં આખાય વિશ્વને આવવાની ફરજ પડશે ને તેને માટે કૃપા પ્રદાન કરાશે.

આવતા દિવસોમાં, આખાય સંસારને પ્રશાંતિ નિલયમ આવવા માટે કૃપા પ્રદાન થશે, ફરજ પડશે.

- સનાતન સારથિ ડિસેંબર ૧૯૯૧

પુટ્ટપર્તીને મથુરા (મધુરા !) (ભગવાન કૃષ્ણનું જન્મ સ્થાન) નગર બનવાના તમે સાક્ષી થશો. કોઈપણ વ્યકિત એને આમ બનતાં રોકી નહીં શકે !

- દિવ્ય પ્રવચન, પ્રશાંતિ નિલયમ ૨૧ ઓકટો.-૧૯૬૧

મને માનો, શ્રદ્ધા રાખો, જલ્દીથી જ આ પુટ્ટપર્તી એક તિરુપતિ બની જશે. (........) સનાતન ધર્મની પુન:સ્થાપના અહીં જ થશે. –

સત્યમ્ શિવમ્ સુંદરમ્ ભાગ – ૧, પ્રકરણ ૧૬

રસપૂર્ણ હકીકત એ છે, હિંદુ માન્યતાઓ અને આગાહીઓ પ્રમાણે, ભગવાન કલ્કિનું અવતરણ 'શામ્બલ' નામનાં નગરમાં થશે ! તેને શાબ્દિક રીતે શાંતિ પ્રશાંતિ અને આનંદનું સ્થાન છે.

ચાલો ! આપણે સૌ માનવીય ઈતિહાસની એ નિર્ણાયક ક્ષણની રાહ જોઈએ, જ્યારે પ્રશાંતિ નિલયમનું સ્વર્ગીયનગર, જ્યાં ઈશ્વર સ્વયં (પુન:) નિવાસ કરવાના છે, સત્યસાંઈ સુવર્ણ યુગનાં ઉદયને જાહેર કરતા ! આધ્યાત્મિક મહા પરિવર્તનનું કેન્દ્ર બની જશે !

ધીરજ રાખો, સમય આવતાં તમને દરેક વસ્તુ મળી જશે ! દરેક વસ્તુ આપીશ "પ્રસન્ન, સુખી રહો ! કોઈપણ બાબતે ચિંતા કરવાની જરૂર નથી. (.......) તમે પવિત્ર આત્મા છો અને નવા સુવર્ણ યુગનાં મહાનાટ્યનાં પ્રગટીકરણમાં તમારે તમારી ભૂમિકા નિભાવવી પડશે."

- સનાતન સારથિ, ઓક્ટોબર ૧૯૯૬ છેલ્લું કવર પેજ.

## પ્રકરણ ૧૦ :

## સ્વામીએ પોતાનો દેહ ત્યાગ કેમ કર્યો ?

"મારાં રહસ્યોને કોઈ સમજી શકશે નહીં : તમારે માટે સર્વશ્રેષ્ઠ તો એ જ છે કે તમે નિમજ્જન કરો ને ડૂબી જાવ ! (તે રહસ્યોમાં.)"

- સત્ય સાંઈબાબા, ધ એમ્બોડીમેન્ટ ઓફ લવ, પાના નં.૯૬

આ કોઈ જ નથી જાણતુંકે સ્વામીએ તેમનું દિવ્ય શરીર નિર્ધારિત સમય પહેલાં કેમ છોડી દીધું ? આ તેમની યોજનાનો એક ભાગ બની રહ્યો હશે ? અગાઉથી જ ! અત્યાર સુધી જે બધું આપણે જોયું અને સાંભળ્યું તે જ આપણે જાણીએ છીએ. તેમનો દેહ ધીરે ધીરે અશક્ત ને વધુ અશક્ત જ થતો જતો હતો અને સાથે જ એક, એક કરીને બધાં જ મુખ્ય અંગો અશક્ત થતાં જતાં હતાં. આ એક એવા બિંદુએ પહોંચ્યું કે શરીરનો ત્યાગ થવાનો જ હતો. હવે પ્રશ્ન એ ઉઠે છે કે તેમણે પોતે કેમ મટાડી ન દીધું ? આવી જાતનાં પ્રશ્નો આપણી પહોંચની બહાર છે અને 'સ્વામી' રૂપી મહાન રહસ્યનો એક ભાગ છે ! તેનો એકમાત્ર જવાબ એ જ છે કે તેમણે એવો (શરીર ત્યાગવાનો) સંકલ્પ કર્યો. તો આમ બનવાનું હતું. સંયોગ કે તકને તેમાં કોઈ સ્થાન ન્હોતું. તેઓ જ 'બધાનાં "સ્વામી"-માસ્ટર છે.

## આ દેહ ભક્તોને માટે આવેલ છે :

(....) એક બિમારી ચોક્કસ કરી, સંકલ્પ કર્યો, એક વ્યકિતને પીડાથી મુક્ત કરવા માટે, જે તેનાંથી જીવતો ન્હોતો બચવાનો, કે તેને સહન ન્હોતો કરી શકતો. દિવ્યતાનાં કાર્યમાંનું આ એક કાર્ય છે કે જેને માટે તેમણે અવતાર લીધો છે – ભક્તો પર કૃપા વરસાવવા માટે ... મારા દેહ સાથે આવ્યો છું જેથી આ બીજા બધા દેહોને બચાવવા માટે, તેમનાં દર્દ, દુઃખ, પીડામાંથી બચાવવા માટે.... આ દેહ બિમારી અને પીડા (દુઃખ)થી હંમેશ માટે મુક્ત રહેશે; રોગો ક્યારેય પણ આ શરીરને અસર નહીં કરી શકે ! આ સર્વોચ્ચ વાસ્તવિક સત્ય છે.

-શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ – ૧૦ પ્રકરણ ૩૭.

સ્વામીના ઉપરોક્ત શબ્દોથી આ પૂર્ણપણે સ્પષ્ટ છે કે જે કાંઈ રોગો તેમને ભોગવવા પડ્યા તે તેમનાં શરીરમાંથી ઉત્પન્ન ન્હોતા થયા ! કર્મનો સિદ્ધાંત અત્યંત રહસ્ય ભર્યો કામ કરે છે; એક વાત જે નિશ્ચિત છે તે એ છે કે જ્યારે એક વખત કર્મની કે વિચારની શરૂઆત થઈ ગયા પછી તેનું પરિણામ કે "ફળ" ચોક્કસ જ હોય છે. એ પણ સાચું છે " કર્મનું દેવું" એક

વ્યકિતનું બીજી વ્યકિતને આપી શકાય છે. (દેવું ફેરવી શકાય છે.) સ્વામીએ અનેક વખત પોતાના ભક્તોનાં કર્મ પોતાના પર લઈ લીધાં છે. કારણ કે તે તેમનાં ભક્તો તે કર્મફળોને ભોગવી શકે તેવા યોગ્ય ન્હોતા. જો કે સ્વામી આ કર્મોને પોતાની ઈચ્છા શક્તિથી નકારી શકતા હતા. પરંતુ તેમણે એવું કર્યું નહીં, પણ ભક્તોનાં કર્મો પોતાના પર લઈ લીધાં ! મનુષ્ય શરીર લીધાથી સ્વામીએ હંમેશાં કાર્મિક સિદ્ધાંતોને માન આપ્યું, પોતે તે કર્મોની અસરથી મુક્ત હતા છતાં

"કોઈપણ ઝડપી નિરાકણ, પ્રકૃતિનાં નિયમો અને કર્મફળનાંકારણને અસર, મૂળભૂત સિદ્ધાંતને પ્રકૃતિનાં સ્વાભવથી વિરુધ્ધ હોય !"

- ધ બ્લીટઝનાં તંત્રીને આપેલ ઈન્ટરવ્યુમાંથી સપ્ટેમ્બબર,૧૯૭૬

પહેલાં પણ તેમણે જ્યાંરે કોઈ ભક્તનાં કર્મ પોતાના પર લઈ લીધાં હોય તો તેમનાં શરીરને – કોઈ ને કોઈ અસર, તેના ફળ સ્વરૂપ સહન કરવું પડતું હતું. જો કે તે થોડા જ વખત માટે રહેતું. પરંતુ શું આ વખતે અમારા પ્રિય કરુણામય ભગવાને આખીય માનવજાતનાં કર્મફળ પોતાના ઉપર લઈ લેવાનો નિર્ણય કરી લીધો હતો અને પોતાના દેહનાં એકેએક કોષાણુંને બાળી દીધાં ? તેમણે પોતાનું સંપૂર્ણ જીવન માનવતાના ઉત્થાનના એકમાત્ર હેતુથી પસાર કર્યું અને પોતાનું શરીર પણ આ જ હેતુને કારણે સમર્પિત કરી દીધું ?

પ્રસિધ્ધ પત્રકાર આર. કે. કરંજિયાને આપેલ એક ઈન્ટરવ્યુમાં સ્વામીએ કહેલું હતું કે મનુષ્યોનાં ખરાબ કર્મોનાં સામુહિક કર્મ ફળોનાં પરિણામ રૂપે જ કુદરતી – પ્રાકૃતિક આપત્તિઓ આવતી હોય છે.!

પીડા સહેવી અને આપત્તિઓ બ્રહ્માંડકીય નાટકનાં અનિવાર્ય કાર્ય છે. ઈશ્વર આ મુશ્કેલીઓ માટે હુકમ નથી કરતા બલ્કે મનુષ્ય પોતાના ખરાબ કે દુષ્ટ કર્મોને પરિણામે પોતે જ તેના ફળોને આમંત્રણ આપે છે. પાછું મેળવે છે.

- ધ બ્લીટ્ઝને ઈન્ટરવ્યુ આપેલ તેમાંથી ડિસેમ્બર ૧૯૭૬

સ્વામીએ આ વિષયને, બીજા પ્રસંગોએ પણ આવરી લીધો છે : (........) મનુષ્યને પ્રકૃતિનું અસંખ્ય દેવું હોય છે અને પ્રકૃતિ પાસેથી મળેલ વિવિધ પ્રકારની સગવડોનો ઉપભોગ કરે છે. પરંતુ તે કેવી રીતે પ્રકૃતિનો આભાર વ્યક્ત કરે છે ? મનુષ્ય કઈ રીતે ઈશ્વરનો આભાર માને છે ? બધું જ આપવાવાળા ઈશ્વરને ભૂલી જાય છે ? આ જ કારણે મનુષ્ય જુદી જુદી કઠણાઈઓનો અને આપત્તિઓનો શિકાર બની જાય છે. (.......)

-શ્રી સત્યસાંઈ સ્પીક્સ્  ભાગ ૨૧ – પ્રકરણ ૯

(.......) અનેક પ્રાકૃતિક આપત્તિઓ સંપૂર્ણ રીતે માનવસર્જિત જ છે અને તેના વ્યવહારને પરિણામે છે. ભૂકંપ, જવાળામુખી, યુદ્ધ, પૂર આવવાં, અને દુષ્કાળ પડવો વગેરે બીજી આપત્તિઓ પ્રકૃતિનાં પ્રતિકૂળ કારણોથી છે. આ બધી ઘોર અવ્યવસ્થા, મનુષ્યનાં કર્મોને કારણે જ છે. મનુષ્યે માનવતા અને પ્રકૃતિનાં આંતરિક સંબંધોને ઓળખ્યા નથી. (.....)

-શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ – ૨૫, પ્રકરણ ૩૭.

કાર્મિક સિદ્ધાંતોમાં તેને "સામુહિક કર્મ" કહેલું છે, ભગવાને કહ્યુંછે કે આ રીતે ખૂબ જ મોટા પાયાની પ્રાકૃતિક અને પરમાણુ નાશ, વિધ્વંસ જેવી માનવસર્જિત આપત્તિઓનાં નિવારણને માટે તેનાં 'સામુહિક કર્મો' ને ભોગવવાની જરૂરિયાત નહીં પડે ? શું કોઈ અત્યંત વિનાશકારી બનાવોને માટે સામુહિક કર્મોનાં વિશાળ પરિણામ સ્વામીએ પોતાની ઉપર લઈ લીધાં હતાં ? જે સમયે સ્વામી હોસ્પિટલમાં હતા તે સમયનાં વિભિન્ન વૈશ્વિક બનાવો પર જો આપણે ધ્યાન આપીએ તો બંને વચ્ચેને આ સંબંધ જાણવો, સ્થાપવો મુશ્કેલ નથી. જાપાનમાં ભૂકંપ / સુનામી / પરમાણુ આપત્તિઓ આવ્યા પછીના થોડા જ દિવસો બાદ, શ્વાસ લેવામાં મુશ્કેલીઓ, (કે ન્યૂમોનિયા)ની મુશ્કેલીને કારણે તેમને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ ત્રણ બાજુઓનો કોપ તે એકદમ દુર્ભાગી બનાવ હતો. જેનાથી હજારો જિંદગીઓ તે બનાવે લીધી અને અનેક લોકો બેઘર અને બિમાર થયા ! (તે બધાં શાંતિ પામો !) ભયાનક સુનામી પેદા કરવાવાળા, જાપાનના ઈતિહાસનો સૌથી મોટો વિનાશક ભૂકંપ અને તેનાંથી ઉત્પન્ન સુનામી અને ફુકુશીમા પરમાણુ ન્યુક્લીયર પાવર પ્લાન્ટના ભાગોનો ભયંકર વિનાશ કર્યો હતો. અને જાપાન એક પરમાણુ આપત્તિના કિનારે ઉભું હતું. રીક્ટર સ્કેલ (માપન) પર ૮.૨ ની તીવ્રતાવાળા ભૂકંપની ગણતરી રાખીને ફુકુશીમા પરમાણુ રીએક્ટર્સનું નિર્માણ કરેલું હતું. પરંતુ આ સાચો ભૂકંપ આ તીવ્રતાનેય પાર કરી ગયો હતો. (રીચર સ્કેલ ૯.૦) કેટલાક નિષ્ણાતોએ કહ્યું કે આ રીએક્ટરનું આ આપત્તિને સહી શકવું તે કોઈ ચમત્કારથી ઓછું નથી ! (ન્હોતું !) અને આથી રીએક્ટરનો પૂરીરીતે 'મેલ્ટડાઉન – ઓગળી જવું' થી બચી જવાયું ! ટૂંકમાં, જો પૂરી રીતે મેલ્ટડાઉન થઈ જાત તો આ આપત્તિએ અકલ્પનીય રૂપ લીધું હોત ! એટલા મોટા પાયા પર કે જેને માનવજાતે હજી સુધી જોયું ન હોત ! (એટલું નુકશાન થયું હોત !) આ તો આપણે જે કાંઈક જાણીએ છીએ પણ એ આપત્તિઓનું શું જેને નિયતિએ નિર્ધારિત તો કરી હતી, પરંતુ ક્યારેય બની ન્હોતી તેથી તેના વિષે તો આપણે જાણતાં જ નથી ! ફક્ત તેઓ જ જાણે છે. આ વખતે

મને શુકનાડી ગ્રંથની આ આગાહી યાદ આવે છે "તેઓ દેખાડી દેશે કે પ્રકૃતિનાં ક્રોધને ફક્ત તેઓ ન નિયંત્રણ કરી શકે છે." સ્વામીએ આ બિલકુલ સ્પષ્ટ કરી દીધું છે કે એમના દેહને જે પણ થવું હોય તે થાય,તે માનવ જાતનાં કલ્યાણ માટે જ હશે !

જેમ નરસિંહામૂર્તિએ ચીંધ્યું છે કે "કસ્તુરીએ 'મને' એક વખત આજીજી (પ્રાર્થના કરેલી હતી કે ભક્તને બચાવવા માટે આ દેહની ઉપેક્ષા ન કરો ! મેં જવાબ આપ્યો કે આ દેહ ભક્તોનાં કલ્યાણાર્થે જ આવ્યો છે અને તેમનાં ભલા માટે કાંઈપણ ને કશું કરવામાં જ ઉપયોગી થશે." શારિરીક આસકિત માનવીય છે ને અનાસકિત દિવ્યત્વ છે ! શરીરનો મોહ જ બધાં દુ:ખો અને કષ્ટો વેઠવાનું કારણ છે. કારણકે ઈશ્વરને દેહથી કોઈ આસકિત નથી કે લગાવ હોતો નથી તેથી તેઓ તેમનાં શરીરને જે કષ્ટો થાય તેને પણ કોઈ મહત્વ આપતા નથી. તેઓ એક દેહ ધારણ કરે છે, તે દેહને અને કષ્ટો હોય છે, તે આખાય સંસારની ભલાઈ માટે થાય છે.

- દિવ્ય પ્રવચન, પ્રશાંતિ નિલયમ ૧૪ જાન્યુઆરી – ૧૯૯

આપણે બીજી શું સાબિતી જોઈએ ? આપણે જે સમજવાની જરૂર છે તે એ છે કે "આખાય સંસારનાં કલ્યાણને માટે" તેમનો દેહ ત્યાગથયો. જેમ કે દિવ્ય પ્રવચનમાંથી ટાંકેલ ઉપરોક્ત ઉકિતમાં ઉલ્લેખ કરાયેલો છે. તેમણે, પોતાના દેહને થયેલ કોઈપણ કષ્ટને કાંઈ જ મહત્વ આપ્યું નથી. પછીથી સ્વામીએ પોતાના પ્રવચનમાં રહસ્ય ખોલ્યું છે કે પોતાના કોઈ ભક્તને બચાવવા માટે તેઓ કોઈપણ હદ સુધી જઈ શકે છે : [મારા પોતાના વિનમ્ર મતે, સ્વામીના આ દિવ્ય પ્રવચનને સ્વામીના અત્યંત મહત્વનાં પ્રવચનોમાંથી એક માનીને દરેક સાંઈ ભક્તોએ તેનો અભ્યાસ કરવો જોઈએ. – લેખક] (ડિસેંબર મહિનામાં) જ્યારે બેંગ્લોરથી પાછો ફરી રહ્યો હતો, મેં વોર્ડનને સૂચવ્યું હતુ કે બાળકોનાં રમતગમતનાં અવસરે (સ્પોર્ટસ્ મીટ) તેમને ન લાવવાં. તેમણે મારા સૂચનને જુદાં- જુદાં કારણોથી મારા શબ્દોને ગુણદર્શક માન્યા ! [.........] વિદ્યાર્થીઓ કોમળ હૃદયી હોય છે, સ્વામી માટે પ્રેમ અને ઉમદા લાગણીઓથી ભરપૂર. તેમણે વિવિધ પ્રોગ્રામ્સ દ્વારા મને ખુશ કરવાની યોજના કરી હતી. <u>નજીક આવી રહેલા સંકટને હું પૂર્ણપણે જાણતો હતો. પરંતુ વિદ્યાર્થીઓ મારા શબ્દોને ગ્રહી ન્હોતા શકતા.</u> મને થયું કે આવી પરિસ્થિતિમાં તેમને સલાહ દેવાનો કોઈ અર્થ નથી. ફક્ત જ્યારે તેઓ મારા શબ્દોની ઉપેક્ષા કરવાથી થતાં પરિણામને ભોગવશે ત્યારે તેમને મારા શબ્દોની કિંમત સમજાશે હજી સુધી બધાંને ખબર નથી કે ૧૧મી ની સવારે ખરેખર શું થયું હતું ! તેમણે કહ્યું કે રમત સમારંભ એકદમ સફળ રહ્યોહતો. જ્યારે તમે સફળ થાવ છો તો હું પણ ખૂબ ખુશ થાઉં છું. વિદ્યાર્થીઓએ

તેમાં ખૂબ સારો દેખાવ કર્યો. આ 'સ્પોર્ટસમીટ' ની સફળતાને માટે દરેકે પોતાની ક્ષમતા અને યોગ્યતા પ્રમાણે સહકાર આપેલો. તે દિવસે જ્યારે મેં સ્ટેડિયમમાં પ્રવેશ કર્યો, ત્યારે મેં બે લોરીઓને જોઈ. ખૂણામાં છૂપાયેલા ભયની મેં તરત જ ઝાંખી કરી દીધેલી. મેં એ બે લોરીઓને જોઈ તેનાં પર બે વિશાળ 'સ્કેફોલ્ડીંગ' (પાલખ કે લાકડા કે વાંસનાં કામચલાઉ માળખું) મૂકેલાં હતાં. બાળકોએ તે પર થોડા સાહસિક 'એક્રોબેટીક ફીટસ્' (દોરડા પરની રમતો + કરામત) દેખાડવાની યોજના કરી હતી. હું જાણતો હતો કે તેમાંનો એક જાડો સળિયો બરાબર ગોઠવાયો ન્હોતો અને જલ્દી જ નીકળવાનો હતો. જો એવું થાત તો બાળકોનાં માથા પર ગંભીર ઘા થાત ને કરોડરજ્જૂ તૂટી જાત. મેં સંકલ્પ કર્યો કે બાળકોને હું બચાવી લઈશ. અને સંકટ પોતાના પર લઈ લઈશ. (.....) તેનાં એક દિવસ પહેલાં મેં ચાર બાળકોને સૂચના આપી હતી કે રથને દોરી રાખે અને સાવધાની રાખે.

તેમને પણ સ્વામી પ્રત્યે અત્યંત પ્રેમને ભક્તિભાવવાળાં છે. પણ મેં ધ્યાનથી જોયું કે તેમાનાં કોઈપણ તે સ્થાને હાજર ન્હોતા કોઈનોય દોષ કાઢી ન શકાય. કોઈ આમ જાણી જોઈને ન કરે, સ્વામી તો વિદ્યાર્થીઓનાં પ્રાણ છે ! મેં રથને રોકવા કહ્યું, એક વડીલ – ભક્ત રથને પૂરી ભક્તિ, પ્રેમ અને નિષ્ઠાપૂર્વક ચલાવી રહ્યા હતા. તેમણે રથને મારી આજ્ઞા પ્રમાણે રોકી દીધો. જ્યાં હું ઉપકુલપતિ (વાઈસ ચાન્સેલર)ની સાથે વાત જ કરવા જતો હતો ત્યાં ચાલકે બ્રેકને બદલે પોતાનો પગ, ક્લચ પર મૂકી દીધો. તેનાથી એક ઝાટકો વાગ્યો અને હું રથ પરથી પડી ગયો. તેને પરિણામે મને માથે અને હાથ પર માર લાગ્યો અને મારી કરોડરજ્જુ બહુ જ ખરાબ રીતે ઘવાઈ ગઈ હતી. જે છોકરાઓને ભોગવવાનું હતું તે મેં મારા પર લઈ લીધું ! જોનારની ગેલેરીમાં અનેક પુરુષો ને સ્ત્રીઓ બેઠેલાં હતાં, પરંતુ મેં સાવચેતી રાખી કે કોઈનેય મારા વાગ્યાની ખબર પડે ! હું એવું બતાવતો રહ્યો કે જાણે કશું જ બન્યું નથી. ઉપકુલપતિ ચિંતીત હતા કે સ્વામી ઉભા રહી શકતા ન્હોતા ! હું જાણતો હતો કે હવે થોડો ય વધુ વિલંબ પણ ભક્તોનાં મનમાં ચિંતા ઉભી કરી શકે તેમ છે. તેથી હું દર્દ ભૂલી તરત જ ઉઠીને ઉભો થઈ ગયો. અને હાથ હલાવી ભક્તોને આશિષ આપવા માંડયો. દર્દ ખૂબ જ તીવ્ર હતું ને મારા હાથમાં ઘા ખૂબ ઉંડો હતો કે જાણે કોઈએ તેમાં ચપ્પુથી કાણું પાડી ન દીધું હોય ! પરંતુ મારા હાથને ઢાંકેલા મારા ઝભ્ભાની બાંય તો બરાબ હતી આ બનાવ તમને દિવ્યતાની અનંત શક્તિની એક ઝાંખી કરાવે છે

મેં, મને એક બેડોળ (મુશ્કેલ) પરિસ્થિતિમા મૂક્યો, મારે તો મારા વાગવા વિષે કોઈનેય ગંધ ન આવે તેમ મંચ સુધી ચાલીને જવાનું હતું. તો મે સંકલ્પ કર્યો કે મારા વાગ્યા પર કોઈનું ય ધ્યાન ન જાય ! જેથી બધાં ચિંતા ન કરે. હું મંચ સુધી ગયો ને પોતાને સ્થાને બેસી ગયો. પરંતુ આ બધાંમાં મારા ઝભ્ભાની નીચેની ધોતી લોહીથી તરબતર થઈ ગયેલ. આ જોઈ, ભક્તો આ વિષે જાણી જશે એમ માની સાવધાનીથી બાથરૂમમાં ગયો. લોહી સાફ કરવા માટે ત્યાં બહુ ટુવાલો ન્હોતા ! હું લોહીથી ખરડાયેલ ટુવાલ બાથરૂમમાં છોડીને જવા ન્હોતો માંગતો જેથી કોઈની નજર તેનાં પર પડી જાય. જો કે દર્દ ખૂબ જ તીવ્ર હતું, છતાં પણ મેં જાતે ટુવાલ સાબુથી ધોયો, નીચોવ્યો અને પછી તેને સૂકવવા માટે ઉપર નાંખ્યો. કોઈપણ સંજોગોમાં હું પોતાની પરેશાની, દર્દ કે થાક પ્રકટ નથી કરતો. કેટલાક છોકરાઓ તે જાણવા ઉત્સુક હતા કે વારંવાર હું બાથરૂમમાં કેમ જાઉં છું ? મેં તેમને જવાબ આપ્યો તમે કેમ પરેશાન થાવ છો ? આ તો માંરૂ કામ છે. સામાન્ય રીતે હું બે વખત જ ફક્ત, બાથરૂમ જાઉં છું, સવારે ને સાંજે. પણ લોહી બહુ વહી રહ્યું હતું તેથી થોડા અંતરે મારે ૫-૬ વખત બાથરૂમમાં જવું પડ્યું. તે બધામાં, બે વિદ્યાર્થીઓ આવ્યા ને ધ્વજ ચડાવવા માટે પ્રાર્થના કરી, જ્યારે હું ખૂરશીમાંથી ઉઠ્યો તો એવું લાગ્યું કે જાણે મને વિજળીનો કરંટ / ઝટકો, લાગ્યો ન હોય. આ બનાવ પર વિચાર કરતાં મને પોતાના પર જ હસવું આવ્યું. હું જમીન પર બરાબર ઉભો ન્હોતો રહી શકતો. મેં વિચાર્યુ કે મારે દેહનાં મોહથી, આસક્ત ન થયું જોઈએ અને હસતાં ધ્વજ ચડાવવા માટે આગળ વધ્યો. પછી મેં દીપ પ્રકટાવ્યો. મે પોતાને મુંઝવણ ભર્યા સંજોગોમાં જોયો. હું કોઈપણ આસનમાં સારી રીતે ન્હોતો બેસી શકતો. જ્યારે હું બધા ભક્તોને શરીરનો મોહ ત્યાગવાને માટે સલાહ આપું છું તો મારે પોતે પણ આ સંબંધે એક દાખલો બેસાડવો જોઈએ. આમ મેં મારી જાતને કહી મેં તે પ્રમાણે વ્યવહાર કર્યો.

પ્રાથમિક વર્ગોનાં વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ દેખાવ કરેલ અને મારી સાથે ફોટો પડાવવાની ઈચ્છા પ્રકટ કરી, કારણ કે હું તેમને નિરાશ કરવા માંગતો ન્હોતો, તેમની પ્રાર્થના પ્રમાણે હું તેમની નજીક ગયો અને આવી રીતે બાકીનાં વિદ્યાર્થીઓ સાથે ફોટો પડાવવા પાંચ વખત વધુ, મેદાનમાં ગયો. આ રીતે મેં પોતાની જાતને દેહથી વિરક્ત – જુદી – કરી દીધી. મારૂં શરીર ખોટું પડી ગયું હતું. તેમાં કોઈ જ જાતની અનુભૂતિ ન્હોતી. મારૂં માથું ભમતું હતું. મારા દેહને ચાહે કાંઈપણ થઈ જાય, હું તમને પ્રસન્ન કરવા માંગતો હતો. મેં આ વાત મારા પૂરતી જ રાખવાનો નિર્ણય કરેલો. તે વિચારે કે જ્યારે હું રમતનાં મેદાનથી મંચ પર પાછો

આવું તો લોહીના  ધબ્બા જોઈ શકાત. હું પોતાની ખૂરશી સુધી આવતી સીડીઓ પર ચઢી ગયો. શું કોઈ મનુષ્ય માટે આટલા મોટા જનસમુદાયની વચ્ચે, લોકોની સતત એકીટસે જોવાતી દ્રષ્ટિની વચ્ચે આટલા લાંબા સમય સુધી આટલી મોટી ઈજા – ઘા છૂપવવી શક્ય છે ? ના, હું પોતાના સ્થાન પર સતત પાંચ કલાક બેઠો રહ્યો હતો. હું આટલું લંબાણપૂર્વક એટલે સંભળાવી રહ્યો છું કે જેથી ભક્તો અને વિદ્યાર્થીઓ દિવ્યતાની પ્રકૃતિને સમજી શકે !

મારી પરિસ્થિતિમાં, બીજું કોઈપણ એક ક્ષણને માટેય બેસવા શક્તિમાન ન થાય. તદ્દન અશક્ય હોઈ શકે એક પગલુંય આગળ ભરવા માટે ! આ એવું હતું જાણે વિજળીનો ઝટકો મારા શરીરને ચીરી રહ્યો હોય ! આ વિદ્યુતધારા હોય છે જે ઝટકો આપે છે, પણ જ્યારે હું પોતે જ વીજળીધારા છું તો પછી મને વીજળીથી ઝટકો વાગવાનો પ્રશ્ન જ ક્યાં ઉઠે છે ?

આ લાગણી સાથે હું પૂરા સમારંભ સુધી બેસી રહ્યો અને પછી મંદિર પાછો આવ્યો. સેંન્ટ્રલ ટ્રસ્ટનાં સભ્યો મારી સાથે આવ્યાં પણ એ વાતથી અજાણ હતા કે મને શું થયું હતું. જે બન્યું હતું તે વડીલ ભક્તે ક્ષમા માંગી ત્યારે મેં તેમને કહ્યું, “ તમે ભૂતકાળની શા માટે ચિંતા કરો છે ? જે વીતી ગયું તે વીતી ગયું ! હું પ્રસન્ન છું. મારે માટે ચિંતા ન કરશો.” તે બધાંએ બપોરનું જમવાનું ખાધું. ભોજન પછી પાછું લોહી ઝરવા માંડયું. બધા વિદ્યાર્થીઓ ફોટો પડાવવા માટે રાહ જોતા હતા. લોહી સાફ કરવા હું ફરીથી બાથરૂમમાં ગયો. આ જોઈ ઇંદુલાલ શાહ ચીસ પાડી ઉઠયાં. “સ્વામી ! આ શું છે ?” મેં તેમને પ્રેમથી કહ્યું, “ઇંદુલાલ શાહ ! દેહને જે થવાનું હતું તે થઈ ગયું.” આમ કહી તેમને,મને જ્યાં વાગેલું હતુ તે બતાવ્યું. તેઓ બધાં વ્યથાથી રડી પડ્યાં. તેમણે મારા શરીર પર બધે જ લોહી લાગેલું તે જોયું. મેં તે બધાને કહ્યું કે તમે જો આ રીતે તમારું દુ:ખ  વ્યક્ત કરશો તો ભવિષ્યમાં હું તમને  કાંઈ જ જણાવીશ નહીં. મારા મંદિર પહોંચ્યા સુધી કોઈનેય આ વિષે જાણ ન્હોતી. આ રીતે, “હું મારા વિદ્યાર્થીઓ અને ભક્તોની રક્ષાને માટે તેમનાં ન કહેલાં સંકટો, આપત્તિઓ પણ મારા પર લઈ લઉં છું. આ દુર્ઘટના માટે કોઈ જવાબદાર નથી. તમે એક વ્યકિત કે બીજી અન્ય વ્યકિતની ભૂલ શોધી શકો છો. પણ આને માટે કોઈ પણ જવાબદાર નથી. બસ આટલું જ. જે કાંઈ બન્યું તે બન્યું

આ બનાવ હું ફક્ત એ હકીકતની પુષ્ટિ કરવા જણાવું છું કે મારા જે ભક્તો, મારી આજ્ઞાઓનું પાલન કરે છે, તેમનું હું રક્ષણ કરવા કેટલી હદ સુધી જઈ શકું છું ! જ્યારે હું મંદિર પાછો ફર્યો ત્યારે તે ચારેય છોકરાઓને બોલાવ્યા.તેમણે મારું બધું વાગેલું જોયું તો દુ:ખી દુ:ખી થઈ ગયા. હું તેમને, મારી આજ્ઞા નહીં માનવા બદલ લડ્યો. મેં તેમને પૂછ્યું, “ મેં જેવી આજ્ઞા

તમને આપી હતી તેમ, ત્યારે કેમ હાજર ન્હોતા ? જો તમે મારી આજ્ઞાનું પાલન કર્યું હોત તો આ બનાવ ન બન્યો હોત !" મેં તેમને કહ્યું, " તમે આથી દિલગીર ન થશો."

-દિવ્ય પ્રવચન, પ્રશાંતિ નિલયમ, ૧૪ જાન્યુઆરી ૧૯૯૯

જેવું સ્વામીએ દિવ્ય પ્રવચન પૂરું કર્યું કે લાગણીઓનું પૂર વ્હેવા માંડયું; ભક્તો ડુસકાં ભરી રડવા માંડ્યા. વિદ્યાર્થીઓ પણ રડવા માંડ્યા. સ્વામીને ફક્ત ગંભીર વાગ્યું તે જ નહીં. પરંતુ સમારંભમાં કોઈપણ રીતે ખલેલ ન પડે તેનું ધ્યાન રાખી અત્યંત સાવચેતીપૂર્વક પોતાના ભક્તોથી બધું છૂપાવ્યું પણ, ફક્ત પોતાના ભક્તોનાં સંતોષ માટે આખાય કાર્યક્રમ દરમ્યાન તીવ્ર દર્દમાં પણ બેસી રહ્યા. આપણાં પ્રત્યેનાં સ્વામીના પ્રેમને કયા શબ્દોમાં વર્ણવી શકીએ ? વિદ્યાર્થીઓએ તેમનાં સૂચનને ધ્યાનમાં ન લીધું છતાં પણ તેમણે તેમની રક્ષા કરી, જ્યારે પણ તેમનાં ભક્તોનાં હિતની વાત આવે છે, ત્યારે હજાર માતાઓનાં પ્રેમની બરાબર અનંત પ્રેમ રાખવાવાળા સ્વામી કોઈ સમજૂતિ નથી કરતા ! આપણે કેટલાં બધા ભાગ્યશાળી છીએ કે આપણને તેમનો પ્રેમ મળ્યો છે.

સ્વામી પોતાના શરીરની સાથે "અંતિમકાર્ય" કરવાની ઉદારતાને સમજવા માટે આપણને એક લોકપ્રિય બનાવ પર મનન કરીએ કે કેવી રીતે સ્વામીએ એક વિદ્યાર્થીનાં દમના રોગને પોતાના પર લઈ તેને તે રોગથી મુક્ત કર્યો હતો. વૃંદાવનનો એક વિદ્યાર્થી અસ્થમા (શ્વાસની બિમારી)ની બહુ જ ગંભીર સ્થિતિમાં હતો. પોતાની બિમારીથી મુકિત માટે તેણે સ્વામીને પત્ર લખ્યો.તે પત્ર લખી લખીને સ્વામીને પ્રાર્થના કરતો હતો એક સાંજના દર્શન દરમ્યાન સ્વામી સીધ્ધા તે બાળક પાસે ગયા અને તેનો હાથ પકડ્યો એક જ ક્ષણમાં તે વિદ્યાર્થીએ જોયું કે સ્વામી મુશ્કેલીથી શ્વાસ લઇ શકે છે. એમ જાણીને કે સ્વામીએ તેની બિમારી પોતાના પર લઇ લીધી છે, તે બાળક રડી ઉઠયો "બાબા ! તમે મારો રોગ મટાડો તેમ ઇચ્છતો હતો નહીં કે તમે રોગ લઇ લો ! પ્લીઝ ! મારે માટે થઇને તમે ન સહન કરો !" આમ કહી તે,પોતાનો હાથ સ્વામીની પકડમાંથી છોડાવવા માંડ્યો પણ સ્વામીએ બે મીનીટ સુધી તેનો હાથ પકડી રાખ્યો હતો અને પછી સામાન્ય રીતે શ્વાસ લેવા માંડ્યા, પછી ઉંડાણથી તેમણે બાઇ સામું જોયું અને બોલ્યા : "તને શું એમ લાગે છે કે તન શું થાય છે તે જાણવા માટે મારે તારા પત્રોની જરૂર પડે છે. હું તારા અસ્થમાની બાબત જાણું છું. તારાં કર્મબંધન મારામાં બદલાઈ ગયાં. તારી ૨૦ વર્ષની પીડા મારી બે મીનીટની પીડા બરાબર હતી. આપણે એ સમજવાનો પ્રયત્ન પણ કેવી રીતે કરી શકીએ કે તે ૨૮ દિવસમાં આપણાં પ્રિય સ્વામીએ કેવા પરિણામમાં / ગાળામાં

કર્મબંધનો પોતાના પર લીધાં હશે ? જ્યારે તેઓ ચૂપચાપ પીડા સહન કરી રહ્યા હતા તેનાં કેટલા દિવસ, અઠવાડિયાં અને મહિનાઓ એ ગણત્રીની વાત નથી !

## પ્રાર્થનાની શક્તિ :

યાદ રાખો આ સંસારની રક્ષા કરવાને માટે ઈશ્વરના નામથી વધુ શક્તિશાળી કશું જ નથી ! એ હથિયાર કે બોંબ નથી કે જેનાથી સંસારની રક્ષા થશે ! ફક્ત ઈશ્વરનું નામ જ વિશ્વની (ને વ્યકિતની) રક્ષા કરશે મન માટે સર્વોત્તમ કર્તવ્ય એ જ છે કે તે ઈશ્વરની કૃપાને માટે પ્રાર્થના કરે! પ્રાર્થનાનું મહત્વ સૌથી વધુ છે.

-શ્રી સત્યસાંઇ સ્પીક્સ્ ભાગ – ૨૪, પ્રકરણ – ૪.

સાચી પ્રર્થનાથી, અનિષ્ટનો પહાડ પણ ચૂર થઈને નષ્ટ થઇ જાય છે. .....

-શ્રી સત્યસાંઇ સ્પીક્સ્ ભાગ – ૧૩, પ્રકરણ – ૨૬

જયારે સ્વામી હોસ્પિટલમાં હતા ત્યારે તેઓ જાતે સ્વયં પોતાને સ્વસ્થ કરી દે તે માટે બધા જ ભક્તો ગંભીરતાપૂર્વક પ્રાર્થના કરતાં હતા. વિશ્વનાં બધા જ ભાગોમાં સતત પ્રાર્થનાઓ અને મંત્ર જાપ, ચાલી રહ્યા હતા. સ્વામીના દરેક ભક્તનાં મનમાં ફક્ત એક વિચાર હતો. સ્વામીનું આરોગ્ય ! ફક્ત મારા વિષે જ વિચાર કરું આજ સુધી કયારેય આટલી ઉગ્રતા કે તીવ્રતાથી ને એક ધ્યાનથી પ્રાર્થના કરી ન્હોતી, જેટલી તે ૨૮ દિવસોમાં કરી હતી. હું માનું છું કે સ્વામીના દરેક ભક્તની આવી જ સ્થિતિ હશે ! હતી. ફક્ત સાંઇ ભક્તોનાં સંગઠિત પ્રયત્નોનાં પરિણામે જ તે ૨૮ દિવસોમાં આ વિશ્વમાં હકારાત્મક સ્પંદનોનું સ્તર (લેવલ) અત્યંત વધી ગયું હશે ! સીમા દિવાનને મળેલા અદભૂત સંદેશામાંથી ૪ એપ્રિલ ૨૦૧૧ ને દિવસે મળેલ., “ફક્ત તમારે માટે જ” નામના સંદેશામાં સ્વામીએ સીમા દિવાનને એક રહસ્ય કહેલું તેને થોડો ભાગ આપેલ છે : (........) “જ્યારે ઈશ્વરનું નામ નિરંતર લેવાય છે, ત્યારે તે એવી નકારાત્મક શક્તિથી મુક્ત કરી દેતા હોય છે જે આજે સારા ય વિશ્વ પર ધુમરાઇ રહી છે. હું હંમેશા પરમાનંદમાં રહું છું..... વધુ તો તમે મને તમારી મુશ્કેલીઓ વખતે જ યાદ કરો છો....પણ હું તમને મુશ્કેલીઓ કે પરેશાનીઓ કેવી રીતે આપી શકું ? હું તમારી માં છું..... હું હંમેશા તમારું કલ્યાણ જ કરું છું.... તમારું એક આંસૂ પણ મને તમારી મદદ માટે દોડાવે છે. તમે મને જોઇ શકતાં નથી કારણ કે તમારી આંખો ફક્ત આ સંસારને જોવા માટે રોકાયેલી છે.

તમે માત્ર હું જ છો. નકારાત્મકતા દૂર કરવા માટે તમારે ફક્ત ઈશ્વરનું નામ યાદ રાખવું જોઈએ. એટલે મેં આ બિમારી મારા ઉપર લીધી છે. તમે મને યાદ રાખો.....પ્રાર્થના કરો

અને તેનાં દ્વારા એક શુધ્ધ, પવિત્ર માનસિક સ્થિતિમાં રહો. ફક્ત હકારાત્મક ઉર્જા દ્વારા જ તમે કે તમારા પર આવનારી મુશ્કેલીઓ અને આપત્તિઓ દૂર થઇ જશે. તમારાં પ્રિયજનોની મુશ્કેલીઓ પણ ધોવાઇ જશે. ઈશ્વર સ્મરણની હકારાત્મક શક્તિથી !

મારે માટે શારિરીક ઉપાધિઓ કાંઈ જ નથી. તમને દુ:ખ/પીડા થાય છે જ્યારે તમે મને આમ જૂઓ છો (સ્વામીને કાંઇપણ થાય તો ભક્તોને દુ:ખ થાય જ !) અને તેથી તમે પ્રાર્થના, પ્રેમ, એકતા અને સત્કાર્યો કરવાની શક્તિ પ્રાપ્ત કરો છો. આ જ ફર્ક છે, જે હું તમારે માટે ઇચ્છું છું. તમારી શાંતિ ફક્ત સારાપણામાં જ છે.

(........) જ્યારે માં બિમાર હોય છે ત્યારે અંદર અંદર લડતા ભાઈઓ – બ્હેનોય એક થઈ જાય છે. હું તમને એકબીજા માટે પ્રેમપૂર્ણ એકતાથી, પૂર્ણરૂપે (બધી રીતે) એક જોવા ઈચ્છું છું. તમે સંપૂર્ણ વિશ્વાસ (શ્રદ્ધા) રાખો કે તમે પૂર્ણરૂપે મારી છત્રછાયામાં છો."

સ્વામી એકદમ સ્પષ્ટપણે પોતાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે કે વિશ્વને નકારાત્મક શક્તિમાંથી મુક્ત કરવા માટે ભક્તો સાચા હૃદયથી પ્રાર્થના કરે. શું ખરી રીતે બ્રહ્માંડની ભલાઈ / કલ્યાણ નિશ્ચિત કરવા માટે બધાં નામ સ્મરણ અને પ્રાર્થનાઓની દિશા બદલી નાંખી હતી ? બિમારી લેવાની સ્વામીની રીત કદાચ તેમનાં ભક્તોને, પ્રાર્થનાઓને માટે 'એક કરવા' માટે હોઈ શકે ! જ્યારે (સાંઈ) માં બિમાર થઈ તો તેમનાં બાળકો તેમને માટે પ્રાર્થના કરવાં 'એક' થઈ ગયેલાં. સ્વામીના ભૌતિક રૂપથી ચાલ્યા ગયા પછી પણ સાંઈ પરિવારમાં બંધુત્વ દસ ગણું વધી ગયેલ છે. હરેકે, એકબીજાની દેખભાળ કરવાની જરૂરિયાત અનુભવી છે. ભક્તિ વધી છે. સાંઈ પ્રવૃત્તિઓ વધી છે. દરેકને જાણે લાગે છે કે સ્વામી પહેલાં કરતાંય વધુ નજીક છે. લોકો ભૌતિકરૂપથી ઉપર જઈ તેમને "હૃદયવાસી"ના રૂપે વધુ ઓળખે છે.

## સમાચારો, ચારેય દિશામાં ફેલાયા :

માર્કટ્વેઈને એક વખત કહ્યું હતું : " જ્યારે સત્ય ચંપલ પહેરી, પહેલું ડગલું પણ ચાલવાનું શરૂ કરી દે તો જૂઠ અડધી દુનિયાનું ચકકર લગાવી લે છે." આ જ સ્થિતિ અયોગ્ય, અરુચિકર સમાચાર વિષે હતી. આવા સમાચારો ચારેય બાજુ ફેલાઈ ગયેલાં. ખરેખર આખાય વિશ્વમાં અનેક લોકોને સ્વામી વિષે જાણકારી, તેમનાં ભૌતિક દેહ છોડ્યા પછી સમાચારોથી મળી. આ જાણીને કાંઈક વિચિત્ર લાગે છે કે થોડા દિવસો સુધી સ્વામીના ભૌતિક દેહ છોડ્યાનાં સમાચાર 'ગુગલ'ના સૌથી પહેલાં આંતરરાષ્ટ્રીય સમાચાર અને "ટાઈમ" મેગેઝીન પ્રમાણે ૨૦૧૧માં સૌથી મોટા ખબરમાં ૭મા નંબરે આ સમાચાર હતા. જે લોકોને સ્વામી વિષે

નકારાત્મક માહિતી હતી તેઓ કદાચ પોતાનો દ્રષ્ટિકોણ – ભારત સરકાર દ્વારા સ્વામીને રાજકીય સન્માન સાથે વિદાય આપવાથી બદલી શકે છે. બીજી બાજુ, નકારાત્મકતાનો પ્રચાર ખૂબ જ હતો. ભારતથી બહાર રહેતા ભક્તોનો સામનો એવા લોકોથી થયો જે વર્તમાનમાં જ ભારતમાં ગુજરી ગયેલા ગુરુ વિષે પૂછાપૂછ કરતાં રહ્યાં હતાં. (ભારતમાં ખૂબ લોકો સ્વામી વિષે જાણે છે.) ખાસ કરીને, એ જાણવામાં વધુ ઉત્સુક હતાં કે તેમની ૯૬ વર્ષ સુધી જીવશેની આગાહી કેમ ખોટી પડી ? જ્યારે સ્વામી હોસ્પિટલમાં દાખલ થયા તે સમયથી જ સાંઈ ભક્ત – સંઘો (સમુદાય) પર જુદા જુદા સમૂહો દ્વારા કટુતાપૂર્વકનાં હૂમલા થયા. જ્યારે સાંઈ ભક્તો સ્વામી માટે તેમનાં સ્વાસ્થને સ્વસ્થ થાય તે માટે ગંભીરતાથી પ્રાર્થનાઓ કરી રહ્યાં હતાં, ત્યારે આવા લોકો પ્રશ્નો કરી રહયાં હતાંકે પોતે બિમાર છે, ને હોસ્પિટલમાં દાખલ થયા હોય તો તેમને ઈશ્વર કેવી રીતે માની શકાય ! સ્વામીના ભૌતિક દેહ ત્યાગ્યા પછી, વૈશ્વિક માધ્યમો (મીડીયો ગ્લોબેલ) આપણી શ્રદ્ધાની મજાક ઉડાવવા પર ઉતરી આવ્યાં હતા.આવું બનવા છતાં, કારણ જાણે કોઈપણ હોય, મહત્વનું એ છે કે તેમનું નામ ચારેય દિશામાં ફેલાઈ રહ્યું હતું. હવે કલ્પના કરો કે સ્વામી જ્યારે પાછા આવશે તો મોટા ભાગનાં લોકોએ તેમને અને તેમની નિષ્ફળ આગાહી વિષે તો સાંભળ્યું જ હશે !

મારા મતે, બધા નકારાત્મક પ્રચારનો કોઈ હેતુ જ હશે, સંભવ છે કે : દિવ્ય યોજના (ડિઝાઈન)નો ભાગ જ રહ્યો હોય ! જ્યારે જુદા જુદા લોકો પોતાના સ્વાર્થ માટે તેમનું નામ બગાડવાનો પ્રયત્ન કરશે અને તે નિષ્ફળ રૂપે સાંઈભક્તોની શ્રદ્ધા ઓછી કરવાનો પ્રયત્ન કરશે, મારા પોતાના કાલાવાલા કરતા મનમાં એ છે કે એક દિવ્ય નાટકનો પડદો ઉઠતો જોઉં છું, એક ગર્જનાત્મક જવાબ જો આ બ્રહ્માંડનાં સૂક્ષ્મ વિસ્તારોમાં આકાર લઈ રહ્યો છે.

(.....) "તેઓ પણ જેમને સ્વામીના સત્યની જાણ નથી પરિચય નથી તેમને પશ્ચાતાપનાં આંસૂઓ સાથે આવવું પડશે. અને મારો અનુભવ કરવો પડશે, જલ્દીથી જ, આ વિશ્વ વ્યાપી બનશે."

- સત્ય સાંઈ સ્પીકસ્ ભાગ – ૧૫, પ્રકરણ – ૫૫

સ્વામી પોતે જ લેખક ને દિગ્દર્શક છે, તો પછી શા માટે તેઓ પોતાના નાટકને ગુંથે કે વળાંકો આપે નહીં ? તેઓ જ બધું કરશે તેથી ભક્તો જેમણે તેમનાં દિવ્ય ચરણકમલોમાં બધું જ સમર્પિત કર્યું છે તેઓ તેમના વિજયને અંતે તેના અતિ આનંદમાં નહીં ડૂબી જાય ?

આ દિવ્ય ઘટના સત્યને પોષશે અને અસત્યને જડમૂળથી હાંકી કાઢશે, અને તેનો વિજય (સત્યનો) તમને સૌને અતિ આનંદ – સાગરમાં ડૂબાવી દેશે ! આ છે સાંઈ સંકલ્પ

-દિવ્ય પ્રવચન, મે ૧૭,૧૯૬૮.

## <u>ઘણી વસ્તુઓ એક ઝટકે કરશે :</u>

"તમે શંકા ન કરશો ! હું આ અવતારનો હેતુ ચોક્કસ પૂરો કરીને જ રહીશ. હું મારી યોજનાને ફળીભૂત બનાવવામાં, મારો સમય લઈશ. જ્યાં સુધી તમને લાગે વળગે છે ત્યાં સુધી, હું ઉતાવળ નહીં કરું કારણ કે તમે જલ્દીમાં છો હું કદાચ થોડો સમય રાહ જોઈશ, હું દસ વસ્તુઓ એક સાથે કરું ત્યાં સુધી ! જેમ કે એક એન્જિન એક જ ડબ્બાને નથી ખેંચતું પણ તેની શક્તિ પ્રમાણે યોગ્ય નંબરમાં ડબ્બાઓ આવે ત્યાં સુધી રાહ જૂએ છે. <u>મારા શબ્દો કદી નિષ્ફળ નથી જતા; મારા સંકલ્પ પ્રમાણે જ બધું બનશે</u>."

-સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ – ૧, પ્રકરણ ૩૧

સ્વામીએ શા માટે શરીર છોડ્યું તે વિષે સ્વામીના પોતાના જ શબ્દો પરથીને તેમનાં જ શબ્દો દ્વારા આપણે ઘણાં કારણોની ચર્ચા કરેલ છે. હજી સુવર્ણ યુગ આવવાનો બાકી છે ! આપત્તિઓ જરૂર પાછી વાળવી જોઈએ 'સામુહિક કર્મો' માટે નકારાત્મક શક્તિને હાંકી કાઢવી જ જોઈએ. આ કેવી રીતે શક્ય બને ? તેમનાં દેહમાં તેમણે 'સામુહિક કર્મો' લઈ લીધાં તે દ્વારા અને ભક્તો. પ્રાર્થના દ્વારા ! તેમનાં ભક્તોમાં ભક્તિ અને સાધનામાં તીવ્રતાની વૃદ્ધિ કેવી રીતે કરાવી શકાત ? તેઓ સૌને વધુ એકતામાં કેવી રીતે બાંધી શકત ? તેઓ એ વાતની કેવી રીતે પ્રતિતિ કરાવે કે સાંઈએ ફક્ત ભૌતિક શરીર જ નથી; સાંઈ દરેક વસ્તુઓ અને દરેક વ્યકિતમાં છે ? માત્ર આમ જ નહીં, અનેક લોકોને સ્વામી વિષે તેમનાં ભૌતિક દેહ છોડ્યાનાં ખબરથી તેમને વિષે જાણ થઈ ! તેમણે બરાબર ઈસ્ટરનાં દિવસે જ ભૌતિક શરીર છોડ્યું. (કૃપા કરી 'ધ ગ્લોરી ઓફ રેઝરેક્શન' – આગળનું પ્રકરણ – "પુનર્જીવિત થવાનો મહિમા – વાંચો.)

સ્વામીએ કહ્યું જ છે કે તેઓ એકી સાથે દસ કાર્યો કરી શકે ! પરંતુ તેમના હોસ્પિટલમાં દાખલ થવાના અને અંતે દેહ છોડવામાં કદાચ તેમણે ૨૦ કાર્યો પૂરાં કર્યાં હશે !

"કોઈપણ વાતે ચિંતા કરવાની જરૂર નથી. જે અનુભવો, જે કાંઈ બને, એ જાણી લો કે આ અવતારની યોજના/સંકલ્પો હતા. આ પૃથ્વી પર કોઈપણ એવી તાકાત નથી, જે આ અવતારના હેતુ – ઉદ્દેશને એક ઉદાહરણના રૂપે પણ કોઈવાર કરાવી શકે ! કે વિઘ્ન ઉત્પન્ન કરી શકે ! જેને માટે આ અવતાર આવ્યા છે.

# પ્રકરણ – ૧૧

# પુર્નઉત્થાનનો મહિમા

જીસસ ક્રાઈસ્ટનાં અનુયાયીઓ – ક્રિશ્ચનો દ્દઢતાથી માને છે કે પોતાના શિષ્યોનાં પાપો શોષી લેવા માટે બધું સહન કરીને ક્રોસ પર મૃત્યુ પામ્યા. સ્વામીએ એમ પણ કહ્યું છે કે જીસસે પોતાનાઅનુયાયીઓને માટે પોતાના જીવનનું બલિદાનઆપેલું.

જેઓ મારી શરણે આવેલાં છે તેમનાં કષ્ટો મારા પર લઈ લેવા તે મારી ફરજ છે. મને પોતાને કોઈ જ દુ:ખ નથી. અને જ્યારે હું મારૂં કર્તવ્ય નિભાવી રહું છું ત્યારે તમારે પણ કોઈ દુ:ખ લગાડવાનું કારણ નથી. આ બધી રમત – ખેલ આપવા લેવાનો, તે પ્રેમને જ કારણે છે. આ મેં પ્રેમને કારણે જ મારા પર મેં લીધેલું છે. તો પછી હું કેવી રીતે કષ્ટ અનુભવી શકું ? ક્રાઈસ્ટે પોતાના જીવનનું બલિદાન એવા લોકોને માટે આપેલું કે જેમણે જીસસમાં શ્રદ્ધા મૂકી હતી. જીસસે આ સત્યનો પ્રચાર કરેલો કે સેવા જ ઈશ્વર છે, ત્યાગ / બલિદાન જ ઈશ્વર છે.

-બાબા,સત્યસાંઈ ભાગ – ૨, પનું ૧૩૧ મું

આપણને પવિત્ર બાઈબલ દ્વારા જાણ છે કે જીસસને ક્રોસ પર ચડાવી દીધા પછીનાં ત્રણ દિવસ પછી પોતાને જીવીત કરી દીધા હતા. તે જ દેહ, જે કર્મ – બંધનો સમાવી લઈ નષ્ટ થઈ ગયો હતો તેને તેમની દિવ્ય શક્તિઓથી પુનર્સ્થાપિત, પુનર્જીવીત થઈ ગયેલું. પરંતુ જીસસના પુનર્જીવીત થયા પછીની બધી પ્રવૃત્તિઓ વિષે આપણે બહુ જાણતાં નથી. પવિત્ર બાઈબલમાં ઉદાહરણો આપેલાં છે કે જેમાં તેમનાં નજીકનાં ભક્તોને પુનર્જીવીત થયા પછી તેમણે દિવ્ય દર્શન આપેલાં છે. તે પછી તેઓ બીજું શું કરી શકે ?

આવો, આપણે પેગીમેસન અને રોનલેંગનું પુસ્તક “સત્યસાંઈ બાબા” માંથી થોડા ભાગની ચર્ચા કરીએ :

હું બાબાને પ્રશ્ન પૂછવા ઉત્સુક હતો.તેથી મેં કહ્યું : “સ્વામી ! એક વાત છે જેના વિષે હું લાંબા સમયથી જાણવા માંગતો હતો. શું જીસસનું ભૌતિક શરીર કબરમાંથી ફરી મળ્યું હતું ? એટલે કે તે દિવ્યાત્માનું ભૌતિક, સાકાર રૂપ ન્હોતું ?

જેવી રીતે યોગાનંદજીને તેમનાં ગુરુ (સ્વામી શ્રી યુક્તેશ્વર ગિરિજી)એ સમાધિ લીધા પછીના ત્રણ મહિના પછી પૂર્ણ સૂક્ષ્મ શરીરમાં દર્શન દીધાં હતાં ?

સ્વામીએ જવાબ આપ્યો, “ના ભૌતિક શરીર ! સૂક્ષ્મ રૂપ નહીં. સાકાર રૂપ, ભૌતિક શરીર ! મે કહ્યું, “અહા !” તો શું તેમણે (જીસસે) કાશ્મીર સુધી પોતાનો હેતુ પૂરો કરવા તેને ચાલુ રાખી. પૂર્વ દિશામાં મુસાફરી કરેલી !” સ્વામી : “હા , અને તેમણે કલકત્તા ને મલેશિયા

સુધી યાત્રા કરી હતી." તો શું આ જીસસનો દેહ જેને કાશ્મીરના શ્રીનગરની રોઝબલની દરગાહમાં દફનાવી ગયો હતો ?

સ્વામી : (સહમત થતાં કહ્યું) હા ! (........)

- સત્ય સાંઈબાબા ધ એમ્બોડીમેન્ટ ઓફ લવ' પાના નં. ૪૮ – ૪૯

ઉપરોક્ત પુસ્તકમાં સ્વામીની સાથેનાં પેગી મેસનના તે ઈન્ટરવ્યુ વિષે કહે છે જે દરમ્યાન તે સ્વામીને પૂછે છે કે જીસસ તેમનાં સાચા દેહમાં (ભૌતિક) પુનર્જીવીત થયા હતા કે બીજો દેહ ધારણ કર્યો હતો ? અને સ્વામી એ બધી જ હકીકતોની પુષ્ટિ કરતા જાય છે, જેના વિષે કેટલાય સંશોધનકર્તાઓએ ત્યાં સુધી અટકળો જ કરી હતી. કે તેમનાં પુનર્જીવીત થયા પછી જીસસે ભારત સુધી યાત્રા કરી હતી અને એ પણ કે સાચી રીતે શ્રીનગર (જમ્મુ અને કાશ્મીર – ભારત)માં રોઝબલ કબરમાં તેમનું જ શરીર છે. જીસસના શરીરને (દુનિયાના એ ભાગમાં "યુઝ – અસસ –" યુઝીનો અર્થ છે સન ઓફ જોસેફ – જોસેફનો દીકરો) તેમના ખરેખર શારિરીક મૃત્યુ પછી ત્યાં દફનાવેલું હતું. એમ પણ મનાય છે કે પુનર્જીવીત થયા પછી, વર્ષો સુધી જીસસે આધ્યાત્મિક ગુરૂ રૂપે જીવન વ્યતીત કર્યું હતું. પેગી મેસન સાથેનાં ઈન્ટરવ્યુમાં સ્વામીએ રેફરન્સ આપ્યો છે શ્રી. યુક્તેશ્વર ગિરિજીની ઘટનાને – જેમણે પોતાના મૃત્યુ પછીના ત્રણ મહિના પછી પુનર્જીવીત થઈ પોતાના શિષ્ય પરમહંસ યોગાનંદજીને સાકાર બની (શરીર બની) દર્શન આપેલાં. જેનું સ્વામીએ સીધું નહીં પણ આડકતરી રીતે, અપરોક્ષ રીતે, સમર્થન કર્યું છે. શ્રી. યુક્તેશ્વર ગિરિજી સૂક્ષ્મ શરીરે પુનર્જીવીત (પોતાનો દેહ થોડા સમયને માટે ત્યાગી, મૃત રાજાના દેહમાં પ્રવેશ કરેલો અને ગૃહસ્થ જીવનનો અનુભવ કર્યા પછી ફરીથી પોતાના સ્વયંના ભૌતિક દેહમાં પ્રવેશ કરેલો, આ પરકાયા પ્રવેશ કરીને પુનર્જીવીત હોવાનો વધુ એક દાખલો છે. ભૌતિક દેહમાં પુનર્જીવીત રહી અનેક વર્ષો સુધી જીવન વીતાવવાનો એક અનુપમ દાખલો છે.

આ જ રીતે આદિ શંકરાચાર્યે પણ મંડનમિશ્રની સાથે થયેલ શાસ્ત્રાર્થમાં ગૃહજીવન સંબંધે પ્રશ્નનો જવાબ આપવાને માટે દાખલો આપેલ. શ્રી રામ અવતારમાં સીતામાતાએ લક્ષ્મણજીને સુવર્ણમૃગ પાછળ ગયા પછી શ્રી રામની સામે જ પોતાના ભૌતિક દેહને અગ્નિને સમર્પિત કરી દીધેલ. અને સૂક્ષ્મદેહમાં પુન: અગ્નિમાંથી પ્રકટ થયેલ. તેના પછી રાવણ વિજય, પછી ભગવાન શ્રી રામે અગ્નિપરીક્ષાને બહાને તેમનાં સૂક્ષ્મદેહને ફરીથી અગ્નિમાં પ્રવેશ કરાવવાની તક આપેલી ને ભૌતિક દેહમાં પ્રવેશ કરાવડાવ્યો. આમ, ભૌતિક દેહમાંથી સૂક્ષ્મ

દેહમાં પુનર્જીવીત થઈને વર્ષો સુધી જીવીત રહીને) થયા હતા. આવી રીતે બે પ્રકારની ચર્ચા પુનર્જીવીત હોવા વિષે થઈ રહી છે. શિરડી બાબાએ પણ પોતાના શરીર છોડ્યાનાં ફક્ત ત્રણ દિવસ પછી પાછા શરીરમાં પુનઃ પ્રવેશ કર્યો હતો, મહત્વનું એ છે કે પુનર્જીવીત થવાની પ્રક્રિયા સમય સમય પર થતા અવતારોનાં જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની રહ્યો છે. પરંતુ જ્યારે આપણે બીજા દ્રષ્ટિબિંદુથી જોઈએ ત્યારે વાસ્તવમાં આ મૃત્યુ છે જે પુનર્જીવીત થવા માટેનું મહત્વ આપી મૃત્યુના મહત્વને વધારે છે. જો મૃત્યુ જ ન હોય તો પુનર્જીવીત કેવી રીતે હોઈ શકે ! હકીકતમાં, જીસસનું એ એકમાત્ર ‘કાર્ય’ બનાવે. આજે તેમને અબજો, કરોડો, લાખો લોકોનાં ‘પૂજનીય’ બનાવી દઈ, કરોડો લોકોની શ્રદ્ધાપાત્ર બની ગયા. ૧ કોરિન્થિયન્સ ૧૫, (નવું ટેસ્ટામેન્ટ)માં, સેંઈન્ટ પોલે જીસસના પુનર્જીવીત થઈ જવાના મહત્વનું વિસ્તારથી વર્ણન કરેલું છે. :

જો જીસસ ક્રાઈસ્ટ ન ઉઠ્યા હોત (પુનર્જીવીત ન થયા હોત) તો અમારું પ્રવચન આપવું વ્યર્થ છે, અને તમારી શ્રદ્ધા પણ વ્યર્થ છે.

(કોરિંથિયન્સ ૧૫:૧૪, કે.જે.વી.)

સેંઈન્ટ પોલની ટીકા માટે સંપેક્ષમાં કહી શકાય કે “પુનર્જીવન”માં મૃત્તોત્થાન યા પુનરુત્થાન) માં માનવું તે જ ઈશ્વરમાં શ્રદ્ધા હોવા બરાબર છે.” કારણ કે હકીકતમાં ઈશ્વરનું અસ્તિત્વ છે અબે તેમણે બ્રહ્માંડનું નિર્માણ કર્યું છે, તો તેમાં મૃતકોને જીવીત કરવાની શક્તિ છે. સેઈંટ પૉલ આગળ જતાં કહે છે કે જો ‘પુનર્જીવીત’નો સવાલ ન હોત તો પછી, ક્રાઈસ્ટ જીસસ માટે ઉપદેશો આપવાનો કોઈ અર્થ નથી. ક્રિશ્ચાનીટીનું છાપરું, પુનર્જીવીત થવાના, કરવાના સ્તંભ પર જ નિર્ભર છે, ટકેલું છે. અને કહેવાય છે કે જીસસે જેટલા ચમત્કારો કરેલા એમાંનો આ સૌથી મોટો ચમત્કાર છે. આ પુનર્જીવનનો ચમત્કાર જ જીસસે સૌથી મોટો કર્યો છે ! ઈસ્લામિક માન્યતામાં મહદી કહેલ ગુરુ જે દિવસે ઊભા થયા તે દિવસ “યામ-અલ-કિસામય” કહેવાય છે, જેનો અરેબીકમાં અર્થ છે, ‘પુનરુત્થાન દિન’ જ્યારે સ્વામી ‘નવા આગમન’ વિષે વાત કરે છે તો શું આ એક ‘નવા સુવર્ણયુગની ઘોષણા હશે ? શું તેઓ આવી જાતનાં ચમત્કારની વાત કરી રહ્યા હતા ? (કૃપા કરી સ્વામીના ચોક્કસ પુનરાગમનનો સંકેત – પ્રકરણ ૫મું વાંચો) (સ્વામીએ ભૌતિક દેહના પ્રયાણ કરવા માટે ઈસ્ટરનું પર્વ પસંદ કર્યું હતું અને તેના મહત્વને ધ્યાનમાં રાખીને સ્મૃતિ દિવસ ઉજવવા માટે અને તેમના જલ્દી પાછા આવવાના અવશ્ય ભાવિની આશામાં, આ પુસ્તકનું પહેલું અંગ્રેજી સંસ્કરણ (કોપી ) ૮ એપ્રિલ, ૨૦૧૨ના ઈસ્ટર પર્વના

દિવસે પ્રકાશિત થયેલું.) જેને જીસસના 'પુનરુત્થાન દિવસ' તરીકે ઉજવાય છે, તે ઈસ્ટર પર્વની પસંદગી સ્વામીએ પોતાના ભૌતિક દેહત્યાગને માટે શા માટે કરેલી ? શું તેઓ આપણને એક બીજો સંકેત આપી રહ્યા હતા ? કે સાંઈ અવતારમાં પણ આમ જ થશે ! કેટલાંય સાંઈ પુસ્તકોના લેખ અને અનુવાદક એક ભક્ત શ્રી. બી.કે. મિશ્રા પોતાની દૃઢ માન્યતા વ્યક્ત કરે છે. ( દિનાંક ૨૫ એપ્રિલ ૨૦૦૨માં અમદાવાદ મિરર નામના સમાચારપત્રમાં આપેલા વક્તવ્ય પ્રમાણે ) સ્વામી તેઓ એક દિવ્યાત્મા છે. તેમણે ફક્ત તેમના નશ્વર દેહને ત્યાગ્યો છે. હકીકતમાં તો તેમનું મૃત્યુ ઈસ્ટર પર્વને દિવસે થયું – ભૌતિક દેહનું પ્રયાણ થયું એ સંકેત આપે છે કે તેઓ જીસસ ક્રાઈસ્ટની જેમ પુનર્જીવીત થશે !

## <u>દેહનો પ્રશ્ન :</u>

તમે આશ્ચર્યચકિત થશો કે હું એક જ સમયે બે શરીરમાં, અથવા એક હજાર જુદા જુદા સ્થળો પર હોઈ શકું છું.

- સત્યમ્, શિવમ સુંદરમ્ ભાગ – ૪ , પાના નં. – ૧૯૪.

સ્વામીના ગયા પછી થોડા દિવસોમાં, મારા મગજમાં કેટલીય વખત જાતજાતના વિચારો આવ્યા. શું જીસસની જેમ સ્વામી થોડા જ દિવસોમાં પોતાને પુનર્જીવીત કરી લેશે ? જો તેમને એટલા જલ્દી જ પુનર્જીવીત થવાનું હતું તો તેઓએ દેહત્યાગ કર્યો જ કેમ ? સ્વામીએ સંકેત આપ્યો હતો કે આખા સંસારને તેમની દિવ્યતાનો પરિચય એક બનાવના માધ્યમથી થશે. કદાચ તેમનું પુનરુઉત્થાન તે હેતુને પુરો પાડશે ? પણ હકીકતમાં શું ત્યારે વિશ્વ તેનો સ્વીકાર કરશે ? જો સ્વામી પુનર્જીવીત થાય છે તો શું તેમને શરીરની જરૂર પડશે ? શું આવું પેલો દેહ નષ્ટ થઈ જાય તે પહેલાં જ થવું જોઈએ ? આવી જાતનાં કેટલાય પ્રશ્નો છે જે મેં મારી જાતને પોતે જ પૂછયાં હતા. પરંતુ સત્ય એ છે કે જ્યારે સ્વામી અને તેમની રહસ્યમય રીતોની વાત આવે છે તો કોઈ બુધ્ધિ / તર્કશક્તિ કામમાં નથી આવતી ! દેવોનાં પણ દેવ સ્વામી, સમય ને બ્રહ્માંડથીય ઉપર છે. તેમને માટે શરીરનું પુનઃપ્રાક્ટય કરવું (કે કોઈપણ કાર્ય !) એક ઘાસના તણખલાને ઉઠાવવા જેવું છે.

૪. મનમાં એક આછો વિચાર કે એક અગંભીર વાત આવેલી કે જો સ્વામી બે – ત્રણ દિવસમાં જ પાછા આવી ગયા હોત તો કદાચ, સત્તાવાળા, સત્ય સાંઈની પાછળ પડી ગયા હોત

કે ભક્તોને અને આખા વિશ્વને ભ્રમમાં નાખવાને માટે આ નાટક કરાઈ ગયેલું છે. કારણ કે, કમનસીબે આ જીસસ કે શીરડી બાબાવાળો સમય નથી.

ગુજરાતી અનુવાદકની નોંધ : કોમ્પ્યુટરમાં તેમની બધી અંતિમક્રિયા થતી જોઈને ખુબ વિચારો આવેલા. દેહ અંદર લઈ ગયા પછી ય પડદો ભલે બંધ કર્યો પણ હમણાં સ્વામી જીવીત થઈ હસતા હસતા બહાર આવી ભક્તોને દર્શન દેશે ! પરંતુ સત્તાવાળાઓ તેમને પછી કેવા પરેશાન કરશે ? તેનો ય ખ્યાલ આવેલો :- મ.હ.વ્યાસ.

"આ બ્રહ્માંડમાં એવું કશું જ નથી જેને દિવ્યશક્તિ પ્રાપ્ત ન કરી શકે ! દિવ્યશક્તિ પૃથ્વીને આ આકાશમાં ને આકાશને પૃથ્વીમાં ફેરવી શકે છે. તેમાં શંકા લાવવી તે સાબિત કરે છે કે બ્રહ્મના મહિમાને સમજવા માટે તમે તદ્દન અશક્ત કે નબળાં છો."

- શ્રી સત્યસાંઈ સ્પીક્સ્ ભાગ – ૪, પ્રકરણ ૪૯.

ત્યાં સુધી કે જ્યારે સ્વામીએ ભૌતિક દેહ ધારણ કર્યો હતો, ત્યારે એવા એવા બનાવો બનેલા કે જ્યારે તેઓ એક જ સમયે જુદાં જુદાં સ્થળોએ ઉપસ્થિત રહેતા હતા. આવો એક જ અનુભવ યાદ આવે છે. તેઓ એક વેપારી શ્રી.કે.એન.પી.નાયરનો અનુભવ છે. ૬ જૂન ૧૯૯૩માં સ્વામી તેમના ઘરે સુક્ષ્મદેહે ઉપસ્થિત થયા હતા. સ્વામી માત્ર તેમનાં ઘરે ચારેક કલાક રહ્યા હતા. માત્ર એટલું જ નહીં શ્રી નાયર અને તેમના પત્નીની સાથે જોવાલાયક સ્થળોએ ફરવા પણ ગયા હતા. આ શરીર એટલું તો સાચું હતું કે શ્રી નાયર અને તેમનાં પત્ની સ્પર્શનો અનુભવ પણ કરી શકતાં હતાં ! આ બધા સમય દરમ્યાન તેમનો ભૌતિક દેહ ત્યારે પુટ્ટપર્તીમાં પણ પોતાની નિયમીત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હતા. આ તો આવી કેટલીય ઘટનાઓમાંની એક છે, જ્યારે સ્વામી એક જ સમયે બે (કે વધારે) સ્થળોએ ઉપસ્થિત રહેતા હતા. હવે પ્રશ્ન એ ઉઠે કે કેવો દેહ સાચો (વાસ્તવિક) હતો ? એ 'દેહ' જે પ્રશાંતિ – નિલયમમાં પોતાના નિયમીત કાર્યક્રમોમાં વ્યસ્ત હતો તે કે બીજો દેહ વિશ્વનાં કોઈ બીજા છેડા પર પોતાના કોઈ ભક્તની સાથે સમય પસાર કરી રહ્યો હતો ? કે બંને સાચા દેહ હતા ? કયો દેહ મહાસમાધિમાં આરામ કરી રહ્યો છે ? આપણી પાસે તેનો જવાબ નથી ! એક મુદ્દો છે કે જ્યારે સ્વામી તેમનાં ભૌતિક દેહમાં હતા ત્યારે પણ નહીં, તેઓ ફક્ત એક ભૌતિક દેહ સુધી જ સીમિત ન્હોતા ! તો તેમાં એક દેહ છોડ્યા પછી હવે શાનો બાધ હોઈ શકે ?

સ્વામી, રામકથા રસવાહિનીમાં ઉલ્લેખ કરે છે કે રાવણે કેવી રીતે "માયા સીતા"નું અપહરણ કર્યું હતું ? નહીં કે "સીતા માતા કે સાચાં સીતાનું " સાચાં સીતાને તો રાવણ સ્પર્શ

પણ ન્હોતો કરી શક્યો હતો પરંતુ નાટક તો કરવાનું જ હતું જેથી રામાવતારનો હેતુ પૂરો થઈ શકે અને રાવણના મૃત્યુ પછી અગ્નિપરીક્ષાનાં પ્રહસન દ્વારા સીતામાતાનાં ખરા રૂપના પ્રકટ થતાં સુધી માયા – સીતાની ભૂમિકા ભજવવાની રહી ! અને માયા રૂપમાં તે સાચાં સીતામાતાની જેમ જ તે જ રીતે કાર્ય કરતાં રહ્યાં જેવી તે દિવ્ય નાટકમાં તેની જરૂરિયાત હતી. અને વાસ્તવિક રીતે, ભૌતિક રીતે બિલકુલ ભેદ ન્હોતો.

જ્યારે સ્વામી પૂર્વ અવતારો સંબંધી આવી જાતનાં સૂક્ષ્મ સત્યો પ્રકટ કરે છે ત્યારે ખરી રીતે તેઓ તેમનાં પોતાના અવતાર સહિત અવતારોનાં સામાન્ય વ્યવહાર વિષે સંકેત કરે છે. "અદભૂત નાડી ગ્રંથો" નામનાં પ્રકરણમાં આપણે થોડા નાડી ગ્રંથોનો : સ્વામીના 'માયાદેહ' વિષે ઉતારેલ સંદર્ભ જોયો હતો. અને આપણે મહદી વિષેની આગાહીઓ પણ જોઈ. જે મહદીના અદ્રશ્ય થવાની દિશામાં સંકેત કરે છે. જે મહદીનાં મૃત્યુ જેવું (સદ્રશ્ય) દેખાય છે. તો આ શક્ય બની શકે છે કે સ્વામીનો દેહત્યાગ બાહ્ય જગતને માટે એક ભ્રમ કે માયા- ઈંદ્રજાળ હતી ? અને આ સંજોગોમાં તેમનું પાછા – આવવું સાચા દેહનું પ્રકટીકરણ કે પુનરાગમન હોઈ શકે !

## નિર્માણ કાયાનો વિચાર : કે સિદ્ધાંત

ભૌતિક રીતે મૃત્યુ થઈ ગયા પછી પણ દેહનું પુન: નિર્માણ કરવાની ક્ષમતાનું વર્ણન "નિર્માણ કાયા"ની રીતે કરાયું હોય છે. ઈશા ફાઉન્ડેશનના સદગુરુ જગ્ગી વાસુદેવ (સંદર્ભ : www.ishafoundation.org – from video talk given વીડીયો-વાર્તા આપેલ, સદગુરુ જગ્ગી વાસુદેવ દ્વારા શ્રી................) ની સમજૂતિમાંથી મને મળ્યું છે : ભૂતકાળમાં અનેક યોગીઓ થયા છે, જેઓ હજી પણ છે, તેઓએ પોતાનો અતિ સૂક્ષ્મ દેહ હજી પણ ધારણ કરેલો છે, ને એવો જ રાખે છે અને રાખશે. જ્યારે પણ તેઓ જરૂરી સમજશે તે પોતાના સ્થૂળ દેહને ધારણ કરવા શક્તિમાન છે (........) જેઓ પોતાના દેહનું પુનર્નિર્માણ (તેને દેહ સર્જન કહેવાય છે.) જાતે જ કરે છે. એવા લોકોને "નિર્માણ કાયાઓ" કહે છે. એવી માન્યતા છે કે ભગવાન બુધ્ધ નિર્માણ કાયાઓમાંના એક હતા. એવા કેટલાક લોકો છે જેમણે પોતે પોતાના દેહનું નિર્માણ કર્યું જે પહેલાં જેવો દેહ હતો ! એક યુવાન દેહ જેવો તે ઈચ્છતા હતા (....) સમયનો કોઈ પ્રશ્ન નથી. બાધ નથી.

જો યોગીઓમાં પોતાના દેહનું પુનર્નિર્માણની શક્તિ છે, તો શું સર્વ શક્તિઓના પ્રદાતા (સ્વામી) આમ ન કરી શકે ? મારું અનુમાન છે કે આ પ્રશ્ન તો ક્યારેય હતો જ નહીં કે સ્વામી આમ કરી શકે છે કે નહીં ! એમ છે કે સ્વામી તેમ કરવું પસંદ કરશે કે નહીં ? ઘણાં

આવો તર્ક કરે છે કારણ કે સ્વામી, કુદરતી નિયમોનું સન્માન કરતા, તેઓ કદીય તેની વિરુદ્ધ ન જાય ! તો શું એનો એવો અર્થ છે કે જીસસ કુદરતી નિયમો વિરુદ્ધ પણ કાર્ય કરતા રહ્યા હતા ? તોય હું કેટલાય બનાવોનું વર્ણન કરી શકું છું જ્યારે સ્વામી પહેલાં, કુદરતી નિયમોને ઓળંગી ચૂક્યા હતા. સ્વામીએ જાતે જ આ વાતની પુષ્ટિ આપેલ છે !

"કેટલાંક વડીલો તેમને ગુંચવે છે. કૃષ્ણે કુદરતી નિયમોની વિરુદ્ધ જઈ આશ્ચર્યજનક રીતે અનેક ચમત્કારો દેખાડ્યા હતા. અને એટલા માટે તે બધા વડીલો અનુસાર, તેમનુ મૃત્યુ એક શિકારીના બાણથી જ થયું ! તેઓ કહે છે જીસસે પણ ક્રોસ પર ચઢવાનું વેઠ્યું, કારણ કે તેમણે પણ ઘણાં ચમત્કારો કર્યા ! તેમનો (વડીલો) વિવાદ/તર્ક છે કે મને પણ તેમની જેમ (કૃષ્ણને જીસસની જેમ) જ ભોગવવું પડશે. કારણ કે હું પણ કુદરતનાં નિયમોને અવગણું છું ! " તેઓ ડર ઉત્પન્ન કરવા માંગે છે અને ગભરાટ ફેલાવે છે. પરંતુ આ બધું નબળાઈઓ, અજ્ઞાન અને ઈર્ષામાંથી ઉત્પન્ન થયેલ વાચાળતા છે. જે તેઓ આ મહિમાને સમજી નથી શકતા, ના તો તેને સહન કરવાની................

ઉપરોક્ત શબ્દોમાં, સ્વામી અપરોક્ષ રીતે પુષ્ટિ કરે છે કે બધાંયે, ભગવાન કૃષ્ણ, જીસસ અને પોતે જ (સ્વામીએ) પ્રકૃતિનાં નિયમોનું ઉલ્લંઘન કરેલું ! અવતારોને કોઈપણ વાતે અસર થતી નથી હોતી. વસ્તુતઃ પોતાના હેતુની પ્રાપ્તિ માટે પ્રત્યેક અવતારને કુદરતી નિયમોથી વિરુદ્ધ, તેને ઉલ્લંઘી જવું પડે છે. ખરી રીતે તો દરેક અવતારના પ્રવૃત્તિકાળમાં એવી વિશિષ્ટ ક્ષણો આવે છે જ્યારે તેમણે અસામાન્ય / અસાધારણ કાર્યો કર્યાં, જેથી લોકો તેમની દિવ્યતાનાં અવતરણ રૂપે સ્વીકાર કરી શકે, તેમનાં વિષે ભજનોની રચના કરી શકે ગાય અને તેમની મહિમાઓ પર ધ્યાન કરી શકે ! અતિવૃષ્ટિથી બાણપણમાં જ ગામની રક્ષા કરવા ભગવાન કૃષ્ણે ગોર્વધન પર્વત ઉઠાવી લીધો હતો. તેમણે પોતાના ગુરુના ૧૨ લાંબા વર્ષાથી મૃત્યુ પામેલ પુત્રનાં શરીરને રચીને (નિર્માણ કરીને) જીવતો કરી દીધેલો. ભગવાન કૃષ્ણે અચંબો પમાડે તેવાં આવાં ઘણાં કાર્યો કરેલાં. જેમાં પૃથ્વીથી ટકરાયેલા, નજીક આવી રહેલા નરકા ગ્રહને નષ્ટ કરેલો ('એક વખત નરક ગ્રહ પૃથ્વીથી અત્યંત નજીક આવી જતો લાગ્યો પૃથ્વીવાસીઓ અચાનક આવતી મહાઆપત્તિના ભયથી ભયભીત થઈ ગયેલા. તેમણે ભગવાનને આ અવશ્ય આવનાર ભાવિની આપત્તિ દૂર કરે અને તેમની રક્ષા કરવાની પ્રર્થના કરી. તેવા તબક્કે, ભગવાન કૃષ્ણે તે ગ્રહનો વિનાશ કરવા તેમનાં પ્રજ્ઞાનનો ઉપયોગ કર્યો.)નું સામેલ છે. સાંઈ અવતારમાં પણ તેમણે અસંખ્ય, અવિશ્વસનીય, માની કે કલ્પી ન શકાય તેટલા

ચમત્કારો કર્યા છે. જેમાં ભક્તોને નવું જીવન મળે, પુનર્જીવીત કરે, વરસાદ અને પૂરને રોકે, બિમારીઓને મટાડી દે અને એટલે સુધી કે ભક્તોને અતિન્દ્રિય શક્તિ દ્વારા પળભરમાં બીજા કોન્ટીનન્ટમાં (મહાદ્વીપ પર) પહોંચાડી દે – જેવાં મન ગુંચવાય જાય તેવા ચમત્કારો સામેલ છે. શું આ જ પહેલું કારણ નથી કે તેને શા માટે “ચમત્કારો” કહે છે ! હકીકતમાં, બધા જ તેમના ચમત્કારો  કુદરતના નિયમોથી ઉપર છે, નિયમોનું ઉલ્લંઘન કરીને જ આ ચમત્કારો થયેલા છે, બનેલા છે !

- સત્યસાંઈ સ્પીક્સ્ ૨૪માં ભાગ – ૨૬મું પ્રકરણ.

સ્વામી સાથેનાં એક ઈન્ટરવ્યુમાં પ્રસિધ્ધ પત્રકાર આર.કે.કરંજિયાએ તેમને પૂછ્યું શું કારણ છે કે ઈશ્વરને માનવદેહ ધારણ કરવો પડે છે ? સ્વામીએ જવાબ આપ્યો :

કારણ કે, ઈશ્વર મનુષ્યની અંદર જ અવતરેલા છે, ભગવાન મનુષ્યમાં જ છે ને ઈશ્વરનો મનુષ્યોની અંદર અવતરણ કરવાનો આ જ રસ્તો છે : અવતાર મનુષ્યરૂપ લે છે અને મનુષ્ય જેવો જ વર્તાવ કરે છે. જેથી માનવતા તેમની સાથે બંધુત્વ સ્થાપી શકે ! અને દિવ્યતાનો અનુભવ કરી શકે ! તે સાથે તેઓ ઈશ્વરીય ઉચ્ચતા સુધીંઉંચે જાય છે. જેથી માનવજાત પણ ઈશ્વર સુધી પહોંચવાની પ્રબળ ઈચ્છા – અભિલાષા રાખી શકે છેવટે તો વિરાજમાન ઈશ્વર જ પ્રાણની(આત્માની)પ્રેરણા છે, તેનું જ્ઞાન કરાવવું તે જ હેતુ છે જેને માટે ઈશ્વર માનવીય રૂપમાં અવતારો લઈ આવે છે.

- ધ બ્લીટ્ઝ ઈન્ટરવ્યુ, સપ્ટેમ્બર – ૧૯૭૬

મનુષ્યને પોતાની જાતની દિવ્યતાનું સ્મરણ કરાવવા માટે ઈશ્વરીય કાર્યો પણ દાખલાઓ રૂપ છે. જો તેઓ તે સ્તર સુધી ઊંચા ઊઠી શકે તો તે પણ દિવ્યતા જેવાં જ કાર્યો કરી શકે છે તેથી જ જીસસ કહે છે : “ હું તમને સત્ય કહું છું, જે મારા પર (માં વિશ્વાસ રાખે છે / મને માને છે તેઓ પણ એવાં કાર્યો કરી શકે છે જે હું કરું છું ; અને એનાંથી ય મહાન કાર્યો કરી શકે છે, કારણ કે હું મારા પિતા પાસે જઈ રહ્યો છું.

- જોન ૧૪ : ૧૨ કે.જે.વી.

## <u>સ્વામીએ પોતે પુનરુઉત્થાન વિષે શું કહ્યું છે</u> ?

હકીકતમાં, પુનરુત્થાન શું છે ? આ મનુષ્યમાં રહેલ આંતરિક દિવ્યતાનું પ્રકટીકરણ છે.

- દિવ્ય પ્રવચન, ૨૮ ફેબ્રુઆરી ૧૯૬૪.

આ સંસારને માટે દાખલારૂપ સ્વામીએ તેમનું જીવન વીતાવ્યું. તેમના ચમત્કારો આપણાં સૌની અંર્તગત રહેલી ક્ષમતાઓનાં સ્મરણ કરાવે તેવા છે. તેથી જ સ્વામી હંમેશ કહે છે," હું ઈશ્વર છું ને તમે પણ ઈશ્વર  છો." તો તેમનાં પુનઃ આગમનનાં વિરુધ્ધ આ માન્યતા કે આ કુદરતી નિયમોનું ઉલ્લંઘન થશે તે સંપૂર્ણતયા બિનપાયેદાર છે. હકીકતમાં આ પૃથ્વી પર આવેલાને અવતરેલા મહાનતમ અવતારનાં મહિમામાં આ તો ફક્ત એક અલંકાર જ હશે'

# પ્રકરણ : ૧૨

# અંતે, સમાપ્તિમાં

આ પુસ્તકમાં સ્વામીના અવશ્ય પાછા આવવાની શક્યતા વિષે કેટલાક સંકેતો આપેલા છે. એમ તો, હું માનું છું કે તેમનાં ભક્તોની શ્રદ્ધા અને પ્રાર્થના જ છે, જે તેમને પાછા લાવશે. સ્વામીએ એકવાર કહેલું કે ભક્તોની જરૂરિયાતોને માટે પોતે ‘ પ્રશાંતિ નિલયમ’થી જુદા થઈ જવા માટે ય તૈયાર છે.” હું તમારી પ્રાર્થનાઓ પૂરી કરવા માટે ‘પ્રશાંતિ નિલયમ’થી જુદા થવા ય તૈયાર છું ! હું લોકોનાં કલ્યાણાર્થે કાંઈપણ કરવા તૈયાર છું. મારા માટે ફક્ત આ જ મહત્વનું છે.

- સાંઈવાણી, શ્રી સત્ય સાંઈબાબાનાં દિવ્ય સંદેશાએ

- દિવ્ય પ્રવચનો ભેગાં કરાયેલાં તેમનાં સંદેશાઓ.

આપણે સૌ જાણીએ છીએ કે સ્વામી કયા અર્થમાં કહેતા હતા.પણ કોઈને કલ્પના પણ ન્હોતી કે પ્રશાંતિ નિલયમમાંથી શબ્દશઃ અલગ થઈ જશે ! હું ચોક્કસપણે જાણું છું કે આ સંપૂર્ણ વિશ્વની ભલાઈ માટે જ કર્યું હતું (“સ્વામીએ પોતાનો દેહ કેમ છોડયો” એ પ્રકરણમાં ચર્ચા કરી છે.) તો જો તેઓ પાછા આવી શકે, તો આ કારણે જ (વિશ્વ કલ્યાણ માટે જ) આવશે.આ માટે પહેલું પગલું, સંપૂર્ણ હૃદયથી ભક્તોએ ઉઠાવવું જરૂરી છે. આ માટે નમ્ર મત છે. અને સ્વામીના શબ્દોમાં દ્રઢ શ્રદ્ધા રાખી તેમણે તેઓ પાછા આવે જ, એવી પ્રાર્થના કરવાની છે. સ્વામીના અવતારકાળની શરૂઆતની ઘોષણામાંની એક દરમ્યાન તેમણે કહેલું કે “સાધુઓની (આધ્યાત્મિક સાધકોની) પ્રાર્થના કરી હતી અને હું આવ્યો છું.” સત્યસાંઈ અવતરણની આગાહીઓ જુદા જુદા ધર્મગ્રંથોમાં હજારોવર્ષ પહેલાં કરાઈ ગઈ હતી.પરંતુ હજી સાધકોએ તેમનાં અવતરણની પ્રાર્થના કરવાની છે. તો આ માનવું તર્કબધ્ધ નથી કે આપણે ભક્તોએ તેમના પાછા આવવા માટે ખૂબ જ પ્રયત્નપૂર્વક પ્રાર્થના કરવી પડશે ? સ્વામીએ એક વખત પોતાના ભક્તોને કહ્યું હતું કે, ”હા, મારા શબ્દ તે લોકો માટે છે જેઓ તેમની શ્રદ્ધામાં સ્થિર, દ્રઢ છે.”

- સત્યમ્, શિવમ્,સુંદરમ્ ભાગ – ૪, પાના નં. ૧૮૧

આપણે જાણીએ છીએ કે સંપૂર્ણ શ્રદ્ધા રાખવી એ જ મુખ્ય ચાવી છે. (શ્રદ્ધા જ ખૂબ મહત્વની છે.) ભક્તોમાં, સ્વામીના પાછા આવવા વિષે શ્રદ્ધા રાખવી અને એકમત થઈને પ્રાર્થના કરવી તે જ આ પુસ્તકને પ્રકાશન કરવાનું મુખ્ય કારણ છે. મારો બીજો કોઈ ઉંડો કે ખાનગી હેતુ

નથી. એટલે જ આ પુસ્તકને "ઓન લાઈન" (ઈન્ટરનેટ દ્વારા) મફત, વાંચવા માટે પણ આપેલ છે. આ પુસ્તકના માધ્યમથી હું એક વાત દ્રઢતાથી, ભારપૂર્વક કહેવા ઈચ્છું છું કે સ્વામીના પુનરાગમનમાં શ્રદ્ધાથી માનવામાં કોઈ જ નબળાઈ નથી. ખરી રીતે, ગુરુના શબ્દોમાં અડગ શ્રદ્ધા રાખવી કે હોવી તે કોઈ શિષ્યનું સામર્થ્ય કે શક્તિ બતાવે છે. જો કે કોઈએ તેના ગુરુની રીતો પર પ્રશ્નો નહીં કરવા જોઈએ. સ્વામી જે પણ કાંઈ કરે છે કે કહે છે તેનો અર્થ અથવા તેનું કારણ બરાબર જાણે છે. આપણે તે માટે પ્રશ્નો પૂછીએ તેના કરતાં તેના પર શ્રદ્ધા રાખવી તે આપણો હક્ક કે અધિકાર છે કારણ કે આ એ છે કે આપણે કરીએ :

"પ્રતિજ્ઞાનાં શબ્દો સત્ય પર આધારિત હોય છે. મારા શબ્દોમાં સત્યની છાપ હોય છે. હું સત્યથી વેગળો ન જઈ શકું ! હું તેમની સાથે વાત નથી કરતો જેમને માટે મારા શબ્દોની કોઈ કિંમત નથી. (........) જ્યાંરે લોકો મારા શબ્દો પર ધ્યાન આપે છે, હું તેમની દરેક રીતે મદદ કરવા તૈયાર છું. અને તેમને સુખ શાંતિ પ્રદાન કરીશ."

- સત્ય સાંઈ સ્પીક્સ્ ભાગ – ૨૮, પ્રકરણ ૨

તેમનાં દરેક શબ્દો પર સંપૂર્ણ મહત્વ આપવાનું સ્વામી બધાંને કહે છે. તો પછી આપણે ભક્તોએ સ્વામીના કયા શબ્દોને માનવા ને કયા શબ્દોને નહીં માનવા તેમાં પસંદગી કરીએ ? આપણે ભક્તો પોતે પોતાની દ્રષ્ટિબિંદુથી તેમને સીમિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ કે તેઓ શું કરી શકે છે ને શું નથી કરી શકતા ! સ્વામીના શબ્દો અવશ્ય સાચા પડશે જ તે માનવા, તેનાં પર શ્રદ્ધા રાખવાની અપેક્ષા તેમનાં શબ્દોમાં વિશ્વાસ રાખવાને બદલે, અસ્પષ્ટ અને દુર્બોધ સમજૂતિઓ આપનાર આપણે. એમ બેસાડવાનો પ્રયત્ન કરીએ છીએ, જે પહેલાં બની ગયેલ છે

આપણે ભૂલી જઈએ છીએ, આ એ જ ઈશ્વર છે જેમણે બ્રહ્માંડનુ સર્જન કરેલું છે અને બીજું ય જે તેમાં છે તેનીય રચના / સર્જન કરેલ છે. તેમને શું કોઈપણ રીતે સીમિત કરી શકાય ? સ્વામીના ભૌતિક દેહ છોડ્યા પછીના શરૂઆતનાં દિવસોમાં વધુ ભક્તો એવી શ્રદ્ધા કરતાં હતાં કે પોતે જ પોતાના ભૌતિક દેહમાં પુનર્જીવીત કરી લેશે, કારણ કે સ્વામીના શબ્દો પ્રમાણે તેમને જવાનો સમય હજી થયો ન્હોતો ! તો પછી હવે શા માટે બીજું વિચારવું ? ત્યારથી અત્યાર સુધીમાં બીજું શું બદલાયું છે ? જો તેઓ ત્યારે આવી શકવાના હોય તો પછી હવે શા માટે બીજું વિચારવું ? ત્યારથી અત્યાર સુધીમાં બીજું શું બદલાયું છે ? જો તેઓ ત્યારે આવી શકવાનાં હોય તો પછી હવે તેમને પાછા આવતા શું / કોણ રોકી શકવાનું છે ? તેઓ કોઈપણ રીતે તે

શરીરમાં જ સીમિત ન્હોતા. આ આપણું કર્તવ્ય છે કે આપણે તેમના શબ્દોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીએ. હું નિશ્ચિંત છું કે આ દ્રઢ, અડગ શ્રદ્ધા જ તેમને 'પાછા' લાવશે !

૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨માં શ્રી વિનોદ કાર્તિક (મીડીયા media.radiosai.org/journals/vol_10/01FEB12/04_vinod_04.htm) (શ્રી સત્ય સાંઈ ઈન્સ્ટીટયુટ ઓફ હાયર લર્નીંગનાં એમ.બી.એ.નાં, સુવર્ણચંદ્રક જીતનાર પહેલાના એક વિદ્યાર્થી.) દ્વારા રેડિયો સાંઈને આપેલા ઈન્ટરવ્યુમાં, સ્વામીના પાછા આવવા વિષે, મારી શ્રદ્ધાનો પ્રતિ ધ્વનિ, પડઘો પડેલો સંભળાયો. તેમણે પોતાની પ્રબળ શ્રદ્ધાને આ ઈન્ટરવ્યુમાં વ્હેંચેલ છે (અહીં તેમાંનો થોડો જ ભાગ આપેલ છે.)

(.......) વ્યકિતગત રીતે હું એક દ્રઢ શ્રદ્ધા રાખું છું જે હું સમજાવી નથી શકતો...... આ ફક્ત અંર્તજ્ઞાન છે કે નિશ્ચિતપણે સ્વામી સર્વવ્યાપી છે ; તેઓ હંમેશાં અહીં જ છે, પરંતુ હું પૂર્ણપણે, ૨૦૦ % ટકા ખાતરી આપું છું કે આપણે તેમને ભૌતિકરૂપે ફરીથી જોઈશું. મને આ વિષે કોઈ જ શંકા કે સંશય નથી

સ્વામીએ કેટલીય વાતો કહી છે. હું વિચારું છું કે આપણે કોઈપણ કારણે આપણી શ્રદ્ધા ઓછી કરવાની જરૂર નથી. સ્વામી તેમના પ્રત્યેક શબ્દોમાં અડીખમ રહે છે. તેમના શબ્દો અપેક્ષાઓ પર. સાચા પડવા માટે આખાય બ્રહ્માંડને પુનરાવલોકન કરવું પડશે. આપણે સૌ યાદ રાખીએ આપણે કોઈ સામાન્ય વ્યકિત વિષે વાત નથી કરી રહ્યાં, પરંતુ ઈશ્વરના અવતાર વિષે વાત કરી રહ્યાં છીએ !

જ્યાં સુધી મારો અનુભવ છે, સ્વામીના ભૌતિકરૂપથી ઓછામાં ઓછું એક મહત્વપૂર્ણ વાત શીખવાની છે. સ્વામીનો અવાજ એ અંતરાત્માનો પણ અવાજ છે તે હું જાણું છું. ક્યારેય આ દ્વિધા રહી નથી કે સ્વામી કાંઈક કહે છે ને અંતરાત્માનો અવાજ કશું બીજું કહે છે ! આથી હું પૂર્ણ શ્રદ્ધાથી કહું છું કે દરેક વાત જે બધી તેમણે કહી છે, સમય જતા પોતાને જ સાબિત કરશે.

## સ્વામી દરેક વચનો પૂરાં કરશે :

સ્વામીએ કહ્યું છે કે સંજોગો ગમે તેવા હોય, તેઓએ જે વચનો આપ્યાં છે તે પૂરાં કરશે જ. સત્યસાંઈ અવતારના શરૂઆતના દિવસો દરમ્યાનના એક ભક્ત શ્રીમતી સુબમ્માની વાત છે, જેમના ઘરમાં સ્વામીના દર્શન માટે ભક્તો ભેગાં થતાં હતાં સુબમ્માને ભગવાન પ્રત્યે અસીમ, અગાધ પ્રેમ ને ભક્તિ હતાં. સ્વામીએ તેમને વચન આપ્યું હતું કે તેઓ તેમની ઈચ્છા પૂરી કરશે. સુબમ્માની ઈચ્છા તેમનાં અંતિમ સમયે સ્વામીના દર્શન કરવાની હતી. જ્યારે

સુબમ્માનું મૃત્યુ થયું ત્યારે સ્વામી પુટ્ટપર્તીમાં ન્હોતા તો પણ તેમનાં સગાંઓએ પછીના દિવસે સ્વામીના પાછા આવતાં સુધી સુબમ્માનાં મૃતદેહને રાખ્યો. સ્વામીએ તેમની અંતિમ ઈચ્છા કેવી રીતે પૂરી કરી એ એક રોમાંચક વાર્તા છે, જે સ્વામીએ પોતે સંભળાવી :

(..........) લોકો દોડતા મારી પાસે આવ્યા અને કહ્યું "સ્વામી ! તમારી સુબમ્મા ગઈ રાત્રે ગુજરી ગઈ." તરત જ મેં મારી કાર પાછી વાળીને સીધો બુક્કપટ્નમ્ ગયો. સુબમ્માનો દેહ એક કપડામાં લપેટીને વરંડામાં રાખ્યો હતો. ઘરમાં બધાં લોકો દુ:ખી હતાં. જ્યારે સ્વામી વચન આપે છે ત્યારે કોઈપણ સંજોગોમાં તે પૂરૂં કરે છે. મેં તે કપડું હટાવ્યું જેનાથી દેહ ઢંકાયેલો હતો. પાછલી રાત્રે જ તે ગુજરી ગયેલાં તેથી તેમનાં શરીર પર કીડીઓ ચાલતી હતી. મેં તેમને બુમ મારીને બોલાવ્યાં, "સુબમ્મા !" અને તેમણે તેમની આંખો ઉઘાડી દીધી. આ સમાચાર થોડા જ સમયમાં "જંગલની આગ"ની જેમ ફેલાઈ ગયા. બુક્કપટ્ટનમના લોકો એકબીજાને વાતો કરવા લાગ્યા ને ભેગા થઈ ગયાં કે સુબમ્માને પુનર્જીવીત કરી દીધાં છે તે વખતે સુબમ્માના માઁ ૧૦૦ વર્ષનાં હતાં. મેં તેમને તુલસીપત્ર નાખી એક ગ્લાસ પાણી લાવવા કહ્યું.મેં તુલસીપત્ર સુબમ્માના મોંમાં મૂક્યું ને થોડું પીવડાવ્યું. મેં કહ્યું, "સુબમ્મા ! મેં મારું વચન પાળ્યું છે. હવે તમે તમારી આંખો શાંતિથી બંધ કરી શકો છો." તે બોલ્યાં, "સ્વામી ! આનાથી વધારે મારે શું જોઈએ ? હું આનંદથી જાઉં છું." આનંદના આંસુ વહેતાં હતાં. તેમણે મારો હાથ પકડ્યો ને પોતાનો છેલ્લો શ્વાસ લીધો ! આ રીતે કોઈપણ સંજોગોમાં મેં મારું વચન નિભાવ્યું છે. આમ કોઈપણ રીતે હું મારા વચનમાંથી ક્યારેય પીછેહઠ કરતો નથી."

- દિવ્ય પ્રવચન, ૨૦ ઑક્ટોબર, ૨૦૦૨

સ્વામીએ સુબમ્માને અંતિમ દર્શન આપવા માટે તેના આત્માને થોડીવાર માટે પાછો બોલાવ્યો. આ બનાવ, એ વાતની સાબિતી આપે છે કે ચાહે કાંઈપણ થઈ જાય, પોતે જે વાયદો (વચન) આપ્યું હોય છે તે નિભાવે જ છે. જો સ્વામી ફક્ત અંતિમ દર્શન આપવાનાં પોતાના વાયદાને પૂરો કરવા માટે ભક્તને પુનર્જીવીત કરી શકે છે, તો તેમના પોતાના વચનોને પૂરા કરવા માટે પોતાને પાછા લાવવા માટે તેમને કોણ રોકી શકે છે ?

મને લેશમાત્ર શંકા નથી કે સ્વામીના તે વચનો પૂર્ણ થવાનાં બાકી છે જેનો તેમણે સંકલ્પ કરેલો છે. ક્યારે ને કેવી રીતે તે તો ફક્ત સ્વામી જ જાણે છે ! ફક્ત થોડા વર્ષો પછી જ, આપણે જ્યારે પાછું વાળીને જોઈશું ત્યારે આપણી સમજમાં આવશે કે શ્રી સત્ય સાંઈબાબા સામાન્ય અવતાર નથી ! આપણે ઈશ્વરને માનવ સ્વરૂપે પૃથ્વી પર પ્રગટ થયેલા જોતાં. અત્યાર

સુધીના અવતારોમાં સૌથી શક્તિશાળી અવતાર વિષે વાત કરી રહ્યાં છીએ ! આજથી કેટલાય વર્ષો પછી આવતી પેઢીઓ જ્યારે સત્ય સાંઈ અવતારના મહિમા વિષે વાત કરશે, ત્યારે બધી જ ગૌરવશાળી વિજયગાથાઓની વચ્ચે એક પણ આગાહીને નિષ્ફળ થવાની નિશાની ય નહીં હશે ! હું એ માનવા જોરદાર ઇન્કાર કરું છું કે એવું થશે ! (નિષ્ફળ જશે) :

## તેમના ભક્તો માટે તાલીમનો સમય ? :

જ્યારે સ્વામી ગયા, ત્યારે બધા જ ભક્તો દુ:ખમાં ડૂબી ગયેલા જેમ કે એ બનાવને માટેઆપણને તૈયાર કરવા માટે સ્વામીએ આપણને એક અદ્વિતીય ખાતરી – આશ્વાસન - આપેલું હતું :

કોઈએ પણ સ્વામીની ક્ષેમકુશળતા માટે ચિંતા કરવાની જરૂર નથી. સ્વામી પર ક્યારેય કોઈ ભય નહીં આવી શકે.સ્વામી બધી જ કઠિનાઈઓ અને મુશ્કેલીઓમાંથી હંમેશાં સહી સલામત બહાર આવી જશે. કોઈએ પણ ડરવાની કે ખરાબ લગાડવાની કે દુ:ખી થવાની જરૂરત નથી. સ્વામી બધી સફળતાઓ મેળવશે જ ! (સફળ થશે જ !)

- દિવ્ય પ્રવચન, ૧૩ જુલાઈ, ૨૦૦૩

ઉપરોક્ત વક્તવ્ય ખૂબ જ અનુરૂપ, યોગ્ય છે કારણકે સ્વામી જ્યારે આ સ્વીકાર કરે છે કે આગળ હવે મુશ્કેલીઓ ને પરેશાનીઓ આવશે, તો તે માટે આશ્વાસનો, ખાતરી આપે છે. તેઓ તેમાંથી સહીસલામત બહાર આવી જશે. પરંતુ આપણે કેમ ન ચિંતા કરીએ ? તેઓ આપણ વહાલા સ્વામી છે ! સ્વામી કહે છે કે કૃષ્ણે જ્યારે તેમનો દેહત્યાગ કર્યો હતો અર્જુન તેમનો વિયોગ સહન ન કરી  શક્યા ને પોતાની માનસિક શક્તિ ખોઈ બેઠા ! તેમની શક્તિ ચાલી ગઈ ! અર્જુન હંમેશાં એવું જ સમજતા હતા કે કૃષ્ણ તેમના હૃદયમાં જ છે અને તેઓ જ તેને શક્તિ પ્રદાન કરી રહ્યા છે. જ્યારે અર્જુને સાંભળ્યું કે કૃષ્ણ પોતાના ધામમાં પાછા જતા રહ્યા છે, તો તેમને લાગ્યું કે કૃષ્ણ ચાલી ગયા ને તેની એ શક્તિ પણ ચાલી ગઈ છે.

- કન્વરસેશન વીથ સાંઈબાબા, પાના નં.૧૫૯

તો પણ જ્યારે દ્વાપરયુગમાં અર્જુન જેવા આગળ પહોંચેલા (જ્ઞાનમાં ને આધ્યાત્મિક અર્થમાં) ભક્ત તેમના ઈશ્વરનો વિયોગ સહન ન કરી શક્યા તો આ કળિયુગમાં આપણે આવા અસહ્ય દુ:ખને કેવી રીતે સહન કરી શકીએ ? તો પણ સ્વામીની કૃપાથી એ પણ સત્ય છે કે ઘણા બધા ભક્તોએ ભૌતિક શરીરથી આગળ જઈને સ્વામીને પોતાના હૃદયમાં સ્થાપિત કરી લીધા છે. મારું માનવું છે કે આ પણ તેમના રૂપ ને દેહથી તેમના ભક્તોનો મોહ (આસક્તિ) ખતમ

કરવામાં, ભક્તોની મદદ કરવાનો આ તેમના દિવ્ય નાટકનો જ એક ભાગ છે. તે પ્રમાણે, આપણે તેમના પાછા આવવાને માટે અત્યંત લોભાઈએ, આપણે એ વાત નક્કી કરી લેવી જોઈએ કે આપણી પ્રાર્થનાઓનો હેતુ તેમની ભૌતિક નિકટતા ફરીથી મેળવવા માટે ન હોય, આવી જાતની પ્રાર્થનાનો બધાં ય હેતુને હરાવી દે છે કે સ્વામી તો પછી ભૌતિક રૂપમાંથી અંતર્ધ્યાન (અદૃશ્ય) થયા ! કેમ ? પહેલાના પ્રકરણોમાં સ્વામીની દીર્ઘાયુ વિષે અનેક વક્તવ્યો અને શ્રી સાંઈ અવતાર આ વિશ્વમાં સુવર્ણયુગનો પ્રવેશ કેવી રીતે કરાવશે તે આપણે જોઈ જ ચૂક્યાં છીએ. જો સ્વામીએ વક્તવ્યો ન આપ્યા હોત તો આપણે કદાચ બધાં આ સમયે જ શ્રી. પ્રેમસાંઈ અવતારની પ્રતીક્ષા કરતાં રહેતાં હોત, નહીં કે શ્રી સત્ય સાંઈ અવતારના પાછા આવવાની ! આજે સંસાર અત્યંત દારુણ (ખરાબમાં ખરાબ) પરિસ્થિતિમાં છે. આ જ કારણથી, આપણે આ દ્રષ્ટિકોણથી પ્રાર્થના કરવી જોઈએ કે સ્વામી પાછા આવી આ સંસારને ઉચ્ચતર બનાવે ! જેમ કે સ્વામીએ કેટલીય વસ્તુઓનો ઉલ્લેખ કર્યો છે, તેમના બધા ભક્તોએ તેમના દિવ્ય હેતુ માટેની ભૂમિકા, પાઠ ભજવવાનો છે.

તમારે સૌએ (સુવર્ણયુગ તરફ લઈ જનાર) પરિવર્તનને (ટ્રાંસફર્મેશન) જલ્દીમાં જલ્દી લાવવા માટે પાઠ ભજવવાનો છે અને જે સાધનનો ઉપયોગ કરવાનો છે તે પ્રેમ છે.

- શ્રી સત્ય સાંઈબાબા એન્ડ ફ્યુચર ઑફ મેનકાઈન્ડ, પેજ નં. ૨૨૪

વ્હેલામાં વ્હેલા ૧૯૭૯માં, ચાર્લ્સ પેન દ્વારા આપેલા સંદેશામાં સ્વામીએ આપણ સૌને તેમનાં અવતરણનો હેતુ, ઉદ્દેશ્યમાં તૈયાર થઈ સાધન બનવા માટે તૈયાર રહેવા સૂચના આપેલી છે.

"તમારું કાર્ય, ધ્યેય શરૂ થઈ ગયું છે. મારા ભક્તો ! મારા શબ્દો તમારા માટે છે. તમારામાંનાં દરેકને આ જીવનમાં એક અદ્વિતીય અને બહુ મૂલ્યવાન ભૂમિકા ભજવવાની છે. ફક્ત તે લોકો જ મારી સેવા કરી શકશે જેમને મેં બોલાવ્યાં છે. મારું કાર્ય હવે એ સમયાંતે એ બિંદુ સુધી પહોંચી ગયું છે જ્યારે તમારે સૌને કાર્ય કરવાનું છે. આ મહાન બ્રહ્માંડમાં આ ગ્રહ 'પૃથ્વી'નું એક પ્રયોજન છે, જેથી તેનું સર્જન કરેલું છે. આ પ્રયોજન આપણી આંખ સામે પ્રગટ થઈ રહ્યું છે ! હું તમને આવાહન આપી રહ્યો છું કે તમે તમારી આંતરિક ભક્તિનું પ્રસરણ કરો, વિકસીત કરો જેથી તેની અદૃશ્ય શક્તિ તે બધાને આવરી લે જે કોઈ તમારા પરિઘમાં (ઑરબીટમાં) આવે ! તમારી ભૂમિકા સફળતાપૂર્વક, પૂર્ણ / સંપન્ન કરવા માટે હંમેશાં મારા પર કેન્દ્રિત રહો ! (..........) મારા પ્રેમનો વિસ્તાર સંપૂર્ણ વિશ્વમાં અનુભવાશે. મેં તમને આ કાર્ય

કરવા માટે કેટકેટલા અવતારો દરમ્યાન તૈયાર કર્યાં છે ! તમને મેં મારી તરફ ખેંચ્યા છે. મારા કાર્યમાં મેં પાછલા અવતારોમાં મહાન પ્રગતિ કરેલી છે. મારું કાર્ય નિરંતર છે અને તેથી તમારું કાર્ય પણ અંત વિનાનું છે (.........)

તમે જાણો કે હું તમારી અંદર પણ અને (તમારા) વિના પણ છું. ત્યાં કોઈ ભેદ નથી. નાની નક્કામી વાતોની ક્ષુદ્રતા કે છીછરાપણામાંથી તમે હંમેશાં માટે પીછો છોડાવી લ્યો. હવે તમે મારામાં છો ને હું તમારામાં છું, ક્યાંય કશું અંતર કે દૂરતા નથી. મારા દર્શન મને તમારા સુધી અને તે તમારમાં પરમાનંદનો પ્રવાહ વહાવશે. તમે આ નિરંતરપ્રક્રિયાથી અજાણ છો. હૃદય અને આત્માથી તમે હંમેશ નિર્મળ રહો. માનવજાત તમારા આ અદ્વિતીય ગુણોથી તમારો જીવનભર લાભ લેશે.

બીજાઓ પણ, મારા આ કાર્યમાં મદદ કરશે. જ્યારે હું તેમને મારા તરફ ખેંચીશ. એવો સમય આવી રહ્યો છે જ્યારે આખી માનવજાત સંવાદિતાથી સાથે રહેશે. તે સમય ધાર્યા કરતાં ય, અપેક્ષા રાખ્યા કરતાં ય જલ્દીથી આવી રહ્યો છે. આ આવે તે પહેલાં જ, પ્રત્યેક જીવે જીવનનો સાચો હેતુ બતાવવા તૈયાર રહો, જે અસ્તિત્વનાં હેતુ માટે, દરેક જીવીતો માટે જરૂરી છે. (.........)

- માય બીલવેડ, ચાર્લ્સ પૅન, પાના નં. ૯૬ – ૯૭

સ્વામીના કાર્યને સતત ચાલુ રાખવા માટે તેમના પાછા ફરવાની રાહ જોતાં ને તે અપેક્ષા રાખતા, દરેક ભક્તે પોતાની સાધના તીવ્ર કરવી જોઈએ અને નવા સાંઈયુગમાંતેમનું દિવ્ય સાધન બનવા માટે તડપવું જોઈએ. ઉપરના વિચારો પ્રેરક સંદેશમાં સ્વામી આપણને આ વાત માટે પ્રેરણા આપી વિચાર કરતાં કરી દે છે.

પહેલાનાં સમયમાં પણ, જ્યારે સ્વામી, ભક્તોને માટે સરળતાથી મળી શકતા હતા તેની વાર્તાઓ મેં સાંભળી છે / વાંચી છે જેમાં તેમણે કોઈક ને કોઈક વખત (જેને બહુ જવ્યક્તિગત ધ્યાન રાખતા હતા તેવા) બહુ નજીક રહેતા ભક્તોથી દૂરતા બનાવી લીધેલી ! સ્વામીને આવું કેમ કરવું પડ્યું હતું ? હું જે રીતે સમજું છું, સ્વામીનો માતૃવત્ પ્રેમ અને તે ભક્તોનો ભૌતિક (શરીર)નો મોહ આસક્તિથી દૂર કરવાની આતુરતાને ભક્તો જાણે કે તેમની અશરીરી વાસ્તવિકતાને ઓળખી, નિરાકાર તરફ વધુ વળે, ને ઓળખે તે માટે સ્વામીને આમ કરવું પડતું હતું ! જેથી તેઓ તેમની નિરાકાર વાસ્તવિકતાને(હકીકતને) ઓળખીશકે ! ને એકાત્મતા અનુભવી શકે ! જે તેમની ભૌતિક હાજરીમાં કેટલીક વખત મૂશ્કેલ પડતું હતું. મારું

માનવું છે કે તે જ કારણે, તેમણે તેમની ભૌતિક હાજરીને દૂર કરી દીધી છે. તેઓ અદૃશ્ય થઈ ગયા છે. એ અત્યંત જરૂરી છે કે આપણે એવો પાઠ શીખીએ કે સ્વામી ફક્ત ભૌતિક દેહ જ નથી પણ એમ છે કે તેઓ આપણી આસપાસ, આપણી ઉપર, નીચે, આપણી સાથે અને આપણી અંદર છે. આ જ્ઞાન સાથે આપણે અંતર્મુખ થવું જરૂરી છે. અને પોતાની જાતને એ સુંદર આધ્યાત્મિક યુગને માટે તૈયાર કરી લેવી જોઈએ. જેને માટે સ્વામીએ આપણને વચન આપ્યું છે.

બીજી બાજુ, જ્યારે સ્વામી 'પાછા' આવશે તો શું તે પુનરાગમનનો વિશ્વ પર પડનાર પ્રભાવપ્રભાવ્ના પરિણામની આપણે કલ્પના પણ કરી શકીશું ? સ્વામીએ એક વખત કહ્યું હતું કે આખુંય વિશ્વ પ્રશાંતિનિલયમ આવશે અને ત્યાં ઊભા રહેવાની ય જગ્યા નહીં હોય ! (કૃપા કરીને "શ્રી સત્ય સાંઈ યુગનો ઉદય" નામનું પ્રકરણ જૂઓ.) ડૉ. હનુમંથપ્પાએ તેમના પુસ્તક "શ્રીસત્ય સાંઈબાબા અ યુગાવતાર" ( પાના નં. ૧૬૭ )માં પુટ્ટપર્તીના ભાવિ વિષે તેમના સ્વપ્નનું વર્ણન કરે છે (કૃપા કરીને "તેમના પુનરાગમનનો અવશ્ય સંકેત" નામનું પ્રકરણ જૂઓ.) :

ફક્ત તહેવારોનાં પ્રસંગોએ કોઈ, સ્વામીના દર્શન દૂરથી કરી શકશે. તો પણ આપણે સ્વામી, સંપૂર્ણ ભૌતિક સ્વરૂપના દર્શન નહીં કરી શકીએ.આરીતે ભવિષ્યમાં, આ સ્થિતિ અકલ્પનીય હશે. આ પણ જૂના ભક્તોને લાગશે કે આપણે કેવી વિચિત્ર દુનિયામાં આવી ગયાં છીએ !" .......

એ રીતે આમ યોગ્ય ગણાશે, આપણે ભક્તો તેમના અશક્ય કે અસંભવ જેવાભૌતિક સામીપ્ય (નજદીકીની) લાલસા કરવાને બદલે તેમને આપણા હૃદયમાં સ્થાપિત કરવાના પ્રયત્નો કરીએ. "મહદીનું અદૃશ્ય થવું" નામના પ્રકરણમાં આપણે જોઈ ચૂક્યા છીએ કે હજરત મહદી વિષે કરેલ આગાહીઓ શ્રી સત્ય સાંઈબાબાની વિશેષતાઓ જેવી જ છે. આપણે એ પણ જોયું હતું કે હજરત મહદીના અદૃશ્ય થવામાં અને એના પરિણામરૂપે પુનઃ પ્રકટ થવા વિષે શું લખાયું છે. હું એક બીજી વધુ રસપૂર્ણ આગાહીનાં સંપર્કમાં આવ્યો છું જે કહે છે કે મહદી જ્યારે 'પાછા' આવશે ત્યારે તેમનો કોઈનીય સાથે કોઈ સંબંધ નહીં હોય !

બીજા શબ્દોમાં, જ્યારે ક્વઈમ કે હજરત મહદી અદૃશ્ય થયા પછી પુનઃ પ્રકટ ---------થશે તો તેમનું ઉત્થાન કોઈ ખાસ સમુદાય કે ખાસ સંપ્રદાય માટે નહીં હોય ! બલ્કે તેઓ

સંપૂર્ણ માનવજાતને માટે પરમેશ્વર હશે. શક્ય છે કે તેમનાં અદૃશ્ય થવાનો આ સમય છે તે આપણે ભક્તો માટે અળગા રહેલા કે અનાસક્ત રહેવા માટે તાલીમ સત્ર જેવો સમય છે.

સ્વામીએ હંમેશાં જ પોતાની શક્તિઓ માયા અને માનવીયતાના પડદા, આવરણમાં છૂપાવેલ રાખી હતી. તે માટે તેમના એવા કારણો હતાં કે જો તેઓ પોતાની શક્તિઓ ખરેખર પ્રકટ કરી દે તો આખું વિશ્વ તેમની તરફ ખેંચાતું ચાલ્યું આવે ! પણ તે માટેનો સમય હજી પાક્યો ન્હોતો.

જેમ જેમ સમય પસાર થતો જશે, જે લોકો હજી પણ સ્વામીના સત્યનો પરિચય કરવામાં નબળા છે તેઓ પાસે આવતાં પસ્તાવાનાં આંસુઓ સાથે મારો અનુભવ કરશે. જલ્દીથી વૈશ્વિક સ્તર પર હશે. સ્વામી હજી આ પરિવર્તનને રોકી રહ્યા છે. એક વખત એને પ્રકટ કરાવશે, સારુંય વિશ્વ પ્રશાંતિનિલયમમાં બદલાઈ જશે !"

- શ્રી સત્ય સાંઈ સ્પીક્સ્, ભાગ – ૧૫, પ્રકરણ – ૫૫

કદાચ હવે સમય આ વૈશ્વિક સ્તરે, પરિવર્તન માટે પરિપકવ થઈ રહ્યો છે. એટલે જ્યારે સ્વામી 'પાછા' આવશે તો તેઓ કોઈપણ બંધનમાંથી મુક્ત રહેશે. તે સમયે તેની જરૂરત પણ નહીં હોય ! સ્વામી બધાંને માટે સંદેશ અને ઉદાહરણરૂપ ૮૫ વર્ષનું દીર્ઘજીવન પસાર કરી જ ચૂક્યા છે. હવે આ કોઈપણ સ્વઆરોપિત, અવરોધ વિના, સર્વ શક્તિમાન, સંપૂર્ણ રીતે પ્રકાશમાં લાવ્યા છે, આટલી સંભાવના કે શક્યતાઓ હોવા છતાં કોણ 'ના' પાડી શકે છે ?

હે ! પરમ પ્રિય ભગવાન સત્ય સાંઈ !

તમારું સુરાજ્ય આવે....

...... આ જલ્દી જ આવે !!!

## પ્રાર્થના !

સ્નેહી સાંઈ માઁ !
પ્રેમથી અમે રહીએ પુકારી.....
આમ જ થશે જરૂર,
તમારુ સુરાજ્ય આવે !
સુણો અમારો પોકાર,
ચરણોમાં કરીએ પોકાર !
સમર્પિત સર્વસ્વ કરીએ,
તારા બાળ કરે પોકાર ........
ઘનઘોર ઘટાઓ નહીં રોકશે,
દીર્ઘકાળ સુધી અરૂણ – કિરણો !
તારા સામ્રાજ્યમાં ચમકવા –
હવે સૂરજ પણ બેકરાર !
તારી પૂજા ને આરાધના કરીએ,
નવલી ક્ષણોનો હવે ઇંતજાર !

--------------------

ઓ પ્રભુ ! લઈ લ્યો મારો પ્રેમ,
વ્હેવા દો તવ હૃદયે ભક્તિ – સંપૂર્ણતાથી –
ઓ પ્રભુ ! ઝાલો મારો હાથ,
તવ સેવામાં સતત તમારો સાથ દો !
ઓ પ્રભુ ! ઝાલો મારા આત્માને,
તમમાં એકરૂપ થતાં સુધી......
ઓ પ્રભુ ! ઝાલો મારા મન અને વિચારો,
તવમાં સંપૂર્ણ લય-લીન થવા !
ઓ પ્રભુ ! ઝાલી લો મારું સર્વસ્વ,
બનાવો તવ સાધન મને, સતત કરવા તવ કાર્યો......



અને ખૂબ જ વિનમ્રતાથી, સ્વામીના દિવ્ય ચરણકમળોમાં

શત શત વંદન – જય સાંઈરામ !!!.......

# *Bibliography and References*


- *An Eastern View of Jesus Christ*, Lee Hewlett and K. Nataraj, Sai Publications, 1982
- *Anyatha Saranam Nasthi (Other than You Refuge There is None),* Smt. Vijayakumari, Sai Shriram Printers, 1999
- *Baba: Satya Sai*, Ra. Ganapati, Satya Jyoti, 12, Radhakrishnan Street, Madras, 600017, India, 1981
- *Bihar-ul-Anwar* Volume 13 Part 1 & 2*,* Allamah Muhammad Baqir al-Majlis, English Translation, Ja'fari Propagation Centre, Mumbai
- *Bhagavan Sri Sathya Sai Baba (An Interpretation)*, V.K.Gokak, New Delhi: Abhinav Publications, 1975
- *Conversations with Bhagavan Sri Sathya Sai Baba*, J.S.Hislop, Sri Sathya Sai Books & Publications Trust
- *Conversations with Sathya Sai Baba*, J.S.Hislop, Birth Day Publishing Co., San Diego, CA, 1978
- *God Descends on Earth*, Sanjay Kant, Sri Sathya Sai Towers Pvt. Ltd., 1998
- *In Search of Sai Divine*, Satya Pal Ruhela, M.D. Publications Pvt. Ltd., 1996
- KJV: *King James Version* of the Holy Bible
- *Living Divinity*, Shakuntala Balu, Sawbridge Enterprises, 1981
- *Modern Miracles: An Investigative Report on Psychic Phenomena Associated With Sathya Sai Baba*, Erlendur Haraldsson, Hastings House, 1997
- *My Baba and I*, Dr.John S. Hislop, Birth Day Publishing Co., 1985
- *My Beloved. The Love and Teaching of Bhagavan Sri Sathya Sai Baba*, Charles Penn, Sri Sathya Sai Baba Books and Publications Trust, Prasanthi Nilayam, 1981
- *Sacred Nadi Readings*, Compiled by Sri Vasantha Sai, Sri Vasantha Sai Books & Publications Trust, Mukthi Nilayam, 2011
- *Sai Baba and the Nara Narayan Gufa Ashram Part 1 & 2*, Swami Maheshwaranand, ed. B.P. Mishra. Bombay: Prasanthi Printers, 1990
- *Sai Baba Avatar: A New Journey into Power and Glory*, Howard Murphet, San Diego, Birth Day Publishing Co., 1977
- *Sai Baba, The Holy Man and the Psychiatrist*, Samuel H. Sandweiss, San Diego: Birth Day Publishing Co., 1975
- *Sai Messages for You and Me Vol. I.*, Lucas Ralli, London: Vridnavanum Books, 1985
- *Sai Messages for You and Me Vol. II.*, Lucas Ralli, London: Vridnavanum Books, 1988

- *Sai Vaani*: Messages collected from discourses of Sri Sathya Sai Baba
- *Sai Vandana*, ed. K.Hanumanthappa, Prasanthi Nilayam, Sri Sathya Sai Institute of Higher Learning, 1995
- *Sanathana Sarathi*: A monthly magazine published from Prasanthi Nilayam
- *Sathya Sai Baba, Embodiment of Love*, Peggy Mason and Ron Laing, London, Sawbridge, 1982
- *Sathya Sai Speaks*: Discourses by Bhagawan Sri Sathya Baba translated from Telugu (Sri Sathya Sai Books and Publication Trust)
- *Sathyam Sivam Sundaram* Volumes 1-4, Sri N.Kasturi, Sri Sathya Sai Books and Publications Trust, Prasanthi Nilayam, 1961-1980
- *Sri Sathya Sai Avathar*, V.Aravind Subramaniyam, Sura Books Pvt. Ltd., 2004
- *Sri Sathya Sai Baba and the Future of Mankind*, Sathya Pal Ruhela, New Delhi: Sai Kripa, 1991
- *Sri Sathya Sai Baba A Yugavatar*, Dr.K.Hanumanthappa, Sri Sathya Sai Books and Publications Trust, Prasanthi Nilayam, 2008
- *Thapovanam Sri Sathya Sai Sathcharithra*, Jandhyala Venkateswara Sastry, Sri Sathya Sai Books and Publications Trust, 2002
- *The Blitz Interview*: The extended interview given by Sri Sathya Sai Baba to the chief editor R.K.Karanjia of Blitz Magazine in September of 1976
- *The Heart of Sai*, R. Lowenberg, Sri Sathya Sai Towers Pvt. Ltd., 1981
- *The Life of Bhagavan Sri Sathya Sai Baba*, Kasturi.N, Sri Sathya Sai Baba Book Center of America, 1971

# બેક કવર પેજ

સત્ય સાંઈબાબા : "મારા શબ્દો કદી પણ નિષ્ફળ જતાં નથી." સ્વામીનું રહસ્ય કદી સમજી શકાય નહીં. સૌથી સારું તો એ છે કે તેમાં આપણે અવગાહન કરીએ, ડૂબી જઈએ. એટલું તો ચોક્કસ છે જે તેમણે કહ્યું છે તે થવાનું જ છે ! એ ચોક્કસતા હોવાથી બાકીનું બધું અસંબધ્ધ છે. સ્વામીના વિવિધ પ્રવચનો સ્પષ્ટતાથી કહે છે કે તેઓ હજી અંતિમ અદૃશ્ય થયા નથી. થવના નથી. ફક્ત એ બતાવે છે કે શ્રી સત્ય સાંઈબાબા તેમના ભૌતિક સ્વરૂપે પાછા આવશે !!! સ્વામીએ તેમના અદભૂત રીતે પાછા આવવા વિષે ઘણાં વિસ્મયભર્યા સંકેતો આપ્યા છે. વધુમાં, કેટલાક અદ્વિતીય શાસ્ત્રોએ ખૂબ જ સ્પષ્ટતાથી બાબાના ફરીથી દૃશ્યમાન થવા વિષે છક્કડ ખાઈ જવાય, મગજ કામ ન કરે તેવી આગાહીઓ આપેલી છે. એક અતિ પૂછપરછ કરનારની છૂટી છવાઈ માહિતીઓને ભેગી કરી એક ખાસ આકારમાં મૂકવાનો પ્રયત્ન કરેલો છે....

પુસ્તકનું ટૂંકમાં વર્ણન :

- સ્વામીના પુન:આગમન માટે તેમના શબ્દોમાં સૂચન, ઉકેલ
- સ્વામી પૃથ્વી પરના એમના સમય માટે સાચુ શું કહે છે ?
- વિસ્મય પમાડે તેવી, જુદાજુદા શાસ્ત્રોમાંથી સ્વામીના નજીકમાં ફરીથી દૃશ્યમાન થવા આગાહીઓ....
- એક આનંદમય સુવર્ણયુગનો આપણી સામે ઉદય !....

આ પુસ્તક માટે શબ્દો ઓછા જ પડી. શબ્દાતીત છે ! તેમને માટે હું જાણું છું કે કશું જ અશક્ય નથી. આ અજબગજબની સેવા (પુસ્તકરૂપે) માટે ઉંડો આભાર, ધન્યવાદ !

- ફાધર ચાર્લ્સ ઑગાડા

"સાંઈ ! ધાય કિંગડમ" એ મહાન વાંચન છે. લેખકનું શાંત, મપસર, ખંડન ન કરી શકાય તેવું તર્કબદ્ધ અને દોષ વિનાનું સંશોધન કરેલું આ નજરાણું કોઈપણ દોષયુક્ત નથી ! કોઈ જો તેનાં અંતે કાળજીપૂર્વક, આ પુસ્તકની વિચાર પરંપરાને અનુસરે તો કાંઈ ભૂલે કે ધ્યાન બહાર જાય તે શક્ય નથી. તેના જે પૂર્વગ્રહો હોય ! -

- જોડી ક્લેરી અને ટેડ ક્લેરી

* આ પુસ્તક તમે ઓનલાઈન પણ વાંચી શકશો. www.saikingdom.com

ગુજરાતી અનુવાદક - મનોરમા વ્યાસ - યુ.એસ.એ.